૭-૧૮ **ઓવરટાઈમ એલાઉન્સ** :- દરેક નોન-સુપરવાઈઝરી કર્મચારીને નીચે દર્શાવેલ ગણતરી પ્રમાણે તા. ૧લી જાન્યુઆરી, ૨૦૧૨થી ઓવરટાઈમ એલાઉન્સ આપવું જોઈએ કે કેમ ?

મૂળપગાર (બેઝીક પગાર) + બધા ડીએ (FDS + VDA) મકાન ભાડા ભથ્થુ (HRA)+ પર્સનલ પે + સ્પે. એલાઉન્સ (DMD) + સ્પેશીયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એલાઉન્સ (જીસી) × 2.

૧૭૬

તથા જો નોન-સુપરવાઈઝરી કર્મચારીને જાહેર તથા રાષ્ટ્રીય રજાના દિવસે ફરજ પર આવાની જરૂર પડે તો તેને બજાવેલ ફરજ માટે કોમ્પેન્સેટરી ઓફ તથા ઓવરટાઈમ એલાઉન્સની બમણી રકમ તા. ૦૧-૦૧-૨૦૧૨થી ચુકવવી જોઈએ કે કેમ ?

૭-૧૯ **હેન્ડીકેપ્ડ એલાઉન્સ** :- સરકારશ્રીનાં ધારા-ધોરણ પ્રમાણેનાં ક્વોટા અંતર્ગત કંપનીમાં નીમણુંક પામેલા પ્રત્યેક વિકલાંગ નોન-સુપરવાઈઝરી કર્મચારીઓને ₹ ૬૦૦/- પ્રતિમાસ હેન્ડીકેપ્ડ એલાઉન્સ ચૂકવવું જોઈએ કે કેમ ?

૭-૨૦ **પ્રોજેકટ એલાઉન્સ** :- સૂચિત પ્રોજેકટને ધ્યાનમાં લઈને ખાતે DMD ફરજ બજાવતાં પ્રત્યેક નોન-સુપરવાઈઝરી કર્મચારીને ૧૨૦૦/- પ્રતિમાસ પ્રોજેક્ટ એલાઉન્સ ચૂકવવું જોઈએ કે કેમ ?

૭-૨૧ **લોડીંગ / અનલોડીંગ એલાઉન્સ** :- લોડીંગ/અનલોડીંગ એલાઉન્સ વિભાગ સાથે સંકળાયેલા દરેક નોન-સુપરવાઈઝરી કર્મચારીને ૫૦૦/- પ્રતિમાસ લોડીંગ/અનલોડીંગ એલાઉન્સ ચુકવવું જોઈએ કે કેમ ?

૭-૨૨ **કેશ કેન્ટીન સબસીડી** :-

૧. દરેક કર્મચારી (પ્રેસીડન્ટથી ખલાસી) માટે એક સમાન કેન્ટીન સગવડ હોવી જોઈએ કે કેમ ?

INDEX

૨. ખાદ્ય-પદાર્થોની હાલમાં વધતી જતી કિંમતોને અનુલક્ષીને હાલમાં પ્રતિમાસ મળતાં ₹ ૭૭૫/- ના ફુડ વાઉચર અને પ્રતિમાસ ₹ ૫૨૫/- કેશ કેન્ટીન સબસીડીને વધારીને અનુક્રમે પ્રતિમાસ ₹ ૧૦૭૫/- અને ₹ ૮૨૫/અ નોન-સુપરવાઈજરી કર્મચારીને ચુકવવા જોઈએ કે કેમ ? કંપનીની કેન્ટીનમાં મળતી ખાદ્ય-ચીજ વસ્તુઓની હાલની કિંમતમાં કોઈ ફેરફાર કરવો નહિં જોઈએ કે કેમ ? તથા બાકી બધી અન્ય શર્તોમાં પણ કોઈ ફેરફાર કરવો નહિં જોઈએ કે કેમ ?

૩. RIL કંપની દ્વારા કેન્ટીનનના ડેઈલી શીડ્યુઅલ પ્રમાણે મળતો ચ્હા, નાસ્તો, વિના મૂલ્યે આપવો જોઈએ કે કેમ ?

૪. ૧૫ દિવસ સુધીની રજા માટેની કેશ કેન્ટીન સબસીડી/ફુડ વાઉચરની રકમમાં કપાત ન કરવી જોઈએ કે કેમ ?

૫. દરેક નોન-સુપરવાઈઝરી કર્મચારીને પ્રત્યેક શીફટમાં અમૂલ બ્રાન્ડનું ૨૫૦ મી.લી., ફ્લેવર દૂધ વિના મૂલ્યે આપવું જોઈએ કે કેમ ?

૬. દરેક ડાયનીંગ હોલમાં ડેરી પાર્લર ચાલુ કરવા જોઈએ કે કેમ ?

૭. દરેક ડાયનીંગ હોલ કાફેટેરીયાનાં ધોરણો અનુસાર ડીઝાઈન તથા સાધન-સજ્જ કરવા જોઈએ કે કેમ ?

૮. કેન્ટીનમાં સારી ગુણવત્તાવાળા ફુડ સાથે દહીં, ફળ, સલાડ અને મીઠાઈ આપવી જોઈએ કે કેમ ?

૯. નવા ડાયનીંગ હોલ પ્લાન્ટ પ્રીમાઈસીસની નજદીક બાંધવા જોઈએ કે કેમ ?

૭-૨૩ એટેન્ડન્સ એલાઉન્સ :-

(૧) દરેક કર્મચારીને તેની કેલેન્ડર વર્ષની હાજરી પ્રમાણે નીચે મુજબ એટેન્ડન્સ એલાઉન્સ ચુકવવું જોઈએ કે કેમ ?

વર્ષની હાજરી	એટેન્ડન્સ એલાઉન્સ પ્રતિ વર્ષ
૨૩૦ દિવસ	₹ ૬૦૦૦/-
૨૦૦ દિવસ	₹ ૩૦૦૦/-

(૨) એક્સીડન્ટ અને ડીસએબીલીટી લીવ તથા ઈન્સ્યોરન્સ ક્લેઈમ લીવને હાજરી તરીકે (ગણતરીમાં) ધ્યાનમાં લેવી જોઈએ કે કેમ ?

INDEX

૭-૨૪ કોમ્પ્યુટર એલાઉન્સ :- દરેક નોન-સુપરવાઈઝરી કર્મચારીને પ્રતિમાસ ₹ ૮૦૦/- કોમ્પ્યુટર એલાઉન્સ પેટે ૦૧-૦૧-૨૦૧૨ થી ચુકવવું જોઈએ કે કેમ ?

૭-૨૫ ચીલ્ડ્રન એજ્યુકેશન આસીસ્ટન્સ :-

(૧) હાલમાં ચાલતા ચીલ્ડ્રન એજ્યુકેશન આસીસ્ટન્સ તરીકે પ્રતિમાસ પ્રતિબાળકે (૨ બાળકો સુધી) મળતાં ₹ ૧૭૫/- ની જગ્યાએ પ્રત્યેક બાળક દીઠ ચૂકવી પડતી (માસીક/વાર્ષીક) હકિકતમાં ભરવી પડતી ખરેખરી અને સ્કુલ દ્વારા વસુલાતી સ્કુલ ફી બાળકોની મહત્તમ સંખ્યાની મર્યાદા વગર આપવી જોઈએ કે કેમ ?

(૨) પાઠય-પુસ્તકો, સ્ટેશનરી અને શિક્ષણ માટે જરૂરી સાધન-સામગ્રીની ખરેખરી બજાર કિંમત પ્રમાણે વળતર ચુકવવું જોઈએ કે કેમ ?

(૩) સ્કુલમાં જતા બાળક માટે બે સ્કુલ બેગ, ચાર જોડી ટેરી કોટન સ્કુલ યુનિફોર્મ, એક જોડી વુલન જર્સી, એક રેઈન-કોટ, ચાર જોડી મોજા, બે જોડી બુટની ખરેખરી બજાર કિંમત પ્રમાણે વળતર ચુકવવું જોઈએ કે કેમ ?

(૪) દરેક ધોરણ/વર્ગ/કોલેજ માટે થતાં હોસ્ટેલ ખર્ચનું વળતર તેની રસીદ રજુ કર્યેથી ચુકવવું જોઈએ કે કેમ ?

(૫) કર્મચારી તેના બાળક માટે સ્કૂલ જવા-આવવાં માટે કંપની દ્વારા આપવામાં આવતી ટ્રાન્સપોર્ટ સગવડ ન લેતાં હોય તો તેને તેનાં બાળકને સ્કુલ જવા-આવતાં માટે કંપની દ્વારા આપવામાં આવતી ટ્રાન્સપોર્ટ સગવડ ન લેતાં હોય તો તેને તેનાં બાળક ને સ્કુલ જવા-આવવાનાં ટ્રાન્સપોર્ટ ખર્ચ માટે પ્રતિમાસ ₹ ૧૦૦૦/- પ્રતિ બાળક દીઠ ચુકવવા જોઈએ કે કેમ ?

(૬) બાળક જો નર્સરી કે કે.જી.માં અભ્યાસ કરતું હોય તો તેને પણ ઉપર મુજબ બધા લાભ આપવા જોઈએ કે કેમ ?

(૭) RIL દ્વારા દરેક વિદ્યાર્થીને કોમ્પ્યુટર શિક્ષણ આપવું જોઈએ કે કેમ ?

(૮) હાલમાં અપાતી મેરીટ સ્કોલરશીપ એવોર્ડની રકમ વધારીને ₹ ૩૦૦૦/- કરવી અને લાયક વિદ્યાર્થીઓની સંખ્યા (૬૦% થી વધુ) વધારીને ૫૦૦ વિદ્યાર્થી પ્રતિવર્ષ માટે કરવી જોઈએ કે કેમ ?

(૯) કર્મચારીઓના ફાયદા માટે RIL દ્વારા સીબીએસઈ (CBSE) અને ગુજરાત એજ્યુકેશન બોર્ડના અભ્યાસક્રમ પ્રમાણેની નવી સ્કૂલ ભરૂચ ખાતે શરૂ કરવી જોઈએ કે કેમ ?

(૧૦) દહેજ સાઈટની નજીકના ગામોમાં રહેતા કર્મચારીઓનાં બાળકો માટે નવી સ્કુલમાં લઈ જવા-લાવવા માટે ટ્રાન્સપોર્ટની સગવડ કરવી જોઈએ કે કેમ ?

INDEX

(૧૧) સ્કોલરશીપની હાલની રકમ ₹ ૩૦૦૦/- થી વધારીને ₹ ૧૦,૦૦૦/- કરવી જોઈએ કે કેમ ?

(૧૨) ઉચ્ચ શિક્ષણ (કોલેજ શિક્ષણ) ટ્યુશન ફીનું ખરેખરૂં વળતર ચુકવવું જોઈએ કે કેમ ?

૭-૨૬ **ટ્રાન્સપોર્ટેશન સબસીડી** :- સ્થળ/ગામ કે જ્યાં કંપની દ્વારા કર્મચારીઓને ફરજપર લાવવા-લઈજવા બસની સુવિધા પુરી પડાતી નથી તેમને હાલમાં ચુકવાતી ટ્રાન્સપોર્ટેશન સબસીડીના દર વધારીને નીચે જણાવ્યા મુજબ કરવા જોઈએ કે કેમ ?

સ્થળ	રકમ
ભરૂચ / શહેર / ગામ	₹ ૧૦૦૦/- પ્રતિમાસ

૬-૨૬ **પરેડ અને ટર્નઆઉટ એલાઉન્સ** :- ફાયર વિભાગમાં કામ કરતા દરેક કર્મચારીને ₹ ૪૦૦/- પ્રતિમાસના દરે પરેડ અને ટર્ન-આઉટ એલાઉન્સ પેટે ચુકવવા જોઈએ કે કેમ ?

૬-૨૬ **સન્ડે વર્કીંગ એલાઉન્સ** :- રવિવારના દિવસે કામ કરતાં કર્મચારીને સી.ઓફ., ઓવર ટાઈમ એલાઉન્સ ઉપરાંત ₹ ૧૫૦/- પ્રતિ સન્ડે વર્કિંગ એલાઉન્સ ચુકવવું જોઈએ કે કેમ ?

૭-૨૯ **યુનિફોર્મ આર્યનીંગ એલાઉન્સ** :- દરેક કર્મચારીને યુનિફોર્મ આર્યનીંગ એલાઉન્સ પેટે ₹ ૨૦૦/- ચુકવવા જોઈએ કે કેમ ?

૯-૨૯ **કેમિકલ એક્સપોઝર એલાઉન્સ** :- દરેક કર્મચારીને પ્રતિમાસ ₹ ૭૦૦/- કેમિકલ એક્સપોઝર એલાઉન્સ ચુકવવું જોઈએ કે કેમ ?

૯-૨૯ **ડ્યુટી એલાઉન્સ** :- અઠવાડીયામાં ૪૦ થી વધારે કલાક ફરજ બજાવેલ હોય તેવા દરેક કામદારને તેના પગારનાં ૫% ના દરે પ્રતિમાસ ડ્યુટી એલાઉન્સ પેટે ૧-૧-૨૦૧૨ થી ચુકવવા જોઈએ કે કેમ ?

૭-૩૨ **સ્ટેશનરી એલાઉન્સ** :- દરેક કર્મચારીને ફોટોકોપી, પ્રિન્ટીંગ, સ્ટેશનરી વગેરે માટે સ્ટેશનરી ચાર્જ બદલાવામાં ₹ ૨૦૦/- પ્રતિમાસ સ્ટેશનરી એલાઉન્સ પેટે ચુકવવા જોઈએ કે કેમ ?

૭-૩૩ **હાયર એજ્યુકેશન એલાઉન્સ** :- RIL માં ફરજ ફરજ દરમ્યાન ઉચ્ચશિક્ષણ મેળવતા પ્રત્યેક કામદારને પ્રતિમાસ ₹ ૨૦૦૦/- હાયર એજ્યુકેશન એલાઉન્સ તરીકે ચુકવવા જોઈએ કે કેમ ?

૭-૩૪ **સ્પેશીયલ ઈન્ફ્રાસ્ટ્રકચર એલાઉન્સ (CG)** :- હાલમાં મળતી સ્પેશીયલ ઈન્ફ્રાસ્ટ્રકટર એલાઉન્સની રકમ ૧૦%ના દરે વધારવી જોઈએ કે કેમ ? આ એલાઉન્સની ગણતરી બેઝીક પગારની જેમ બધા લાભ માટે કરવી જોઈએ કે કેમ ?

INDEX

૭-૩૫ ટીએ/ડીએના મળવા માટેની યોગ્યતા :-

(૧) કંપનીમાં પાંચ વર્ષ સુધીની ફરજ પુર્ણ કરેલ દરેક કર્મચારીને AC સ્લીપર કોચનાં દ્વીતીય વર્ગનું ભાડું રાજધાની ટ્રેન/અગસ્ટક્રાંતી એક્સપ્રેસ/શતાબ્દી એક્સપ્રેસ/દુરન્તો એક્સપ્રેસ સહીતની ટ્રેન માટે ચુકવવું જોઈએ કે કેમ ?

(૨) કંપનીમાં પાંચ વર્ષથી વધારે નોકરી પૂરી કરી હોય તેવા બધા કર્મચારીઓને AC સ્લીપર કોચનાં પ્રથમવર્ગનું ભાડું રાજધાની એક્સપ્રેસ/અગસ્ટક્રાંતી/શતાબ્દી એક્સપ્રેસ/દુરન્તો એક્સપ્રેસ સહીતની ટ્રેન માટે ચુકવવું જોઈએ કે કેમ ?

(૩) દરેક કર્મચારીને ટુર દરમ્યાન ₹ ૧૦૦૦/- પ્રતિદિવસનાં દરે ડી.એ. ના રૂપે ચુકવવા જોઈએ કે કેમ ?

(૪) વ્યક્તિગત વીમા અને રોકડ રકમનાં ઈન્સ્યોરન્સનો ખર્ચ કંપની દ્વારા ચુકવવો જોઈએ કે કેમ ?

૭-૩૬ **પાવર ફેઈલર/રીસ્ટાર્ટ એલાઉન્સ** :- પ્લાન્ટના પાવર ફેઈલર અને રીસ્ટાર્ટનાં કામમાં જો, કર્મચારીની નોર્મલ નોકરીનાં ૮ કલાક પછી પણ કર્મચારીની જરૂરિયાત ઉભી થાય તો ₹ ૧૦૦/- પ્રતિકલાકનાં દરે પાવર ફેઈલર/રીસ્ટાર્ટ એલાઉન્સ પેટે ચુકવવા જોઈએ કે કેમ ?

૭-૩૭ **પ્રોફીસીયન્સી એલાઉન્સ** :- દરેક કર્મચારીને ₹ ૫૦૦/- પ્રતિમાસ પ્રોફીસીયન્સી એલાઉન્સ પેટે ચુકવવા જોઈએ કે કેમ ?

૭-૩૮ **પ્રોફેશનલ બોડી એલાઉન્સ** :- દરેક કર્મચારીને વર્ષની શરૂઆતમાં રૂા. ૫૦૦/- પ્રતિ માસ પ્રોફેશનલ બોડી એલાઉન્સ પેટે ચુકવવા જોઈએ કે કેમ ?

૭-૩૯ **હાઉસીંગ મેઈન્ટેનન્સ એલાઉન્સ** :- જે કર્મચારી કંપની દ્વારા ફાળવેલ ક્વાર્ટરની ફેસીલીટી ભોગવતા નથી તેવા કર્મચારીને ₹ ૩૦૦/- પ્રતિમાસ હાઉસીંગ મેઈન્ટેનન્સ એલાઉન્સ પેટે ચુકવવા જોઈએ કે કેમ ?

૭-૪૦ **ફ્યુનરલ આસીસ્ટન્સ** :- કર્મચારી કે તેના ડીપેન્ડન્ટનું મૃત્યુ થાય તો અંતેની અંતિમ ક્રિયાની સહાયરૂપે નોન-રીફન્ડેબલ ધોરણે ₹ ૨૫૦૦૦/અ કર્મચારીનાં ફેમીલીને ફ્યુનરલ આસીસ્ટન્સ પેટે ચુકવવા જોઈએ કે કેમ ?

૭-૪૧ **હાય-રીસ્ક એલાઉન્સ** :- ફાયર વિભાગમાં કામ કરતાં દરેક કર્મચારીને નીચે પ્રમાણેનું હાય-રીસ્ક એલાઉન્સ ચુકવવું જોઈએ કે કેમ ?

INDEX

ફાયર વિભાગના દરેક કર્મચારીને	₹ ૫૦૦/- પ્રતિદિવસ
પ્રીમાઈસીસની અંદરનાં ફાયર કોલ એટેન્ડ કરવા માટે	₹ ૧૦૦/- પ્રતિદિવસ
૫૦ મીટરથી ઉપરની ઉંચાઈએ ફાયર ફાયટીંગ માટે	₹ ૧૦૦/- પ્રતિદિવસ
પ્રીમાઈસીસની બહારના ફાયર કોલ એટેન્ડ કરવા માટે	₹ ૧૦૦૦/- પ્રતિદિવસ

૭-૪૨ પીરીયોડીકલ્સ / ડેઈલીઝ :- ઓપરેટર ગ્રેડ-૧ (યુજી)ને પીરીયોડીકલ્સ/ડેઈલીઝ પેટે હાલમાં મળતાં પ્રતિમાસ ₹ ૧૨૦/- ની રકમ વધારીને ₹ ૨૫૦/- પ્રતિમાસ ચુકવવા જોઈએ કે કેમ ?

૭-૪૩ રીએમ્બર્સમેન્ટ ઓફ લોકલ ટ્રાવેલ એક્ષપેઈન્સીસ (RLTE) :

RLTE માટેનાં નિયમમાં તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૧૨ થી નીચે પ્રમાણે ફેરફાર કરવા જોઈએ કે કેમ ?

(ક) જે કર્મચારી ફરજ પર આવવા-જવા માટે ફોરવ્હીલર વ્હીકલનો ઉપયોગ કરે છે તેને ૧૨૦ લીટર પેટ્રોલ/ગેસની મૂળ બજાર કિંમતનું વળતર પ્રતિમાસ ચૂકવવું જોઈએ કે કેમ ?

(ખ) જે કર્મચારી ફરજ પર આવવા-જવા માટે ટુ-વ્હીલર વ્હીકલનો ઉપયોગ કરે છે તેને ૬૦ લીટર પેટ્રોલ/ગેસની મૂળ બજાર કિંમતનું વળતર પ્રતિમાસ ચૂકવવું જોઈએ કે કેમ ?

(ગ) પાડેલી રજાની RLTE માંથી કોઈ જ કપાત કરવી નહીં તે જોઈએ કે કેમ ?

(ઘ) હાલમાં મળતી રોકડ રકમને લીટરમાં રૂપાંતર કરી અમારી માંગણી પ્રમાણેનું વળતર આપવું જોઈએ કે કેમ ?

(ચ) પોતાની માલિકીની કાર ધરાવતા દરેક કર્મચારીશ્રી આ એલાઉન્સ મેળવવા પાત્ર છે તે જોઈએ કે કેમ ?

૭-૪૪ કન્વેયન્સ એલાઉન્સ (વાહન ભથ્થું) :

જે કર્મચારી કંપની બસ ફેસીલીટીનો ફરજ પર આવવા-જવા ઉપયોગ કરતાં હોય તેવા તમામ કર્મચારીઓને તેમના રહેઠાણથી કંપની બસના પીક-અપ પોઈન્ટ સુધીનાં ટ્રાવેલીંગ ખર્ચ પેટે ₹ ૭૦૦/- પ્રતિ માસ કન્વેયન્સ એલાઉન્સ તરીકે ચૂકવવા જોઈએ કે કેમ ?

INDEX

૮. એડવાન્સ

૮-૧ કન્વેયન્સ એડવાન્સ :

કન્વેયન્સ એડવાન્સનાં નિયમ નીચે પ્રમાણે ફેરફારો કરવા જોઈએ કે કેમ ?

(૧) સ્કુટર/મોટરસાયકલ/કાર ખરીદી માટે બજારની મૂળ કિંમત એડવાન્સની ચૂકવણી માટે માન્ય રાખવી જોઈએ કે કેમ ?

(૨) એડવાન્સનાં વ્યાજનો દર વાર્ષિક ૩ ટકા કરવો જોઈએ કે કેમ ?

(૩) વાહનો માટેનો આર.ટી.ઓ. રજિસ્ટ્રેશન ટેક્ષ અને વિમાનો ચાર્જ કંપનીએ ચૂકવવો જોઈએ કે કેમ ?

(૪) દર વર્ષનું કન્વેયન્સ એડવાન્સ માટેનું RIL, DMDનું અલગ બજેટ ફાળવવું જોઈએ કે કેમ ?

(૫) દરેક વર્ષ યોગ્યતા પ્રમાણેનાં ૩૦૦ કર્મચારીઓને કન્વેયન્સ એડવાન્સ ચૂકવવું જોઈએ કે કેમ ?

(૬) કર્મચારીને દ્વિચક્રી વાહન ખરીદી માટેનાં કન્વેયન્સ એડવાન્સને કાર ખરીદવા માટે પરવાનગી આપવી જોઈએ કે કેમ ?

(૭) કર્મચારીને વાહનની મરામત માટે મીકેનીક દ્વારા અપાતું ખર્ચનું એસ્ટીમેટ કોઈપણ જાતનાં વેઈટીંગ લીસ્ટ સિવાય જે તે મહિનાના પગારમાં ચૂકવવું જોઈએ કે કેમ ?

(૮) ALTO કારની ખરીદી માટે અપાતાં કન્વેયન્સ એડવાન્સ માટેની યોગ્યતાનું ધોરણ નીચે લાવી મારૂતી બ્રાન્ડ કંપની ALTO મોડેલ (નોનએસી) કારની ટેક્સ+ઈન્સ્યોરન્સ+સ્ટાન્ડર્ડ એસેસરીઝ) સહિતની રોડ કિંમત મુજબની કાર લોન ગ્રેડ-૧ કર્મચારીઓને પણ આપવી જોઈએ કે કેમ ?

(૯) અગાઉથી વાહન ખરીદેલ હોય તેનાં બદલામાં લોનની રકમ એડજસ્ટ કરવી જોઈએ કે કેમ ?

તદ્ઉપરાંત

(૧૦) હજીરા, RIL મુજબ વાહનની ખરીદી માટેની oyss/oycs સ્કીમને પણ વધારાનાં વિકલ્પ તરીકે અમલી બનાવવી જોઈએ કે કેમ ?

૮-૪ બાયસીકલ એડવાન્સ :

કર્મચારી પોતાના માટે તેમજ બાળકો માટે સાયકલ ખરીદવા સાયકલની બજાર કિંમત જેટલી રકમ એડવાન્સ પેટે આપવી જોઈએ કે કેમ ? આ એડવાન્સ રકમ ૩૬ માસિક હપ્તામાં કોઈપણ વ્યાજ વગર કાપવી જોઈએ કે કેમ ? (પરત લેવી જોઈએ કે કેમ ?)

INDEX

૮-૫ ફેસ્ટીવલ એડવાન્સ :

(૧) હાલની ફેસ્ટીવલ એડવાન્સની રકમ વધારીને ₹ ૮૦૦૦-૦૦ પ્રતિવર્ષ કરવી જોઈએ કે કેમ ?

(૨) બીજી બધી શરતો હાલ પ્રમાણે ચાલુ રાખવી જોઈએ કે કેમ ?

૮-૬ ફુડ ગ્રેઈન એડવાન્સ :

(૧) હાલની ફુડ ગ્રેઈન એડવાન્સની રકમ વધારીને ₹ ૧૫૦૦૦-૦૦ પ્રતિવર્ષ કરવી જોઈએ કે કેમ ?

(૨) બીજી બધી શરતો હાલ પ્રમાણે ચાલુ રાખવી જોઈએ કે કેમ ?

૮-૭ નેચરલ કેલેમીટી એડવાન્સ :

કર્મચારીને હાલની ચાલતી પ્રથા પ્રમાણે વગર વ્યાજનું એડવાન્સ નેચરલ કેલેમીટી પેટે આપવું જોઈએ કે કેમ ? આ એડવાન્સની મહત્તમ મર્યાદા વધારીને ₹ ૫૦,૦૦૦/- કરવી જોઈએ કે કેમ ? આ એડવાન્સ કર્મચારીના સેલ્ફ સર્ટીફીકેશનના આધારે આપવી જોઈએ કે કેમ અને ૫૦ માસિક હપ્તામાં કપાત કરવી જોઈએ કે કેમ ? (પરત લેવી જોઈએ કે કેમ ?)

૮-૮ હાયર એજ્યુકેશન એડવાન્સ :

દરેક કર્મચારીને તેના બાળકોના ઉચ્ચ અભ્યાસ માટે વ્યાજ વગર ₹ ૧,૦૦,૦૦૦-૦૦ (એક લાખ) પ્રતિવર્ષ આપવા જોઈએ કે કેમ ? આ એડવાન્સની રકમ ૨૪ માસિક હપ્તામાં કાપવી જોઈએ કે કેમ ? (પરત લેવી જોઈએ કે કેમ ?)

૮-૯ મેરેજ એડવાન્સ :

કર્મચારી કે તેના ડીપેન્ડન્ટના લગ્નપ્રસંગ માટે ₹ ૨,૦૦,૦૦૦-૦૦ (બે લાખ)ની રકમ એડવાન્સ પેટે આપવી જોઈએ કે કેમ ? આ એડવાન્સની રકમ ૨૦૦ માસિક હપ્તામાં વ્યાજ પરત લેવી જોઈએ કે કેમ ?

૮-૧૦ કોમ્પ્યુટર/લેપટોપ માટે એડવાન્સ :

દરેક કર્મચારીને કોમ્પ્યુટર/લેપટોપ ખરીદવા ₹ ૪૦,૦૦૦/-ની રકમ એડવાન્સ માટે આપવી જોઈએ કે કેમ ? આ એડવાન્સની રકમ ૪૦ માસિક હપ્તામાં કોઈપણ જાતના વ્યાજ વગર પરત લેવી જોઈએ કે કેમ ? અથવા બ્રાન્ડેડ કંપનીના કોમ્પ્યુટર/લેપટોપ દરેક નોન-સુપરવાઈઝરી કર્મચારીને યુનિયન સાથે ચર્ચા, વિચારણા કરીને આપવા જોઈએ કે કેમ ?

૮-૧૧ મોબાઈલ ફોન માટે એડવાન્સ :

દરેક કર્મચારીને દર ત્રણ વર્ષે એક વખત મોબાઈલ ફોન ખરીદવા ₹ ૧૦,૦૦૦-૦૦ નોન રીફન્ડેબલ એડવાન્સ પેટે આપવા જોઈએ કે કેમ ? અથવા યુનિયન સાથે ચર્ચા, વિચારણા કરીને નોન સુપરવાઈઝરી કર્મચારીને બ્રાન્ડેડ કંપનીના મોબાઈલ ફોન આપવા જોઈએ કે કેમ ?

INDEX

૯. રજા

૯-૧ આકસ્મિક રજા (સી.એલ.) :

(૧) દરેક કર્મચારીને પ્રત્યેક કેલેન્ડર વર્ષમાં ૧૫ દિવસની સી.એલ. આપવી જોઈએ કે કેમ ?

(૨) કેલેન્ડર વર્ષ દરમ્યાન જેટલી વાર સી.એલ. ભોગવી ન હોય તે સી.એલ.ને હક્ક રજા (પી.એલ)માં રૂપાંતર કરી પછીના વર્ષના પી.એલ. એકાઉન્ટમાં ક્રેડીટ કરવી જોઈએ કે કેમ ?

(૩) સી.એલ. કોઈપણ પ્રકારની રજા સાથે સંયુક્ત પણે ભોગવવા દેવી જોઈએ કે કેમ ?

૯-૨ મેટરનીટી લીવ :

દરેક મહિલા કર્મચારીને પ્રત્યેક વાર ૬ મહિના સુધી બે બાળકોની પ્રસૂતિ માટે કોઈપણ પૂર્વગ્રહ વગર મેટરનીટી બેનીફીટ એક્ટ એન્ડ રૂલ હેઠળ મંજૂર કરવી જોઈએ કે કેમ ?

૯-૩ પેટરનીટી લીવ :

દરેક શ્રમયોગીને ૨૧ દિવસની રજા તેની પત્નીના ડીલીવરી પ્રસંગે આપવી જોઈએ કે કેમ ?

૯-૪ મીસ કેરેજ લીવ :

દરેક મહિલા કર્મચારીને તેના મીસ કેરેજના કેસમાં ૪૨ દિવસની રજા મંજૂર કરવી જોઈએ કે કેમ ?

૯-૫ ફેમિલી પ્લાનીંગ ઓપરેશન લીવ :

(૧) કુટુંબ નિયોજન માટે એમ.ટી.આર./એફ.પી.ઓ. કરાવતા દરેક કર્મચારીને ૨૧ દિવસની રજા આપવી જોઈએ કે કેમ ?

(૨) જો કર્મચારીની પત્ની કે પતિ આ ઓપરેશન કરાવે તો તેને/તેણીને ૧૫ દિવસની રજા આપવી જોઈએ કે કેમ ?

૯-૬ પરીક્ષાની રજા :

અગાઉ લીધેલી પરવાનગીથી ઉચ્ચ શિક્ષણ મેળવવા માટેની પરીક્ષા આપવા કર્મચારીને જેટલા દિવસ પરીક્ષામાં હાજરી આપવાની હોય તેટલા દિવસની રજા તેની બાબતના લગતા દસ્તાવેજી પુરાવા રજૂ કર્યેથી મંજૂર કરવી જોઈએ કે કેમ ? જો પરીક્ષાનું સ્થળ નોકરીના સ્થળથી દૂર હોય તેવા કેસમાં મુસાફરી દરમ્યાનના દિવસોની રજા પણ પરીક્ષાની રજા તરીકે માન્ય રાખવી જોઈએ કે કેમ ?

INDEX

૯-૭ એક્સ્ટ્રા ઓર્ડીનરી લીવ (ઈ.ઓ.એલ.) :

કર્મચારીની મેડીકલ કારણ સિવાયના અન્ય અસાધારણ સ્થિતિમાં પડતી ૩૦ દિવસની રજાને ઈ.ઓ.એલ. તરીકે મંજૂર કરવી જોઈએ કે કેમ ?

(૧) કર્મચારી અગાઉથી/માન્ય પરવાનગીથી પરદેશની મુલાકાતે જાય તો ચાર વર્ષ સુધી ઈ.ઓ.એલ. મંજૂર કરવી અને રજાના પીરીયડ દરમ્યાન તેની કંપનીની રોજગારી રક્ષિત રાખવી જોઈએ કે કેમ ?

૯-૮ હક્ક રજા : (પી.એલ.)

(૧) દરેક કર્મચારીને કેલેન્ડર વર્ષમાં હક્ક રજા આઠ હપ્તામાં વાપરવા માટે છૂટ આપવી જોઈએ કે કેમ ? તથા ઉપયોગમાં ન લીધેલ હપ્તાને ત્યાર પછીના બીજા વર્ષમાં આગળ ધપાવવા જોઈએ કે કેમ ?

(૨) રાષ્ટ્રીય તહેવાર/પબ્લિક તહેવારની રજા તથા એડીશનલ ઓફ/વીકલી ઓફની ગણતરી કોઈપણ રજાના ગાળામાં ગણતરીમાં ન લેવી જોઈએ કે કેમ ?

(૩) દરેક કર્મચારીને મહિનાની ચાર દિવસની હક્ક રજા આપવી જોઈએ કે કેમ ?

(૪) હક્ક રજાની સાથે કોઈપણ પ્રકારની રજાનું જોડાણ માન્ય રાખવું જોઈએ કે કેમ ?

(૫) હક્ક રજાનું રોકડ રૂપાંતરની ગણતરી ગ્રોસ સેલેરી ઉપર કરવું જોઈએ કે કેમ ?

૯-૯ માંદગીની રજા (સીક લીવ) :

(૧) દરેક કર્મચારીને વર્ષમાં ૨૦ દિવસની માંદગીની રજા કુલ પગાર અને ભથ્થાં સાથે આપવી અથવા ૪૦ અડધા દિવસની માંદગીની રજા અડધા પગાર/ભથ્થા અને આખી હાજરી સાથે આપવી જોઈએ કે કેમ ?

(૨) કર્મચારીનાં મૃત્યુ વખતે, અથવા કંપનીમાંથી કોઈપણ કારણસર નોકરીમાંથી બરતરફી સહિતના કારણસર કંપનીની ફરજમાંથી છુટા થતી વખતે બધી જ બેલન્સ માંદગીની રજાઓ રોકડ રૂપાંતરની ગણતરીમાં હોવી જોઈએ કે કેમ ?

(૩) ત્રણ દિવસ સુધી માંદગીની રજા ડોક્ટરના મેડીકલ સર્ટીફીકેટ રજૂ કર્યા વિના મંજૂર કરવી જોઈએ કે કેમ ?

(૪) ૩૦ દિવસની ઉપરાંતની બેલેન્સ માંદગીની રજાનું રોકડમાં રૂપાંતર કરવા દેવું જોઈએ કે કેમ ?

(૫) કોઈપણ જાતની રજાની આગળ અને પાછળ અડધી/આખી માંદગીની રજા મંજૂર કરવી જોઈએ કે કેમ ?

INDEX

૯-૧૦ સ્પેશ્યલ સીક લીવ (ખાસ બિમારીની રજા) :

(૧) મેડીકલ એટેન્ડન્સ એન્ડ ટ્રીટમેન્ટ રૂલ્સ (સુધારેલ) પ્રમાણેની શીડ્યુઅલ ડીસીઝના કેસમાં કોઈપણ જાતની સીલીંગ વિના કુલ પગાર સાથે ખાસ માંદગીની રજા મંજૂર કરવી જોઈએ કે કેમ ?

(૨) હાર્ટ વાલ્વસ રીપ્લેસમેન્ટ, હાર્ટની બાયપાસ સર્જરી (ઓપન/ક્લોઝ હાર્ટ સર્જરી) બાઈલેટરલ બ્રોકાંયલ અસ્થમા, બ્રોકાંયલ અસ્થમા સાથે સંકળાયેલ એચ.આઈ.વી.નો મેડીકલ એટેન્ડન્સ અને ટ્રીટમેન્ટ રૂલ્સના શીડ્યુઅલ ડીસીઝમાં સમાવેશ કરવો જોઈએ કે કેમ ? (છેલ્લા સુધારા પ્રમાણે કરવી જોઈએ કે કેમ ?)

૯-૧૧ ફેમિલી પ્લાનીંગ એવોર્ડ :

કુટુંબ નિયોજન એવોર્ડની રકમ ₹ ૨૦૦૦-૦૦ થી વધારીને ₹ ૧૦,૦૦૦-૦૦ કરવી જોઈએ કે કેમ ?

૯-૧૨ એબોર્શન લીવ :

ગર્ભપાત માટે મહિલા કર્મચારીને ૪૨ દિવસની રજા આપવી જોઈએ કે કેમ ?

૯-૧૩ પરદેશની મુલાકાત માટે રજા :

કર્મચારીને પરદેશની મુલાકાતના જરૂરી ડોક્યુમેન્ટ રજૂ કર્યેથી તેના તેની બેલેન્સ રજામાંથી ૧૮૦ દિવસની રજા મંજૂર કરવી જોઈએ કે કેમ ?

૯-૧૪ ડીસ્ક્રીસનરી લીવ (D.L.) :

(૧) તોફાન, કરફ્યુ, હુલ્લડ અથવા કુદરતી હોનારતો થવાથી કર્મચારી ફરજ પર ન આવી શકે તો તે દિવસોની કોઈપણ સીલીંગ વિના ડી.એલ. મંજૂર કરવી જોઈએ કે કેમ ?

(૨) ડી.એલ. કોઈપણ જાતની રજા સાથે જોડવા માટે માન્ય રાખવી જોઈએ કે કેમ ?

(૩) RIL કે PSEB અથવા અન્ય સંસ્થા દ્વારા આયોજિત સ્પોર્ટસ ટુર્નામેન્ટમાં ભાગ લેનાર કર્મચારીની તે સમય દરમ્યાનની તેની ફરજ પરની રજાને ડી.એલ.ના રૂપે મંજૂર કરવી જોઈએ કે કેમ ?

(૪) બીજી બધી શરતો યથાવત્ રહેશે કરવા જોઈએ કે કેમ ?

૯-૧૫ શોર્ટલીવ/ટાઈમ ઓફ :

એક મહિનામાં ૪ (ચાર) કલાકની શોર્ટલીવ/ટાઈમ ઓફ ચાર વખત મંજૂર કરવો જોઈએ કે કેમ ?

INDEX

૯-૧૬ જાહેર રજા (પબ્લિક હોલીડે) :

(૧) દરેક કેલેન્ડર વર્ષમાં ૧૬ જાહેર રજાઓ રાખવી જોઈએ કે કેમ ? બીજી બધી શરતો યથાવત્ રાખવી જોઈએ કે કેમ ?

(૨) કર્મચારી જાહેર રજાના દિવસે ફરજ બજાવે તો તેને કોઈપણ મર્યાદા વિના સી.ઓફ મંજૂર કરવા જોઈએ કે કેમ ?

૯-૧૭ રીસ્ટ્રીક્ટેડ હોલીડે (RH) :

ડીએમડીના કર્મચારીને કેલેન્ડર વર્ષમાં ૪ (ચાર) હોલીડે (RH) આપવા જોઈએ કે કેમ ?

૮-૧૯ લી એન :

કામદાર જો વિદેશ ભણવા જાય અથવા નોકરી કરવાજા અથવા એનસીલીયરી કારખાનું ખોલી કંપનીનો કાચો માલ વાપરતો તેને પાંચ વર્ષનું લી એન આપવું જોઈએ કે કેમ ?

૯-૨૦ લીવ ટ્રાવેલ કન્સેશન (એલ.ટી.સી.) :-

(૧) દરેક નોન સુપરવાઈઝરી કર્મચારીને દરેક કેલેન્ડર વર્ષમાં ૪૦૦૦ કિ.મી.ના અંતર માટે એલ.ટી.સી. મળવો જોઈએ કે કેમ ? એલ.ટી.સી. ભોગવવા અને રોકડ વળતર માટે ધારા ધોરણો ટીએ/ડીએ ના નિયમો પ્રમાણે રહેવા જોઈએ કે કેમ ?

(૨) કર્મચારી આ સવલત ભોગવે નહિ તો તેનું રોકડ વળતર તેના પછીના કેલેન્ડર વર્ષના પ્રથમ મહિનામાં એટલે કે જે તે વર્ષના જાન્યુઆરી મહિનામાં પગારમાં મેળવવા પાત્ર બનવા જોઈએ કે કેમ ?

(૩) RIL માં નોકરીનાં દરેક દસ વર્ષનો ગાળો પૂરા કરનાર દરેક કર્મચારીને એલ.ટી.સી. એર થી પરદેશ ફરવા માટે પરવાનગી આપવી જોઈએ કે કેમ ?

(૪) રહેઠાણથી રેલ્વે સ્ટેશન/હવાઇ મથક / બસ સ્ટેન્ડ સુધી તેમજ પરત થતી વખતે રહેઠાણ સુધીનું થયેલ ખરુ ટેક્ષી ભાડુ અલગથી ચુકવવું જોઈએ કે કેમ ?

(૫) જ્યાં આપણી કંપનીના ગેસ્ટ હાઉસ / હોલીડે હોમ ન હોય અથવા કોઈપણ કારણોસર ફાળવવામાં આવ્યું ન હોય ત્યાં કર્મચારીને એલ.ટી.સી. પ્રવાસ માટે ₹ ૧૦૦૦-૦૦ પ્રતિ દિવસના દરે હોટલ ચાર્જ પેટે ચુકવવા જોઈએ કે કેમ ?

(૬) એલ.ટી.સી. વાપરવાના હેતુ માટે માતા-પિતાની માસિક આવકની કોઈ મર્યાદા ન હોવી જોઈએ કે કેમ ?

(૭) ટીકીટ ચાર્જ ઉપરાંત ટીકીટ પર લાગતો સર્વિસ ટેક્ષની પણ કંપની દ્વારા પરત ચુકવણી કરવી જોઈએ કે કેમ ?

INDEX

(૮) ટીકીટ ખર્ચ ઉપરાંતનો એજન્ટનો ચાર્જ પણ કંપની દ્વારા પરત ચુકવણી કરવી જોઈએ કે કેમ ?

(૯) કર્મચારીને બ્લોક વર્ષની એલ.ટી.સી. પૈકીનાં કુલ કી.મી. ના ભાગ પાડીને કુલ ચાર વખત એલ.ટી.સી. ભોગવી શકે તેવી પરવાનગી આપવી જોઈએ કે કેમ ?

૯-૨૧ યુનિફોર્મ અને લીવરીઝ :-

(૧) યુનિફોર્મ, નેપકીન, ટોવેલ, સાબુ, ટંબલર અને ગ્લાસ જેવી લીવરીઝ આઈટમ ધરાવતી કીટ/બંડલ દરેક શ્રમયોગીને વર્ષનાં જાન્યુઆરી મહિનામાં આપવું જોઈએ કે કેમ ?

(૨) યુનફોર્મ માટે પાંચ જોડી સારી ગુણવત્તાવાળું ટેરીકોટન કાપડ યુનિયન સાથે ચર્ચા-વિચારણા કરીને દરેક શ્રમયોગીને પ્રત્યેક વર્ષે આપવું જોઈએ કે કેમ ?

(૩) દરેક સ્ત્રી કર્મચારીને દર વર્ષે પાંચ જોડી સારી ગુણવત્તાવાળી બ્લાઉઝ સાથેની સાડી અને પેટીકોટ અથવા ડ્રેસ મટીરીયલ આપવું જોઈએ કે કેમ ?

(૪) દરેક કેલેન્ડર વર્ષમાં પુરુષ કર્મચારીને ₹ ૫૦૦૦-૦૦ની કિંમતનું સારી ગુણવત્તાવાળું થ્રી-પીસ શ્યુટપીસનું કાપડ આપવું જોઈએ કે કેમ ?

(૫) સ્ત્રી કર્મચારીને દર વર્ષે ₹ ૫૦૦૦-૦૦ ની કિંમતની સિલ્કની સાડી આપવી જોઈએ કે કેમ ?

(૬) દરેક કેલેન્ડર વર્ષમાં બે જોડી લીબર્ટી (વોરીયર)/એલેન કુપર બ્રાન્ડના નાઈટ્રાઈલ સોલવાળા સેફટી શુઝ અને એક જોડી બાટા/એમ્બેસેડર/વુડલેન્ડ/ બ્રાન્ડના સીવીલ શુઝ આપવા જોઈએ કે કેમ ?

(૭) મેઈન્ટેનેન્સ વિભાગના ટેકનીશીયન / ખલાસી કર્મચારીને દર વર્ષે એક જોડી બોઈલર શ્યુટ આપવો જોઈએ કે કેમ ?

(૮) દર વર્ષે પાંચ જોડી યુનિફોર્મની સીલાઇ ચાર્જના રૂા. ૪૫૦૦/-નું વળતર આપવું જોઈએ કે કેમ ?

(૯) ફાયર વિભાગમાં કામ કરતાં કર્મચારીને નોર્મલ યુનિફોર્મના કાપડ ઉપરાંત વધારાનો ખાખી યુનિફોર્મ આપવો જોઈએ કે કેમ ? બીજી બધી લીવરેજ આઈટેન પ્રથા પ્રમાણે ચાલુ રાખવી જોઈએ કે કેમ ?

(૧૦) એપ્રોન માટે સારી ગુણવત્તાવાળું ૩ જોડી સફેડ કાપડ ₹ ૯૦૦-૦૦ સીલાઇ ચાર્જ સાથે દરેક વર્ષે આપવું જોઈએ કે કેમ ?

INDEX

(૧૧) વડોદરા કોમ્પ્લેક્ષમાં આપવામાં આવતા હતા તેવા ઓલ ઇન્ડીયા હેન્ડલુમ હાઉસ, ગોરખપુર બનાવટના ૧૨ નંગ નેપકીન દર વર્ષે આપવા જોઇએ કે કેમ ?

(૧૨) દરેક કર્મચારીને દર વર્ષે બોમ્બે ડાઇંગ / વેલસ્પન મફતલાલ બ્રાન્ડના સારી ગુણવત્તાવાળા ૬ નંગ ટોવેલ આપવા જોઇએ કે કેમ ?

(૧૩) દરેક કર્મચારીને દર વર્ષે ૨૪ નંગ સાબુ આપવા જોઇએ કે કેમ ?

(૧૪) દરેક કર્મચારીને દર વર્ષે સારી ગુણવત્તાવાળા ૫ જોડી સુતરાઉ મોજા યુનિફોર્મ તરીકે આપવા જોઇએ કે કેમ ?

(૧૫) દરેક કર્મચારીને દર વર્ષે ડક બેક બ્રાન્ડના રેઇનસુઝ આપવા જોઇએ કે કેમ ?

(૧૬) દરેક કર્મચારીને દર બે વર્ષે સારી ગુણવત્તાવાળી છત્રી આપવી જોઇએ કે કેમ ?

(૧૭) દરેક કર્મચારીને દર બે વર્ષે ડકબેક બ્રાન્ડનો એક રેઇનકોટ આપવો જોઇએ કે કેમ ?

(૧૮) દરેક કર્મચારીને દર બે વર્ષે એવન્યુ/મોન્ટેકાર્લોની બનાવટની વીન્ટર જર્સી આપવી જોઇએ કે કેમ ?

(૧૯) ફરતી શીફ્ટ (રોટેશનલ શીફ્ટ)માં નોકરી કરતા કર્મચારીઓને ઓછી અવર-જવર હોય તેવા અંધકારના સમયે ફરજ પર આવવા-જવાનું હોવાથી તેવા કર્મચારીઓને આઇએસઆઇ માર્કાની સારી ગુણવત્તાવાળી ટોર્ચ બે બેટરી સેલ સાથે દર વર્ષે આપવી જોઇએ કે કેમ ?

(૨૦) દરેક કર્મચારીને ત્રિમાસીક ધોરણે સારી ગુણવત્તાવાળી બોલપેન ચાર રીફીલ સાથે આપવી જોઇએ કે કેમ ?

(૨૧) દરેક કર્મચારીને તેના જન્મદિવસે બર્થ ડે કાર્ડ ઉપરાંત બર્થ ડે ગીફ્ટના ટોકનરૂપે ₹ ૨૦૦/-નું ગીફ્ટ વાઉચર આપવું જોઇએ કે કેમ ?

૧૦. વેલફેર અને એમીનીટીઝ :-

૧૦-૧ હોલી-ડે હોમ / ગેસ્ટ હાઉસ ફેસીલીટીઝ :-

(૧) રીલાયન્સે આઇ.પી.સી.એલ. કંપનીનું ટીક ઓવર કર્યું તે પહેલા ગેસ્ટ હાઉસ અને હોલીડે હોમમાં જે રૂમ સ્પેસ હતી તે પ્રમાણે રાખવી જોઇએ કે કેમ ? તેમાં કોઇ ઘટાડો કરવો નહિં તે જોઇએ કે કેમ ?

(૨) ગેસ્ટ હાઉસ હોલીડે હોમની ઉપલબ્ધતા અને જાણકારી તથા તેનું બુકીંગ કરવામાં આવે તો તેની પરિસ્થિતિની જાણકારી શ્રમયોગીને ઓનલાઇન ઇએસએસ દ્વારા થવી જોઇએ કે કેમ ?

INDEX

(૩) હોલી ડે હોમની માટે કરવામાં આવતાં વાર્ષિક ભાડા કરાર યુનિયન અને શ્રમયોગીને જણાવવા જોઈએ કે કેમ ?

(૪) હોલી ડે હોમના રૂમ ત્રણ પથારીવાળા હોવા જોઈએ કે કેમ ?

(૫) દીવના હોલી ડે હોમના રૂમની સંખ્યા વધારવી જોઈએ કે કેમ ?

(૬) શ્રીનગર (જમ્મુ અને કાશ્મીર), મનાલી (હિમાચલ પ્રદેશ), ધરમશાલા, કોડાઈકેનાલ, દમણ, સાપુતારા, મુન્નાર અને બીજા અન્ય ટુરીસ્ટ સ્થળો ખાતે પણ હોલી ડે હોમ શરૂ કરવા જોઈએ કે કેમ ?

૧૦-૨ શોપીંગ બસ :-

ગંધાર કોમ્પ્લેક્ષની નજીકના ગામમાં રહેતા કર્મચારી અને તેના ડીપેન્ડન્ટ માટે દહેજથી ભરૂચ અને પરત દહેજ માટે રાહત દરે શોપીંગ બસની સવલત કરી આપવી જોઈએ કે કેમ ?

૧૦-૩ ગ્રુપ સેવીંગ લીંકડ ઈન્સ્યોરન્સ સ્કીમ :-

(૧) કર્મચારીની ત્રણ કેટેગરી એ, બી અને સી માટેની સીમા મર્યાદા પૈકીની બી અને સી કેટેગરી માટેની સીમા મર્યાદાને એક સ્ટેજ ઉપર લાવવી જોઈએ કે કેમ ?

(૨) માસિક પ્રીમીયમના ૬૦% કંપનીએ ભોગવવા / ભરવા જોઈએ કે કેમ ?

(૩) કંપનીએ કોઈપણ વીમા કંપની સાથે વિમાની સ્કીમ / કરાર નક્કી કરતાં પહેલાં યુનિયન સાથે ચર્ચા-વિચારણા કરવી જોઈએ કે કેમ ?

(૪) બાકીની બીજી બધી શરતો યથાવત રહેવી જોઈએ કે કેમ ?

૧૦-૪ હેલ્થ અને સેફટી એટ વર્ક :-

મેનેજમેન્ટે શ્રમયોગીના કામના સ્થળે આરોગ્ય અને પર્યાવરણની જાળવણી માટે જરૂરી વાતાવરણ ઉભું કરવા નીચે પ્રમાણે સુધારા કરવા જોઈએ કે કેમ ?

(ક) કામનું સ્થળ સુરક્ષીત અને શ્રમયોગી સ્વસ્થ રહે તે માટેની તમામ જવાબદારીઓ મનેજમેન્ટે ઉપાડવી જોઈએ કે કેમ ?

(ખ) મેન્જમેન્ટે શ્રમયોગીને સુરક્ષાની તાલીમ તથા તે સુરક્ષીત કામ કરે તે માટેના સુપરવીઝનની જવાબદારી ઉપાડવી જોઈએ કે કેમ ?

(ગ) જોખમી પ્રક્રિયા અને અસુરક્ષીત કામ બાબત અને સેફટી ઓડીટની જાણકારી શ્રમયોગીને આપવી જોઈએ કે કેમ ?

(ઘ) શ્રમયોગીના સ્વાસ્થ્યની નીરંતર દેખરેખ અને કાળજી રાખવી જોઈએ કે કેમ ?

INDEX

(ચ) કામનું સ્થળ સુરક્ષીત બનાવવું જોઈએ કે કેમ ?

(છ) સુરક્ષાના સાધનો અને તેનું અમલીકરણ તથા સુરક્ષા અને સ્વાસ્થ્ય માટેનાં કાયદાકીય પ્રાવધાન તથા આઇ.એલ.ઓ. દ્વારા જાહેર કરવામાં આવતા સુચનો સ્વીકારવા તેમજ તેને અમલમાં મુકવા જોઈએ કે કેમ ?

(જ) દરેક શ્રમયોગીને દર બે વર્ષે આઇ.એસ.આઇ. માર્ક વાળો સેફટી હેલમેટ આપવો જોઈએ કે કેમ ?

(ઝ) કંપનીના દરેક વોટર કુલર પર આર.ઓ. ફીલ્ટર સીસ્ટમ લગાડવી જોઈએ કે કેમ ?

૧૦-૫ ઓક્યુપેશનલ હેલ્થ :-

સુરક્ષાના અને ઓકયુપેશનલ હેલ્થ માટે કંપનીએ એક રીસર્ચ સેન્ટરની સ્થાપના કરવી અને શ્રમયોગીને થતાં રોગ તથા તેની ચિકીત્સા માટે યોગ્ય પગલાં લેવા અને શ્રમયોગી સારા અને સુરક્ષીત વાતવરણમાં કામ કરે તે બાબતને પ્રોત્સાહન આપવું જોઈએ કે કેમ ?

૧૦-૬ કેરેજ ઓફ હાઉસ હોલ્ડ ઈફેકટ : (ઘરવખરીના ટ્રાન્સપોર્ટેશન બાબત) :

શ્રમયોગીની ટ્રાન્સફર થાય તો ઘરવખરીના સામાનની હેર-ફેર માટે નીચે પ્રમાણે કરવું જોઈએ કે કેમ ?

બેઝીક પગાર ₹ ૩૫૦૦/- કે તેથી વધુ હોય તો તેને ઘરવખરીના સામાનની હેર-ફેર માટે એક આખુ રેલ્વે વેગન ભાડે કરી શકે તેટલું ભાડું ચુકવવું જોઈએ કે કેમ ?

જે શ્રમયોગી ઘરવખરીનો સામાન હાલમાં ચાલતી રેલ્વેની મહત્તમ વજનની મર્યાદાને ધ્યાનમાં રાખીને તેની જગ્યાએ ટ્રકમાં લઇ જવા માગતા હોય તે માટેની અનુમતી કેરેજ ઓફ હાઉસ ઈફેકટના ચાર્જની મહત્તમ મર્યાદાને અનુલક્ષીને આપવી જોઈએ કે કેમ ? જો શ્રમયોગી કંપનીને ટ્રકની વ્યવસ્થા કરવાની અરજ કરે તો તે કંપનીએ (૧૦ ટનથી વધારે નહિં) કરી આપવી જેનો ચાર્જ RIL એ ચુકવવો જોઈએ કે કેમ ?

૧૦-૭ ઘરવખરીનો વીમો :-

ઘરવખરી માટેના વિભાગી મૂળ રકમનું પ્રીમીયમ તેનુ વાઉચર રજુ કર્યાથી કંપની ભરપાઇ કરશે તે જોઈએ કે કેમ ?

૧૦-૮ માસિક ઈન્સેન્ટીવ સ્કીમ :-

યુનિયન જોડે ચર્ચા-વિચારણા કર્યા બાદ પ્રોડેકશનની ટકાવારી અને ટાર્ગેટ પ્રોડકશન ધ્યાનમાં રાખી એક વ્યવસ્થિત સ્કીમ બનાવવી જેની અમલી તારીખ ૦૧-૦૧-૨૦૧૨ રહેશે તે જોઈએ કે કેમ ?

INDEX

૧૦-૯ મેડીકલ ફેસીલીટી :-

હાલમાં ચાલતી ઈન્સ્યોરન્સ બેઝડ મેડીકલ ફેસીલીટીમાં વી.એમ.ડી. RIL ની ઈન્સ્યોરન્સ બેઝડ મેડીકલ ફેસીલીટી પ્રમાણે ફેરફાર/સુધારા કરવા જોઈએ કે કેમ ?

૧૦-૧૦ ડેઝીગ્નેશન :-

ડીએમડી, RIL ખાતેના દરેક કાયમી સ્કીલ્ડ શ્રમયોગીઓને ટેકનીશીયન (O & M)ની પદવી આપવામાં આવેલ છે. જે ગેરવ્યાજબી છે. ડીએમડી. RIL ના દરેક શ્રમયોગીને તેમની શૈક્ષણિક લાયકાત તથા જે ટ્રેડ માટે તેમણે ખાસ ટ્રેનીંગ લીધી હોય અને જે પ્રકારનું કામકાજ તેઓ કંપનીમાં કરતાં હોય તેને આધારે તેમની પદવી નિર્ધારીત કરવી જોઈએ કે કેમ ? કારણ કે ઓપરેશન અને મેઈન્ટેનન્સ વિભાગમાં કામ કરવા અલગ-અલગ પ્રકારની શૈક્ષણિક લાયકાત તથા નિપુણતાની જરૂર હોય છે. ઓપરેશન વિભાગમાં ફરજ બજાવતાં શ્રમયોગીઓને ટેકનીશીયન (O) ની પદવી આપવી જોઈએ કે કેમ ? અને મેઈન્ટેનન્સ વિભાગમાં ફરજ બજાવતાં શ્રમયોગીઓને ટેકનીશીયન (M)ની પદવી આપવી જોઈએ કે કેમ ?

૯-૧૦ બેનોવેલન્ટ ફંડ :-

(૧) મૃત્યુ પામેલા શ્રમયોગીનાં અસરગ્રસ્ત કુટુંબને નાણાંકીય સહાય પેટે અપાતી રકમની મર્યાદા વધારીને ₹ ૫૦,૦૦૦-૦૦ સુધી કરવી જોઈએ કે કેમ ?

(૨) બેનોવેલન્ટ ફંડ માટે ટ્રસ્ટ બનાવી તેના ટ્રસ્ટીઓમાં યુનિયનના પ્રતિનિધિઓને સામેલ કરવા જોઈએ કે કેમ ?

૧૦-૧૨ વોલ્યેનટરી રીટાયરમેન્ટ સ્કીમ :-

જો શ્રમયોગી કાયમી અપંગ થાય અથવા તો અસાધ્ય રોગનો ભોગ બને તો અને જો તે કંપનીમાંથી સ્વૈચ્છિક નિવૃત્ત થવા માંગતો હોય તો તેને તે માટે અનુમતી આપવી જોઈએ કે કેમ ? અને તે માટે તેને તેના કંપનીમાં જમા રહેલ તેની કાયદાકીય રકમ ઉપરાંત ₹ ૧૦,૦૦,૦૦૦/- ઉચ્ચક રકમ આપવી જોઈએ કે કેમ ? તથા તેની ૬૦ વર્ષની ઉંમર સુધીનો ₹ ૫,૦૦,૦૦૦/- લાખનો મેડીકલ ઈન્સ્યોરન્સ આપવો જોઈએ કે કેમ ? તદઉપરાંત તેની પત્ની અથવા તેના પર આધારીત છોકરા/છોકરીમાંથી એકને કાયમી નોકરી આપવી જોઈએ કે કેમ? જે શ્રમયોગીની ઉંમર ૫૦ વર્ષની થાય અથવા તો તેની કંપનીમાં ૩૦ વર્ષની નોકરી પૂરી થતી હોય તો તેને પણ સ્વૈચ્છિક નિવૃત્તિ જોઈતી હોય તો તે માટેના મળતાં બધા લાભ સાથે અનુમતી આપવી જોઈએ કે કેમ ?

૧૦-૧૩ નિવૃત્ત - વયમર્યાદા :-

ડીએમડીના રોલ પરના કાયમી શ્રમયોગીઓની નિવૃત્તિ વય વધારીને ૬૫ વર્ષ કરવી જોઈએ કે કેમ ?

INDEX

૧૦-૧૪ પોસ્ટ રીટાયરમેન્ટ બેનીફીટ :-

વીએમડીના એક્ઝીકયુટીવ / મેનેજર / એવીપી / વીપી કેટેગરીનાં કર્મચારીઓને રીટાયરમેન્ટ પછી તેમને તથા તેમના પર આધારિત કુટુંબીજનોને ધોરણે એલટીસી/મેડીકલ ફેસીલીટી આપવામાં આવે છે તે ધોરણે ડીએમડી ના શ્રમયોગીઓને પણ રીટાયરમેન્ટ પછી લાભ આપવો જોઈએ કે કેમ ?

૧૦-૧૫ કોમ્પોસીએનેટ એમ્પ્લોયમેન્ટ :-

કંપનીની નોકરી દરમિયાન જો શ્રમયોગીનું મૃત્યુ થાય તો તેમના કુટુંબીજનોમાંથી કોઈપણ એક ડીપેન્ડન્ટ પરીવારજનને તેની શૈક્ષણિક લાયકાત અને તેની ઉંમરને અનુલક્ષીને કાયમી નોકરી આપવી તથા રેગ્યુલર શ્રમયોગીના ડીપેન્ડેન્ટ પરીવારજનોને અપાય છે તે ધોરણે મૃત્યુ પામેલ કર્મચારીના પરીવારજનોને મેડીકલ ફેસીલીટી તથા એલ.ટી.સી. ની સુવીધા આપવી જોઈએ કે કેમ ?

૧૦-૧૬ લોંગ સર્વિસ એવોર્ડ :

કંપનીમાં નોકરીમાં ૧૫ વર્ષ પુરા કરનાર દરેક શ્રમયોગીને ૨૫૦ ગ્રામ અને ૨૦ વર્ષ પુરા કરનાર દરેક શ્રમયોગીને ૫૦૦ ગ્રામ ચાંદીનો મેડલ લોંગ સર્વીસરૂપે આપવો જોઈએ કે કેમ ?

૧૦-૧૭ લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ :

કંપનીમાં નોકરીમાં ૨૫ વર્ષ પુરા કરનાર દરેક શ્રમયોગીને ૨૫ ગ્રામનો સોનાનો સિક્કાનો લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ રૂપે આપવો જોઈએ કે કેમ ?

૧૦-૧૮ ફેમીલી પ્લાનીંગ એવોર્ડ :

ફેમીલી પ્લાનીંગ એવોર્ડ તરીકે શ્રમયોગીઓને હાલમાં મળતી રકમ વધારીને ₹૧૦,૦૦૦-૦૦ કરવી જોઈએ કે કેમ ?

૧૦-૧૯ ઉચ્ચ શિક્ષણ માટે કેશ એવોર્ડ :

ઉચ્ચ શિક્ષણ માટે શ્રમયોગીને હાલમાં મળતા કેશ એવોર્ડમાં નીચે પ્રમાણે ફેરફાર કરવો જોઈએ કે કેમ ?

ગ્રૂપ	કેશ એવોર્ડની રકમ (₹)
એ	₹ ૮,૦૦૦-૦૦
બી	₹ ૭,૦૦૦-૦૦
સી	₹ ૬,૦૦૦-૦૦
ડી	₹ ૫,૦૦૦-૦૦

INDEX

૧૦-૨૦ એન્યુઅલ પ્લાન્ટ પ્રોડકશન ગીફ્ટ :

જે પ્લાન્ટ તેનું નિર્ધારીત કરેલ વાર્ષિક પ્રોડકશન ટાર્ગેટ હાસીલ કરે તો તે પ્લાન્ટનાં દરેક શ્રમયોગીને એન્યુઅલ પ્લાન્ટપ્રોડકશન ગીફ્ટ તરીકે ₹ ૨,૦૦૦-૦૦ આપવા જોઇએ કે કેમ ?

૧૦-૨૧ પ્લાન્ટ સેફ્ટી ગીફ્ટ :

નો લોસ ટાઇમ એકસીડન્ટ માટે હાલમાં અપાતી પ્લાન્ટ સેફ્ટી ગીફ્ટ પ્રતીની રકમ વધારીને ₹ ૪૦૦-૦૦ પ્રતિ શ્રમયોગી કરવી જોઇએ કે કેમ ?

૧૦-૨૨ ગુડ હાઉસકીપીંગ ગીફ્ટ :

ગુડ હાઉસકીપીંગ પ્રતી અપાતી ગીફ્ટની રકમમાં નીચે પ્રમાણે વધારો કરવો જોઇએ કે કેમ ?

વીનરને	₹ ૪૫૦-૦૦ પ્રતિ/શ્રમયોગી
રનર અપને	₹ ૪૦૦-૦૦ પ્રતિ/શ્રમયોગી

૧૦-૨૩ પ્રિવેન્ટીવ મીસેપ (હોનારત અટકાવવા) / નીયર મીસ એકસીડન્ટ રીપેરીંગનો એવોર્ડ :

શ્રમયોગી તેવી ત્વરીત એકશન થી મોટી હોનારત અટકાવે તથા તેવી એકશનમાં મદદરૂપ થાય તો તેવા પ્રત્યેક પ્રસંગ માટે શ્રમયોગીને ₹ ૮૦૦૦-૦૦ ચુકવવા જોઇએ કે કેમ ?

૧૦-૨૪ યુનિટ લેવલ કલાસીસ :

સેન્ટ્રલ વર્કર એજ્યુકેશન બોર્ડ (CBWE) ની ગાઇડ લાઇન પ્રમાણે શ્રમયોગીના વ્યક્તિત્વના વિકાસ, જ્ઞાનના વિકાસ માટે તથા કંપની પ્રત્યેના તેમના વલણને હકારાત્મક બનાવવા માટે યુનિટ લેવલ કલાસ શરૂ કરવા જોઇએ કે કેમ ?

૧૦-૨૫ વર્કર ટીચર પાર્ટીશીપેશનનો પ્રોગ્રામ :

પ્રત્યેક વર્ષે ઓછામાં ઓછા ૧૦ શ્રમયોગીઓ (યુનિયનના હોદ્દેદારો/યુનિયનના સક્રિય સભ્ય હોય તેવા)ને વર્કર ટીચર ટ્રેનીંગ માટે નીયુક્ત કરવા જોઇએ કે કેમ ?

૧૦-૨૬ હેલ્થ કલબ :

ડીએમડીની મુખ્ય ઓફીસ તથા દરેક પ્લાન્ટ ખાતે હેલ્થ કલબ તથા યોગા સેન્ટર બનાવવા તથા જીમ્નેશીયનનાં સાધનો, વોકર, સાયકલ, વગેરે સાધનોથી સજજ કરવાં જોઇએ કે કેમ ?

૧૦-૨૭ મેન પાવર :

પ્લાન્ટોની વધારેલી ઉત્પાદન ક્ષમતાને કારણે શ્રમયોગી પર કામનું ભારણ પણ વધેલ છે. તેને સીફ્ટની બાબત ધ્યાનમાં લેતાં યુનિયન સાથે ચર્ચા, વિચારણા કરીને શ્રમયોગીની સંખ્યા વધારવાની તાતી જરૂરીયાત છે. દરેક પ્લાન્ટ/સેકસન/ડીપાર્ટમેન્ટમાં કામના ભારણ તથા સેફ્ટીની બાબતને ધ્યાનમાં રાખી ડ્યુટી પોસ્ટની સંખ્યા યુનિયન સાથે ચર્ચા, વિચારણા કરીને નિર્ધારીત કરવી તથા તે બાબતની

INDEX

વિસ્તૃત માહીતી વાટાઘાટોનાં સમયે રજુ કરવા જોઈએ કે કેમ ?

૧૦-૨૮ પ્રોડકટીવીટી (ઉત્પાદકતા) :

નોન સુપરવાઈઝરી કર્મચારીઓની ઉત્પાદન ક્ષમતા તથા તેમની ઉપયોગીતા વધારવા હાલમાં કાયમી પ્રકારના કામ-કાજ માટે અપાતો કોન્ટ્રાકટ/વાર્ષિક કોન્ટ્રાકટ તાત્કાલિક યુનિયન સાથે ચર્ચા-વિચારણા કરી બંધ કરવો/નાબૂદ કરવો જોઈએ કે કેમ ?

૧૦-૨૯ કામના કલાક :

દરેક શ્રમયોગી માટે પાંચ દિવસનું અઠવાડીયુ એટલે કે અઠવાડિયાના ૪૮ કલાક કામ-કાજના રાખવા જોઈએ કે કેમ ?

૧૦-૩૦ ટાઉનશીપ :

વીએમડી/એનએમડી/જામનગર RIL માં છે તે ધોરણે ભરૂચ શહેરની નજીક એક વિશાળ ટાઉનશીપનું ડીએમડીના શ્રમયોગીઓ માટે નિર્માણ કરવું જોઈએ કે કેમ ?

૧૦-૩૧ હાલનાં રહેઠાણ ટાઉનશીપમાં સવલતો આપવા બાબત :

(૧) કંપની દ્વારા ફાળવેલ કવાર્ટરમાં રહેતા કર્મચારીઓને તા. ૦૧-૦૧-૨૦૧૨થી નીઃશુલ્ક ઈલેકટ્રીસીટી સુવિધા કરવી જોઈએ કે કેમ ?

(૨) સીવીલ અને બાગાયત વિભાગની મદદથી હાલના કવાર્ટરને આકર્ષક બનાવવા જોઈએ કે કેમ?

(૩) દરેક કવાર્ટરમાં લેન્ડલાઈન ફોનના જોડાણ આપવા જોઈએ કે કેમ ?

(૪) દર બે વર્ષ કવાર્ટરને રંગ રોગાન કરવું જોઈએ કે કેમ ?

(૫) મફત ડીટીએચ ડીશ/કેબલ કનેકશનની સુવિધા કવાર્ટરમાં કંપની ઉપલબ્ધ બનાવવી જોઈએ કે કેમ ?

(૬) શ્રમયોગીઓના ફાયદા માટે હાલમાં નિર્માણધીન ટાઉનશીપમાં એક મેરેજહોલ/પાર્ટી હોલનું નિર્માણ કરવું જોઈએ કે કેમ ?

(૭) નિર્માણાધીન ટાઉનશીપમાં સ્વમીંગપુલ, સોના-બાથ, જીમ્નશીયમ વગેરેની સુવિધા સાથે સ્પોર્ટસ કોમ્પલેક્ષ પણ ઉપલબ્ધ કરાવું જોઈએ કે કેમ ?

૧૦-૩૨ ટ્રેડ યુનિયનની સવલતો :

(૧) ડીએમડી ફેકટરી પ્રમાઈસીસમાં મોટી જગ્યાવાળી, એરકન્ડીશન સુવિધાવાળી ઓફીસ કોમ્પ્યુટર ઈ-મેલ આઈડી, ફોટોકોપીયર મશીન, ફોન-ફેકસ વગેરે આધુનિક સુવિધાઓ સાથે આવવી જોઈએ કે કેમ ?

(૨) યુનિયન દ્વારા આયોજીત સેમીનાર/મીટીંગ માટે પુરતી બેઠકો તથા અન્ય સુવિધાઓથી સજજ મોટો કોન્ફરન્સ હોલ આપવો જોઈએ કે કેમ ?

INDEX

(૩) ફેક્ટરી પ્રીમાઇસીસની અંદર યુનિયન મીટીંગ/સેમીનાર/અધિવેશન વગેરેમાં યુનિયનનાં હોદ્દેદારની રૂએ હાજરી આપતાં યુનિયનનાં ઓફીસ બેરર્સ/કારોબારી સભ્યોને ફરજ પર હાજર ગણવા તથા ફેક્ટરી પ્રીમાઇસીસથી દૂર જવાનું થાય તો તેને ટુર પર ગણી તેનાં આધારીત મળતાં લાભો આપવા જોઇએ કે કેમ ?

(૪) યુનિયન સંબંધિત એક્ટીવીટી માટે યુનિયનનાં ઓફીસ બેરર્સને તેમની કંપનીની ફરજ પરથી રાહત આપવી જોઇએ કે કેમ ?

(૫) યુનિયનના દરેક ઓફીસ બેરર્સ અને કારોબારી સભ્યોને યુનિયન સંબંધિત કામ-કાજમાં હાજર હાજરી આપવા માટે વાર્ષિક ૩૦ દિવસની સ્પેશીયલ રજા અને સેલ-ફોન સુવિધા આપવી જોઇએ કે કેમ ?

(૬) યુનિયન સંબંધિત કાર્યવાહી માટે યુનિયનને ફોર-વ્હીલર સાધનની સુવિધા આપવી જોઇએ કે કેમ ?

(૭) યુનિયનના પ્રતિનિધિઓ માટે પ્રત્યેક વર્ષે ૨૦ ટ્રેનીંગ પ્રોગ્રામનું આયોજન કરવું જોઇએ કે કેમ ? (વર્ષ ૧૯૯૫નાં લાબાં ગાળાનાં સમાધાનમાં ઉલ્લેખ છે તે પ્રમાણે કરવું જોઇએ કે કેમ ?)

(૮) આ ચાર્ટર ઓફ ડીમાન્ડમાં સમાવિષ્ટ ન હોય તથા ચર્ચા થયેલ હોય તેવી અન્ય પ્રથા/સગવડો યથાવત રાખવી જોઇએ કે કેમ ?

(૯) કેન્ટીનની સ્લીપ વાપરવા માટે યુનિયનના બે ઓફીસ બેરરસને સત્તા આપવી જોઇએ કે કેમ ?

(૧૦) પ્રત્યેક મહીનામાં બીજા અને ચોથા બુધવારે નિયત ધોરણે IRC ની મીટીંગ યોજવી જોઇએ કે કેમ ?

૧૦-૩૩ હાઉસ એલોટમેન્ટ (મકાન ફાળવણી) :-

કંપનીના ક્વાર્ટર મેળવવાની યોગ્યતા ધરાવતા શ્રમયોગીઓને તાત્કાલીક ધોરણે નર્મદા, કાવેરી, સરયૂ એપાર્ટમેન્ટ ખાતે ખાલી પડેલા A અને B ટાઇપના ફલેટ આપવા જોઇએ કે કેમ ?

૧૦-૩૪ ટ્રેનીંગ (તાલીમ) :

શ્રમયોગીનું જ્ઞાન તથા આવડત વધારવા માટે યુનિયન સાથે ચર્ચા વિચારણા કરી વિવિધ પ્રકારની ટ્રેનીંગની શરૂઆત કરવી જોઇએ કે કેમ ?

૧૦-૩૫ ડાઇનીંગ રૂમ/ટોયલેટ/બાથરૂમ/રેસ્ટરૂમ :

હાલમાં ઉપલબ્ધ ડાઇનીંગ રૂમ/ટોયલેટ/બાથરૂમ/રેસ્ટરૂમની પુરતી સંખ્યામાં તથા સારી અને સ્વસ્થ ગુણવત્તાવાળા નથી તેમાં જરૂરી સુધારા-વધારા કરવા તથા દરેક પ્લાન્ટ / ડીપાર્ટમેન્ટમાં તેની સુવિધા ઉપલબ્ધ બનાવવી જોઇએ કે કેમ ?

INDEX

૧૦-૩૬ લેડી ડોકટર :

દહેજ કોમ્પલેક્ષના ઔદ્યોગિક રૂગ્ણાલય (IMC) માં મહીલા કર્મચારીઓની આરોગ્ય સબંધિત તપાસ/ટ્રીટમેન્ટ માટે એક લેડી ડોકટર ઉપલબ્ધ બનાવવી જોઈએ કે કેમ ?

૧૧. નોંધપાત્ર વિશિષ્ટતાઓ

(૧) જેનો ખાસ ઉલ્લેખ કર્યા ન હોય તે સીવાયની દરેક માંગણીઓની અમલની તારીખ ૦૧-૦૧-૨૦૧૨ રહેવી જોઈએ કે કેમ ?

(૨) આ ચાર્ટર ઓફ ડીમાન્ડ અન્વયે થનાર સમાધાનથી મળનાર એરીયર્સની ગણતરી તા. ૦૧-૦૧-૨૦૧૨ કરવી જોઈએ કે કેમ ?

(૩) મેનેજમેન્ટે સમાધાનની અંગ્રેજી અને ગુજરાતી બંને ભાષામાં નકલ પ્રકાશીત કરવી જોઈએ કે કેમ ?

(૪) આ સમાધાન તા. ૩૧-૧૨-૨૦૧૧ના રોજ RIL ના પે-રોલ પર રહેલાં તમામ શ્રમયોગીઓ તથા ત્યારપછી શ્રમયોગી તરીકે RIL માં જોડાનાર દરેક શ્રમયોગીને લાગુ પડવું જોઈએ કે કેમ ?

(૫) આ સમાધાન અંતર્ગત નહી બદલાયેલ હાલની તમામ શરતો/સવલતો/પ્રથાઓ યથાવત રહેવું જોઈએ કે કેમ ?

(૬) મેનેજમેન્ટ શ્રમયોગીનાં આરોગ્ય, સલામતી તથા પર્યાવરણની જાળવણી માટે, સાફ-સફાઈ માટે સારૂ વાતાવરણ પુરું પાડવું જોઈએ કે કેમ ?

(૭) સમાધાનની અવધિ તા. ૦૧-૦૧-૨૦૧૨ થી ૩૧-૧૨-૨૦૧૪ (૩-વર્ષ)નો રહેવો જોઈએ કે કેમ ?

(૮) આ ચાર્ટર ઓફ ડીમાન્ડ ડીએમડીના દરેક શ્રમયોગીને લાગુ પડવા જોઈએ કે કેમ ?

(૯) આ ચાર્ટર ઓફ ડીમાન્ડની વાટાઘાટોનાં કોઈપણ તબક્કે કોઈપણ માંગણી ઉમેરવા/વધારવા/રદ કરવાનો યુનિયનને અબાધિત અધીકાર રહેવો જોઈએ કે કેમ ?

ગાંધીનગર, તારીખ ૨જી ઓગષ્ટ, ૨૦૧૩.

(સહી) અવાચ્ય,
શ્રમ આયુક્ત,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજે/આઈડીઆર/૧૨/૨૦૧૩.-મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ધી મગરવાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, મુ. મગરવાડા, તા. વડગામ જિ. બનાસકાંઠા અને તેના શ્રમયોગી શ્રી ઉપલાણા લક્ષ્મણભાઈ માનજીભાઈ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩૩)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા-વિભાગ-૧ની કલમ "સી" વાંચતા અને સદર ધારાની અનુસુચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તોને તેમના સોંપેલ કાર્યક્ષેત્રો માટે સત્તા સુપ્રત કરવામાં આવે છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪) માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, એમ. એસ. પરમાર, મદદનીશ શ્રમ આયુક્ત, પાલનપુર આથી મજુર અદાલત, પાલનપુરને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રમયોગી શ્રી ઉપલાણા લક્ષ્મણભાઈ માનજીભાઈને પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં તેમની મૂળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા કે કેમ ?

પાલનપુર, તારીખ ૧લી ઓગષ્ટ, ૨૦૧૩.

એમ. એસ. પરમાર,
મદદનીશ શ્રમ આયુક્ત,
પાલનપુર.

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કેએચઆર-૨૦૦૮/આઇડીઆર/૧૦(૧)/૭૩/૨૦૧૩.–મદદનીશ શ્રમ આયુક્ત આણંદનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર મેનેજરશ્રી, (૧) મધર ડેરી ફુડ એન્ડ વેજીટેબલ પ્રા. લી., નેશનલ હાઈ વે નં.-૮, મુ. ચિખોદ્રા. (૨) દાલ એનાલોજી પ્રોજેકટ, નેશનલ હાઈ વે નં.-૮, મુ. ચિખોદ્રા. (૩) કોન્ટ્રાકટર શ્રી ધવલ જે. પટેલ, ૪, પંચજન્ય ડુપલેક્ષ, જીટોડીયા રોડ રોડ, મુ. જીટોડીયા, તા. જિ. આણંદ અને તેના શ્રમયોગી શ્રી મનુભાઈ છગનભાઈ પરમાર વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૨મી મે, ૨૦૦૦ ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૦/૭૧/આઈડીએ/૧૦૦૦/૨૦૯૫(૧) મ (૪) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ની સાથે પેટા વિભાગ (૧)ના કલોઝ (સી) હેઠળ સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ (૩) તથા અનુસૂચિ-૩ની આઈટમ (૧૦) સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપવામાં આવેલ વિસ્તાર પુરતી સત્તાઓ સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-(૧)ના કલોઝ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, મદદનીશ શ્રમ આયુક્ત, આણંદ આથી ગુજરાત સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૮મી માર્ચ, ૧૯૯૨ના જાહેરનામા ક્રમાંક કે.એચ.આર./આઈ.ડી.સી./૧૦૯૨/૨૮(અ)મ(૪)એ હેઠળ રચાયેલ મજુર અદાલત, આણંદને સદરહુ તકરારમાં ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી મનુભાઈ છગનભાઈ પરમારને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીની સળંગતા સહિત મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

આણંદ, તારીખ ૨૦મી જુલાઈ, ૨૦૧૩.

પી. આર. ત્રિવેદી,
મદદનીશ શ્રમ આયુક્ત,
આણંદ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કેએચઆર-૨૦૦૮/આઇડીઆર/૧૦(૧)/૭૪/૨૦૧૩.–મદદનીશ શ્રમ આયુક્ત આણંદનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર મેનેજરશ્રી, (૧) મધર ડેરી ફુડ એન્ડ વેજીટેબલ પ્રા. લી., નેશનલ હાઈ વે નં.-૮, મુ. ચિખોદ્રા. (૨) દાલ એનાલોજી પ્રોજેકટ, નેશનલ હાઈ વે નં.-૮, મુ. ચિખોદ્રા. (૩) કોન્ટ્રાકટર શ્રી ધવલ જે. પટેલ, ૪, પંચજન્ય ડુપલેક્ષ, જીટોડીયા રોડ રોડ, મુ. જીટોડીયા, તા. જિ. આણંદ અને તેના શ્રમયોગી શ્રી વિજયસિંહ ગીરવતસિંહ રાજ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૨મી મે, ૨૦૦૦ ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૦/૭૧/આઇડીએ/૧૦૦૦/૨૦૯૫(૧) મ (૪) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ની સાથે પેટા વિભાગ (૧)ના કલોઝ (સી) હેઠળ સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ (૩) તથા અનુસૂચિ-૩ની આઇટમ (૧૦) સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપવામાં આવેલ વિસ્તાર પુરતી સત્તાઓ સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-(૧)ના કલોઝ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, મદદનીશ શ્રમ આયુક્ત, આણંદ આથી ગુજરાત સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૮મી માર્ચ, ૧૯૯૨ના જાહેરનામા ક્રમાંક કે.એચ.આર./આઇ.ડી.સી./૧૦૯૨/૨૮(અ)મ(૪)એ હેઠળ રચાયેલ મજુર અદાલત, આણંદને સદરહુ તકરારમાં ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી વિજયસિંહ ગીરવતસિંહ રાજને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીની સળંગતા સહિત મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

આણંદ, તારીખ ૨૦મી જુલાઈ, ૨૦૧૩.

પી. આર. ત્રિવેદી,
મદદનીશ શ્રમ આયુક્ત,
આણંદ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજે/આઇડીઆર/૧૩/૨૦૧૩.-મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ધી બાવલચુંડી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, મુ. બાવલચુંડી, તા. વડગામ જિ. બનાસકાંઠા અને તેના શ્રમયોગી શ્રી પંડ્યા વિનોદચંદ્ર જેઠાલાલ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩૩)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા-વિભાગ-૧ની કલમ "સી" વાંચતા અને સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તોને તેમના સોંપેલ કાર્યક્ષેત્રો માટે સત્તા સુપ્રત કરવામાં આવે છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪) માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, એમ. એસ. પરમાર, મદદનીશ શ્રમ આયુક્ત, પાલનપુર આથી મજુર અદાલત, પાલનપુરને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રમયોગી શ્રી પંડ્યા વિનોદચંદ્ર જેઠાલાલને પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં તેમની મૂળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા કે કેમ ?

પાલનપુર, તારીખ ૧લી ઓગષ્ટ, ૨૦૧૩.

એમ. એસ. પરમાર,
મદદનીશ શ્રમ આયુક્ત,
પાલનપુર.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

INDEX

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3000/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. LIV] THURSDAY, AUGUST 22, 2013 / SRAVANA 31, 1935 [No. 34

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

NIL

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/આર/ક/૩૨૮૭૯/આઈડીઆર-એ.જે./૬૪/૨૦૧૨.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૬૧/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨/(બી)(૨)-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) તમામ ઔદ્યોગિક એકમોમાં વ્યક્તિગત શ્રમયોગીઓની માંગણીઓ માટે/૧૦૦ થી ઓછા શ્રમયોગીઓ કામે રાખતા તમામ ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુક્ત, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ, હું, નાયબ શ્રમ આયુક્ત, અમદાવાદ, ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

માંગણીઓ :

શ્રી સુરેન્દ્ર જમનાદાસ દાંતણીયાને તેમના હાલના હોદ્દા ઉપરથી એક પાયરી નીચે ઉતારી તે પાયરીમાં ૪૫૦૦-૭૦૦૦ના ગ્રેડમાં મીનીમમ પગાર ધોરણ ઉપર મૂકવાની શિક્ષા કરવાનો તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૦૪ના રોજનો હુકમ ગેર વ્યાજબી, ગેરકાયદેસર અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધનો હોવાથી રદ કરવો કે કેમ ?

શ્રી સુરેન્દ્ર જમનાદાસ દાંતણીયાની નોકરી સળંગ ગણી તે મુજબ નિવૃત્તિ પછી મળવાપાત્ર લાભોના એરીયર્સની રકમ ૧૮ ટકા વ્યાજ સાથે ચૂકવી આપવી કે કેમ ?

અમદાવાદ, તારીખ ૩જી ઓગસ્ટ, ૨૦૧૩.

એમ. વી. જાડેજા,
નાયબ શ્રમ આયુક્ત,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/આર/ક/૩૨૮૩૨/આઈડીઆર-એ.જે./૧૬૮/૨૦૧૩.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ચોકસી ટ્યૂબ કંપની લી., અમદાવાદ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨/(બી)(૨)-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) તમામ ઔદ્યોગિક એકમોમાં વ્યક્તિગત શ્રમયોગીઓની માંગણીઓ માટે/૧૦૦ થી ઓછા શ્રમયોગીઓ કામે રાખતા તમામ ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુક્ત, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ, હું, નાયબ શ્રમ આયુક્ત, અમદાવાદ, મજૂર અદાલત, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

માંગણીઓ :

(૧) શ્રી રમેશરામ રામપ્રવેશરામ પાસેથી તારીખ ૧૧મી જૂન, ૨૦૧૨ના રોજ સંસ્થાએ લખાવી લીધેલ રાજીનામું અયોગ્ય, અન્યાયી હોઈ રદબાતલ કરવું કે કેમ ?

(૨) શ્રી રમેશરામ રામપ્રવેશરામને બાકી પગારની રકમ ચૂકવેલ ન હોઈ બાકી પગાર ચૂકવવો કે કેમ ?

અમદાવાદ, તારીખ ૩૭ ઓગસ્ટ, ૨૦૧૩.

એમ. વી. જાડેજા,
નાયબ શ્રમ આયુક્ત,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/આર/ક/૩૨૮૩૩/આઈડીઆર-એ.જે./૧૬૯/૨૦૧૩.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સિન્થોફાર્મ ઈન્ડસ્ટ્રીઝ, અમદાવાદ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૬૧/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨/(બી)(૨)-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) તમામ ઔદ્યોગિક એકમોમાં વ્યક્તિગત શ્રમયોગીઓની માંગણીઓ માટે/૧૦૦ થી ઓછા શ્રમયોગીઓ કામે રાખતા તમામ ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુક્ત, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ, હું, નાયબ શ્રમ આયુક્ત, અમદાવાદ, મજૂર અદાલત, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

માંગણીઓ :

(૧) શ્રી રમેશ વાસુદેવ ચૌધરીને જાન્યુઆરી-૨૦૧૨ થી માર્ચ-૨૦૧૨નો પગાર પુરેપુરો ચૂકવેલ નથી તો બાકી નીકળતા ₹ ૫૧૦૦/-પગાર દસ ગણા વળતર સાથે ચૂકવી આપવો કે કેમ ?

(૨) સદર કામદારને તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૧ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૨ સુધીનું બોનસ ચૂકવેલ ન હોઈ દસ ગણા વળતર સાથે ચૂકવી આપવું કે કેમ ?

(૩) સદર કામદારને હક્ક રજાની કુલ રકમ ₹ ૪૧,૨૬૯/- દસ ગણા વળતર સાથે ચૂકવી આપવી કે કેમ ?

(૪) સદર કામદારને ક્લોજર કોમ્પેનશેસન ₹ ૪,૪૭,૧૧૫/- દસ ગણા વળતર સાથે ચૂકવી આપવું કે કેમ ?

અમદાવાદ, તારીખ ૩જી ઓગસ્ટ, ૨૦૧૩.

એમ. વી. જાડેજા,
નાયબ શ્રમ આયુક્ત,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નં. કેએચ/એસએચએમસી/૨૧૨૭/એજે/આઇડીઆર/૧૪૫/૨૦૧૩.–મદદનીશ શ્રમ આયુક્ત, સુરતનો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ આરોગ્ય ખાતું, ઈસ્ટ વરાછા ઝોન, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત અને તેના શ્રમયોગી શ્રી ભાસ્કરભાઈ અમરસીંગ ઢાલવાલે વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮/૩/ઝ થી સદર અધિનિયમની કલમ-૧૦ની પેટા કલમ (૧) ની સામે પેટા-વિભાગ-૧ ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ, હું, એમ. એસ. પટેલ, મદદનીશ શ્રમ આયુક્ત, સુરત, આથી, શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઇ, ૧૯૯૮ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૯૮/૧૦૮/આઇસીઆઇ/૧૦૯૮/૨૯૦૪-એમ-(૪) થી રચાયેલી મજૂર અદાલત, નં. ૧, સુરતને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રમયોગી શ્રી ભાસ્કરભાઈ અમરસીંગ ઢાલવાલેને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

સુરત, તારીખ ૧લી ઓગસ્ટ, ૨૦૧૩.

એમ. એસ. પટેલ,
મદદનીશ શ્રમ આયુક્ત,
સુરત.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નં. કેએચ/એસએચએમસી/૮૧૩૮/એજે/આઇડીઆર/૧૪૬/૨૦૧૩.—મદદનીશ શ્રમ આયુક્ત, સુરતનો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ આરોગ્ય ખાતું, અઠવા ઝોન, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત અને તેના શ્રમયોગી શ્રીમતિ જ્યોતિબેન રમેશભાઈ સોલંકી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮/૩/ઝ થી સદર અધિનિયમની કલમ-૧૦ની પેટા કલમ (૧) ની સામે પેટા-વિભાગ-૧ ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ, હું, એમ. એસ. પટેલ, મદદનીશ શ્રમ આયુક્ત, સુરત, આથી, શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઇ, ૧૯૯૮ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૯૮/૧૦૮/આઇસીઆઇ/૧૦૯૮/૨૯૦૪-એમ-(૪) થી રચાયેલી મજૂર અદાલત, નં. ૧, સુરતને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રમયોગી શ્રીમતિ જ્યોતિબેન રમેશભાઈ સોલંકીને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

સુરત, તારીખ ૧લી ઓગસ્ટ, ૨૦૧૩.

એમ. એસ. પટેલ,
મદદનીશ શ્રમ આયુક્ત,
સુરત.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નં. કેએચ/એસએચએમસી/૮૧૩૩/એજે/આઈડીઆર/૧૫૪/૨૦૧૩.–મદદનીશ શ્રમ આયુક્ત, સુરતનો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ આરોગ્ય ખાતું, ઈસ્ટ વરાછા ઝોન, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત અને તેના શ્રમયોગી શ્રી શશીકાંતભાઈ કનૈયાલાલ ભંડારી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮/૩/ઝ થી સદર અધિનિયમની કલમ-૧૦ની પેટા કલમ (૧) ની સામે પેટા-વિભાગ-૧ ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ, હું, એમ. એસ. પટેલ, મદદનીશ શ્રમ આયુક્ત, સુરત, આથી, શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઇ, ૧૯૯૮ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૯૮/૧૦૮/આઇસીઆઇ/૧૦૯૮/૨૯૦૪-એમ-(૪) થી રચાયેલી મજૂર અદાલત, નં. ૧, સુરતને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રમયોગી શ્રી શશીકાંતભાઈ કનૈયાલાલ ભંડારીને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

સુરત, તારીખ ૧લી ઓગસ્ટ, ૨૦૧૩.

એમ. એસ. પટેલ,
મદદનીશ શ્રમ આયુક્ત,
સુરત.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર-૨૦૦૮/આઇડીઆર/૧૦(૧)/૩૪/૧૩.–મદદનીશ શ્રમ આયુક્ત આણંદનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) મેનેજરશ્રી, પાવરબિલ્ડ લી., મુ. વલ્લભવિદ્યાનગર, ઠે. આણંદ, સોજીત્રા રોડ (૨) કોન્ટ્રાકટરશ્રી, જીતેન્દ્રકુમાર કનુભાઇ પટેલ, હરિકિશન એન્ટરપ્રાઇઝ અને તેના શ્રમયોગી શ્રી કાજી સોહેલભાઇ સફીમહંમદ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગ સચિવાલય, ગાંધીનગરના તા. ૧૨મી મે, ૨૦૦૦ના જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૨૦૦૦/૭૧/આઇડીએ/૧૦૦૦/૨૦૯૫ (૧) મ (૪) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ની સાથે પેટા વિભાગ (૧)ના કલોઝ (સી) હેઠળ સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ (૩) તથા અનુસૂચિ-૩ની આઇટમ (૧૦) સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપવામાં આવેલ વિસ્તાર પુરતી સત્તાઓ સુપ્રત કરવામાં આવેલ છે.

શ્રી રાઠોડ ચંદુભાઈ કાળાભાઈને પડેલ રોજ ભરપાઈ કરી મૂળ જગ્યાએ સળંગ સર્વિસથી તમામ આનુષાંગીક લાભો સહીત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

જુનાગઢ, તારીખ ૨૮મી ઓકટોબર, ૨૦૧૩.

બી. જી. ત્રિવેદી,
મદદનીશ શ્રમ આયુક્ત,
જુનાગઢ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આઇડીઆર/મશ્રઆ/જુના/૨૩/૨૦૧૩.— મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર શ્રી શ્રુ ચેરમેનશ્રી, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, કેશોદ અને તેના શ્રમયોગી શ્રી દીનેશ રવજીભાઈ વેકરીયા વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજ્યના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ-એસએમ-૩૬૭-આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩ ઝ થી સદર ધારાની કલમ ૧૦ ની પેટા કલમ-૧ ની સાથે પેટા વિભાગ-૧ ની કલમ "સી" વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ ની પેટા-કલમ (૧)ના પેટા વિભાગ-સી થી મળેલ સત્તાની રૂએ, હું, બી. જી. ત્રિવેદી, મદદનીશ શ્રમ આયુક્ત, જુનાગઢ, આથી, મજૂર અદાલત, જુનાગઢને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી દીનેશ રવજીભાઈ વેકરીયાને પડેલ રોજ ભરપાઈ કરી મૂળ જગ્યાએ સળંગ સર્વિસથી તમામ આનુષાંગીક લાભો સહીત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

જુનાગઢ, તારીખ ૨૮મી ઓકટોબર, ૨૦૧૩.

બી. જી. ત્રિવેદી,
મદદનીશ શ્રમ આયુક્ત,
જુનાગઢ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આઈડીઆર/મશ્રઆ/જુના/૨૪/૨૦૧૩.— મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર શ્રી વિભાગીય નિયામકશ્રી, ગુ.રા.મા.વન વ્ય. નિ. વિભાગ, જુનાગઢ અને તેના શ્રમયોગી શ્રી અરજણ ખીમાભાઈ વાળા વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજ્યના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ-એસએમ-૩૬૭-આઈડીએ-૧૦૭૨-૪૬૧૮-૩ ઝ થી સદર ધારાની કલમ ૧૦ ની પેટા કલમ-૧ ની સાથે પેટા વિભાગ-૧ ની કલમ "સી" વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તશ્રીને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ ની પેટા-કલમ (૧)ના પેટા વિભાગ-સી થી મળેલ સત્તાની રૂએ, હું, બી. જી. ત્રિવેદી, મદદનીશ શ્રમ આયુક્ત, જુનાગઢ, આથી, મજૂર અદાલત, જુનાગઢને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી અરજણ ખીમાભાઈ વાળાને પડેલ રોજ ભરપાઈ કરી મૂળ જગ્યાએ સળંગ સર્વિસથી તમામ આનુષાંગીક લાભો સહીત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

જુનાગઢ, તારીખ ૨૮મી ઓકટોબર, ૨૦૧૩.

બી. જી. ત્રિવેદી,
મદદનીશ શ્રમ આયુક્ત,
જુનાગઢ.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

સુધારો

વિષય : ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ હેઠળ નિર્ણય કરવા બાબત.

સંસ્થા : ૧. મેનેજરશ્રી, બેરી પ્લાસ્ટીક પ્રા. લી., પ્લોટ નં. ૧૭, મંજુસર, તા. સાવલી, જિ. વડોદરા.

૨. કોન્ટ્રાકટરશ્રી, રીયા એન્ટરપ્રાઈઝ, C/o. બેરી પ્લાસ્ટીક પ્રા. લી., પ્લોટ નં. ૧૭, મંજુસર, તા. સાવલી, જિ. વડોદરા.

ક્રમાંક નાશ્રઆ/વડો/૩૧૮૫૧/૨૦૧૩.- ઉપરોકત વિષય પરત્વેના આ કચેરીના તારીખ ૨૩મી જુલાઈ, ૨૦૧૩ના પત્ર ક્રમાંક નાશ્રઆ/વડો/૨૩૧૨૯ થી ૨૩૧૩૪/૨૦૧૩ થી રેફરન્સ આપશ્રીની કચેરીમાં મોકલી આપેલ છે. જેના અનુસંધાનમાં જણાવવાનું કે સદર હુકમમાં નીચે મુજબનો સુધારો વંચાણે લેવા વિનંતી છે.

અનું. નં. ૨ કોન્ટ્રાકટરનું નામ કોન્ટ્રાકટરશ્રી, રીયા એન્ટરપ્રાઈઝ, C/o. બેરી પ્લાસ્ટીક પ્રા. લી., પ્લોટ નં. ૧૭, મંજુસર, તા. સાવલી, જિ. વડોદરા. દર્શાવેલ છે તેના બદલે

અનું. નં. ૨ કોન્ટ્રાકટરનું નામ કોન્ટ્રાકટરશ્રી, રામા એન્ટરપ્રાઈઝ, C/o. બેરી પ્લાસ્ટીક પ્રા. લી., પ્લોટ નં. ૧૭, મંજુસર, તા. સાવલી, જિ. વડોદરા. એમ વાંચવા વિનંતી.

વડોદરા, તારીખ ૨૮મી ઓકટોબર, ૨૦૧૩.

કે. ઓ. શાહ,
નાયબ શ્રમ આયુક્ત,
વડોદરા.

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

સુધારો

વિષય : ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૧૦(૧) હેઠળ ન્યાય નિર્ણય બાબત (કેસ નં. ૧૬૦/૧૨).

ક્રમાંક નાશ્રઆ/વડો/૩૧૮૫૭/૨૦૧૩.- ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે અત્રેથી તારીખ ૧૬મી જુલાઈ, ૨૦૧૨ના પત્ર ક્રમાંક નાશ્રઆ/વડો/૨૦૧૧૫ થી ઉકત કેસ ન્યાયનિર્ણય અર્થે આપશ્રી તરફ મોકલેલ. સદરહુ કેસમાં તારીખ ૩-૯-૨૦૧૩ ના પત્રથી શ્રમયોગી શ્રી વિનોદભાઈ ભારતભાઈ સોલંકી વતી પૌષક કર્મચારી યુનીયન વડોદરાએ કરેલ રજુઆત ધ્યાને લેતા નીચે મુજબ સુધારો બહાર પાડવામાં આવે છે.

INDEX

સુધારો

અત્રેથી રજુ કરેલ કેસ નં. ૧૬૦/૧૨ ના હુકમ તથા અનુસૂચિમાં સંસ્થાનું નામ સ્ટેટ લેબર ડીસ્પેશ સેન્ટર ના બદલે સ્ટેટ લોર્ડ ડીસ્પેશ સેન્ટર વંચાણે લેવા વિનંતી.

વડોદરા, તારીખ ૨૮મી ઓકટોબર, ૨૦૧૩.

(સહી) અવાચ્ય,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

સુધારો

વિષય : ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૧૦(૧) હેઠળ ન્યાય નિર્ણય બાબત.

ક્રમાંક નાશ્રઆ/વડો/૩૧૮૬૧/૨૦૧૩.- ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે અત્રેથી તારીખ ૧૪મી ઓકટોબર, ૨૦૦૫ ઉકત કેસ ન્યાયનિર્ણય અર્થે આપશ્રી તરફ મોકલેલ. સદરહુ કેસમાં તારીખ ૨૧-૭-૨૦૧૨ ના પત્રથી શ્રમયોગી શ્રી રાજેશભાઈ ભક્તિભાઈ વાળંદ વતી ગૃપ સંઘર્ષ જનરલ કામદાર મંડળ વડોદરાએ કરેલ રજુઆત ધ્યાને લેતા નીચે મુજબ સુધારો બહાર પાડવામાં આવે છે.

સુધારો

અત્રેથી રજુ કરેલ હુકમ તથા અનુસૂચિમાં પક્ષકાર ક્રમાંક એકના બીજા ક્રમે ટ્રાન્સમેક ઈન્ડસ્ટ્રીઝ વડોદરા વંચાણે લેવા વિનંતી.

વડોદરા, તારીખ ૨૮મી ઓકટોબર, ૨૦૧૩.

(સહી) અવાચ્ય,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૯૬૫૦/૫.૨/આઇડીઆર/એજે/૮૬/૨૦૧૩.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે સામેલ કરેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર મોર્ડન પેટ્રોફીલ્સ (POY Divi.), ને.હા. ૮, મુ.પો. બામણગામ, તા. કરજણ, જિ. વડોદરા અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭-મ(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલી છું.

અનુસૂચિ

સંસ્થામાં કામ કરતા શ્રમયોગીઓ/કર્મચારીઓએ ૨૦૧૧-૨૦૧૨ના વર્ષમાં કરેલી કમાણીના વીસ ટકા (૨૦%) જેટલી રકમ બોનસ તરીકે વહેંચી આપવા તેમજ ₹ ૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) જેટલી રકમ એક્સગ્રેસીયા તરીકે શ્રમયોગીઓ/કર્મચારીઓને વહેંચી આપવી જોઈએ કે કેમ ?

ગાંધીનગર, તારીખ ૮મી નવેમ્બર, ૨૦૧૩.

(સહી) અવાચ્ય,
શ્રમ આયુક્ત,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૯૬૫૧/૫.૨/આઇડીઆર/એજે/૧૨૮/૨૦૧૩.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે સામેલ કરેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ડાયરેકટરશ્રી, (એચઆર) જનરલ મોટર્સ (ઇ) પ્રા.લી. ચંદ્રપુર, તા. હાલોલ, જિ. પંચમહાલ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭-મ(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલી છું.

અનુસૂચિ

સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને સને ૨૦૧૧-૨૦૧૨ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તેમજ કંપનીની પ્રથા મુજબ તમામ શ્રમયોગીઓને ઓછામાં ઓછા ₹ ૧૦,૦૦૦/- એકસ ગ્રેશીયા બોનસ એટલે કે, એપ્રિસીએશન પે તારીખ ૧૦-૧-૨૦૧૩ પહેલા ચુકવી આપવા જોઈએ કે કેમ ?

ગાંધીનગર, તારીખ ૮મી નવેમ્બર, ૨૦૧૩.

(સહી) અવાચ્ય,
શ્રમ આયુક્ત,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૯૬૫૨/૫.૨/આઇડીઆર/એજે/૧૫૬/૨૦૧૩.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે સામેલ કરેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સોડીયમ મેટલ પ્રા.લી., પ્લોટ-૨૧, જીઆઇડીસી., નંદેસરી, વડોદરા અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭-મ(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલી છું.

અનુસૂચિ

માંગણીઓનું પરિશિષ્ટ

માંગણી ૧ : બેઝીક પગારમાં વધારો :- તમામ શ્રમયોગીઓને હાલમાં તા. ૩૧-૩-૨૦૧૩ના રોજ જે મુળ પગાર હોય તેમાં નીચે મુજબનો વધારો કરવો કે કેમ ?

(એ) તા. ૧-૪-૨૦૧૩ થી માસિક ₹ ૫૦૦૦/-નો વધારો કરવો કે કેમ ?

(બી) તા. ૧-૪-૨૦૧૪ થી માસિક ₹ ૬૦૦૦/-નો વધારો કરવો કે કેમ ?

INDEX

(સી) તા. ૧-૪-૨૦૧૫ થી માસિક ₹ ૭૫૦૦/-નો વધારો કરવો કે કેમ ?

માંગણી ૨ : મોંઘવારી ભથ્થા અંગે :-

તમામ શ્રમયોગીઓને નીચે મુજબના મોંઘવારી ભથ્થા ચુકવવા કે કેમ ?

(અ) **ફીકસ મોંઘવારી ભથ્થું :-**

તમામ શ્રમયોગીઓને તા. ૧-૪-૨૦૧૩ થી માસિક ₹ ૨૫૦૦/- ફીકસ મોંઘવારી ભથ્થા તરીકે ચુકવવા તથા દર વર્ષે માસિક ₹ ૫૦૦/- નો વધારો કરવો કે કેમ ?

(બ) **વેરીયેબલ ડી.એ. :-**

તમામ શ્રમયોગીઓને તા. ૧-૪-૨૦૧૩ થી સીમલા કરાર મુજબ વેરીયેબલ ડી.એ. ચુકવવું કે કેમ ?

માંગણી ૩ : હાઉસ રેન્ટ એલાઉન્સ (મકાન ભાડું) :-

તમામ શ્રમયોગીઓને હાલમાં જે હાઉસ રેન્ટ એલાઉન્સ મળે છે તેમાં નીચે મુજબ વધારો કરવો કે કેમ ?

(અ) તા. ૧-૪-૨૦૧૩ થી માસિક ₹ ૪૦૦/-નો વધારો કરવો કે કેમ ?

(બ) તા. ૧-૪-૨૦૧૪ થી માસિક ₹ ૫૦૦/-નો વધારો કરવો કે કેમ ?

(ક) તા. ૧-૪-૨૦૧૫ થી માસિક ₹ ૭૦૦/-નો વધારો કરવો કે કેમ ?

માંગણી નં. ૪ : કન્વયેયન્સ એલાઉન્સ :-

હાલમાં શ્રમયોગીઓને જે કન્વયેયન્સ એલાઉન્સ/સાયકલ એલાઉન્સ મળે છે તેમાં તા. ૧-૪-૨૦૧૩ થી દર વર્ષે માસિક ₹ ૫૦૦/-નો વધારો કરવો કે કેમ ?

માંગણી નં. ૫ : વોશીંગ એલાઉન્સ :-

હાલમાં સંસ્થામાં જે વોશીંગ મળે છે તેમાં તા. ૧-૪-૨૦૧૩ થી દર વર્ષે માસિક ₹ ૭૫૦/- નો વધારો કરવો કે કેમ ?

INDEX

માંગણી નં. ૬ :

હાલમાં શ્રમયોગીઓને દુધ, ગોળ, વીટામીનની ગોળીઓ પેટે માસિક ₹ ૬૦૦/- આપવામાં આવે છે. પરંતુ હાલમાં દુધ અને ગોળના ભાવ આસમાને જતા રહેલ હોય તેને ધ્યાને લઇ તે વસ્તુ જમીન ઉપર મળે તે આશયથી ₹ ૬૦૦/-ને બદલે માસિક ₹ ૧૫૦૦/- ચુકવવા કે કેમ ?

માંગણી નં. ૭ : એલ.ટી.સી. :-

હાલમાં સંસ્થામાં શ્રમયોગીઓને દર ત્રણ વર્ષે ૧ વખત એલ.ટી.સી. પેટે ₹ ૮૦૦/- આપવામાં આવે છે. તે પ્રથા ચેન્જ કરી તમામ શ્રમયોગીઓને દર વર્ષે વાર્ષિક ₹ ૧૫૦૦/- એલ.ટી.સી. તરીકે ચુકવવા અથવા દર વર્ષે તમામ શ્રમયોગીઓને ૩૦૦૦ કીલોમીટર સુધી ફરવા લઇ જવા તેમાં જવા-આવવા તથા રહેવા અને જમવાની તમામ સવલતો કંપનીએ પુરી પાડવી જોઇએ કે કેમ ?

માંગણી નં. ૮ : અન્ય લાભો :-

તમામ શ્રમયોગીઓને હાલમાં જે રેઇન શુઝ, જર્સી, વરસાદી બુટ, નેપકીન, ટોવેલ, યુનીફોર્મ, સેફટી શુઝ આપવાની જે પ્રથા ચાલે છે તે રાબેતા મુજબ ચાલુ રાખીને અને અન્ય નીચે મુજબ ફેરફાર કરવો જોઇએ કે કેમ ?

(અ) લાઇફબોય સાબુ દર મહિને ૨ નંગ મળે છે તેના બદલે તમામ શ્રમયોગીઓને મોટી સાઇઝના લક્ષ સાબુ દર મહિને ૪ નંગ આપવા જોઇએ કે કેમ ? તથા કપડા ધોવાના મોટી સાઇઝના નીરમા સાબુ દર મહિને ૬ નંગ આપવા જોઇએ કે કેમ ?

માંગણી નં. ૯ : લોન અંગે :-

તમામ શ્રમયોગીઓને કરારના ગાળા દરમ્યાન જરૂરિયાતવાળા શ્રમયોગીઓને નીચે મુજબની લોન વગર વ્યાજે આપવી અને સરળ હપ્તે પગારમાંથી કપાત કરવી જોઇએ કે કેમ ?

અ. બાળકોના લગ્ન માટે ₹ ૧ લાખ સુધીની લોન આપવી જોઇએ કે કેમ ?

બ. ઘર બનાવવા માટે ₹ ૨ લાખ સુધીની લોન આપવી જોઇએ કે કેમ ?

ક. વ્હીકલ લાવવા અંગે ₹ ૫૦,૦૦૦/- સુધીની લોન આપવી જોઇએ કે કેમ ?

ડ. સામાજીક પ્રસંગ અંગે ₹ ૨૫,૦૦૦/- સુધીની લોન આપવી જોઇએ કે કેમ ?

INDEX

માંગણી નં. ૧૦ : ભર પગારી રજાઓ અંગે :-

તમામ શ્રમયોગીઓને તા. ૧-૪-૨૦૧૩ થી દર વર્ષે નીચે રજાઓ ભર પગારે આપવી જોઇએ કે કેમ ?

(એ) **હક્ક રજા :** તમામ શ્રમયોગીઓને ૧૨ દિવસની હાજરી ઉપર ૧ હક્કરજા આપવી જોઇએ કે કેમ ? તથા વણવપરાયેલ રજાઓનું કેસમાં એન્કેશમેન્ટ કરી આપવી જોઇએ કે કેમ ?

(બી) **કેજ્યુલ રજા :** હાલમાં જે કેજ્યુલ રજા મળે છે તેમાં વાર્ષિક ૪ રજાઓનો વધારો કરવો જોઇએ કે કેમ ? તથા વણ વપરાયેલ રાખેલ કેજ્યુલ રજાનું રોકડમાં રૂપાંતર કરી આપવું જોઇએ કે કેમ ?

(સી) **માંદગીની રજા :** હાલમાં જે માંદગીની રજા મળે છે તેમાં વાર્ષિક ૪ રજાઓનો વધારો કરવો તથા વણ વપરાયેલ રાખેલ માંદગીની રજાનું રોકડમાં રૂપાંતર કરી આપવા ભલામણ કરવામાં આવે છે.

(ડી) **તહેવારની રજા :** હાલમાં જે તહેવારની રજા મળે છે તેમાં વાર્ષિક ૪ રજાઓનો વધારો કરવો જોઇએ કે કેમ ? તથા વણ વપરાયેલ રાખેલ તહેવારની રજાનું રોકડમાં રૂપાંતર કરી આપવું જોઇએ કે કેમ ?

(ઈ) શ્રમયોગીઓને વણ વપરાયેલ રજાઓનું કેસ એન્કેશમેન્ટ કરવામાં આવે તો ગણત્રી માસિક પગારને ૨૬ દિવસે ભાગીને જે રેટ આવે તે રેટથી પગાર ચુકવવા ભલામણ કરવામાં આવે છે.

માંગણી નં. ૧૧ : ગીફ્ટ વાઉચર તથા મીઠાઇ અંગે :-

તમામ શ્રમયોગીઓને દિવાળીના તહેવાર નીમીતે વાર્ષિક ₹ ૧૫૦૦/- સુધીની ગીફ્ટ આપવી જોઇએ કે કેમ ? અથવા તેટલી રકમનું ગીફ્ટ વાઉચર આપવું જોઇએ કે કેમ ? તથા ૧ કીલો ચોખ્ખા ઘીની મીઠાઇ આપવી જોઇએ કે કેમ ?

માંગણી નં. ૧૨ : કેન્ટીન વ્યવસ્થા અંગે :-

સંસ્થામાં જમવા તથા ચ્હા નાસ્તા અંગે કેન્ટીનની વ્યવસ્થા કરવી જોઇએ કે કેમ ? તથા નીચે મુજબની વસ્તુ કન્સેશન ભાવથી કંપનીના ખર્ચે પુરી પાડવી જોઇએ કે કેમ ?

INDEX

	વિગત	ભાવ
(અ)	આખી ચ્હા	૩-૦૦
(બ)	૧૦૦ ગ્રામ નાસ્તો	૫-૦૦
(ક)	ફીકસ જમવાની થાળી	૨૫-૦૦

માંગણી નં. ૧૩ : હાલમાં શ્રમયોગીને પગાર ઉપર એલાઉન્સ અને બેનીફીટ ચુકવવામાં આવતા નથી તે પ્રથા રદ કરી રજા ઉપર પુરો પગાર ચુકવવો જોઇએ કે કેમ ?

માંગણી નં. ૧૪ : નિવૃતી વય મર્યાદા :- તમામ શ્રમયોગીઓને નિવૃતી વય મર્યાદા ૫૮/૬૦ વર્ષના બદલે તમામ શ્રમયોગીઓને ૬૪ વર્ષે નિવૃત કરવા તથા આ માંગણીનો અમલ ૧-૧-૨૦૧૩થી કરવો જોઇએ કે કેમ ?

માંગણી નં. ૧૫ : યુનીયનનો ફાળો અને લવાજમ :- આ સમાધાનનો લાભ લેનાર તમામ શ્રમયોગીઓને જે પગાર વધારો થાય તેમાંથી ૧ માસના પગાર વધારાની રકમ શ્રમયોગી દીઠ યુનિયનના ફાળા પેટે કપાત કરી ચેકથી યુનીયનને ચુકવી આપવી તથા દર વર્ષે જાન્યુઆરી માસમાં જે પગાર ચુકવાય તેમાંથી વાર્ષિક ₹ ૩૦૦/- શ્રમયોગી દીઠ યુનીયન લવાજમ પેટે કપાત કરી ભેગી થયેલ રકમ યુનીયનને ચેકથી ચુકવી આપવો જોઇએ કે કેમ ?

માંગણી નં. ૧૬ : અમલ અંગે :- ઉપરોક્ત માંગણી નં. ૧ થી ૧૩ અને ૧૫નો અમલ તા. ૧-૪-૨૦૧૩ થી તા. ૩૧-૩-૨૦૧૬ સુધી એટલે કે ત્રણ વર્ષનો ગણવો જોઇએ કે કેમ ?

ગાંધીનગર, તારીખ ૮મી નવેમ્બર, ૨૦૧૩.

(સહી) અવાચ્ય,
શ્રમ આયુક્ત,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

INDEX

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૯૬૫૪/૫.૨/આઇડીઆર/એજે/૨૦૨/૨૦૧૩.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે સામેલ કરેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) રીલાયન્સ ઇન્ડ. લી., પો. પેટ્રોકેમીકલ્સ, વડોદરા (૨) કોન્ટ્રા. શ્રી સ્ટર્લીંગ એન્ટરપ્રાઇઝ C/o. રીલાયન્સ ઇન્ડ. લી., પો. પેટ્રોકેમીકલ્સ, વડોદરા અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭-મ(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલી છું.

અનુસૂચિ

માંગણી :-

સંસ્થામાં કામ કરતા કોન્ટ્રાકટ લેબરોને વર્ષ ૨૦૧૧-૧૨ના વર્ષ માટે ૨૦% ટકા લેખે બોનસ તથા ગીફટ આપવી જોઈએ કે કેમ ?

ગાંધીનગર, તારીખ ૮મી નવેમ્બર, ૨૦૧૩.

(સહી) અવાચ્ય,
શ્રમ આયુક્ત,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૯૬૫૫/૫.૨/આઇડીઆર/એજે/૧૫૨/૨૦૧૩.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે સામેલ કરેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગોલ્ડન ટોબેકો લી., આમલીયાર, દરજીપુરા, વડોદરા અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭-મ(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલી છું.

અનુસૂચિ

સંસ્થામાં કામ કરતા શ્રમયોગીઓ/કર્મચારીઓએ ૨૦૧૧-૨૦૧૨ના વર્ષમાં કરેલી કમાણીના વીસ ટકા (૨૦%) જેટલી રકમ બોનસ તરીકે વહેંચી આપવા તેમજ ₹ ૧૦૦૧/- (અંકે રૂપિયા એક હજાર એક પૂરા) જેટલી રકમ એકસગ્રેસીયા તરીકે શ્રમયોગીઓ/કર્મચારીઓને વહેંચી આપવા જોઈએ કે કેમ ?

ગાંધીનગર, તારીખ ૮મી નવેમ્બર, ૨૦૧૩.

(સહી) અવાચ્ય,
શ્રમ આયુક્ત,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૯૬૫૩/૫.૨/આઈડીઆર/એજે/૮૯/૨૦૧૩.–નીચે સંહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે સામેલ કરેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર હર્ષલ પ્રેસીંગ પ્રા.લી., પ્લાન નં. ૩, મુ.પો. બાસ્કા, તા. હાલોલ, જિ. પંચમહાલ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩/આઈડીએ/૧૦૨૦૦૧/૬૦૭-મ(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલી છું.

અનુસૂચિ

માંણીઓનું પરિશિષ્ટ

(૧) બોનસ :- કંપનીમાં કામ કરતા તમામ શ્રમયોગીઓને સને ૨૦૧૦ અને ૨૦૧૧ના વર્ષ ૨૦% મુજબ બોનસ ચુકવી આપવો. એટલે કે, ૨૦૧૦-૨૦૧૧, ૨૦૧૧-૨૦૧૨, ૨૦૧૨-૨૦૧૩ નું બોનસ તફાવત ચુકવી આપવા (૮.૩૩ બોનસ ચુકવેલ છે.) જોઈએ કે કેમ ?

(૨) બેઝીક પગાર :- દરેક શ્રમયોગીને હાલ મળતા બેઝીક પગારમાં તા. ૧-૧-૨૦૧૦ થી ૫૦% ના ધોરણે બેઝીકમાં વધારો કરવો જોઇએ કે કેમ ?

(૩) વાર્ષિક ઈજાફો :- સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને તેમના બેઝીક પગાર ઉપર ૨૦% ના ધોરણે ઈજાફો તા. ૧-૧-૨૦૧૦ થી આપવા જોઇએ કે કેમ ?

INDEX

(૪) **રજાઓ** :- સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને દર વર્ષે પગાર સાથેની ૩૦ હક્ક રજા, ૧૨ કેજ્યુઅલ રજા, ૨૦ માંદગીની રજાઓ, ૧૦ તહેવારની રજાઓ, પુરા પગાર સાથે આપવા જોઇએ કે કેમ ?

(૫) **કેન્ટીન સબસીડી** :- સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને કેન્ટીનની સુવિધા સાથે રોજના ₹ ૧૦૦/- મુજબની કેન્ટીનની ફ્રી કુપન આપો, જેમાં ચા-નાસ્તો, જમણવારનો સમાવેશ કરવો જોઇએ કે કેમ ?

(૬) **ઓવર ટાઇમ** :- ઓવરટાઇમ પગારની ચુકવણી જે તે શ્રમયોગીને તેમનાં ગ્રોસ પગાર કે જેમાં બેઝીક ડી.એ., એચ.આર.એ. તેમાં તમામ વધારના લાભો સાથે મળવાપાત્ર પગાર મુજબ ઓવર ટાઇમ પગારની ચુકવણી કરવી જોઇએ કે કેમ ?

(૭) **ડ્રેસ** :- સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને ૪ પેન્ટ અને ૪ શર્ટ આશરે ₹ ૫૦૦૦/- સુધીની કિંમતનો આપવા જોઇએ કે કેમ ?

(૮) **હાથ રૂમાલ અને નેપકીન** :- કંપનીમાં કામ કરતા દરેક શ્રમયોગીને ૧ ઉત્તમ ગુણવત્તાવાળો ટુવાલ અને ૨ નેપ્કીન આશરે ₹ ૧,૫૦૦/- સુધીનો આપવા જોઇએ કે કેમ ?

(૯) **રેઇન કોટ** :- સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને દર વર્ષે ૧ જોડી રેઇન કોટ આપવો આશરે ₹ ૧૦૦૦/- સુધીની કિંમતનો આપવો અને રેઇન કોટ સાથે વરસાદી બુટ બાટા કંપનીના જેની કિંમત ₹ ૭૫૦/- સુધીના આપવા જોઇએ કે કેમ ?

(૧૦) **હાથ બેટરી** :- દર વર્ષે સારી કંપનીની હાથ બેટરી આશરે ₹ ૧૦૦૦/--ની આપવા જોઇએ કે કેમ ?

(૧૧) **શૈક્ષણિક ભથ્થું (એજયુકેશન એલાઉન્સ)** :- સંસ્થામાં કામ કરતા દરેક શ્રમયોગીના બાળક દીઠ ₹ ૧૦,૦૦૦/- પ્રમાણે એજયુકેશન એલાઉન્સ આપવું જોઇએ કે કેમ ?

(૧૨) **મેડીકલ એલાઉન્સ** :- સંસ્થામાં કામ કરતા દરેક શ્રમયોગીને તેમના કુટુંબના સભ્યો માટે દર વર્ષે ₹ ૩૦,૦૦૦/- સુધીની માંદગી એલાઉન્સ આપો, અને ગંભીર પ્રકારની બીમારી, ઓપરેશન અને જેવા કેસોમાં થયેલ મેડીકલ બીલ અને ખર્ચ સહિતની પુરેપુરી રકમ સંસ્થાએ દરેક શ્રમયોગીને ચુકવી આપવી. કુટુંબના સભ્ય માટે માંદગીની સહાયની રકમ દર માસે ₹ ૨,૫૦૦/- ચુકવી અને ઓપરેશન કે ગંભીર માંદગી જેવા કેસમાં મેડીકલ બીલ રજુ થયેથી ૩૦ દીનમાં ચુકવી આપવા જોઇએ કે કેમ ?

(૧૩) **અનાજ એડવાન્સ** :- સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને ૧૨ મહીનાનું અનાજ કીરાણા ભરવા માટે બે માસનો પગાર ફુડ એડવાન્સ તરીકે ચુકવો અને તે રકમ ૧૦ સરખા હપ્તામાં શ્રમયોગીઓના પગારમાંથી વસુલ કરવા જોઇએ કે કેમ ?

INDEX

(૧૪) **વાહન લોન** :- સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને પોતાનું વાહન ખરીદવા માટે ₹ બે લાખ સુધીની અથવા વાહનની પુરેપુરી કિંમત સુધીની વાહન લોન ૪% વ્યાજના દરે આપવી, અને ૫ વર્ષના સમયમાં સરખા હપ્તામાં પરત લેવા જોઈએ કે કેમ ?

(૧૫) **હાઉસીંગ લોન** :- સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને નવુ મકાન ખરીદવા અથવા મકાન રીપેરીંગ કરવા ₹ ૫ લાખ સુધીની મર્યાદામાં જરૂરત મુજબ ૪% વ્યાજના દરે હાઉસીંગ લોન આપવી જોઈએ કે કેમ ?

(૧૬) **વીમો** :- સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને ₹ ૧૦ લાખ સુધીનો અકસ્માત વીમો લેવો, અને તેનું પ્રીમીયમ કંપનીએ ભરવું જોઈએ કે કેમ ?

(૧૭) **વોશીંગ એલાઉન્સ** :- સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને વોશીંગ એલાઉન્સ દર માસે ₹ ૫૦૦/- ચુકવવા જોઈએ કે કેમ ?

(૧૮) **શીફ્ટ એલાઉન્સ** :- સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને ₹ ૫૦૦/- પ્રમાણે શીફ્ટ એલાઉન્સ ચુકવવા જોઈએ કે કેમ ?

(૧૯) **પ્રોડકશન એલાઉન્સ** :- સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને મળતા પગારના ધોરણે દર માસે ₹ ૫૦૦/- થી ₹ ૧૦૦૦/- સુધીની પગાર ગ્રેડ મુજબ પ્રોડકશન એલાઉન્સ ચુકવવું જોઈએ કે કેમ ?

(૨૦) **બુટ** :- સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને બાટા અગર લીબર્ટી કંપનીના ₹૧,૫૦૦/- સુધીની રેન્જના એક જોડી બુટ આપવા જોઈએ કે કેમ ?

(૨૧) **હાથ ધોવાનો સાબુ** :- સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને દર માસે સારી કંપનીના ₹ ૨૦/- સુધીની કિંમતના ૧૦૦ ગ્રામ વજનના ૫ નંગ સાબુ દર માસે આપવા જોઈએ કે કેમ ?

(૨૨) શિયાળામાં ગરમ સ્વેટર, ગરમ ટોપી, ગરમ હેન્ડ બ્લોઝ, ગરમ પગના મોજા સારી કંપનીના ₹ ૨,૫૦૦/- સુધીના આપવા જોઈએ કે કેમ ?

ગાંધીનગર, તારીખ ૮મી નવેમ્બર, ૨૦૧૩.

(સહી) અવાચ્ય,
શ્રમ આયુક્ત,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આરએજે/૫૬/૨૦૧૩/આરટી.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર (૧) નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, જુની કલેકટર કચેરી કમ્પાઉન્ડ, ફાસ્ટ ટ્રેક કોર્ટની પાસે, રાજકોટ, (૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી, આઇ.આર.ડી. તાલુકા પંચાયત કચેરી, ગોંડલ, જિ. રાજકોટ અને તેનાં શ્રમયોગી શ્રી તુષાર સુર્યકાન્ત પંડયા વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮/૩/ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-૧ના પેટા-વિભાગ ''સી'' સાથે વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધાં મદદનીશ શ્રમ આયુક્તને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭નાં ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ના પેટા-વિભાગ–સી થી મળેલ સત્તાની રૂએ હું, કે. એન. દોશી, મદદનીશ શ્રમ આયુક્ત, રાજકોટ વિભાગ આથી મજુર અદાલત, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી તુષાર સુર્યકાન્ત પંડયાને તેમના પડેલા દિવસોનાં પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૧૩.

કે. એન. દોશી,
મદદનીશ શ્રમ આયુક્ત,
રાજકોટ.

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આરએજે/૫૯/૨૦૧૩/આરટી.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર મંત્રીશ્રી જનડા ગ્રામ પંચાયત, મુ. જનડા, પો. હાથસણી, તા. જસદણ, જિ. રાજકોટ, અને તેનાં શ્રમયોગી શ્રી ભરતભાઇ મેરામભાઇ ચૌહાણ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮/૩/ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-૧ના પેટા-વિભાગ ''સી'' સાથે વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધાં મદદનીશ શ્રમ આયુક્તને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭નાં ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ના પેટા-વિભાગ–સી થી મળેલ સત્તાની રૂએ હું, કે. એન. દોશી, મદદનીશ શ્રમ આયુક્ત, રાજકોટ વિભાગ આથી મજુર અદાલત, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ભરતભાઇ મેરામભાઇ ચૌહાણને તેમના પડેલા દિવસોનાં પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૧૩.

કે. એન. દોશી,
મદદનીશ શ્રમ આયુક્ત,
રાજકોટ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આરએજે/૬૩/૨૦૧૩/આરટી.—મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, ગુજ. રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, મોતીબાગ સામે, જુનાગઢ અને તેનાં શ્રમયોગી શ્રી અનિલકુમાર હરજીવન જોષી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮/૩/ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-૧ના પેટા-વિભાગ "સી" સાથે વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધાં મદદનીશ શ્રમ આયુક્તને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭નાં ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ના પેટા-વિભાગ—સી થી મળેલ સત્તાની રૂએ હું, કે. એન. દોશી, મદદનીશ શ્રમ આયુક્ત, રાજકોટ વિભાગ આથી મજુર અદાલત, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી અનીલકુમાર હરજીવન જોષીને તેમના પડેલા દિવસોનાં પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૧૩.

કે. એન. દોશી,
મદદનીશ શ્રમ આયુક્ત,
રાજકોટ.

I-L-540

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આરએજે/૭૯/૨૦૧૩/આરટી.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર માલિકશ્રી/મેનેજરશ્રી, એમ.ઇ.પી. કોટન પ્રા.લી., ઠે. સર્વે નં. ૪૬૦, ૪૬૧, ગુંદાળા રોડ, ગોંડલ, જિ. રાજકોટ અને તેનાં શ્રમયોગી શ્રી મુંદ્રીકાસીંહ કોલેશનરસીંહ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮/૩/ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-૧ના પેટા-વિભાગ "સી" સાથે વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધાં મદદનીશ શ્રમ આયુકતને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭નાં ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ના પેટા-વિભાગ–સી થી મળેલ સત્તાની રૂએ હું, કે. એન. દોશી, મદદનીશ શ્રમ આયુક્ત, રાજકોટ વિભાગ આથી મજુર અદાલત, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી મુંદ્રીકાસીંહ કોલેશનરસીંહને તેમના પડેલા દિવસોનાં પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૧૩.

કે. એન. દોશી,
મદદનીશ શ્રમ આયુક્ત,
રાજકોટ.

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આરએજે/૮૦/૨૦૧૩/આરટી.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર માલિકશ્રી/મેનેજરશ્રી, એમ.ઈ.પી. કોટન પ્રા.લી., ઠે. સર્વે નં. ૪૬૦, ૪૬૧, ગુંદાળા રોડ, ગોંડલ, જિ. રાજકોટ અને તેનાં શ્રમયોગી શ્રી જીતેન્દ્રકુમારસીંહ રામવિલાસસીંહ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજૂર, સમાજ કલ્યાણ અનેં આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮/૩/ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-૧ના પેટા-વિભાગ "સી" સાથે વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધાં મદદનીશ શ્રમ આયુક્તને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭નાં ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ના પેટા-વિભાગ–સી થી મળેલ સત્તાની રૂએ હું, કે. એન. દોશી, મદદનીશ શ્રમ આયુક્ત, રાજકોટ વિભાગ આથી મજુર અદાલત, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી જીતેન્દ્રકુમારસીંહ રામવીલાસસીંહને તેમના પડેલા દિવસોનાં પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૧૩.

કે. એન. દોશી,
મદદનીશ શ્રમ આયુક્ત,
રાજકોટ.

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજે/આઈડીઆર/૧૦૭/૨૦૧૩.—મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે મુજબની અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) પરિક્ષેત્ર વન અધિકારીશ્રી, વિસ્તરણ રેન્જ, મેઘરજ, (૨) નાયબ વન સંરક્ષકશ્રી, વિ.વિ. (૩) હિંમતનગર અને તેના શ્રમયોગી શ્રી જેસંગભાઇ ખાતરભાઇ ખાંટ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦(૧) અન્વયે ગુજરાત સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક નં. કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા-વિભાગ-૧ના કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગેના મદદનીશ શ્રમ આયુકતને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ (૧)ના પેટા-વિભાગ (સી) થી તારીખ ૫મી જૂન, ૧૯૮૪ના જાહેરનામા ક્રમાંક કે.એચ./એસ.એચ.એમ.સી./૧૦૬૬૧/આઈ.ડી.સી./૭૦૯૫ થી મળેલ સત્તાની રૂએ, હું, મદદનીશ શ્રમ આયુકત, હિંમતનગર, આથી, શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૪મી નવેમ્બર, ૧૯૭૭ના જાહેરનામા ક્રમાંક નં. કે.એચ./એસ./૧૦૪૬/આઈડીએ/૨૦૭૭/સી/૩૭૦૧(૧)ઝેડ થી રચાયેલ કોર્ટ નં. ૧ની બનેલી શ્રમ અદાલત, હિંમતનગરને સદરહુ તકરાર તેને ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી જેસંગભાઇ ખાતરભાઇ ખાંટને પડેલા દિવસોના પગાર સહિતની તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

હિંમતનગર, તારીખ ૨૮મી ઓકટોબર, ૨૦૧૩.

એ. ટી. પેઇન્ટર,
મદદનીશ શ્રમ આયુકત,
હિંમતનગર-સાબરકાંઠા.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

INDEX

©

सत्यमेव जयते

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3000/-

The Gujarat Government Gazette
PUBLISHED BY AUTHORITY

Vol. LIV] THURSDAY, NOVEMBER 28, 2013/AGRAHAYANA 7, 1935 [No. 48

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

જાહેરનામુ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક આઇડીએ/એવોર્ડ/આઈ.ટી./૨૨૮/૧૯૯૭.–ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નાં ૧૪)ની કલમ-૧૭ અનુસાર શ્રમ, અને રોજગાર વિભાગના તારીખ ૨૦મી જુલાઈ, ૧૯૮૯ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૮૯/૨૨૬/આઇડીએ/૧૦૮૭/૨૪૬૩૬/મ/૪ અન્વયે શ્રમ આયુક્તશ્રી, આથી શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર/શ્રમ આયુક્તશ્રી, અમદાવાદના તારીખ ૧૯મી ઓગસ્ટ, ૧૯૯૭ના હુકમ ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૨૦૪૨/૫.૫/ આઈડીઆર/એજેએન/૫૨/૯૭ અન્વયે હેઠળ ન્યાય નિર્ણય માટે લખી મોકલેલ મેનેજરશ્રી, નવનીત પ્રેસ લી., સુખરામનગર, અમદાવાદ તથા મેનેજરશ્રી, એવરેસ્ટ પ્રેસ લી., સુખરામનગર, ગોમતીપુર, અમદાવાદ અને તે હેઠળ કામે રાખેલ કામદારો વચ્ચેની ઔદ્યોગિક તકરાર અંગેનો ટ્રિબ્યુનલ ચુકાદો, જે આ સાથે સામેલ કરેલ છે, તે પ્રસિધ્ધ કરે છે.

INDEX

આંક-૬૧૧

REF - IT/228/1997 JUDGEMENT

Registration No. : REF-IT/228/1997,
Filing No. : REF-IT/228/1997,
Filed On : 26-08-1997,
Registered On : 29-08-1997.

IN THE INDUSTRIAL TRIBUNAL AT AHMEDABAD

REFERENCE (IT.) No. 228 OF 1997.

First Party :

1. Manager, Navneet Press Limited,
Sukhramnagar, Gomtipur,
Ahmedabad, Gujarat.

2. Everest Press Limited,
Sukhramnagar, Gomtipur,
Ahmedabad, Gujarat.

VERSUS

Second Party :

1. Secretary, Gujarat Mazdoor Panchayat,
Dr. Lohia Sadan, Odhav Road,
Ahmedabad, Gujarat.

2. Secretary, Gujarat Kamgar Panchayat,
Lallu Gordhan ni Chali, Odhav,
Ahmedabad, Gujarat.

બાબત : ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ હેઠળનો રેફરન્સ

Appearance :

B. B. THESIYA, For First Party 1
P. S. CHARI For First Party 2
P. Chidambaram For Second Party No. 1
K. T. TRIVEDI For Second Party 2

INDEX

અનુક્રમણિકા

ક્રમ	વિગત	પેરેગ્રાફ નંબર	પેરેગ્રાફ નંબર
૧	૨	૩	૪
૧.	પક્ષકારોના નામ, સરનામા	-	૧
૨.	અનુક્રમણિકા	-	૨
૩.	ઔદ્યોગિક તકરારની અનુસૂચિ તથા સુધારા હુકમ	૧, ૨, ૩	૩ થી ૫
૪.	બીજા પક્ષકારના માંગણાના નિવેદનની રજુઆત	૪	૬ થી ૧૮
૫.	પ્રથમ પક્ષકાર નં. ૨ એવરેસ્ટ પ્રેસ લી.ના લેખિત જવાબની રજુઆત	૫	૧૮ થી ૨૪
૬.	પ્રથમ પક્ષકાર નં. ૧ નવનીત પ્રેસ લી.ના લેખિત જવાબની રજુઆત	૬	૨૪ થી ૨૫
૭.	બીજા પક્ષકાર નં. ૧ તરફે કેસની સંક્ષિપ્ત કાર્યવાહી	૭	૨૫ થી ૨૮
૮.	બીજા પક્ષકાર નં. ૨ તરફે કેસની સંક્ષિપ્ત કાર્યવાહી	૮	૨૮ થી ૩૩
૯.	પ્રથમ પક્ષકાર નં. ૧ તરફે કેસની સંક્ષિપ્ત કાર્યવાહી	૯	૩૩ થી ૩૬
૧૦.	પ્રથમ પક્ષકાર નં. ૨ તરફે કેસની સંક્ષિપ્ત કાર્યવાહી	૧૦	૩૬ થી ૩૮
૧૧.	ઔદ્યોગિક તકરારમાં તપાસેલ મૌખિક સાક્ષીના નામ અને આંક નંબર	૧૧	૩૮ થી ૩૯
૧૨.	વડી અદાલતમાં કરવામાં આવેલ પીટીશનની વિગત	૧૨	૩૯ થી ૪૦
૧૩.	બીજા પક્ષકાર નં. ૧ તરફે શ્રી ચિદમ્બરમની દલીલની રજુઆત	૧૩	૪૦ થી ૪૩
૧૪.	બીજા પક્ષકાર નં. ૨ તરફે શ્રી ત્રિવેદીની દલીલની રજુઆત	૧૪	૪૩ થી ૫૦
૧૫.	પ્રથમ પક્ષકાર નં. ૧ તરફે શ્રી ઠેસિયાની દલીલની રજુઆત	૧૫	૫૦ થી ૫૭
૧૬.	પ્રથમ પક્ષકાર નં. ૨ તરફે શ્રી ચારીની દલીલની રજુઆત	૧૬	૫૮ થી ૬૫
૧૭.	ન્યાય નિર્ણય અંગેના તકરારી મુદ્દા તથા નિર્ણય	૧૭	૬૬
૧૮.	મુદ્દા નં. ૧ નો નિર્ણય	૧૮	૬૭ થી ૭૮

INDEX

૧	૨	૩	૪
૧૯.	મુદ્દા નં. ૨ નો નિર્ણય	૧૯, ૨૦	૭૯ થી ૯૭
૨૦.	મુદ્દા નં. ૩ નો નિર્ણય	૨૧ થી ૨૪	૯૭ થી ૧૩૦
૨૧.	મુદ્દા નં. ૪ નો નિર્ણય	૨૫	૧૩૦ થી ૧૩૯
૨૨.	આખરી હુકમ	-	૧૩૯ થી ૧૪૦

એવોર્ડ

૧. મજૂર કમિશનરશ્રી, અમદાવાદના તારીખ ૧૯મી ઓગસ્ટ, ૧૯૯૭ના હુકમ ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૨૦૪૨-૫.૫-આઈડીઆર/એપ્રીહેન્ડ-એન-૫૨-૯૭ થી અનુસૂચિ મુજબનો વિવાદ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂઈએ ઔદ્યોગિક ન્યાય પંચ, અમદાવાદને ન્યાયનિર્ણય કરવા માટે સુપ્રત કરવામાં આવેલ છે અને ત્યારબાદ જે તે વખતના યોગ્ય જાહેરનામાથી આ ન્યાય પંચને તબદીલ થયેલ છે. સદર હુકમ તથા વિવાદની અનુસૂચિ નીચે મુજબ છે.

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૨૦૪૨-૫.૫-આઈડીઆર-એજેએન-૫૨-૧૯૯૭.—નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે જણાવેલ અનુસૂચિમા નિર્દિષ્ટ કરેલી બાબત સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર નવનીત પ્રેસ લી., અમદાવાદ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા નં. કેએચઆર-૨૬૦-આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૨-(બી)-૧-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-૧(૬) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઈડમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) ૫૦૦ કે તેથી ઓછા કામદારો રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજૂર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે. તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ ની પેટા કલમ-૧(૬) થી મળેલ સત્તાની રૂએ, હું, મજૂર કમિશનર, અમદાવાદ, આથી, શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલી ઔદ્યોગિક ન્યાયપંચ નં. ૬, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

INDEX

અનુસૂચિ

૧. નવનીત પ્રેસ લી.ની માલીકીની કહેવાતી તબદીલી વ્યાજબી (Genuine) છે કે કેમ ? અને જો હા, તો કામદારો શું હક્ક મેળવવાને પાત્ર થાય છે ?

આર. એસ. વાઘેલા,
મજૂર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

૨. ત્યારબાદ મજૂર કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, અમદાવાદ દ્વારા તારીખ ૮મી ઓક્ટોબર, ૨૦૦૨ના રોજ રેફરન્સ હુકમમાં સુધારો બહાર પાડવામાં આવેલ હતો અને જે નીચે મુજબ છે.

વિષય : રેફરન્સ હુકમમાં સુધારો બહાર પાડવા અંગે.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, અત્રેના તારીખ ૧૯મી ઓગસ્ટ, ૧૯૯૭ના હુકમ નં. કેએચ/એસએચએમસી/૩૨૦૪૨/૫.૫/આઈડીઆર/એજેએન/૫૨/૯૭ થી નવનીત પ્રેસ લી., અમદાવાદના કામદારોની માંગણીઓનો વિવાદ ઔદ્યોગિક વિવાદ ધારા, ૧૯૪૭ના ૧૪માંની કલમ ૧૦ની પેટા કલમ-૧૦(ક) હેઠળ ન્યાય નિર્ણય માટે સુપ્રત કરેલ છે. સદર હુકમમાં જ્યાં જ્યાં ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૧૦ની પેટા કલમ-૧૦(ક) લખવામાં આવેલ છે ત્યાં ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૧૦ની પેટા કલમ-૧(ગ) તેમ વાંચવા અંગેનો સુધારા હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

સુધારા હુકમ

આ કચેરીના તારીખ ૧૯મી ઓગસ્ટ, ૧૯૯૭ના હુકમ ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૨૦૪૨/૫.૫/ આઈડીઆર/એજેએન/૫૨/૯૭ના હુકમમાં જ્યાં ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ ની પેટા કલમ-૧(ક) લખેલ છે ત્યાં ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ ની પેટા કલમ-૧(ગ) વાંચવાનો સુધારા હુકમ કરવામાં આવે છે.

મજૂર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

૩. ત્યારબાદ મજૂર કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, અમદાવાદ દ્વારા તારીખ ૧૮મી ડિસેમ્બર, ૨૦૦૨ના રોજ રેફરન્સ હુકમમાં સુધારો બહાર પાડવામાં આવેલ હતો અને જે નીચે મુજબ છે.

INDEX

વિષય : રેફરન્સ હુકમમાં સુધારો બહાર પાડવા અંગે.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, અત્રેના તારીખ ૧૯મી ઓગસ્ટ, ૧૯૯૭ના હુકમ નં. કેએચ/એસએચએમસી/૩૨૦૪૨/૫.૫/આઈડીઆર/એજેએન/૫૨/૯૭ થી નવનીત પ્રેસ લી., અમદાવાદના કામદારોની માંગણીઓનો વિવાદ ઔદ્યોગિક વિવાદ ધારા, ૧૯૪૭ના કલમ-૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ-૧૦(ક) હેઠળ ન્યાય નિર્ણય માટે સુપ્રત કરેલ છે. સદર હુકમમાં જ્યાં જ્યાં ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૧૦ની પેટા કલમ-૧૦(ક) લખવામાં આવેલ છે ત્યાં ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૧૦ની પેટા કલમ-૧(ઘ) તેમ વાંચવા અંગેનો સુધારા હુકમ નીચે કરવામાં આવે છે.

સુધારા હુકમ

આ કચેરીના તારીખ ૧૯મી ઓગસ્ટ, ૧૯૯૭ના હુકમ નં. કેએચ/એસએચએમસી/૩૨૦૪૨/૫.૫/ આઈડીઆર/એજેએન/૫૨/૧૯૯૭ના હુકમમાં જ્યાં ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ ની પેટા કલમ-૧(ક) લખેલ છે ત્યાં ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ-૧(ઘ) વાંચવાનો સુધારા હુકમ કરવામાં આવે છે.

મજૂર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

૪. કેસનું રેકર્ડ ધ્યાન ઉપર લેવામાં આવે તો ઉપરોક્ત કામમાં ગુજરાત મઝદૂર પંચાયત દ્વારા આંક-૭ થી તેમનું માંગણાનું નિવેદન રજૂ કરેલ છે. અને જેમાં તેઓની ટૂંકમાં રજૂઆત છે કે, મજૂર કમિશનર દ્વારા ઉપરોક્ત વિવાદ ન્યાય નિર્ણય અર્થે ઔદ્યોગિક ન્યાય પંચને મોકલવામાં આવેલ છે અને જે વિવાદને ધ્યાન ઉપર લેવામાં આવે તો ઔદ્યોગિક ન્યાય પંચે Lifting the veil એટલે કે પડદો ચીરવાના સિધ્ધાંતને ધ્યાને લઈ સંસ્થાની કહેવાતી માલિકીની તબદીલી સાતત્યવાળી તથા વાજબી છે કે કેમ ? તે નક્કી કરવાનું છે. વધુમાં પંચાયતની રજૂઆત છે કે, સંસ્થા તે ફેક્ટરી એક્ટ નીચે રજિસ્ટર્ડ ફેક્ટરી છે તથા તે પ્રિન્ટીંગ પ્રેસ છે અને સંસ્થામાં આશરે ૪૦૦ જેટલા કામદારો કામ કરે છે અને સંસ્થાના કહેવાતા ડાયરેક્ટર શ્રી એ. આર. ગાલા દ્વારા તેમની સહીથી તારીખ ૪થી ઓગસ્ટ, ૧૯૯૭ના રોજ એક નોટીસ બહાર પાડવામાં આવેલ હતી અને તેમાં જણાવેલ હતું કે, સંસ્થાની શેરમૂડી તથા સંચાલન તબદીલ થયેલ છે અને તેથી કામદારો તે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ એફ-એફ મુજબ વળતર મેળવવા હક્કદાર છે. વધુમાં નોટીસમાં જણાવેલ કે, કહેવાતા નવા સંચાલકો જુના કામદારો પૈકી અમુક કામદારોને કામે રાખવા સહમત હોઈ કામદારોએ નિયત નમૂનામાં તારીખ ૨૦મી ઓગસ્ટ, ૧૯૯૭ સુધીમાં અરજી કરવી જરૂરી છે. વધુમાં પંચાયતની ટૂંકમાં રજૂઆત છે કે, સંસ્થાના સંચાલકો દ્વારા તારીખ ૪થી ઓગસ્ટ, ૧૯૯૭ના રોજ મળસ્કે ૪-૩૦ કલાકે અંધારામાં પોલીસના ખડકલા સાથે આવી એકલા એવા

INDEX

સલામતિના કર્મચારીને હાંકી કાઢીને સંસ્થા બંધ કરી પરિશિષ્ટ-અ મુજબની નોટીસ ચોંટાડેલ હતી અને સંસ્થામાં સંખ્યાબંધ તેવા કોન્ટ્રાક્ટરોના સિક્યુરીટી ગાર્ડ તથા પોલીસને મુકેલ હતા તથા તારીખ ૩જી ઓગસ્ટ, ૧૯૯૭ના રોજ રવિવાર તથા અઠવાડિક રજા હોઈ સંસ્થા ઉપર સવારે ૪-૩૦ કલાકે સંસ્થાના વોચમેન સિવાય અન્ય કોઈ હાજર ન હતું. વધુમાં પંચાયતની રજૂઆત છે કે, તારીખ ૪થી ઓગસ્ટ, ૧૯૯૭ના રોજ પ્રથમ પાળીના કામદારો તેમના નિયત ક્રમ મુજબ જ્યારે તેમની ફરજ ઉપર હાજર થવા ગયા ત્યારે તેઓએ જાણ્યું કે સંસ્થા બંધ છે અને સંસ્થાના વોચમેન તે ગલીના નાકે ઊભા રહી કામદારોની રાહ જોતા હતા અને તેમણે પ્રથમ પાળીના કામદારોને આ બાબતની જાણ કરેલી અને તે સમયે સંસ્થાના કોઈ જવાબદાર અધિકારીઓ હાજર ન હતા તથા કામદારોએ સંસ્થાના ગેટ ઉપર થોડાક પોલીસના વાહનો તથા મોટી સંખ્યામાં પોલીસકર્મીઓ ગેટ બહાર ઊભેલા જોયા હતા. વધુમાં પંચાયતની રજૂઆત છે કે, તે સમયે સંસ્થા ઉપર ગોમતીપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી તથા આસીસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ ત્યાં હાજર રહી સદર કાર્યવાહીને સૂચના આપતા હતા તથા કોન્ટ્રાક્ટરના સિક્યોરીટી ગાર્ડ તે મોટી સંખ્યામાં સંસ્થાના ગેટ ઉપર હાજર હતા. વધુમાં પંચાયતની રજૂઆત છે કે, કામદારોને તારીખ ૪થી ઓગસ્ટ, ૧૯૯૭ના રોજથી સંસ્થામાં દાખલ થવા દેવામાં આવેલ ન હતા અને તે જ દિવસથી સંસ્થા બંધ કરી દેવામાં આવેલ છે તથા તે દિવસથી સંસ્થાની ઉત્પાદન પ્રક્રિયા બંધ છે તથા કામદારોને બેકાર બનાવવામાં આવેલ છે. વધુમાં પંચાયતની રજૂઆત છે કે, આમ તારીખ ૪થી ઓગસ્ટ, ૧૯૯૭ના રોજ જ્યારે કામદારો તેમના ઘરે સુતા હતા ત્યારે અંધારામાં સંસ્થાએ ખાનગી રીતે તેની ઈચ્છા મુજબ પ્રવૃત્તિ કરેલ છે અને આશ્ચર્યજનક રીતે આ પ્રકારની ખાનગી પ્રવૃત્તિમાં પોલીસ દ્વારા પાછલા બારણેથી મદદગારી કરેલ છે અને પંચાયત તે સંસ્થાના આ પ્રકારના વર્તનનું વાજબીપણું પડકારે છે. વધુમાં પંચાયતની રજૂઆત છે કે તેમના દ્વારા આસીસ્ટન્ટ લેબર કમિશનર તથા ડેપ્યુટી લેબર કમિશનરને આ બાબતે દરમિયાનગીરી કરવાનું કહેતાં પક્ષકારોને બોલાવવામાં આવેલ હતા પરંતુ સંસ્થાના સંચાલકો સંયુક્ત ચર્ચામાં જાણીબુઝીને ગેરહાજર રહ્યા હતા અને તેથી મોટી સંખ્યામાં કામદારોના જીવનનિર્વાહનો પ્રશ્ન હોઈ આ વિવાદ ન્યાય નિર્ણય અર્થે ન્યાયપંચને સુપ્રત થયેલ છે. વધુમાં પંચાયતની રજૂઆત છે કે, સંસ્થા તે પબ્લીક લીમીટેડ કંપની છે તથા તે જુદી-જુદી બેનામી પેઢી અને કહેવાતા કોન્ટ્રાક્ટરોના વિલીનીકરણથી સંસ્થાનો ઉદ્‌ભવ થયેલ છે. વધુમાં પંચાયતની રજૂઆત છે કે, ગાલા દ્વારા મોટી સંખ્યામાં ભાગીદારી સંસ્થાઓ ઊભી કરવામાં આવેલ હતી અને કહેવાતા કોન્ટ્રાક્ટરો દ્વારા આ ભાગીદારી સંસ્થાઓમાં કામ લેવામાં આવતું હતું તથા આ બેનામી સંસ્થાઓ અને કોન્ટ્રાક્ટરોના ચોપડામાં કામદારોનું નામ બતાવવામાં આવતું હતું. વધુમાં પંચાયતની રજૂઆત છે કે, તમામ કામદારો એક જ છત નીચે કામ કરતા હતા તથા તમામ સંસ્થાની કાર્યપદ્ધતિ એક જ હતી તથા તમામ સંસ્થાના કામદારોની નોકરીની શરતો એક સરખી હતી અને આશરે ૪૦૦ કે તેથી વધુ કામદારો એક જ છત નીચે જુદું જુદું કામ કરી એક જ સંચાલન નીચે ''નવનીત પ્રકાશન''ના ઉત્પાદન અને લાભ માટે કામગીરી કરતા હતા તથા ગાલા માલિકો દ્વારા બોગસ અને તર્કટી વ્યવસ્થાના ભાગરૂપે આ કામદારોના નામ જુદા-જુદા ચોપડામાં બતાવવામાં આવતા હતા.

INDEX

વધુમાં પંચાયતની રજૂઆત છે કે, આ ભાગીદારી પેઢી ઉભી કરી કાર્યરત કરવામાં આવેલી, તે રાષ્ટ્રની તિજોરીમાંથી યોજનાબધ્ધ રીતે મોટી સંખ્યામાં લાભ લેવાના ઉદ્દેશથી તથા સંસ્થામાં કામ કરતા કામદારોને હરહંમેશ માનસિક તનાવમાં રાખવાના ઉદ્દેશથી આ પ્રકારની વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ હતી. વધુમાં પંચાયતની રજૂઆત છે કે ગાલા માલીકો દ્વારા ત્યારબાદ નવનીત પ્રેસ લી. ના નામથી પબ્લીક લીમીટેડ કંપની સ્થાપવાનું નક્કી કરેલ હતું અને જે કામદારો જુદી જુદી ભાગીદારી સંસ્થાઓના ચોપડા ઉપર હતા તેઓને નવનીત પ્રેસ લી. માં કાયમી કામદાર તરીકે સમાવવામાં આવેલ હતા અને તે પૈકી અમુક કામદારોને ગાલાની અન્ય કંપની નવનીત પબ્લીકેશન (ઇન્ડીયા) લી. માં સમાવવામાં આવેલા તથા હજુ થોડાક કામદારોના નામ ભાગીદારી પેઢીમાં બતાવવાનું ચાલુ છે. વધુમાં પંચાયતની રજૂઆત છે કે ગાલા દ્વારા ગામ દંતાલી, જી. ગાંધીનગર ખાતે બુકવીન પબ્લીકેશન એન્ડ ટ્રેડીંગ કંપનીના નામથી અન્ય કંપની ઉભી કરવામાં આવેલ હતી અને આ કંપનીએ તેનું નામફેર કરેલ છે તથા હાલમાં નવનીત પબ્લીકેશન (ઇન્ડીયા) લી. ના નામે ઓળખાય છે. વધુમાં પંચાયતની રજૂઆત છે કે ગાલા માલીકો દ્વારા મેમનગર ખાતે ખુબ જ મોટી ઓફીસોનું બીલ્ડીંગ બનાવવામાં આવેલ છે અને તે નવનીત હાઉસ તરીકે ઓળખાય છે તથા અગાઉ ગોમતીપુર ફેકટરી ખાતેથી એકાઉન્ટ વિભાગ, વેચાણ વિભાગ તથા પ્રકાશન વિભાગ વગેરેની જે કામગીરી થતી હતી તે હાલમાં નવા મકાન નવનીત હાઉસ, મેમનગર ખાતેથી થાય છે તથા પ્રીન્ટીંગ, બાઇન્ડીંગ અને ઉત્પાદનની કામગીરી ગોમતીપુર ખાતેથી થાય છે. વધુમાં પંચાયતની રજૂઆત છે કે સંદીપ એજન્સીના નામથી ચાલતી ભાગીદારી પેઢી કે જે વેચાણની પ્રવૃત્તિમાં સંકળાયેલ છે તે હાલમાં નવનીત હાઉસ, મેમનગર ખાતે કાર્યરત છે તથા ગાલા માલીકો નવનીત હાઉસ ખાતે બેસે છે અને ત્યાંથી તેઓના દ્વારા બન્ને ફેકટરીનું નિયંત્રણ રાખવામાં આવે છે તથા ગોમતીપુર અને દંતાલી ખાતેની ફેકટરીનું સંપૂર્ણ સંચાલન તે નવનીત હાઉસ ખાતેથી થાય છે તથા નવનીત પ્રેસ લી. અને નવનીત પબ્લીકેશન (ઇન્ડીયા) લી. ના પૂરતી સંખ્યાના ઓફીસર્સ, મેનેજર્સના નામ આ સંસ્થાના રેકર્ડમાં છે અને જે નવનીત હાઉસ ખાતે કાર્યરત છે તથા બુકવીન પબ્લીકેશન એન્ડ ટ્રેડીંગ કંપની લી. કે જે હાલમાં નવનીત પબ્લીકેશન (ઇન્ડીયા) લી. ના નામે ઓળખાય છે તે એકજ માલીક દ્વારા ચલાવવામાં આવે છે તથા આ કંપનીની શેરમુડી જ્યારે ઉભી કરવામાં આવેલ હતી ત્યારે ગોમતીપુર ખાતેના કામદારોને પ્રાથમિકતાના ધોરણે શેર ઓફર કરવામાં આવેલ હતી. વધુમાં પંચાયતની રજૂઆત છે કે પ્રકાશન, વેચાણ અને ખરીદીની બન્ને કંપનીઓની કાર્યવાહી તે નવનીત હાઉસ ખાતેથી કરવામાં આવે છે તથા બન્ને જુદા જુદા નામની ફેકટરીઓ તે હકીકતમાં એકજ છે તથા ઉત્પાદિત માલ તથા અર્ધઉત્પાદિત માલ તે જે તે કંપનીની જરૂરીયાત અને અનુકૂળતા ખાતર એકમાંથી બીજી જગ્યાએ મોકલવામાં આવે છે તથા ફોટોગ્રાફી ડીપાર્ટમેન્ટ અને ડીઝાઇન ડીપાર્ટમેન્ટ તે દંતાલી ખાતેના નવનીત પબ્લીકેશન (ઇન્ડીયા) લી. ખાતે છે તથા બન્ને સંસ્થા એકબીજાનું કામ કરે છે અને બન્ને સંસ્થાની ફંકશનલ ઇન્ટીગ્રાલીટી તથા યુનીટી તે એકજ છે તથા કંપનીનો ખૂબ મોટો કારોબાર બોમ્બે ખાતે પણ છે. વધુમાં પંચાયતની રજૂઆત છે કે શરૂઆતમાં નવનીત પ્રકાશનના નામે ગોમતીપુર ખાતેથી માલ ઉત્પાદન થતો હતો તથા તેની માંગ વધતાં અને

INDEX

ગોમતીપુર ફેકટરી ખાતેની મર્યાદાના કારણે સંસ્થાની ઉત્પાદિત વસ્તુઓનો વ્યાપ વધારવાના ઉદેશથી દંતાલી ખાતે સંસ્થા ઉભી કરવામાં આવેલી તથા હાલમાં દંતાલી ખાતે ફેકટરી તે નવનીત પબ્લીકેશન (ઇન્ડીયા) લી. છે અને તે કોઇ અલગ સંસ્થા નથી અને તે નવનીત પ્રેસ લી. નું વિસ્તરણ છે. વધુમાં પંચાયતની રજુઆત છે કે સંસ્થાના સંચાલકો દ્વારા ગોમતીપુર ખાતે કામ કરતા કામદારોને દંતાલી ખાતે તબદીલ કરવામાં આવેલ છે તથા સંચાલકો દ્વારા દંતાલી ફેકટરી ખાતે મોટી સંખ્યામાં નવા કામદારોની ભરતી કરવામાં આવેલ છે તથા આશરે ૪૦૦ જેટલા કામદારો દંતાલી ખાતે કામ કરે છે અને જે ગોમતીપુર ફેકટરી ખાતે કામ કરતા કામદારોથી ખૂબ જુનીયર કક્ષાના કામદારો છે. વધુમાં પંચાયતની રજુઆત છે કે ટુંકમાં નવનીત પ્રકાશન ખાતે ૧૦૦૦ જેટલા કામદારો કામ કરે છે અને તે પૈકીના સીનીયરમોસ્ટ કામદારો તે ગોમતીપુર ખાતેની ફેકટરી જુની હોઇ, ગોમતીપુર ખાતેના છે અને ગાલા માલીકો દ્વારા ન જાણી શકાય તેવા ઉદેશથી જુદા નામની કંપની ઉભી કરવામાં આવેલ છે અને આ કહેવાતી જુદી કંપની હકીકતે એક જ છે. વધુમાં પંચાયતની રજૂઆત છે કે, તા. ૪-૮-૧૯૯૭ ના રોજ કંપનીના જુના કામદારો કે જેઓ તેમની કાયદા અનુસારની ટ્રેડ યુનીયન પ્રવૃતિ કરતા હતા તેઓને નિશાન બનાવવામાં આવેલ છે. વધુમાં પંચાયતની રજુઆત છે કે શેરમુડી તબદીલ કરવાનું તથા મેનેજમેન્ટ તબદીલ કરવાનું કૃત્ય તે ન માની શકાય તેવું, ઉપજાવી કાઢેલું, સામ તથા પેપર એરેન્જમેન્ટ છે અને આ તમામ બાબતો તે ઉપરોક્ત વિવાદના ન્યાય નિર્ણય બાબતે ધ્યાન ઉપર લેવી જરૂરી છે. વધુમાં પંચાયતે માંગણાના જસ્ટીફીકેશન બાબતે રજુઆત કરતા જણાવેલ છે કે સંસ્થાની કહેવાતી શેરમુડી તથા વિવિધ તબદીલી કરવાની તા. ૪-૮-૧૯૯૭ની નોટીસ તે ગ્રાહય રાખી શકાય નહી તેવી, શરૂઆતથી રદબાતલ થવાને પાત્ર તથા ઉપજાવી કાઢેલી તથા પેપર એરેન્જમેન્ટ છે તથા જે કામદારો તેઓની શુધ્ધબુધ્ધિપૂર્વકની યુનીયન પ્રવૃત્તિ કરતા હતા તેઓ પ્રત્યે ક્રિન્નાખોરી રાખી અને કામદારોના હક્ક અને અધિકારો તથા નોકરીની શરતો અંગેના હક્ક અધિકારોથી વેગળા રાખવાનું છે. વધુમાં પંચાયતની રજૂઆત છે કે આ રીતે કંપની બંધ કરી કામદારોની છટણી કરી શકાય નહી અને તે સંજોગોમાં કામદારો તે નોકરીમાં કોઇપણ જાતના બ્રેક (તૂટ) વગર ચાલુ છે. વધુમાં પંચાયતની રજૂઆત છે કે સંસ્થામાં કામ કરતા કામદારોની નોકરીની શરતો તથા પગાર બાબતે સંસ્થા અને પંચાયત વચ્ચે તા. ૩૦-૧૧-૧૯૯૩ થી તા. ૩૧-૭-૧૯૯૭ સુધીનું સમાધાન થયેલ હતું. તા. ૧-૮-૧૯૯૭ થી કામદારો નવી માંગણી માટે હક્કદાર હતા તથા પંચાયત દ્વારા જુના સમાધાનને ટર્મીનેટ કરી નવી માંગણી ઉપસ્થિત કરવામાં આવેલી હતી અને તેથી તેઓને નાસીપાસ કરવાના ઉદેશથી અને કામદારોના કાયદેસરના હક્ક અને માંગણી ન આપવાના ઉદેશથી સંસ્થા દ્વારા તા. ૪-૮-૧૯૯૭ નું પગલું લેવામાં આવેલ છે અને કામદારો તે તેઓની મૂળભૂત માંગણી ભૂલી જઇ અન્ય બાબતે પ્રવૃત્ત થઇ જાય તે ઉદેશથી આ પ્રકારનું કૃત્ય કરવામાં આવેલ છે. વધુમાં પંચાયતની રજૂઆત છે કે સંસ્થા તે આર્થિક રીતે સધ્ધર સંસ્થા છે તથા સંસ્થા શરૂ થઇ ત્યારથી દરેક વર્ષે ખૂબ મોટો નફો કરે છે તથા સંસ્થાને સંસ્થાના માલની કોઇ અછત નથી સંસ્થા જોરે પુષ્કળ પ્રમાણમાં કામ હોઇ સંસ્થા દ્વારા ગુજરાત તથા મહારાષ્ટ્રમાં નાના-નાના પ્રીન્ટર્સને જોબવર્ક ઉપર કામ આપવામાં આવે છે અને તે રીતે સંસ્થાનું કામ પહોંચી

INDEX

વળવામાં આવે છે. વધુમાં પંચાયતની રજૂઆત છે કે ભારત દેશમાં આટલી આર્થિક રીતે સધ્ધર કંપની તથા નફો કરતી સંસ્થા તે તેના સંચાલનના હક્ક આપે નહી. વધુમાં પંચાયતની રજૂઆત છે કે થોડા સમય પહેલાં જ સંસ્થામાં ખૂબ આધુનિક અને ઝડપી ઉત્પાદન કરતા મશીનો ઈન્સ્ટોલ કરવામાં આવેલ છે તથા સંસ્થાનું મૂળ કામ તે ગુજરાત અને મહારાષ્ટ્ર રાજયમાં સ્કુલના પુસ્તકોનું પ્રીન્ટીંગ કરવાનું છે તથા હાયર સેકન્ડરી સુધીના ધોરણોના પુસ્તકોનું પ્રીન્ટીંગ કરવાનું છે તથા કંપનીનું ભવિષ્ય ખૂબજ ઉજળું છે તથા કંપની આટલી સારી રીતે કાર્યરત હોઇ શા માટે તે તેનો વહીવટ ફેરબદલી કરે ? વધુમાં પંચાયતની રજૂઆત છે કે સંસ્થા જોડે એવા ક્યા કારણો ઉપસ્થિત થયેલ છે કે જેથી તેમણે વહીવટ તબદીલ કરેલ છે તથા તા. ૪-૮-૧૯૯૭ ની નોટીસમાં આ બાબતે કોઇ ચોક્કસ કારણોનો ઉલ્લેખ નથી તથા ગાલા માલીકોની મૂળ સંસ્થા નવનીત પ્રકાશન કેન્દ્ર, ગોમતીપુર છે તથા ગોમતીપુર ખાતેના કામદારોના પસીનાથી ગાલા દ્વારા આટલી મોટી સંસ્થા ઉભી કરવામાં આવેલ છે. વધુમાં પંચાયતની રજૂઆત છે કે સંસ્થામાં કામ કરતા કામદારોની નોકરી આશરે ૧૫ થી ૩૦ વર્ષની છે અને કેટલાક કામદારો સંસ્થાની શરૂઆતથી છે તથા ઘણા કામદારો દ્વારા વર્ષોથી ગાલા એમ્પાયર જોડે છે અને તેઓએ ગાલા એમ્પાયરને ઉભી કરવામાં તેમની જીંદગી ફાળવી દીધેલ છે. શું આ કામદારોને સંસ્થાના અર્ધરાત્રીના કૃત્યનું કારણ જાણવાનો હક્ક અને અધિકાર નથી ? તથા કહેવાતા નવા માલીકોનું કોઇ નામ નથી. વધુમાં જો વાજબી કારણ હોય તો તે એકાએક અડધી રાત્રે શા માટે કરવું પડે તથા સત્ય હકીકત શા માટે છુપાવવી પડે અને ગાલા માલીકોનું આ જ વર્તન તે દુષ્પ્રેરીત છે તે પૂરવાર થાય છે. વધુમાં પંચાયતની રજૂઆત છે કે તેઓ સંસ્થાનું એકમાત્ર રેકગ્નાઈઝડ ટ્રેડ યુનીયન છે તથા તા. ૩૦-૧૧-૧૯૯૩ ના સમાધાનમાં પણ પંચાયતને એકમાત્ર સામુહિક સોદાબાજી માટે મંજૂરી આપેલ છે તથા તે સમાધાનના કલોઝ-૨ માં કંપની તે પંચાયતની મંજુરી સિવાય કોઇ જ કામદારને લે-ઓફ નહી આપે, છટણી કે નોકરીમાંથી છુટા નહી કરે તેવી જોગવાઇ છે અને કંપનીના કામદારોની નોકરીની સુરક્ષા આપેલ છે તથા તા. ૪-૮-૧૯૯૭ ના રોજ સંસ્થાએ પંચાયતની સહમતિ વગર એકજ ઝાટકે કંપનીમાં કામ કરતા તમામ કામદારોને છટણી કરેલ છે તથા સંસ્થાનું પંચાયતની પરવાનગી વગર કામદારોને છટણી કરવાનું કૃત્ય તે તા. ૩૦-૧૧-૧૯૯૩ ના સમાધાનનો ભંગ કરનાર હોઇ ગેરકાયદેસર અને શરૂઆતથી રદ થવાને પાત્ર છે. વધુમાં પંચાયતની રજૂઆત છે કે તા. ૪-૮-૧૯૯૭ની નોટીસમાં શ્રી એ. આર. ગાલાની સહી છે તથા ફેકટરી એકટની જોગવાઇ મુજબ તેઓ ઓકયુપાયર નથી અને સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઇ મુજબ તેઓ મેનેજર નથી અને તે સંજોગોમાં તા. ૪-૮-૧૯૯૭ની નોટીસમાં સહી કરવાનો તેમને કોઇ અધિકાર ન હોઇ તા. ૪-૮-૧૯૯૭ ની નોટીસ શરૂઆતથી રદ થવાને પાત્ર છે. વધુમાં પંચાયત દ્વારા ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨ - (O) (O) છટણીની વ્યાખ્યા રજૂ કરી રજૂઆત કરેલ છે કે તા. ૪-૮-૧૯૯૭ ની નોટીસ દ્વારા તે છટણી છે તથા કાયદાની જોગવાઇને ધ્યાન ઉપર લેતાં કલમમાં અપવાદ કરેલ ન હોય તે છટણી છે. વધુમાં પંચાયતની રજૂઆત છે કે સંસ્થામાં ૪૦૦ થી વધારે કામદારો કામ કરતા હોઇ સંસ્થાને ઔદ્યોગિક વિવાદ ધારાનું ચેપ્ટર V-B લાગુ પડે છે તથા ચેપ્ટર V-B ની કલમ-૨૫-એન ને

INDEX

ધ્યાન ઉપર લેવામાં આવે તો તેમાં કામદારોની છટણીની પૂર્વશરતો દર્શાવવામાં આવેલ છે. વધુમાં પંચાયતની રજૂઆત છે કે જે સંસ્થાઓ તે પ્રકરણ V-B ની કલમ-૨૫-કે માં પડે છે તે બાબતે કલમ-૨૫-એન તે લાગુ પડે છે. વધુમાં પંચાયતની રજૂઆત છે કે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫-એન પહેલા કલમ-૨૫ એફ-એફ અસ્તિત્વમાં આવેલ છે તથા કલમ-૨૫-એન તે સને ૧૯૮૪ માં અમલમાં આવી જ્યારે કલમ-૨૫ એફ-એફ તે ૧૯૫૬ માં અમલમાં આવેલ છે અને તે સમયે કલમ-૨૫-એફ તે કાયદામાં હતી અને ૧૯૫૬ ના સમયમાં કલમ-૨૫-એન તે અમલમાં નહોતી અને તેથી જે સંસ્થામાં ૧૦૦ થી વધારે માણસો કામ કરતા હોય ત્યાં કલમ-૨૫-એફ લાગુ ન પડતા ચેપ્ટર V-B લાગુ પડે છે. અને જ્યાં ચેપ્ટર V-B લાગુ પડે ત્યાં જો કામદારની છટણી કરવાની હોય તો કલમ-૨૫-એફ ધ્યાનમાં ન લેતાં કલમ ૨૫-એન મુજબની કાર્યવાહી કરવી જરૂરી છે તથા સંસ્થા દ્વારા સ્પેશીફાઇડ ઓથોરીટીને આ બાબતની કલમ ૨૫-એન અંગેની કોઇ અરજી કરવામાં આવેલ નથી કે તેની પરવાનગી લેવામાં આવેલ નથી કે નિર્દિષ્ટ સત્તાધિકારી જોડેથી છટણી બાબતની પરવાનગી લેવામાં આવેલ નથી. વધુમાં પંચાયતની રજૂઆત છે કે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫-એન(૭)ને ધ્યાન ઉપર લેતાં સંસ્થાનું છટણી કરવાનું કૃત્ય તે શરૂઆતથી રદબાતલ થવાને પાત્ર છે અને કામદારો તેઓને જાણે કે નોટીસ આપવામાં આવી ન હોય તેમ તે સમયે અમલમાં હોય તેવા તમામ લાભો મેળવવા હક્કદાર છે. વધુમાં પંચાયતની રજૂઆત છે કે કામના ભારણને પહોંચી વળવા તથા પુસ્તકોની ગુણવત્તાને જાળવવાના ઉદ્દેશથી ગાલા દ્વારા પબ્લીક લીમીટેડ કંપની ઉભી કરવામાં આવેલી અને બુકવીન પબ્લીકેશન એન્ડ ટ્રેડીંગ કંપનીના નામથી ઉભી કરવામાં આવેલ અને તેનું નામફેર કરી નવનીત પબ્લીકેશન (ઇન્ડીયા) લી., મુ. દંતાલી, જિ. ગાંધીનગર ખાતે વિસ્તરણ કરવામાં આવેલ છે. વધુમાં પંચાયતની રજૂઆત છે કે બન્ને સંસ્થાના વહીવટ અને માલીકો ગાલા જ છે. વધુમાં નવનીત પબ્લીકેશન અને સંસ્થા બન્ને મળી આશરે ૨૦૦૦ બુક્સ તે જાણીતા નામથી એટલે કે નવનીત, વિકાસ, ગાલાના નામથી પ્રકાશીત કરે છે તથા એક કંપનીમાંથી બીજી કંપનીમાં કામદારોની બદલી કરવામાં આવે છે તથા એક સંસ્થાનું કામ બીજી સંસ્થા જોડેથી કરાવવામાં આવે છે. વધુમાં જ્યારે નવનીત પબ્લીકેશનમાં કામ વધી જાય ત્યારે તે સંસ્થા દ્વારા કરાવવામાં આવે છે અને સંસ્થા પાસે કામ વધી જાય ત્યારે નવનીત પબ્લીકેશન દ્વારા કરાવવામાં આવે છે તથા કંપનીની જરૂરીયાતવાળી જોબની પ્રોસેસ નવનીત પબ્લીકેશન ખાતે થાય છે તથા આ બન્ને સંસ્થા વચ્ચે ફંકશનલ ઇન્ટીગ્રાલીટી અને યુનીટી છે અને આ બન્ને સંસ્થા હકીકતે એક જ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટાબ્લીશમેન્ટ છે. વધુમાં પંચાયતની રજૂઆત છે કે નવનીત પબ્લીકેશન દ્વારા નવા કામદારોને રાખવામાં આવેલ હતા અને જે સંસ્થાના કામદારોથી ખુબ જુનીયર છે અને તે સંજોગોમાં જ્યારે છટણી કરવાની હોય ત્યારે જુનીયર તે સૌપ્રથમ જાય નહી કે સીનીયર, અને સંસ્થા દ્વારા ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫-જી ની આજ્ઞાત્મક જોગવાઇનો ભંગ કરી સીનીયર કામદારોની છટણી કરવામાં આવેલ છે જ્યારે જુનીયર કામદારો નોકરી ઉપર ચાલુ છે. વધુમાં પંચાયતની રજૂઆત છે કે સંસ્થાની કહેવાતી છટણીની નોટીસના કામદારો તે મૂળ નવનીત પ્રકાશન કેન્દ્રના કામદારો છે અને નવનીત પ્રકાશન કેન્દ્ર અને

INDEX

નવનીત પબ્લીકેશન (ઇન્ડીયા) લી. વચ્ચે ચોક્કસ સમજુતી છે અને તે મુજબ નવનીત પ્રકાશન કેન્દ્રના કામદારોને તબક્કાવાર નવનીત પબ્લીકેશન (ઇન્ડીયા) લી. માં સમાવવા તેમ છે અને સંસ્થા દ્વારા આમ ન કરતાં નવનીત પબ્લીકેશન (ઇન્ડીયા) લી. માં નવા કામદારોની ભરતી કરવામાં આવેલ છે અને નવનીત પ્રકાશન કેન્દ્રના કામદારોથી ખુબ જુનીયર કામદારો છે તથા તા. ૪-૮-૧૯૯૭ની નોટીસમાં ઉલ્લેખ કરેલ કામદારો તે નવનીત પ્રકાશન કેન્દ્રના કામદારો છે અને નવનીત પબ્લીકેશન (ઇન્ડીયા) લી. અને નવનીત પ્રકાશન કેન્દ્ર વચ્ચે થયેલ સમજુતી મુજબ તેઓને નવનીત પબ્લીકેશન (ઇન્ડીયા) લી. માં લેવાના છે અને તેમ કરી ગાલા દ્વારા તેઓની સમજુતીનો જ ભંગ કરવામાં આવેલ નથી પરંતુ કામદારોને છેતરવામાં આવેલ છે. વધુમાં પંચાયતની રજૂઆત છે કે, નવનીત પબ્લીકેશન (ઇન્ડીયા) લી. દ્વારા જ્યારે ડીબેન્ચર અંગે ઇકવીટી શેર ધારકો માટે જાહેરાત કરવામાં આવેલ ત્યારે નવનીત પબ્લીકેશન (ઇન્ડીયા) લી. અને નવનીત પ્રકાશન કેન્દ્ર વચ્ચેની સમજૂતી અંગે જણાવેલ હતું કે આશરે ૨૦૦૦ જેટલી જાણીતી બ્રાન્ડ જેવી કે ''નવનીત'', ''વિકાસ'', ''ગાલા'' અંગેનો પરવાનો નવનીત પબ્લીકેશન (ઇન્ડીયા) લી. ને છે તથા લેખકોને જે રોયલ્ટી ચૂકવવાની છે તે નવનીત પબ્લીકેશન (ઇન્ડીયા) લી. ચૂકવશે તથા તે ત્રણ તબક્કામાં સંપૂર્ણ ''વર્કફોર્સ'' ને સમાવશે તથા નવનીત પ્રકાશન કેન્દ્રને છ લાખ પચાસ હજાર, વિકાસ પ્રકાશનને પાંચ લાખ તથા ગાલા પબ્લીકેશનને ત્રણ લાખ પચાસ હજાર શેરોની સંખ્યા ઉત્તરાધિકાર તરીકે ફાળવેલ છે. વધુમાં પંચાયતની રજૂઆત છે કે જે કામદારોની ગેરકાયદેસર છટણી કરી બેકાર બનાવવામાં આવેલ છે તે ઉપરોક્ત ત્રણ પબ્લીશર્સના કામદારો છે અને સમજુતીની શરત પ્રમાણે તેઓને નવનીત પબ્લીકેશન (ઇન્ડીયા) લી. માં સમાવવાના થાય છે તથા ગાલા દ્વારા આ સમજુતીની શરતોનો સ્વીકાર કરવામાં આવેલ નથી તથા ફક્ત થોડાક કામદારોને નવનીત પબ્લીકેશન (ઇન્ડીયા) લી. ના પત્રક ઉપર લેવામાં આવેલ છે અને મોટાભાગના કામદારોને નવનીત પ્રેસ લી. જે કે ગાલા દ્વારા નવી ઉભી કરવામાં આવેલ તેમાં સમાવવામાં આવેલ છે. વધુમાં પંચાયતની રજૂઆત છે કે ગાલા દ્વારા જે શરતો નક્કી થયેલ હતી તે મુજબ નવનીત પબ્લીકેશન (ઇન્ડીયા) લી. અને ઉપર દર્શાવેલ ત્રણ પબ્લીશર્સ વચ્ચે તા. ૬-૪-૧૯૯૧ ના રોજ સ્પષ્ટ સમજુતી હતી કે આ ત્રણ પબ્લીશર્સના કામદારોને સમાવવામાં આવશે અને ગાલા દ્વારા ખાનગી રીતે દુષ્પ્રેરણાથી નવા કામદારોની નવનીત પબ્લીકેશન (ઇન્ડીયા) લી. માં ભરતી કરવામાં આવેલ છે તથા સંસ્થાના કામદારો જોડે છેતરપીંડી કરવામાં આવેલ છે. વધુમાં પંચાયતની રજૂઆત છે કે ઉપરોક્ત વિવાદ સાથે સંકળાયેલ તમામ કામદારો તે નવનીત પબ્લીકેશન (ઇન્ડીયા) લી. માં કામ કરતાં કામદારોથી સીનીયર કામદારો છે તથા જો કોઇ કામદારોની છટણી કરવાપાત્ર થતી હોય તો તે નવનીત પબ્લીકેશન (ઇન્ડીયા) લી. ના જુનીયર કામદારોની થાય તથા વિવાદ સાથે સંકળાયેલ કામદારો તે સીનીયર કામદારો હોઇ તેઓને નવનીત પબ્લીકેશન (ઇન્ડીયા) લી. માં સમાવવા જોઇએ. વધુમાં પંચાયતની રજૂઆત છે કે, નવનીત પ્રેસ લી., નવનીત પબ્લીકેશન (ઇન્ડીયા) લી. અને સંદીપ એજન્સી આ ત્રણેય સંસ્થાની યુનીટી ઓફ એમ્પ્લોયમેન્ટ અને ફંકશનલ ઇન્ટીગ્રાલીટી છે તથા બન્ને લીમીટેડ કંપનીઓ તે પ્રીન્ટીંગ, બાઇન્ડીંગ, ડીઝાઇનીંગ તથા બુક્સના ઉત્પાદનની તમામ પ્રકારની

INDEX

કામગીરી એકજ પ્રકારની કરે છે તથા હાલમાં નવનીત પબ્લીકેશન (ઇન્ડીયા) લી. ના નેજા હેઠળ ૨૦૦૦ જેટલા પુસ્તકોનું ઉત્પાદન કરેલ છે કે જેનું ઉત્પાદન નવનીત પ્રેસ લી. કરતી હતી. વધુમાં પંચાયતની રજૂઆત છે કે નવનીત પ્રેસ લી. ના તમામ કામદારો તે આ ત્રણ પબ્લીશર્સમાં વર્ષોથી નોકરી કરે છે. તથા તા. ૩-૮-૧૯૯૭ પહેલાં આ બન્ને સંસ્થાના કામદારો તે આ ૨૦૦૦ પ્રકારના પુસ્તકોનું ઉત્પાદન કરતી ત્રણ પબ્લીશર્સનું કામ કરતા હતા. વધુમાં પંચાયતની રજૂઆત છે કે નવનીત પબ્લીકેશન (ઇન્ડીયા) લી. દ્વારા આ બાબતની ડીઝાઈન તૈયાર કરી ફોટોગ્રાફ અને આર્ટવર્ક તે કંપનીમાં થતું હતું તથા પુસ્તકોનું ઉત્પાદન બન્ને કંપનીમાં રોકાયેલ કામદારો દ્વારા સંયુક્ત રીતે થતું હતું. વધુમાં પંચાયતની રજૂઆત છે કે આ બન્ને લીમીટેડ કંપની તથા સંદીપ એજન્સીના નામની ભાગીદારી પેઢીની યુનીટી ઓફ એમ્પ્લોયમેન્ટ અને ફંકશનલ ઈન્ટીગ્રાલીટી એકજ છે તથા આ બન્ને કંપનીઓ દ્વારા ઉત્પાદીત માલનું વેચાણ સંદીપ એજન્સી દ્વારા કરવામાં આવે છે. વધુમાં પંચાયતની રજૂઆત છે કે જો આ બન્ને કંપની દ્વારા પુસ્તકોનું ઉત્પાદન કરવામાં ન આવે તો સંદીપ એજન્સી તે કામ વગરની થઇ જાય. વધુમાં પંચાયતની રજૂઆત છે કે નવનીત પ્રેસ લી. અને નવનીત પબ્લીકેશન (ઇન્ડીયા) લી. અસ્તિત્વમાં આવી તે પહેલાં ગાલા દ્વારા જે ૨૦૦૦ પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવતું હતું તે ''નવનીત'', ''વિકાસ'' તથા ''ગાલા'' ના નામે થતું હતું તથા આ ૨૦૦૦ જેટલા પ્રકાશન બાબતે ગાલા દ્વારા કંપની ઉભી કરવામાં આવેલ છે. વધુમાં છે. વધુમાં પંચાયતની રજૂઆત છે કે આ ભાગીદારી સંસ્થાઓ તે સંયુક્ત રીતે ''નવનીત પ્રકાશન કેન્દ્ર'' તરીકે ઓળખાતી હતી. વધુમાં પંચાયતની રજૂઆત છે કે ગાલા દ્વારા આભાસી વ્યવસ્થાના ભાગરૂપે ભાગીદારી સંસ્થાઓ ઉભી કરવામાં આવી હતી અને જેમાં નામધારી કોન્ટ્રાકટરો રાખવામાં આવેલ હતા તથા કોન્ટ્રાકટ લેબર સીસ્ટમના એબોલીશન બાબતે સરકારને રાજ્ય સલાહકાર બોર્ડ દ્વારા રેફરન્સ થયેલ હતો અને આ દરમ્યાન સંસ્થાએ તમામ કામદારો કે જેમના નામ જુદીજુદી ભાગીદારી પેઢી અને કહેવાતા કોન્ટ્રાકટરોમાં હતા તેઓને સંસ્થામાં સમાવવા સંમત થયેલ હતી. વધુમાં પંચાયતની રજૂઆત છે કે હાલમાં નવનીત પબ્લીકેશન (ઇન્ડીયા) લી. દ્વારા જે ૨૦૦૦ પ્રકાશનો છે તે આ કામદારો જુદીજુદી ભાગીદારી પેઢીના ચોપડા ઉપર હતા કે કોન્ટ્રાકટરોના ચોપડા ઉપર હતા ત્યારે કરતા હતા. વધુમાં પંચાયતની રજૂઆત છે કે હાલમાં ગોમતીપુર ખાતેના પ્લાન્ટ, મશીનરી, બીલ્ડીંગ, સાધનસામગ્રી તે ગાલાની માલીકીની છે અને જે કહેવાતા હસ્તાંતર ગ્રહીતાના નામે તબદીલ થયેલ નથી તથા ગાલા અને હસ્તાંતર ગ્રહીતા દ્વારા જે વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે તે મિથ્યા, આભાસી છે. વધુમાં પંચાયતની રજૂઆત છે કે ગાલાઝ અને દવેઝ દ્વારા ઉભી કરવામાં આવેલ વ્યવસ્થા તે બોગસ, મીથ્યા, આભાસી છે તથા શ્રી દવે તે નામધારી વ્યક્તિ છે અને તેઓ કંપની ચલાવવા માટે સક્ષમતા ધરાવતા નથી અને સક્ષમ નથી અને શ્રી દવે તેં આર્થિક રીતે સધ્ધર નથી કે તેઓને આટલો મોટો ધંધો સંભાળવાનો કોઇ અનુભવ નથી તથા તેઓની માહિતી મુજબ શ્રી દવે તે સામાન્ય રાજકારણી છે અને કામદારોના હક્કને નુકશાન કરવાના આશયથી અને સંસ્થાના કામદારોની નોકરીની શરતોથી વંચીત રાખવાના આશયથી ગાલા દ્વારા તેનો દુરૂપયોગ કરવામાં આવલ છે. વધુમાં પંચાયતની રજૂઆત છે કે કહેવાતી તબદીલી તે

INDEX

આભાસી અને મીથ્યા છે તથા સત્ય હકીકત તે કંઇક જુદી જ છે તથા નામ. ઔદ્યોગિક ન્યાયપંચ દ્વારા આ તમામ બાબતોનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરી સત્ય શોધવું જોઇએ. વધુમાં પંચાયતની રજૂઆત છે કે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫ એફ-એફ માં કામદારોની નોકરી લઈ લેવા બાબતની જોગવાઇ નથી અને તે કામદારોની પાછલી નોકરીના હક્કોનું રક્ષણ કરવા બાબતે છે તથા સદરહુ કાયદાની જોગવાઇ તે માલીકી ફેરબદલીના કિસ્સામાં કામદારોના નોકરી અને તેઓના નોકરીના હક્ક હિત. બાબતે વળતર આપવા બાબતે છે અને કાયદાનો ઉદ્દેશ તે ક્યારેય પણ કામદારોને બેકાર બનાવવાનો નથી. જ્યારે હાથ ઉપરના કિસ્સામાં તા. ૪-૮-૧૯૯૭ ની પ્રથમ પાળીથી કામદારોને બેકાર બનાવવામાં આવેલ છે તથા તા. ૪-૮-૧૯૯૭ ની નોટીસ તે માલીકી ફેરબદલીની નોટીસ નહીં પરંતુ છટણીની નોટીસ છે તથા સંસ્થાએ આ બાબતે સ્પષ્ટ પુરાવો આપી પુરવાર કરવું જોઇએ. વધુમાં પંચાયતની રજૂઆત છે કે તા. ૪-૮-૧૯૯૭ ની નોટીસ જ જણાવે છે કે કામદારોએ નવી નિમણૂંક મેળવવા અરજી કરવી, તે જ બતાવે છે કે કામદારોને તા. ૪-૮-૧૯૯૭ થી બેકાર બનાવવામાં આવેલ છે. વધુમાં કામદારોને હસ્તાંતરકર્તા કે હસ્તાંતરગ્રહીતા દ્વારા બાકી પગાર આપવામાં આવેલ નથી તથા ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫ એફ-એફ આ બાબતે પરમીશન આપતી નથી. વધુમાં કહેવાતા નવા માલીકો તે કામદારોના પગાર અટકાવી શકે નહી. વધુમાં પંચાયતની રજૂઆત છે કે જેન્યુઇન ચેન્જ ઓફ મેનેજમેન્ટના કિસ્સામાં પણ કામદારોને બેકાર બનાવી શકાય નહી તથા હાથ ઉપરના કામમાં કામદારો તા. ૪-૮-૪૯૯૭ થી બેકાર છે તથા તા. ૪-૮-૧૯૯૭ ની નોટીસમાં કામદારોને નવી અરજી કરવા બાબતે જણાવેલ છે અને તે જ દર્શાવે છે કે કામદારોની નોકરી ગેરકાયદેસર રીતે હડપ કરવામાં આવેલ છે. સંસ્થાએ ઔદ્યોગિક વિવાદ ધારાના ચેપ્ટર V-B લાગુ પડતો હોઇ તે કલમ ૨૫-એન મુજબની કાર્યવાહી કરવા બંધાયેલ છે અને તે પણ સંસ્થા દ્વારા કરવામાં આવેલ નથી અને તે સંજોગોમાં છટણીનું કૃત્ય ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે અને કામદારો સળંગ નોકરી સાથે તમામ લાભો મેળવવા હક્કદાર થાય છે. વધુમાં પંચાયતની રજુઆત છે કે તા. ૪-૮-૧૯૯૭ ની નોટીસમાં દર્શાવ્યા મુજબ કામદારોએ તારીખ ૨૦ પહેલાં અરજી કરવાની હતી અને સબંધીત કામદારો દ્વારા અગમચેતી રૂપે આ અરજી કરવામાં આવેલ છે અને આ કામદારોને સંસ્થા દ્વારા ઇન્ટરવ્યુમાં બોલાવવામાં આવેલ છે. શું છટણી થયેલ કામદારોને રીએમ્પ્લોયમેન્ટનો હક્ક અને અધિકાર નથી ? અને સંસ્થાનું આ કૃત્ય તે ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઇનો ભંગ કરનારૂં છે. વધુમાં પંયાયતની રજૂઆત છે કે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫-એચ તે આજ્ઞાત્મક છે અને જ્યારે નવા માણસોની ભરતી કરવામાં આવે ત્યારે છટણી કરવામાં આવેલ કામદારોને પ્રથમ તક આપવાની હોય છે અને હાથ ઉપરના કિસ્સામાં તેનો ભંગ કરવામાં આવેલ છે. વધુમાં પંચાયતની રજૂઆત છે કે કહેવાતા ઇન્ટરવ્યુ તે એક નાટક છે તથા ઔદ્યોગિક વિવાદ ધારામાં રીએમ્પલોયમેન્ટની જોગવાઇ છે, નહી કે નવી ભરતીની, અને નવી ભરતી બાબતે ઇન્ટરવ્યુ જરૂરી છે તથા જે કામદારો વર્ષોથી કામ કરતા હતા તેઓનો નવી નિમણૂંકના કામદારો તરીકે ઇન્ટરવ્યુ લઇ શકાય નહી અને સંસ્થાનો આ જ ઇરાદો તે માલાફાઇડ છે. સંસ્થાનું આ મુજબનું વર્તન બતાવે છે કે સંસ્થાનો ઇરાદો તે આ કામદારોની નોકરીના હક્ક

INDEX

ડુબાડી મેનેજરીયલ એકશનના નામે તેમના હક્કો ડુબાડવાનો છે. વધુમાં પંચાયતની રજૂઆત છે કે કહેવાતી સંચાલનની તબદીલીની આખી યોજના તે પાયાવિહોણી, ગેરકાયદેસર, ગ્રાહ્ય રાખી ન શકાય તેવી, બોગસ છે. વધુમાં પંચાયતની રજૂઆત છે કે સંચાલનની કહેવાતી તબદીલી તે મીથ્યા, તર્કટી અને બનાવટી છે તેવું જાહેર કરવા તથા કામદારો તે સંસ્થામાં ચાલુ હોય તેઓની કયારેય પણ છટણી કરવામાં આવેલ નથી તેમ જાહેર કરી તેઓને જે દિવસથી બેકાર બનાવવામાં આવેલ છે તે દિવસથી પડેલા દિવસોનો પૂરો પગાર મેળવવા હક્કદાર છે તેમ જાહેર કરવાની દાદ માંગેલ છે. વધુમાં પંચાયત દ્વારા ઉપરોક્ત વિવાદના ખર્ચની રકમ મેળવવી વગેરે તથા ઔદ્યોગિક ન્યાય પંચને યોગ્ય લાગે તે દાદ આપવાની રજુઆત કરેલ છે.

૫. કેસનું રેકર્ડ ધ્યાન ઉપર લેતાં ઉપરોક્ત કામમાં આંક-૧૫થી એવરેસ્ટ પ્રેસ લી. દ્વારા તેઓનો લેખીત જવાબ રજુ કરેલ છે અને જેમાં તેઓની રજુઆત છે કે, ધી એવરેસ્ટ પ્રેસ લી. કે જે નવનીત પ્રેસ લી., ના નવા માલીકો અને વહીવટકર્તા છે. તેમના તરફે રજુઆત છે કે પંચાયત દ્વારા ટર્મ્સ ઓફ રેફરન્સનો ખરો અનુવાદ કરવામાં આવેલ નથી કે જે ગુજરાતીમાં છે. વધુમાં તેમની રજુઆત છે કે પંચાયત દ્વારા ''વ્યાજબી'' શબ્દને ખોટી રીતે અનુવાદિત કરી "Genuine" દર્શાવેલ છે અને જે કાયદેસર રીતે ચાલવાપાત્ર નથી. વધુમાં તેઓની રજુઆત છે કે માલીકી તબદીલીની કિસ્સામાં કામદારો ફક્ત ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ એફ-એફ મુજબ હક્કદાર હોઈ માલીકી તબદીલીના કિસ્સામાં તેનું વાજબીપણું ચકાસી શકાય નહી તથા માલીકી તબદીલીના કિસ્સામાં હસ્તાંતરકર્તા અને હસ્તાંતરગ્રહીતાની બાબત ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ એફ-એફ મુજબની છે અને તે બાબતને ધ્યાન ઉપર લઈ કામદારોના હક્ક અને અધિકારો જોવાના રહે છે. વધુમા તેઓની રજુઆત છે કે તેઓની આ તકરારને બાધ આવ્યા સિવાય તેમના દ્વારા યોગ્ય સત્તાધિકારીને કે જેઓ દ્વારા ઉપરોક્ત વિવાદ ઔદ્યોગિક ન્યાયપંચને મોકલવામાં આવેલ છે તેઓને રજુઆત કરવામાં આવેલ હતી અને રજુઆતો તથા દસ્તાવેજો ન્યાયપંચને મોકલેલ નથી. વધુમાં તેઓની રજુઆત છે કે હસ્તાંતરકર્તા દ્વારા તા. ૪-૮-૧૯૯૭ ના રોજ નોટીસ મૂકવામાં આવેલ હતી તથા મજૂર કમિશનર દ્વારા તા. ૮-૮-૧૯૯૭ ના રોજ પક્ષકારોને બોલાવવામાં આવેલ હતા ત્યારે હસ્તાંતરકર્તા કે હસ્તાંતરગ્રાહીતા તા. ૮-૮-૧૯૯૭ ની મીટીંગમાં હાજર રહી શકેલ નહતા અને તે બાબત તેઓએ આ કાર્યવાહી મુલત્વી રાખવા ટેલીગ્રામ કરેલ હતો. વધુમાં તેઓએ જે રજુઆત કરેલ હતી તે પરિશિષ્ટ-એ થી રજુ કરેલ છે. વધુમાં તેમની રજુઆત છે કે પંચાયત દ્વારા આ માંગણી તેઓને કે હસ્તાંતરકર્તાને મોકલવામાં આવેલ નથી કે સમાધાનની કાર્યવાહી થયેલ નથી તથા કાયદાની જોગવાઈ મુજબ જે સમાધાનની કાર્યવાહી થવી જોઈએ તે થયેલ નથી અને ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈનો ભંગ કરી ઉતાવળે ન્યાય નિર્ણય અર્થે મોકલવામાં આવેલ છે. વધુમાં તેમની રજુઆત છે કે શ્રી ગુણવંત દવે તથા શ્રી બીપીન તન્ના તે પ્રીન્ટીંગ લાઈનના વ્યક્તિ છે તથા શ્રી ગુણવંત બી. દવે તે અમદાવાદ ખાતેથી તેઓનો પ્રીન્ટીંગ પ્રેસનો વ્યવસાય સંભાળે છે તથા શ્રી બીપીન તન્ના તે મુંબઈ ખાતે આ વ્યવસાયમાં છે. વધુમાં તેમના દ્વારા

INDEX

શ્રી દવે અને શ્રી તન્નાનો બાયોડેટા પરિશિષ્ટ-બી થી રજુ કરી રજુઆત કરેલ છે કે આ બન્ને જણાને જાણવા મળેલ કે નવનીત પ્રેસ લી., વેચવાનું છે તથા તેઓ જુના માલીકનું પ્રતિનિધિત્વ કરતાં ડાયરેક્ટરોને મળેલ હતા અને તે સંસ્થાની ૧૦૦ ટકા ઈક્વીટી શેર બાબતે ચર્ચા કરતાં હસ્તાંતરકર્તા દ્વારા ૧૦૦ ટકા ઈક્વીટી શેર હસ્તાંતરગ્રહીતાને વેચવા સંમત થયેલ હતી તથા સંસ્થાની માલીકી અને વહીવટ તબદીલ કરવા સંમત થયેલ હતા અને તેથી આ બન્ને, તેઓના મિત્રો, સગાસંબંધીઓ અને તેઓ સાથે સંકળાયેલ વ્યક્તિઓ તે આ ૧૦૦ ટકા શેર લેવા સંમત થયેલ હતા અને તેથી જુના ૩૪ જેટલા શેર ધારકો તથા શ્રી ગુણવંત બી. દવે સાથે તેઓના કુટુંબના સભ્યો અને સબંધીઓ તથા શ્રી બીપીન તન્ના અને તેઓની સાથે સંકળાયેલ લોકો બાબતે સમજુતી થયેલ હતી અને તે સમજુતી મુજબ નવા શેર ધારકો દ્વારા ભેગા મળી અને રૂપિયા બે કરોડ જેટલી રકમ અને જુના વહીવટકર્તાઓની ક્રેડીટર્સ બાબતની લાયેબીલીટી ચૂકવવામાં આવી હતી અને આમ હસ્તાંતરગ્રહીતા દ્વારા આ બાબતે ખૂબ મોટી રકમ ચૂકવવામાં આવેલ છે અને તે પણ તેઓ આ યુનીટ મેળવવા માંગતા હોઈ અને તેઓ તેમનો વેપાર વધારવા માંગતાં હોઈ અને શક્ય તેટલી ઝડપે યુનીટ ચાલુ કરવા માંગતા હોઈ તેમ કરેલ છે. વધુમાં તેઓના દ્વારા રજુઆત છે કે તા. ૧૭-૭-૧૯૯૭ ના રોજ એમ.ઓ.યુ. કરવામાં આવેલ હતું અને જેમાં તા. ૨-૮-૧૯૯૭ના રોજ સહી કરવામાં આવેલ હતી અને તે પરિશિષ્ટ-સી થી રજુ કરેલ છે. વધુમાં તેમની રજુઆત છે કે ઔદ્યોગિક ન્યાયપંચ દ્વારા રેફરન્સ (આઈ.ટી) નં. ૨૨૮/૯૭ ના કામમાં તેઓને નોટીસ બજતાં હસ્તાંતરગ્રહીતા દ્વારા જવાબ કરવામાં આવેલ છે. વધુમાં તેમની રજુઆત છે કે ઉપરોક્ત વિવાદ ચાલવાપાત્ર નથી તથા તેઓની રજુઆત છે કે હસ્તાંતરકર્તાના જુના કામદારો અને તેમની વચ્ચે માલીક તથા કામદારના સબંધો ન હોઈ ઉપરક્ત રેફરન્સ ચાલવાપાત્ર નથી. વધુમાં તેઓની રજુઆત છે કે જે તકરાર ઉપસ્થિત થયેલ છે તે ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈ મુજબ ઔદ્યોગિક તકરાર ન હોઈ તેટલા જ કારણે રદ થવાને પાત્ર છે. વધુમાં તેઓની રજુઆત છે કે હસ્તાંતરગ્રહીતા દ્વારા સંસ્થાની શેરમુડી અને વહીવટ મેળવેલ હોઈ અને તે તબદીલીની કાયદેસરતા અને વાજબીપણુ તથા માલીકી તબદીલી કે જે ટર્મ્સ ઓફ રેફરન્સમાં દર્શાવેલ છે તેનું વાજબીપણું તેઓએ પૂરવાર કરવાનું રહેતું નથી. વધુમાં તેમની રજુઆત છે કે પંચાયત દ્વારા હસ્તાંતરકર્તાને સમાધાનની કાર્યવાહીમાં કે ન્યાયપંચ સમક્ષ પક્ષકાર તરીકે દાખલ કરેલ નથી તથા હસ્તાંતરગ્રહીતાએ આ તબક્કે તબદીલીનું વાજબીપણું પૂરવાર કરવાનું રહેતું નથી. વધુમાં તેમની રજુઆત છે કે મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગની જોગવાઈ મુજબ પાછલા લેણાની દરેક જવાબદારી તે હસ્તાંતરકર્તાની છે નહીં કે હસ્તાંતરગ્રહીતાની. તેટલું જ નહી પરંતુ, ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ એફ-એફ મુજબ ચૂકવણીની જવાબદારી તે હસ્તાંતરકર્તાની છે તથા રેકર્ડ જોતાં તબદીલી તે કાયદેસર અને વ્યાજબી છે. વધુમાં પંચાયત દ્વારા આડકતરી રીતે હસ્તાંતરકર્તાનું કૃત્ય કાયદેસર છે તેમ સ્વીકારેલ છે તથા ઉપરોક્ત વિવાદ તે વાજબીપણા બાબતે છે. વધુમાં તેમની રજુઆત છે કે તમામ કામદારો દ્વારા પંચાયતના સૂચન મુજબ હસ્તાંતરકર્તા જોડેથી ફુલ અને ફાઈનલ હિસાબ મેળવી લીધેલ છે અને તે સંજોગોમાં આ કામદારોને નોકરીમાં રાખવા બાબતે કે તેઓને ચૂકવણી કરવાની કોઈ

INDEX

જવાબદારી હસ્તાંતરગ્રહીતાની નથી. વધુમાં પંચાયત દ્વારા તકરારમાં હસ્તાંતરગ્રહીતાને પક્ષકાર બનાવેલ હોઈ, જે ગેરકાયદેસર અને કાયદા મુજબ ચાલવાપાત્ર ન હોઈ રેફરન્સ રદ કરવો જોઈએ તેમ જણાવેલ છે. વધુમાં તેઓની રજુઆત છે કે, ઔદ્યોગિક તકરારની અનુસૂચિ ધ્યાન ઉપર લેતાં માલીકી તથા વહીવટની તબદીલી થઈ ગયેલ છે અને તે બાબત રેફરન્સ હુકમ જોતાં તકરારી નથી અને તેથી રેફરન્સ રદ કરવો જોઈએ તેમ જણાવેલ છે. વધુમાં તેમની રજુઆત છે કે, તેઓના દ્વારા શેર મૂડી ખરીદવા અંગે તથા વહીવટની તબદીલી કરવા અંગે યોગ્ય અને વ્યાજબી રકમ ચુકવવામાં આવેલ છે અને તેથી હસ્તાંતરગ્રહીતાએ આ બાબતનું વ્યાજબીપણું પુરવાર કરવાની જરૂર નથી. વધુમાં હસ્તાંતરગ્રહીતા તે પ્રીન્ટીંગ લાઈનના વ્યવસાયમાં સંકળાયેલ હોઈ તેઓએ ઉપરોક્ત ખરીદી કરેલ છે અને તેઓના પ્રીન્ટીંગ લાઈનના કામો બાબતે કામ મેળવી શકતા હોઈ આ ખરીદી કરેલ છે. વધુમાં તેમની રજૂઆત છે કે ઉપરોક્ત વિવાદ તે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ એફ-એફ ની જોગવાઈની ગેરસમજથી ઉપસ્થિત કરવામાં આવેલ હોઈ રદ થવાને પાત્ર છે. વધુમાં તેમની રજૂઆત છે કે, હસ્તાંતરકર્તાના કામદારોએ હસ્તાંતરગ્રહીતા સામે જે વિવાદ ઉપસ્થિત કરેલ છે તેને એસ્ટોપલ, વેઈવર અને એક્વીયન્સીસ એટલે કે પ્રતિરોધ, સંમતિ, અનુમતિના સિધ્ધાંતનો બાધ નડે છે તથા પંચાયતને આ પ્રકારની તકરાર ઉપસ્થિત કરવાનો કોઈ હક્ક અને અધિકાર નથી તથા મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગમાં દર્શાવ્યા મુજબની રકમ તે કામદારોને મળી ગયેલ છે અને તે સંજોગોમાં તબદીલીનો વહેવાર પૂર્ણ થઈ ગયેલ છે. વધુમાં તેઓની રજૂઆત છે કે, પંચાયત દ્વારા તેઓના માંગણીના નિવેદનમાં પેરા ૪.૧ થી ૪.૧૩ તથા પેરા ૫.૧ થી ૫.૧૮ માં જે કોઈ આક્ષેપો અને રજૂઆતો કરેલ છે તે કાયદેસર રીતે ચાલવાપાત્ર નથી અને તે બાબતની હસ્તાંતરગ્રહીતાને અંગત જાણ ન હોઈ તેઓ જવાબ આપી શકે તેમ નથી તથા તેઓ આ આક્ષેપો સ્વીકારતાં નથી. વધુમાં તેઓ પેરા ૫.૧૯ માં યુનીયનની રજૂઆત છે તેનો ઈન્કાર કરે છે કે, પ્લાન્ટ, મશીનરી તથા ઈક્વીપમેન્ટસ તે હસ્તાંતરગ્રહીતાને તબદીલ થયેલ નથી. વધુમાં તેમની રજૂઆત છે કે, તેઓના દ્વારા માલીકી અને વહીવટ મેળવેલ હોઈ, મેસર્સ નવનીત પ્રેસ લી., ની તમામ મશીનરી આપોઆપ તેમને તબદીલ થાય છે. વધુમાં તેઓની રજૂઆત છે કે, જ્યાં સુધી મેસર્સ નવનીત પ્રેસ લી. ના બીલ્ડીંગનો સવાલ છે ત્યાં સુધી તે હસ્તાંતરગ્રહીતાને તબદીલ થયેલ નથી પરંતુ તેના ટેનન્સી રાઈટ તેઓને તબદીલ થયેલ છે અને તેઓએ તેનું ભાડું ચૂકવવાનું છે તેમ મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીગમાં દર્શાવેલ છે. વધુમાં માંગણાના નિવેદનના પેરા ૫.૨૦ થી જે રજૂઆત કરેલ છે તે બાબતે તેમની રજૂઆત છે કે, પંચાયત દ્વારા શ્રી દવે વિરૂદ્ધ જે આક્ષેપો કરેલ છે અને શ્રી દવેને જે ખોટા ચીતરવાનું કૃત્ય કરેલ છે તે બાબતે પંચાયતને શ્રી દવે બાબતે કોઈ જાણકારી નથી તથા સદરહુ પેરામાં શ્રી દવે વિરૂદ્ધ જે રજૂઆત કરેલ છે તે તરંગી છે તથા તેઓ ઔદ્યોગિક ન્યાયપંચને વિનંતી કરે છે કે, પંચાયત દ્વારા માંગણાના નિવેદનમાં જે આક્ષેપો કરેલ છે તે પંચાયત રદ કરે અને આ બાબતે માફી માંગે. વધુમાં તેઓ ન્યાયપંચની જાણકારી સારૂ જણાવે છે કે, શ્રી દવે તે અમદાવાદ ખાતે પ્રીન્ટીંગ પ્રેસના વ્યવસાયમાં રોકાયેલ છે તથા કન્સ્ટ્રકશનની લાઈનમાં રોકાયેલ છે અને તેઓએ એકલાએ મેનેજમેન્ટનો હવાલો લીધેલ નથી પરંતુ સાથે

INDEX

શ્રી બીપીન તન્ના છે કે, જેઓ મુંબઈ ખાતે જાણીતા પ્રીન્ટર્સ છે. વધુમાં શ્રી ગુણવંત દવેને હસ્તાંતર કર્તાના કામદારો જોડે કોઈ નિસ્બત નથી અને આ પેરામાં કરવામાં આવેલ આક્ષેપોનો તેઓ ઈન્કાર કરે છે. વધુમાં તેઓની રજૂઆત છે કે, માંગણાના નિવેદનમાં તબદીલી તે બોગસ, તર્કટી છે તેમ દર્શાવેલ છે તેનો તેઓ ઈન્કાર કરે છે તથા ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ એફ-એફ મુજબ હસ્તાંતરગ્રહીતાએ આ કામદારોને કામ ઉપર લેવાની જરૂર નથી. વધુમાં તેઓની રજૂઆત છે કે, પંચાયત દ્વારા કલમ-૨૫ એફ-એફનું જે અર્થઘટન કરેલ છે તે ખોટું છે. વધુમાં તેમની રજૂઆત છે કે, તા. ૪-૮-૧૯૯૭ ની નોટીસ તેમના દ્વારા મુકવામાં આવેલ નથી અને તે નોટીસમાં સ્પષ્ટ દર્શાવેલ છે કે, હસ્તાંતરકર્તા ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ એફ-એફ મુજબ વળતર ચૂકવશે અને આમ હોઈ તા. ૪-૮-૧૯૯૭ ના રોજથી આ કામદારો હસ્તાંતરકર્તા કે હસ્તાંતરગ્રહીતાની નોકરીમાં નથી. વધુમાં પંચાયતની રજૂઆત કે આ કામદારોને કલમ-૨૫ એફ-એફ મુજબ વળતર મળેલ નથી તે વાત ખરી નથી તથા તેઓને તપાસ કરતાં જાણવા મળેલ છે કે, તમામ કામદારોને કલમ-૨૫ એફ-એફ મુજબની રકમ મળી ગયેલ છે. વધુમાં તેમની રજૂઆત છે કે, પંચાયતની એ રજૂઆત ખરી નથી કે કલમ-૨૫ એફ મુજબ આ રકમ તાત્કાલિક ચૂકવી આપવી જોઈએ. વધુમાં તેમની રજૂઆત છે કે, ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ એફ-એફ મુજબ વળતરની રકમની ચૂકવણી કરવી તે પૂર્વશરત નથી. વધુમાં તેમની રજૂઆત છે કે, કોઈપણ કિસ્સામાં હસ્તાંતરગ્રહીતાએ કામદારોને આ રકમ ચૂકવવાની જવાબદારી નથી અને તે સંજોગોમાં એક વખત તબદીલ થઈ ગયા બાદ હસ્તાંતર ગ્રહીતાની આ કામદારોને કામ આપવાની કે વળતર ચૂકવવાની કોઈ જવાબદારી ઉપસ્થિત થતી નથી. વધુમાં તેમની રજૂઆત છે કે, તારીખ ૪-૮-૧૯૯૭ની નોટીસ તેમના દ્વારા મૂકવામાં આવેલ નથી અને તેથી આ નોટીસમાં જે કોઈ રજૂઆત હોય તે બાબતે તેઓની જવાબદારી નથી તથા હસ્તાંતરગ્રહીતાએ આ કામદારોને નોકરી આપવા બાબતની કોઈ બાંહેધરી આપેલ નથી તથા હસ્તાંતરકર્તા દ્વારા હસ્તાંતરગ્રહીતાને એવું સૂચન કરવામાં આવેલ હતું કે, સંસ્થામાં જુના કામદારો ઘણા છે અને તેથી તે હસ્તાંતરગ્રહીતાને આ કામ કરવામાં એટલે કે પ્રીન્ટીંગ પ્રેસ સરળતાથી ચાલે તે બાબતે મદદ કરી શકે તેમ છે. વધુમાં તેઓની રજૂઆત છે કે આ પ્રકારની અરજી કરવાથી રોજગાર મળી જશે તેવું નથી તથા જુના કામદારો દ્વારા તા. ૧૯-૮-૧૯૯૭ સુધી કોઈ અરજી કરવામાં આવેલ ન હતી અને તા. ૨૦-૮-૧૯૯૭ ના રોજ એકસાથે રોજગારી બાબતની અરજી કરવામાં આવેલ હતી અને જે હસ્તાંતરકર્તા દ્વારા તેની નોટીસમાં દર્શાવ્યા મુજબ અંતિમ તારીખ હતી. વધુમાં પંચાયત દ્વારા કામદારોને ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ એફ-એફ ની જોગવાઈઓ બાબતે ગેરમાર્ગે દોરવામાં આવેલ છે તથા પંચાયત પણ એ બાબતથી માહિતગાર છે કે, આ કામદારોને સમાવવાની જવાબદારી તે હસ્તાંતરગ્રહીતાની નથી. વધુમાં તેમની રજૂઆત છે કે, ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ એફ-એફ બાબતે વિવિધ વડી અદાલતો તથા નામ. સુપ્રીમકોર્ટ દ્વારા અર્થઘટન કરવામાં આવેલ છે અને તે એટલી સ્પષ્ટ બાબત છે કે, એક વખત કલમ-૨૫ એફ-એફ મુજબ કામદારોને વળતર ચૂકવવાનું થાય ત્યારબાદ હસ્તાંતરગ્રહીતા દ્વારા આ કામદારોને નોકરી આપવી જરૂરી નથી અને તે નવા માણસોને રાખી

INDEX

શકે છે. વધુમાં તેમની રજૂઆત છે કે અદાલતો દ્વારા કલમ-૨૫ એફ-એફ મુજબના વહેવાર તે કલમ ૨૫-એન મુજબ છટણી નથી તેમ પ્રસ્થાપીત કરેલ છે તથા પંચાયત દ્વારા ઔદ્યોગિક ન્યાયપંચને ગેરમાર્ગે દોરવામાં આવેલ છે. વધુમાં તેઓની રજૂઆત છે કે, તા. ૪-૮-૧૯૯૭ ની નોટીસ તે તેમના દ્વારા મૂકવામાં આવેલ નથી અને તેથી તેમાં દર્શાવેલી કોઈ બાબત તેમને બંધનકર્તા નથી. વધુમાં તા. ૧૯-૮-૧૯૯૭ સુધી કોઈ અરજી ન આવતાં તેઓએ ખુબ મોટી રકમ આ કંપની મેળવવા ખર્ચેલ હોઈ ફેકટરીને કામ વગર રાખી શકાય તેમ ન હોઈ તેમના દ્વારા નવા કામદારોની ભરતી બાબતે જાહેરાત આપેલ હતી. વધુમાં તે જુના કામદારોને કામ આપવા બંધાયેલ નથી પરંતુ માનવતાના ધોરણે વિચારી શકે. વધુમાં તેમની રજૂઆત છે કે, નવી નોકરી બાબતની મુલાકાત તે તારીખ ૧૭ સપ્ટેમ્બર થી ૨૪ સપ્ટેમ્બરના સમયમાં હતી અને પંચાયત દ્વારા તેમની માંગણીના નિવેદનમાં ખોટી તારીખ ૧૭ ઓગસ્ટ થી ૨૪ ઓગસ્ટ, ૧૯૯૭ દર્શાવેલ છે. વધુમાં હસ્તાંતરગ્રહીતા દ્વારા આ વ્યક્તિ તે નવા હોઈ અને તેઓ આ વ્યક્તિના પરિચયમાં ન હોઈ રૂબરૂ મુલાકાત તે જરૂરી હોઈ તેમ કરવામાં આવેલ. તે સંજોગોમાં તેમના દ્વારા ઈન્ટરવ્યુ ગોઠવવામાં આવેલ છે. વધુમાં તેમની રજૂઆત છે કે, વહીવટ તબદીલીના કિસ્સામાં ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫-એચ લાગુ પાડી શકાય નહીં. વધુમાં તેમની રજૂઆત છે કે, પંચાયત દ્વારા આ મુલાકાત તે તર્કટી હોય તેમ જે રજૂઆત કરેલ છે તેનો તેઓએ ઈન્કાર કરેલ છે તથા સદરહુ વહેવાર બોગસ, પાયાવિહોણો અને ગેરકાયદેસરનો છે તેવી પંચાયતની રજૂઆતનો તેઓએ ઈન્કાર કરેલ છે અને પંચાયત દ્વારા જે દાદ માંગવામાં આવેલ છે તે વાજબી નથી તેમ જણાવેલ છે. વધુમાં તેમના દ્વારા પંચાયતે માંગણાના નિવેદમાં જે કોઈ દાદ માંગેલ છે તે મેળવવા હક્કદાર ન હોઈ રદ કરવા જણાવેલ છે.

૬. કેસનું રેકર્ડ જોતાં નવનીત પ્રેસ લી., દ્વારા આંક-૪૫થી માંગણાના નિવેદનનો લેખીત જવાબ રજૂ કરેલ છે અને જેમાં તેઓની ટૂંકમાં રજૂઆત છે કે, ઉપરોક્ત તકરાર તે કાયદેસર રીતે ચાલવાપાત્ર નથી અને સદરહુ તકરાર બાબતે કોઈ માંગણી ઉપસ્થિત કરેલ ન હોઈ તે રદ થવાને પાત્ર છે તથા ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨(કે) મુજબ ઔદ્યોગિક તકરાર ન હોઈ રેફરન્સ ચાલવા પાત્ર નથી વધુમાં સંસ્થાની રજૂઆત છે કે, રેફરન્સ તે ''વેગ'' છે તથા ઔદ્યોગિક તકરારની અનુસૂચિ જોતાં જ જણાઈ આવે છે કે તે ચાલવાપાત્ર નથી તથા ગુજરાત મઝદુર પંચાયતને આ બાબતે કોઈ ''લોકસ સ્ટેન્ડી'' ન હોઈ તથા ઔદ્યોગિક ન્યાયપંચની હકુમતમાં આવતું ન હોઈ રેફરન્સ ગેરકાયદેસર છે. વધુમાં તેઓની રજૂઆત છે કે, ''ફેકટમ ઓફ ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગ'' એટલે કે અન્ડરટેકીંગની તબદીલી બાબતે તકરારની એવી મહત્વની બાબત તે સ્વીકારાયેલ હોઈ તથા અન્ડરટેકીંગની ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ એફ-એફ મુજબની કાયદેસરની તબદીલી હોઈ ઔદ્યોગિક ન્યાયપંચને હકુમત નથી. વધુમા સંસ્થાની રજૂઆત છે કે, સંસ્થાની તબદીલી તે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ એફ-એફ મુજબ છે તથા પ્રથમ પક્ષકાર સંસ્થાએ આ બાબતે જરૂરી હકીકતો અંગે વિગતવાર સોગંદનામું રજૂ કરેલ છે તેમ રજૂઆત કરેલ છે. વધુમાં યુનીયન દ્વારા તેઓના માંગણાના નિવેદનના પેરા-૧ થી ૫ માં જે આક્ષેપો કરવામાં આવેલ છે તે તમામ

INDEX

આક્ષેપો અને રજૂઆતોનો સંસ્થાએ ઈન્કાર કરેલ છે તથા તે પૈકી કેટલીક બાબતો તે અપ્રસ્તુત છે તેનો ઈન્કાર કરેલ છે. વધુમાં સદરહુ અન્ડરટેકીંગ તબદીલી કરવાનું કૃત્ય તે ન માનવાને લાયક, સામ અને બોગસ છે તેવી યુનીયનના માંગણાના નિવેદનની રજૂઆતોનો પણ સંસ્થાએ ઈન્કાર કરેલ છે તથા શ્રી દવે વિરૂદ્ધ જે આક્ષેપો કરવામાં આવેલ છે તેનો પણ સંસ્થાએ ઈન્કાર કરેલ છે. વધુમાં કામદારો તે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫-એચ મુજબ હસ્તાંતરકર્તા કે હસ્તાંતરગ્રહીતામાં રીએમ્પ્લોયમેન્ટ મેળવવા હક્કદાર છે તેવી તમામ બાબતોનો ઈન્કાર કરેલ છે તથા ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫ એફ-એફ ના કિસ્સામાં સેકશન ૨૫-એન લાગુ પડે છે તેવી યુનીયનની રજૂઆત તથા સંસ્થાએ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ જી નો ભંગ કરેલ છે તેવી તમામ રજૂઆતોનો સંસ્થા દ્વારા ઈન્કાર કરવામાં આવેલ છે. વધુમાં સંસ્થાની ટૂંકમાં રજૂઆત છે કે, હસ્તાંતરકર્તા દ્વારા ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫ એફ-એફ ધ્યાન ઉપર લેતાં તેમના દ્વારા ₹ ૨,૬૫,૦૦,૦૦૦/- ની ચૂકવણી કામદારોને કરવામાં આવેલ છે અને તે બાબત યુનીયને બીરદાવવી જોઈએ અને આ તમામ સંજોગોને ધ્યાન ઉપર લેતાં કામદારો તે તેમના માંગણાના નિવેદનમાં માંગેલ દાદ મેળવવા હક્કદાર નથી અને તેઓ રીએમ્પ્લોયમેન્ટ કે પગાર હસ્તાંતરકર્તા કે હસ્તાંતરગ્રહીતા જોડેથી મેળવવા હક્કદાર થતાં નથી તેમ જણાવેલ છે તથા ઉપરોક્ત કેસમાં રજૂ થયેલ રજૂઆતો અને રેકર્ડને ધ્યાન ઉપર લેતાં યુનીયનની માંગણી રદ કરવી જોઈએ તેમ જણાવેલ છે.

કેસની સંક્ષિપ્ત કાર્યવાહી

૭. **બીજા પક્ષકાર નં. ૧ ગુજરાત મઝદુર પંચાયત તરફે કેસની સંક્ષિપ્ત કાર્યવાહી :-**

કેસનું રેકર્ડ જોતાં બીજા પક્ષકાર નં. ૧ યુનીયન ગુજરાત મઝદુર પંચાયત દ્વારા ઉપરોક્ત કેસના ચાલતા દરમ્યાન આંક-૮થી વચગાળાની રાહત અરજી દાખલ કરેલ હતી અને જેમાં તેમના દ્વારા સંસ્થાનું તબદીલીનું પગલું બોગસ, સામ એરેન્જમેન્ટ હોઈ, તમામ કામદારોને નોકરીમાં પડેલ દિવસોનો પગાર સાથે સળંગ સર્વીસ સાથે રાખે તેવી માંગણી કરેલ હતી તથા સંસ્થાનું પગલું ગેરકાયદેસર, ગેરવ્યાજબી, સામ અને બોગસ જાહેર કરી મૂળ રેફરન્સનો નિકાલ ન આવે ત્યાં સુધી વચગાળાની રાહત રૂપે છટણી થયેલ તમામ કામદારોને નોકરીમાં લઈ પડેલા દિવસોનો પગાર ચૂકવી આપવો જોઈએ તથા જ્યાં સુધી વિવાદનો નિકાલ ન આવે ત્યાં સુધી નવા કામદારોની ભરતી સંસ્થા ન કરે તેવી દાદ માંગેલ હતી તથા કેસનું રેકર્ડ જોતાં અમારા પૂરોગામી ન્યાયપંચ દ્વારા તા. ૨૪-૧૧-૯૭ના રોજ ગુજરાત મઝદુર પંચાયતની આંક-૮ની વચગાળાની રાહત અરજી રદ કરવામાં આવેલ હતી. વધુમાં કેસનું રેકર્ડ ધ્યાન ઉપર લેતાં બીજા પક્ષકાર યુનીયન ગુજરાત મઝદુર પંચાયત દ્વારા સદરહુ હુકમ નામ. ગુજરાત હાઈકોર્ટમાં સ્પે. સી. એ. નં. ૮૭૫૮/૯૭થી પડકારેલ હતો અને તેમાં નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા કેટલાક સૂચનો સાથે રીટ પીટીશનનો નિકાલ કરેલ હતો. અત્રે એ બાબતની પણ નોંધ લેવી ઘટે કે, ગુજરાત મજદુર પંચાયત દ્વારા ઉપરોક્ત સ્પે. સી.એ. નં. ૮૭૫૮/૯૭ ના કામમાં મીસેલીનસ સીવીલ એપ્લીકેશન નં. ૫૩૧/૯૯ તે રીસ્ટોરેશન એપ્લીકેશન દાખલ કરેલ હતી.

INDEX

વધુમાં કેસનું રેકર્ડ ધ્યાન ઉપર લેવામાં આવે તો બીજા પક્ષકાર ગુજરાત મજદુર પંચાયત દ્વારા આંક-૩૩ થી વચગાળાની રાહત અરજી દાખલ કરેલ હતી તથા આંક-૪૦ થી સદરહુ કેસ તાત્કાલિક સુનાવણી કરવા અંગેની અરજી દાખલ કરેલ હતી તથા આંક-૩૬ થી સંસ્થા દ્વારા વચગાળાની રાહત અરજીનો જવાબ રજૂ કરેલ હતો તથા આંક-૪૨થી એવરેસ્ટ પ્રેસ લી. દ્વારા ગુજરાત મઝદુર પંચાયતની આંક-૪૦ની અરજીનો જવાબ રજુ કરેલ હતો. વધુમાં કેસનું રેકર્ડ ધ્યાન ઉપર લેતાં આંક-૨૩થી ગુજરાત મઝદુર પંચાયત દ્વારા ઉપરોક્ત કામમાં નવનીત પબ્લીકેશન (ઈન્ડીયા) લી., સંદીપ એજન્સી, નવનીત પ્રકાશનની તમામ ભાગીદારી કંપનીઓ તથા અન્ય કંપનીઓને ઉપરોક્ત વિવાદમાં પક્ષકાર તરીકે દાખલ કરવા અરજી દાખલ કરેલ હતી અને જેમાં અમારા પુરોગામી ન્યાયપંચ દ્વારા તા. ૩-૩-૨૦૦૦ના રોજ આંક-૨૯થી વિગતવાર હુકમ કરી બીજા પક્ષકાર યુનીયન ગુજરાત મજદુર પંચાયાતની આંક-૨૩ની અરજી રદ કરેલ હતી. વધુમાં કેસનું રેકર્ડ જોતાં આંક-૫૧થી ગુજરાત મઝદુર પંચાયતના પ્રમુખ શ્રી પી. ચીદમ્બરમનું સોગંદનામું રજૂ કરવામાં આવેલ હતું તથા આંક-૫૩થી નવનીત પ્રેસ લી. તરફે તેઓનો જવાબ રજૂ કરવામાં આવેલ હતો તથા અમારા પુરોગામી ન્યાયપંચ દ્વારા આંક-૫૧ અને ૫૩ નીચે તા. ૮-૧-૨૦૦૧ના રોજ હુકમ કરી ગુજરાત મઝદુર પંચાયત તરફે આંક-૫૧થી જે સોગંદનામું રજૂ કરવામાં આવેલ છે તેને રેકર્ડ ઉપર રાખવાનો હુકમ કરવામાં આવેલ હતો તથા સંસ્થાને તે બાબતે વળતું સોગંદનામું રજૂ કરવું હોય તો તે કરી શકે છે તેમ હુકમ કરેલ હતો. વધુમાં યુનીયન તરફથી યુનીયન કોઈ મૌખિક સાક્ષી પુરાવા તપાસવા હોય તો તેવા સાક્ષી રજૂ કરી તપાસી શકે છે અને જેની સંસ્થા ઉલટતપાસ કરી શકે છે તેવો હુકમ કરવામાં આવેલ હતો. વધુમાં આંક-૫૭ થી યુનીયન તરફે અરજી રજૂ કરી ઉપરોક્ત કામમાં આંક-૫૬થી નવીનચંદ્ર નાનજી શાહનું જે સોગંદનામું રજૂ થયેલ હતું તેની ઉલટતપાસ કરવા બાબતની માંગણી કરેલ હતી અને જેમાં અમારા પુરોગામી ન્યાયપંચ દ્વારા તા. ૪-૯-૨૦૦૧ના રોજ વિગતવાર હુકમ કરી આંક-૫૭ની અરજી રદ કરેલ હતી.

વધુમાં કેસનું રેકર્ડ જોતાં ગુજરાત મઝદુર પંચાયત તરફે આંક-૬૨થી તેઓના સાક્ષી બાબુજી કેશુજી દરબારની સોગંદ ઉપર સરતપાસ અને ઉલટતપાસ થયેલ છે તથા આંક-૭૭થી તેઓના અન્ય સાક્ષી લક્ષ્મણભાઈ ભેરૂજી રાજમુનીની સોગંદ ઉપર સરતપાસ અને ઉલટતપાસ થયેલ છે આંક-૮૧થી દલપતસિંહ રામસિંહ ગોહીલની સોગંદ ઉપર સરતપાસ અને ઉલટતપાસ થયેલ છે તથા આંક-૯૪ થી કિશોર વામનરાય નગરાડેની સોગંદ ઉપર સરતપાસ અને ઉલટતપાસ થયેલ છે તથા આંક-૯૭થી ગુજરાત મઝદુર પંચાયતના અન્ય સાક્ષી તેજસીંગ ગૌતમસીંગ રાજપુતની સોગંદ ઉપર સરતપાસ અને ઉલટતપાસ થયેલ છે તથા આંક-૯૮થી બીજા પક્ષકાર નં. ૧ ગુજરાત મઝદુર પંચાયત તરફે મૌખિક પુરાવો બંધ કરતી પુરસીસ રજૂ થયેલ છે. વધુમાં કેસનું રેકર્ડ જોતાં ગુજરાત મઝદુર પંચાયત દ્વારા આંક-૧૦૧ તથા ૧૦૬ થી ઉપરોક્ત કામમાં સાક્ષી સમન્સની અરજી રજૂ કરેલ હતી અને જેમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનના એસેસર એન્ડ ટેક્ષ કલેક્ટર (પૂર્વ ઝોન), રખીયાલ ઝોનલ ઓફીસના માહીતગાર માણસોને જરૂરી દસ્તાવેજો સાથે હાજર રહેવા અરજી રજૂ કરેલ હતી અને જેમાં પક્ષકારોની રજૂઆતોને સાંભળી અમારા પૂરોગામી

INDEX

ન્યાયપંચ દ્વારા તા. ૬-૪-૨૦૦૫ના રોજ ગુજરાત મઝદુર પંચાયતની આંક-૧૦૧ અને ૧૦૬ની અરજી ગ્રાહ્ય રાખી આંક-૧૦૧માં દર્શાવેલ દસ્તાવેજો સાથે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એસેસેર એન્ડ ટેક્ષ કલેક્ટરને સાક્ષી સમક્ષ કાઢવાનો હુકમ કરવામાં આવેલ હતો તથા કેસનું રેકર્ડ જોતાં આંક-૧૧૧થી બીજા પક્ષકાર નં. ૧ ગુજરાત મઝદુર પંચાયત દ્વારા સાક્ષી સમન્સના સાક્ષી ઉમેશભાઈ રઘજીભાઈ ચૌધરીની સોગંદ ઉપર સરતપાસ થયેલ છે તથા પ્રથમ પક્ષકાર દ્વારા તેની ઉલટતપાસ લેવામાં આવેલ છે તથા આંક-૧૧૪ થી સાક્ષી સમન્સના સાક્ષી દ્વારા કેટલા દસ્તાવેજો રજૂ કરવામાં આવેલ છે અને જેમાં આંક-૧૧૪/૩ થી આંક-૧૧૪/૧૦ ને પાકો આંક-૧૧૫ થી ૧૨૨ આપવામાં આવેલ છે.

૮. બીજા પક્ષકાર નં. ૨ ગુજરાત કામગાર પંચાયત તરફે કેસની સંક્ષિપ્ત કાર્યવાહી :

કેસનું રેકર્ડ જોતાં તથા ઔદ્યોગિક તકરારની અનુસૂચિ જોતાં ઉપરોક્ત વિવાદમાં પ્રાયોજક યુનીયન ગુજરાત મઝદુર પંચાયત છે તથા આંક-૧૨૬ થી ઉપરોક્ત કામમાં ગુજરાત કામગાર પંચાયત તે જરૂરી પક્ષકાર તરીકે દાખલ કરવાની અરજી રજૂ કરેલ છે તથા તેની સાથે કેટલાક દસ્તાવેજો રજૂ કરવામાં આવેલ છે અને જેમાં પ્રથમ પક્ષકાર સંસ્થાની રજૂઆત ધ્યાન ઉપર લઈ અમારા પુરોગામી ન્યાયપંચ દ્વારા ગુજરાત કામગાર પંચાયત નામના યુનીયન દ્વારા આંક-૧૨૬ થી પક્ષકાર તરીકે દાખલ કરવાની અરજીના અનુસંધાનમાં તા. ૨૩-૧-૨૦૦૬ના રોજ તેઓને દાખલ કરવામાં આવેલ હતા અને તે રીતે ગુજરાત કામગાર પંચાયત તે ઉપરોક્ત વિવાદમાં બીજા પક્ષકાર નં. ૨ યુનીયન તરીકે દાખલ થયેલ છે.

વધુમાં કેસનું રેકર્ડ ધ્યાન ઉપર લેવામાં આવે તો આંક-૧૩૩ થી ગુજરાત કામગાર પંચાયત દ્વારા કેટલાક દસ્તાવેજો રજૂ કરવામાં આવેલ છે અને આંક-૧૩૪ ની પુરસીસ રજુ કરી તેઓએ નામદાર ન્યાયપંચ સમક્ષ રજૂઆત કરેલ છે કે, ઉપરોક્ત કામમાં ગુજરાત મઝદુર પંચાયત દ્વારા આંક-૭ થી જે માંગણાનું નિવેદન રજૂ કરેલ છે તે તેઓ સ્વીકારે છે અને તેઓ નવું કોઈ માંગણાનું નિવેદન નામ. ન્યાયપંચ સમક્ષ રજૂ કરવા માંગતા નથી તેમ પુરસીસથી રજૂઆત કરેલ છે અને જેની ન્યાયપંચ દ્વારા નોંધ લેવામાં આવેલ છે. હવે ગુજરાત કામગાર પંચાયત તરફે ઉપરોક્ત કેસમાં આવેલી સંક્ષિપ્ત કાર્યવાહીને ધ્યાન ઉપર લેવામાં આવે તો આંક-૧૩૮ થી ગુજરાત કામગાર પંચાયત દ્વારા આંક-૧૩૮/૧ થી ૧૩૮/૨૧ ના દસ્તાવેજો રજૂ કરેલ છે અને જેમાં આંક-૧૩૮/૧૫, ૧૩૮/૧૬ અને ૧૩૮/૧૭ ના દસ્તાવેજો સિવાયના અન્ય તમામ દસ્તાવેજોને પક્ષકારોની રજૂઆતને ધ્યાન ઉપર લેતાં પાકો આંક આપવામાં આવેલ છે અને જેમાં આંક-૧૩૮/૧ થી ૧૩૮/૧૪ ને પાકો આંક-૪૨૭ થી ૪૪૦ તથા આંક-૧૩૮/૧૮ થી ૧૩૮/૨૧ ને પાકો આંક-૪૪૧ થી ૪૪૪ આપવામાં આવેલ છે અને તેમાં નવનીત પ્રકાશન અને વિકાસ પ્રીન્ટરીના સમાધાનની નકલ, નવનીત પ્રકાશનના કામદારો અને મેનેજમેન્ટ વચ્ચેની મીનટસ, રેફરન્સ (એલસીએડી) ૯૭ / ૯૦ના એવોર્ડની ઝેરોક્ષ, નવનીત પબ્લીકેશનનો પત્ર, ૧૯૯૪-૯૫ ના ડાયરેકટરોના નામ,

INDEX

તેવી જ રીતે સને ૨૦૦૦-૦૧ના બેલેન્સશીટમાં જણાવ્યા મુજબના ડાયરેકટરોના નામ, નવનીત પબ્લીકેશન(ઈન્ડીયા) લી.ની સને ૨૦૦૩-૦૪ તથા ૨૦૦૪-૦૫ ની બેલેન્સશીટની નકલ તેમજ નવનીત પબ્લીકેશન(ઈન્ડીયા) લી.ના શેર હોલ્ડરોની મીટીંગ બાબતનો પત્ર રજૂ થયેલ છે.

વધુમાં બીજા પક્ષકાર નં. ૨ ગુજરાત કામગાર પંચાયત દ્વારા ઔદ્યોગિક ન્યાયપંચ સમક્ષ આંક-૧૪૦ ની અરજી રજૂ કરી ઔદ્યોગિક ન્યાયપંચના આંક-૨૩ હેઠળના હુકમમાં ફેરવિચારણા કરી અન્ય કંપની અને ભાગીદારી પેઢીને જરૂરી પક્ષકાર તરીકે દાખલ કરવાની રજૂઆત કરેલ હતી. વધુમાં આંક-૧૪૨ થી નવનીત પ્રેસ લી.ના સને ૧૯૯૫-૯૬ થી ૨૦૦૧-૦૨ સુધીના વાર્ષિક હિસાબો, મેમોરેન્ડમ ઓફ એસોસીએશન તથા આર્ટીકિલ ઓફ એસોસસીએશન, કંપની રજીસ્ટ્રાર તરફથી આપવામાં આવેલ નોંધણીનું પ્રમાણપત્ર, સને ૧૯૯૫-૯૬ થી ૨૦૦૧-૦૨ સુધીના નવનીત પ્રેસ લી.ના ડાયરેકટરોના નામની યાદી તથા શ્રી અમરચંદ ગાલા તથા અન્ય પાંચ વ્યક્તિઓના સને ૧૯૯૭-૯૮ થી ૨૦૦૦-૦૧ ના વ્યક્તિગત ઈન્કમટેક્ષ રીટર્નની માંગણી કરેલ હતી. તેવી જ રીતે આંક-૧૪૪ થી મે. એવરેસ્ટ પ્રેસ લી.ને રજીસ્ટ્રાર ઓફ કંપનીઝ તરફથી આપવામાં આવેલ નોંધણીનું પ્રમાણપત્ર, સને ૧૯૯૭-૯૮ થી ૨૦૦૪-૦૫ ના વાર્ષિક હિસાબો, મેમોરેન્ડમ ઓફ એસોસીએશન તથા આર્ટીકિલ ઓફ એસોસીએશન, એવરેસ્ટ પ્રેસ લી. ના સને ૧૯૯૭-૯૮ થી ૨૦૦૬ સુધીના ડાયરેકટરોના નામની યાદી, શ્રી ગુણવંતભાઈ દવે અને અન્ય બે વ્યક્તિઓના સને ૧૯૯૭-૯૮ થી ૨૦૦૦-૦૧ ના વર્ષ સુધીના વ્યક્તિગત ઈન્કમટેક્ષ રીટર્ન રજૂ કરવા અરજી કરેલ છે અને જેમાં પ્રથમ પક્ષકાર સંસ્થાનો જવાબ અને પક્ષકારોની રજૂઆતો સાંભળ્યા બાદ ઔદ્યોગિક ન્યાયપંચ દ્વારા તા. ૧૯-૮-૨૦૦૬ના રોજ વિગતવાર હુકમ કરી ગુજરાત કામગાર પંચાયતની આંક-૧૪૦ની અરજી રદ કરવામાં આવેલ હતી તથા આંક-૧૪૨ અને ૧૪૪ ની દસ્તાવેજો રજૂ કરવાની અરજીના અનુસંધાનમાં યોગ્ય હુકમ કરવામાં આવેલ હતો તથા આંક-૧૩૫ અને ૧૩૬ ની અરજી તે હુકમના અવલોકનોને ધ્યાન ઉપર લેતાં ફેસલ કરવામાં આવેલ હતી તથા આંક-૧૫૦ તે આંક-૧૫૫ ની સાથે વાંચતા મે. એવરેસ્ટ પ્રેસ લી.ને ઉપરોકત કામમાં પ્રથમ પક્ષકાર નં. ૨ તરીકે દાખલ કરવા હુકમ કરવામાં આવેલ છે. કેસનું રેકર્ડ જોતાં ઔદ્યોગિક ન્યાયપંચ દ્વારા આંક-૧૩૫, ૧૩૬, ૧૪૦, ૧૪૨, ૧૪૪ અને ૧૫૦ નીચે તા. ૧૯-૮-૨૦૦૬ના રોજ જે હુકમ કરવામાં આવેલ હતો તે હુકમ બીજા પક્ષકાર નં. ૨ ગુજરાત કામગાર પંચાયત દ્વારા નામ. ગુજરાત હાઈકોર્ટમાં સ્પે. સી. એ. નં. ૧૯૩૦૨/૦૬ થી પડકારવામાં આવેલ હતો અને જેમાં નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા તા. ૧૨-૨-૨૦૦૭ ના રોજ પીટીશનરની પીટીશન રદ કરવામાં આવેલ હતી અને જેની વિરૂદ્ધ ગુજરાત કામગાર પંચાયત દ્વારા નામ. ગુજરાત હાઈકોર્ટમાં એલ.પી.એ.નં. ૧૦૮૨/૦૭ દાખલ કરવામાં આવેલ હતી અને જે નામ. ગુજરાત હાઈકોર્ટની ડીવીઝન બેન્ચ દ્વારા તા. ૪-૭-૨૦૦૭ના રોજ રદ કરવામાં આવેલ છે તે રેકર્ડ જોતાં જણાઈ આવે છે.

વધુમાં કેસનું રેકર્ડ જોતાં બીજા પક્ષકાર નં. ૨ ગુજરાત કામગાર પંચાયત દ્વારા આંક-૧૫૭ થી આંક-૨૦૩ તેવા વિવિધ લીસ્ટથી કેટલાક દસ્તાવેજો રજૂ કરવામાં આવેલ છે. અને કેસનું રેકર્ડ

INDEX

જોતાં જેમાં પક્ષકારોની રજૂઆતને ધ્યાન ઉપર લેતાં આંક-૧૬૪ થી આંક-૨૦૩ ના દસ્તાવેજોને પાકો આંક-૪૪૯ થી આંક-૫૪૦ આપવામાં આવેલ છે અને જેમાં જુદા જુદા કામદારોની હાજરી, પગાર ચીઠ્ઠી, ઓળખકાર્ડની નકલ તેવા દસ્તાવેજો રજૂ કરવામાં આવેલ છે. વધુમાં બીજા પક્ષકાર નં. ૨ ગુજરાત કામગાર પંચાયત દ્વારા આંક-૨૧૭ ની અરજી રજૂ કરી પ્રથમ પક્ષકાર સંસ્થા પૂરેપૂરા દસ્તાવેજો આપ્યા બાદ જ તેમનો પુરાવો શરૂ કરશે તેવી અરજી રજૂ કરેલ હતી અને જેમાં પક્ષકારોની રજૂઆતને ધ્યાન ઉપર લેતાં ઔદ્યોગિક ન્યાયપંચ દ્વારા તા. ૧૯-૨-૨૦૦૭ ના રોજ બીજા પક્ષકાર નં. ૨ યુનીયનની અરજી રદ કરવામાં આવેલ હતી. વધુમાં કેસનું રેકર્ડ ધ્યાન ઉપર લેતાં ગુજરાત કામગાર પંચાયત દ્વારા ઉપરોકત કામમાં રજીસ્ટ્રાર ઓફ કંપનીઝને દસ્તાવેજો રજૂ કરવા માહિતગાર અધિકારીને ન્યાયપંચ સમક્ષ હાજર રહેવા અરજી કરી દાદ માંગેલ હતી અને જેમાં બન્ને પક્ષકારોને રજૂઆતને ધ્યાન ઉપર લેતાં ઔદ્યોગિક ન્યાયપંચ દ્વારા તા. ૨૮-૯-૨૦૦૭ના રોજ રજીસ્ટ્રાર ઓફ કંપનીઝને સાક્ષી સમન્સ કાઢી મે. એવરેસ્ટ પ્રેસ લી.ના વાર્ષિક હિસાબો તથા કંપનીના બોર્ડ ઓફ ડીરેકટર્સના નામની યાદી લઈ હાજર રહે તે અરજી પ્રીમેચ્યોર હોઈ તે બાબતને ધ્યાન ઉપર લેતાં ન્યાયપંચ દ્વારા હાલના તબક્કે રદ કરવાનો હુકમ કરેલ હતો. વધુમાં કેસનું રેકર્ડ ધ્યાન ઉપર લેતાં આંક-૨૩૯ થી બીજા પક્ષકાર નં. ૨ દ્વારા કેટલાક દસ્તાવેજો રજૂ કરવામાં આવેલ છે.

તથા આંક-૨૪૦ થી બીજા પક્ષકાર નં. ૨ ગુજરાત કામગાર પંચાયત તરફે તેઓના સાક્ષી બાબુભાઈ મોતીભાઈ રાવલની સોગંદ ઉપર સરતપાસ અને ઉલટતપાસ થયેલ છે તથા આંક-૨૪૧ થી બીજા પક્ષકાર નં. ૨ ગુજરાત કામગાર પંચાયત દ્વારા ઔદ્યોગિક ન્યાયપંચ સમક્ષ અરજી રજૂ કરી ઉપરોકત કામમાં મે. એવરેસ્ટ પ્રેસ લી. તેનું કાયમી સરનામું રજૂ કરે તેવી અરજી કરેલ હતી અને જેમાં પક્ષકારોના પ્રતિનિધિઓને સાંભળી ઔદ્યોગિક ન્યાયપંચ દ્વારા તા. ૫-૩-૨૦૦૯ના રોજ હુકમ કરી ઔદ્યોગિક વિવાદ ધારાના ઉદ્દેશને ધ્યાનમાં લેતા કેસના આખરી નિર્ણયમાં સરળતા રહે તે ઉદ્દેશથી મે. એવરેસ્ટ પ્રેસ લી. ને સત્તાવાર સરનામું રેકર્ડ ઉપર રજુ કરવા હુકમ કરેલ હતો. વધુમાં કેસનું રેકર્ડ જોતાં આંક-૨૪૬ થી સબંધિત કામદાર પૈકી પોપટભાઈ ઠાકોર દ્વારા અરજી રજૂ કરી બ્રાન્ચ મેનેજર, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાને મે. એવરેસ્ટ પ્રેસ લી.ના તા. ૧-૯-૧૯૯૯ થી ૩૧-૧૨-૧૯૯૯ સુધીના સ્ટેટમેન્ટ અને ઉતારો લઈ હાજર રહેવા અરજી રજૂ કરેલ હતી અને જેમાં પક્ષકારોની રજૂઆતને ધ્યાન ઉપર લેતાં અમારા પુરોગામી ન્યાયપંચ દ્વારા આંક-૨૪૬ અને ૨૫૮ નીચે તા. ૧૩-૪-૨૦૧૦ના રોજ હુકમ કરી મે. નવનીત પ્રેસ લી. તથા મે. વીલસન્સ કોર્પોરેશન બાબતના દસ્તાવેજો રજૂ કરવાની અરજી નામંજૂર કરવામાં આવેલ હતી તથા મે. એવરેસ્ટ પ્રેસ લી. બાબતે બેન્ક સ્ટેટમેન્ટ અને ખાતાનો ઉતારો રજૂ કરવા સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાને સાક્ષી સમન્સ કાઢવા હુકમ કરવામાં આવેલ હતો તથા કેસનું રેકર્ડ જોતાં આંક-૨૫૪ થી ગુજરાત કામગાર પંચાયત દ્વારા કેટલાક દસ્તાવેજો રજૂ કરવામાં આવેલ છે અને જેમાં સેન્ટ્રલ પબ્લીક ઈન્ફોર્મેશન કમિશનરની અપીલ અને દસ્તાવેજો, તેઓનો હુકમ વગેરે રજૂ કરેલ છે અને કેસનું રેકર્ડ જોતાં પક્ષકારોની રજૂઆત ધ્યાન ઉપર લેતાં આંક-૨૫૪/૧ થી

INDEX

૨૫૪/૪ ને પાકો આંક-૫૪૧ થી ૫૪૪ આપવામાં આવેલ છે. વધુમાં કેસનું રેકર્ડ ધ્યાન ઉપર લેતાં આંક-૨૭૨ થી સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, ગુજરાત વેપારી મહામંડળ, ઓઢવ દ્વારા સાક્ષી સમન્સના અનુસંધાને મે. એવરેસ્ટ પ્રેસ લી. નો ખાતાનો અસલ ઉતારો રજૂ કરવામાં આવેલ છે અને જેને પાકો આંક-૫૬૫ પડેલ છે અને ત્યારબાદ કેસનું રેકર્ડ ધ્યાન ઉપર લેતાં આંક-૨૭૭ થી બીજા પક્ષકાર નં. ૨ ગુજરાત કામગાર પંચાયત દ્વારા તેઓ ઉપરોકત કેસમાં વધુ કોઈ પુરાવો લેવા માંગતા નથી તેમ જણાવી મૌખિક પુરાવા રજૂ કરવાનો હક્ક બંધ કરેલ છે.

વધુમાં બીજા પક્ષકાર નં. ૨ ગુજરાત કામગાર પંચાયત દ્વારા આંક-૨૮૨ થી આશરે ૧૭ જેટલા દસ્તાવેજો રજૂ કરવામાં આવેલ છે અને જેમાં નવનીત પ્રકાશન કેન્દ્ર અને તેના કામદારો વચ્ચેનો વિવાદ ન્યાયપંચને સુપ્રત કરવા બાબત, ગાલા પબ્લીશર્સ અને તેના કામદારો વચ્ચેનું સમાધાન, સંદીપ એજન્સી અને તેના કામદારો વચ્ચેનું સમાધાન, મમતા ટાઈપ સેટીંગ વર્કસ અને તેના કામદારોનો રેફરન્સ હુકમ અને સમાધાન, અંકુર ઓફસેટ, સુરેખ બાઈન્ડીંગ વર્કસ, કે. કે. પ્રોસેસર્સ, વિકાસ પ્રીન્ટરી વગેરેનો રેફરન્સ હુકમ અને સમાધાન તથા રંગ મલ્ટીકલર ઓફસેટનો રેફરન્સ હુકમ વગેરે રજૂ કરેલ છે અને જેમાં બન્ને પક્ષકારોની રજુઆતને ધ્યાન ઉપર લેતાં આંક-૨૮૨/૧ થી ૨૮૨/૧૭ ને પાકો આંક-૫૪૮ થી ૫૬૪ આપવામાં આવેલ છે. તેવી જ રીતે આંક-૨૮૧ થી યુનીયન દ્વારા તા. ૪-૯-૧૯૯૨ નો સંદીપ એજન્સી અને ગુજરાત મઝદુર પંચાયત વચ્ચેના કરાર, ધોરણ-૮ ની વિજ્ઞાનની સુધારેલી ચોથી આવૃત્તિ તથા ધોરણ-૧૧ નો અપેક્ષિત પ્રશ્નસંગ્રહ રજૂ કરેલ છે તથા આંક-૩૦૪ થી ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદ સમક્ષ રેફરન્સ(આઈ.ટી.) નં. ૪૩૬/૯૦ ની અસલ ફાઈલ રજૂ કરવા રજૂઆત કરેલ છે અને જેમાં ઔદ્યોગિક ન્યાયપંચ દ્વારા રજીસ્ટ્રાર, ઔદ્યોગિક ન્યાયપંચને અસલ ફાઈલ ન્યાયપંચ સમક્ષ રજૂ કરવા જણાવતો હુકમ કરેલ હતો અને તે મુજબ તે વિવાદની અસલ ફાઈલ હાથ ઉપરના વિવાદ સાથે રાખવામાં આવેલ છે. વધુમાં યુનીયન દ્વારા આંક-૪૧૩ થી પ્રથમ પક્ષકાર સંસ્થા નં. ૨ નો મૌખિક પૂરાવો રીઓપન કરવા તથા પ્રથમ પક્ષકાર નં. ૨ ના ડાયરેકટરશ્રી ગુણવંતભાઈ દવે અને અમરીશભાઈ દવેને નામ. કોર્ટ સમક્ષ હાજર કરવા અને તેઓને કાયદા અને હકીકતના મુદ્દા અંગે પૂછપરછ કરવા દેવાની અરજી રજૂ કરવામાં આવેલ હતી અને જેમાં ઔદ્યોગિક ન્યાયપંચ દ્વારા પક્ષકારોની રજૂઆત ધ્યાન ઉપર લેતાં તા. ૮-૧૦-૨૦૦૨ ના રોજ યુનીયનની આંક-૪૧૩ ની અરજી રદ કરેલ હતી તથા ત્યારબાદ યુનીયન દ્વારા આંક-૪૧૭ થી સંસ્થા તે ઔદ્યોગિક વિવાદ ખામીયુકત છે તેવી કોઈપણ પ્રકારની રજૂઆત કરવા હક્કદાર નથી તેવી પુરસીસ રજૂ કરેલ હતી તથા આંક-૪૧૮ થી પ્રથમ પક્ષકાર નં. ૨ દ્વારા તેઓના લેખીત જવાબ અને દસ્તાવેજી પુરાવા પુરવાર કરી શકેલ ન હોઈ તેઓના લેખીત જવાબ અને દસ્તાવેજો આખરી દલીલ વખતે ધ્યાન ઉપર ન લેવા બાબતની પુરસીસ રજૂ કરેલ હતી અને જેમાં પક્ષકારોની રજૂઆત સાંભળી ઔદ્યોગિક ન્યાયપંચ દ્વારા તા. ૧૮-૧૨-૨૦૧૨ ના રોજ બીજા પક્ષકાર નં. ૨ ગુજરાત કામગાર પંચાયતની આંક-૪૧૭ અને ૪૧૮ ની પુરસીસ રદ કરવામાં આવેલ હતી તથા આંક-૪૪૭ થી ગુજરાત કામગાર પંચાયત વતીથી પ્રથમ

INDEX

પક્ષકાર નં. ૧ અને ૨ દ્વારા જે દસ્તાવેજો રજૂ કરવામાં આવેલ છે તે દસ્તાવેજોને તેમની હકીકત અને કાયદાના મુદ્દાને બાધ ન આવે તે રીતે આંકે પાડવા અંગે પુરસીસ રજૂ કરેલ હતી અને જેમાં પક્ષકારોને રજૂઆત ધ્યાન ઉપર લઈ તે પુરસીસમાં દર્શાવેલ આશરે ૧૩ જેટલા લીસ્ટને આંકે પાડવામાં આવેલ હતા. તેવી જ રીતે યુનીયન દ્વારા આંક-૬૦૪ થી આંક-૩૦૭/૧ અને ૩૦૭/૨ ના દસ્તાવેજ તથા આંક-૭૩/એ ના દસ્તાવેજને આંકે પાડવા રજૂ કરેલ હતી તથા આંક-૬૦૯ થી યુનીયન તરફે એવરેસ્ટ પ્રેસ લી. ને એમ. સી. એ. પોર્ટલ ઉપરથી મેળવેલ દસ્તાવજો રજૂ કરેલ છે તથા આંક-૬૧૦ થી ગુજરાત કામગાર પંચાયત દ્વારા આશરે ૧૩ જેટલા ચુકાદા લીસ્ટથી રજૂ કરવામાં આવેલ છે અને ત્યારબાદ તેઓએ તેમની મૌખિક દલીલ રજૂ કરેલ હતી.

૯. પ્રથમ પક્ષકાર નં. ૧ નવનીત પ્રેસ લી. તરફે કેસની સંક્ષિપ્ત કાર્યવાહી :-

કેસનું રેકર્ડ જોતાં ઉપરોકત કામમાં નવનીત પ્રેસ લી. દ્વારા આંક-૪૫ થી માંગણાનું નિવેદનનો જવાબ રજૂ કરવામાં આવેલ છે. વધુમાં કેસનું રેકર્ડ ધ્યાન ઉપર લેતાં આંક-૪૪ થી સૌ પ્રથમ નવનીત પ્રેસ લી. તરફે એડવોકેટ શ્રી એચ. એમ. ઠક્કરનું વકીલાતનામું રજૂ થયેલ છે તથા આંક-૫૩ થી સંસ્થા દ્વારા આંક-૫૧ નો જવાબ રજૂ કરવામાં આવેલ છે તથા આંક-૫૬ થી નવનીત પ્રેસ લી.ના ફોર્મલ ડાયરેકટર નવીનભાઈ શાહનું એફીડેવીટ ઈન રીપ્લાય રજૂ કરવામાં આવેલ છે તથા આંક-૫૮ થી નવનીત પ્રેસ લી. દ્વારા આંક-૨૭ ની અરજીનો જવાબ રજૂ કરવામાં આવેલ છે તથા આંક-૭૩થી નવનીત પ્રેસ લી. દ્વારા પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરવામાં આવેલ છે અને ત્યારબાદ તે બાબતે તેમના દ્વારા આગળની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. વધુમાં આંક-૧૦૨ થી સંસ્થા દ્વારા આંક-૧૦૧ ની અરજીનો જવાબ રજૂ કરવામાં આવેલ છે તથા આંક-૧૨૮ થી ગુજરાત કામગાર પંચાયત દ્વારા પક્ષકાર તરીકે દાખલ થવાની અરજીનો જવાબ રજૂ કરવામાં આવેલ છે તથા આંક-૧૪૭થી ગુજરાત કામગાર પંચાયત દ્વારા આંક-૧૪૦ થી આંક-૨૯ ના હુકમની ફેરવિચારણા કરવાની અરજીનો જવાબ રજૂ કરેલ છે. વધુમાં આંક-૪૬ થી નવનીત પ્રેસ લી. તરફે નવીનભાઈ શાહનું સોગંદનામું કેટલાક દસ્તાવેજો સાથે રજૂ કરવામાં આવેલ છે અને જેમાં ગવર્મેન્ટ લેબર ઓફીસરને લખેલ પત્ર અને તેની સાથેના બીડાણ, ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ એફ-એફ મુજબ ચુકેલ રકમનું પત્રક તથા મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેડીંગ તથા અન્ય કેટલાક દસ્તાવેજો રજૂ કરેલ છે. કેસનું રેકર્ડ જોતાં આંક-૨૦૫ થી સંસ્થા દ્વારા આંક-૨૦૪નો જવાબ રજૂ કરેલ છે તથા આંક-૨૧૩ થી નવનીત પ્રેસ લી. નું મેમોરેન્ડમ ઓફ એસોસીએશન તથા આર્ટીકલ ઓફ એસોસીએશન, કંપની રજિસ્ટ્રાર તરફથી આપવામાં આવેલ પ્રમાણપત્ર ડાયરેકટરોના નામ સહીત તથા સને ૯૫-૯૬ના વાર્ષિક હિસાબો રજૂ કરેલ છે અને જે દસ્તાવેજોને પાકો આંક-૫૭૫ અને ૫૭૬ આપવામાં આવેલ છે. વધુમાં નવનીત પ્રેસ લી. દ્વારા આંક-૨૨૪ થી સંસ્થાનું નોટરાઈઝ આર્ટીકલ ઓફ એસોસીએશન, મેમોરેન્ડમ ઓફ એસોસીએશન તથા પ્રમાણપત્ર અને સને ૯૫-૯૬, ૯૬-૯૭ના વાર્ષિક હિસાબો અને ડાયરેકટરોના નામની યાદી રજૂ કરેલ છે અને જે દસ્તાવેજોને

INDEX

પાકો આંક-૫૮૩ થી ૫૮૭ આપવામાં આવેલ છે. ત્યારબાદ કેસનું રેકર્ડ જોતાં નવનીત પ્રેસ લી. દ્વારા આંક-૨૫૯ થી ગુજરાત કામગાર પંચાયતની આંક-૨૨૮ ની અરજીનો વિગતવાર જવાંબ રજૂ કરેલ છે તથા આંક-૨૭૬ થી સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા દ્વારા રજૂ કરવામાં આવેલ દસ્તાવેજોને આંકે નહીં પાડવા બાબતનો જવાબ રજૂ કરેલ છે તથા આંક-૨૮૦ થી પ્રથમ પક્ષકાર નં. ૧ નવનીત પ્રેસ. લી. તરફે તેઓના પ્રથમ સાક્ષી શ્રી નવીનભાઈ નાનજીભાઈ શાહનું સોગંદનામું રજૂ કરવામાં આવેલ છે અને ત્યારબાદ બીજા પક્ષકાર દ્વારા તેની વિગતવાર ઉલટતપાસ લેવામાં આવેલ છે તથા આંક-૨૮૦ સાથે તેઓના દ્વારા એનેક્ષર-એ થી જી ના દસ્તાવેજો રજૂ કરવામાં આવેલ છે અને જેમાં રેફરન્સ હુકમ, એમ.ઓ.યુ., સર્ટીફીકેટ ઓફ ઈનકોર્પોરેશન ઓફ નવનીત પ્રેસ, કામદારોને જુદા જુદા હેડ નીચે ચૂકવેલ રકમનું પત્રક, તા. ૪-૮-૧૯૯૭ ની નવનીત પ્રેસ લી.ની નોટીસ, લેબર ડીપાર્ટમેન્ટે લખેલ તા. ૮-૮-૧૯૯૭નો પત્ર અને તેનો જવાબ રજૂ કરેલ છે અને જે આંક-૨૮૦/૧ થી ૨૮૦/૭ને પાકો આંક-૫૮૯ થી ૫૯૫ આપવામાં આવેલ છે તથા આંક-૨૮૪ થી આશરે ૧૮ જેટલા દસ્તાવેજો રજૂ કરવામાં આવેલ છે અને જેમાં ગુજરાત મઝદુર પંચાયત દ્વારા ગાલા પબ્લીશર્સ, મમતા ટાઈપ સેટીંગ, કુમુદ સાંકળચંદ ભાવસાર, ચુનીલાલ મોતીલાલ, જીતેન્દ્ર ભોગીલાલ ભાવસાર, કલ્યાણ મનજીભાઈ શાહ, ડુંગરશી રકનશી, હસમુખ કેશવલાલ, કે. કે. પ્રોસેસર્સ, અંકુર ઓફસેટ, નવનીત પ્રકાશન કેન્દ્ર, સુરેખ બાઈન્ડીંગ વર્કસ, રંગ મલ્ટીકલર ઓફસેટ, સંદીપ એજન્સી, વિકાસ પ્રિન્ટરી, જીતેન્દ્ર રામચંદ દવેના કામમાં ગુજરાત મઝદુર પંચાયત દ્વારા માંગણી પાછી ખેંચવાની પુરસીસ રજૂ કરેલ છે અને તે દસ્તાવેજોને આંકે પાડવા સામે વાંધો ન હોય તેમ બીજા પક્ષકારની નોંધને ધ્યાન ઉપર લેતાં આંક-૨૮૪/૧ થી ૨૮૪/૧૮ ને પાકો આંક-૨૮૬ થી ૩૦૩ આપવામાં આવેલ છે તથા આંક-૩૦૮ થી નવનીત પ્રેસ લી. દ્વારા કેટલાક દસ્તાવેજો રજૂ કરવામાં આવેલ છે અને જેમાં મેમોરોન્ડમ ઓફ અન્ડરસ્ટેડીંગને આંક-૩૦૯ પડેલ છે તથા આંક-૩૧૦થી નવનીત પ્રેસ લી. દ્વારા આશરે ૮૦ જેટલા દસ્તાવેજો રજૂ કરેલ છે અને જેમાં નવનીત પ્રેસ લી.ના શેર ટ્રાન્સફર કરવાથી જે તે વ્યક્તિને મળેલ પૈસા યુકો બેન્કમાં ભર્યા તે બેન્કની પે-ઈન સ્લીપ વગેરે દસ્તાવેજો રજૂ કરેલ છે અને પક્ષકારોની રજૂઆતને ધ્યાન ઉપર લેતાં આંક-૩૧૦/૧ થી ૩૧૦/૮૦ ને પાકો આંક-૩૩૧ થી ૩૯૦ આપવામાં આવેલ છે તથા આંક-૩૯૧ થી પણ નવનીત પ્રેસ લી. દ્વારા કેટલાક દસ્તાવેજો રજૂ કરવામાં આવેલ છે અને જેમાં કંપની ધારા નીચે રાખવા પડતા ફોર્મ-૩૨ની નકલ, રજિસ્ટ્રાર ઓફ કંપનીઝની ઓફીસની રસીદની ઝેરોક્ષ, બોર્ડ ઓફ ડીરેકટર્સની મીટીંગના ઠરાવો, એન્યુઅલ રીટર્ન જમા કર્યાના દસ્તાવેજો રજૂ કરેલ છે અને તે દસ્તાવેજોને પક્ષકારોની રજૂઆતને ધ્યાન ઉપર લેતાં આંક-૩૯૧/૧ થી ૩૯૧/૫ ને પાકો આંક-૩૯૨ થી ૩૯૬ આપવામાં આવેલ છે. તેવી જ રીતે આંક-૩૯૮ થી નવનીત પ્રેસ લી. દ્વારા નવનીત પ્રેસ લી., સુરેખ બાઈન્ડીંગ વર્કસ અને ગુજરાત મઝદુર પંચાયતના ત્રીપક્ષીય કરાર તથા તેવી જ રીતે કોન્ટ્રાકટર ગીરીશભાઈ શાહ અને રંગ મલ્ટીકલર ઓફસેટ અને યુનીયન વચ્ચેનો ત્રીપક્ષીય કરાર વગેરે રજૂ કરેલ છે અને જે આંક-૩૯૮/૧ થી ૩૯૮/૪ને પાકો આંક-૪૨૩ થી ૪૨૬ આપવામાં આવેલ છે. વધુમાં પ્રથમ પક્ષકાર નં. ૧ નવનીત પ્રેસ લી. દ્વારા આંક-૪૦૭ થી તેઓ ઉપરોકત

INDEX

કામમાં વધુ મૌખિક પૂરાવા લેવા માંગતા ન હોઈ મૌખિક પુરાવો બંધ કરતી પુરસીસ રજૂ કરેલ છે તથા આંક-૬૦૦થી કેટલાક દસ્તાવેજો રજૂ કરી મેઈઝ પ્રોડકટ, કઠવાડા અને તેના કામદારોની તકરાર, રેફરન્સ (આઈ.ટી.) નં. ૫૬૧/૯૯ના સમાધાન એવાર્ડની નકલ, જાહેર માહિતી અધિકારી અને આસીસ્ટન્ટ ડાયરેકટર, ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થનો માહિતી અધિકારીના કાયદા નીચે તા. ૪-૨-૨૦૧૩ ના રોજની માહિતીનો પત્ર રજૂ કરેલ છે તથા ગુજરાત કામગાર પંચાયત દ્વારા આંક-૧૨૬ થી રજૂ થયેલ પરિશિષ્ટ એ અને બી તથા આંક-૨૩૯/૨ થી ૨૩૯/૪ ના દસ્તાવેજોને આંકે પાડવા સામે વાંધો નથી તે બાબતની પુરસીસ રજૂ કરેલ છે તથા આંક-૬૦૫ થી આંક-૩૧૧ થી ૩૯૦ ના જે દસ્તાવેજો રજૂ કરેલ છે તે બાબતનું સ્ટેટમેન્ટ રજૂ કરેલ છે તથા આંક-૬૦૬ થી ઉપરોકત કેસમાં તેઓએ જુદી જુદી હાઈકોર્ટ તથા ઔદ્યોગિક ન્યાયપંચ તથા સુપ્રિમ કોર્ટના આશરે ૧૯ જેટલા ચૂકાદા રજૂ કરેલ છે અને ત્યારબાદ તેઓના દ્વારા ઉપરોક્ત કામમાં તેમની વિગતવાર લંબાણપૂર્વકની દલીલો કરવામાં આવેલ છે.

૧૦. પ્રથમ પક્ષકાર નં. ૨ મે. એવરેસ્ટ પ્રેસ લી. તરફે કેસની સંક્ષિપ્ત કાર્યવાહી.

કેસનું રેકર્ડ ધ્યાન ઉપર લેતાં ઉપરોકત કામમાં આંક-૧૫ થી મે. એવરેસ્ટ પ્રેસ લી. દ્વારા તેઓનો લેખીત જવાબ રજૂ કરેલ છે તથા આંક-૧૦ થી સૌ પ્રથમ એવરેસ્ટ પ્રેસ લી. તરફે એડવોકેટ શ્રી ડી. સી. ગાંધી એસોસીએટસનું વકીલાતનામું રજૂ થયેલ છે તથા આંક-૧૬ થી એવરેસ્ટ પ્રેસ લી. દ્વારા યુનીયનની વચગાળાની રાહત અરજીનો જવાબ અને કેટલાક દસ્તાવેજો રજૂ કરવામાં આવેલ છે તથા આંક-૨૮ થી ગુજરાત મઝદુર પંચાયતની તા. ૯-૧૨-૧૯૯૮ની વચગાળાની રાહત અરજીનો લેખીત જવાબ રજૂ કરેલ છે તથા આંક-૪૨ થી આંક-૪૦ નો જવાબ રજૂ કરેલ છે. વધુમાં કેસનું રેકર્ડ ધ્યાન ઉપર લેતાં આંક-૧૨૭ થી એવરેસ્ટ પ્રેસ લી. દ્વારા રજૂઆત કરવામાં આવેલ છે તથા આંક-૧૩૧ થી ગુજરાત કામગાર પંચાયત તરફે તા. ૧૮-૧૦-૨૦૦૫ ના રોજ જે અરજી રજૂ કરેલ છે તેનો જવાબ રજૂ કરવામાં આવેલ છે તથા આંક-૧૩૯ થી એવરેસ્ટ પ્રેસ લી. દ્વારા નવનીત પ્રેસ લી. નું નામ એવરેસ્ટ પ્રેસ લી. કરવામાં આવેલ તે બાબતે યોગ્ય સત્તાધિકારી એટલે કે રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ, ગુજરાત, દાદરા અને નગરહવેલીનું તા. ૨૯-૯-૧૯૯૭ નું સર્ટીફીકેટ રજૂ કરેલ છે અને જેને પાકો આંક-૨૭૩ આપવામાં આવેલ છે તથા સંસ્થા દ્વારા આંક-૧૪૯ થી તે યુનીયનની આંક-૨૯ નો હુકમ ફેરવિચારણા કરવા અંગેનો જવાબ રજૂ કરવામાં આવેલ છે તથા આંક-૨૧૫ થી ચેન્જ ઓફ નેઈમનું સર્ટીફીકેટ તથા સને ૧૯૯૭-૯૮ થી ૨૦૦૦-૦૧ ના ડાયરેકટરોના નામની યાદી તથા સને ૧૯૯૭-૯૮ થી ૨૦૦૦-૦૧ ના પ્રોફીટ-લોસ એકાઉન્ટ રજૂ કરેલ છે અને તેમાં પક્ષકારોની નોંધને ધ્યાન ઉપર લેતાં આંક-૨૧૫/૧ થી ૨૧૫/૩ ને પાકો આંક-૫૭૭ થી ૫૭૯ આપવામાં આવેલ છે. તેવી જ રીતે આંક-૨૨૩ થી કેટલાક દસ્તાવેજો રજૂ કરેલ છે અને જે નોટરાઈઝ દસ્તાવેજો છે અને જે દસ્તાવેજોને પાકો આંક-૫૮૦ થી ૫૮૨ આપવામાં આવેલ છે. અત્રે એ બાબતની નોંધ લેવી ઘટે કે એવરેસ્ટ પ્રેસ લી. દ્વારા આંક-૧૫૦ થી ઉપરોકત

INDEX

કામમાં અરજી રજૂ કરી રજૂઆત કરેલ છે કે, તેઓ ઉપરોક્ત કામમાં શરૂઆતથી હાજર રહેલ છે અને તેથી ન્યાયના હિતમાં તેઓને પક્ષકાર તરીકે દાખલ કરવા જોઈએ તેમ રજૂઆત કરેલ હતી અને જેમાં ઔદ્યોગિક ન્યાયપંચ દ્વારા આંક-૧૩૫, ૧૩૬, ૧૪૦, ૧૪૨, ૧૪૪ અને ૧૫૦ નીચે તા. ૧૯-૮-૨૦૦૬ ના રોજ જે સંયુક્ત હુકમ કરવામાં આવેલ હતો તેને ધ્યાન ઉપર લેતાં તથા આંક-૧૫૦ અને ૧૫૫ ને સાથે વાંચતા ઉપરોક્ત કામમાં મે. એવરેસ્ટ પ્રેસ લી. ને પ્રથમ પક્ષકાર નં. ૨ તરીકે દાખલ કરવાનો હુકમ કરવામાં આવેલ હતો તથા ગુજરાત કામગાર પંચાયત દ્વારા આંક-૨૪૧ થી અરજી રજૂ કરી મે. એવરસ્ટ પ્રેસ લી. નું કાયમી સરનામું ન્યાયપંચ સમક્ષ રજૂ કરવા દાદ માંગેલ હતી અને જેમાં ઔદ્યોગિક ન્યાયપંચ દ્વારા તા. ૫-૩-૨૦૦૯ ના રોજ મે. એવરેસ્ટ પ્રેસ લી.નું કાયમી સરનામું રજુ કરવા અંગેનો હુકમ કરવામાં આવેલ હતો. તેના અનુસંધાનમાં પ્રથમ પક્ષકાર નં.૨ એવરેસ્ટ પ્રેસ લી. તરફે તેઓના એડવોકેટશ્રી પી.એસ.ચારી દ્વારા આંક-૨૫૭ થી એવરેસ્ટ પ્રેસ લી., ૧/૪૦૨, હીમેલી ટાવર્સ, કેની એપાર્ટમેન્ટ સામે, સેટેલાઇટ રોડ, અમદાવાદ-૧૫ નું સરનામું એવરેસ્ટ પ્રેસ લી.ની રજીસ્ટર્ડ ઓફીસનું તેમને મળેલી માહિતી મુજબનું છે તેમ અરજીથી રજૂઆત કરેલ છે. વધુમાં કેસનું રેકર્ડ ધ્યાન ઉપર લેતાં એવરેસ્ટ પ્રેસ લી. દ્વારા આંક-૫૯૮ થી કારખાનાના મુખ્ય નિરીક્ષકને તા. ૨૭-૧૦-૧૯૯૭ ના રોજ લખેલ પત્ર, કારખાનું ચલાવવા માટેના લાયસન્સની નકલ, ફોર્મ-૨ અને ૩ ની નકલ, ચલણની નકલ તથા રેફરન્સ(એલસીએ) નં. ૧૯૩૦/૯૮ ની કાર્યવાહીની નકલ રજૂ કરેલ છે. વધુમાં કેસનું રેકર્ડ જોતાં પ્રથમ પક્ષકાર નં.૨ એવરેસ્ટ પ્રેસ લી. દ્વારા આંક-૪૦૯ થી તેઓના સાક્ષી પંકજ સુરેશરાવ ગાવડેનું મૌખિક પુરાવા રૂપે સોગંદનામું રજૂ કરેલ છે અને તેની સાથે કેટલાક દસ્તાવેજો પણ રજૂ કરવામાં આવેલ છે. અને તેની બીજા પક્ષકાર તરફે લંબાણપૂર્વક ઉલટતપાસ કરવામાં આવેલ છે તથા આંક-૪૧૨ થી પક્ષકાર નં.૨ એવરેસ્ટ પ્રેસ લી. દ્વારા તેઓનો મૌખિક પુરાવો બંધ કરતી પુરસીસ રજૂ કરવામાં આવેલ છે. વધુમાં કેસનું રેકર્ડ ધ્યાન ઉપર લેતાં આંક-૬૦૭ અને ૬૦૮ થી પ્રથમ પક્ષકાર નં.૨ તરફે ઉપરોક્ત કેસમાં તેઓએ વિવિધ રાજ્યની વડી અદાલતો તથા નામ. સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ ચૂકાદા તથા જે સાહિત્ય ઉપર આધાર રાખેલ છે તેની નકલો રજૂ કરવામાં આવેલ છે અને ત્યારબાદ પ્રથણ પક્ષકાર નં.૨ એવરેસ્ટ પ્રેસ લી. દ્વારા તેઓના એડવોકેટશ્રી ચારીની મૌખિક રજૂઆત સાંભળવામાં આવેલ છે.

૧૧. આમ કેસનું રેકર્ડ ધ્યાન ઉપર લેવામાં આવે તો બીજા પક્ષકાર નં.૧ ગુજરાત મઝદુર પંચાયત દ્વારા ઉપરોક્ત કામમાં નીચે મુજબના મૌખિક સાક્ષી પૂરાવા રજૂ કરેલ છે.

(૧)	બાબુભાઇ કેશુભાઇ દરબાર	આંક-૬૨
(૨)	લક્ષ્મણભાઇ ભેરૂજી રાજમુની	આંક-૭૭
(૩)	દલપતસિંહ રામસિંહ ગોહીલ	આંક-૮૧
(૪)	કિશોર વામનરાવ નગરાડે	આંક-૯૪
(૫)	તેજસીંગ ગૌતમસીંગ રાજપૂત	આંક-૯૭

INDEX

વધુમાં બીજા પક્ષકાર નં.૧ ગુજરાત મઝદુર પંચાયત દ્વારા ઉપરોક્ત કામમાં સાક્ષી સમન્સથી શ્રી ઉમેશભાઇ રઘજીભાઇ ચૌધરીને તપાસવામાં આવેલ છે.

તથા બીજા પક્ષકાર નં.૨ ગુજરાત કામગાર પંચાયત દ્વારા ઉપરોક્ત કામમાં બાબુભાઇ એમ. રાવલને આંક-૨૪૦ થી તપાસવામાં આવેલ છે.

તથા પ્રથમ પક્ષકાર નં.૧ નવનીત પ્રેસ લી. દ્વારા ઉપરોક્ત કામમાં શ્રી નવીનભાઇ શાહને આંક-૨૮૦ થી તપાસવામાં આવેલ છે.

તથા પ્રથમ પક્ષકાર નં.૨ એવરેસ્ટ પ્રેસ લી. દ્વારા ઉપરોક્ત કામમાં શ્રી પંકજભાઇ સુરેશભાઇ ગાવડેને આંક-૪૦૯ થી તપાસવામાં આવેલ છે.

૧૨. ઉપરોક્ત કામમાં સમુચિત સરકાર દ્વારા ઔદ્યોગિક તકરાર ન્યાય નિર્ણય અર્થે સુપ્રત કર્યા બાદ ઔદ્યોગિક ન્યાયપંચ દ્વારા ઔદ્યોગિક તકરારના ન્યાય નિર્ણય દરમિયાન આંક નીચેની અરજીઓ બાબતે હુકમો કરવામાં આવેલ હતા તથા ઔદ્યોગિક તકરારમાંથી ઉદ્‌ભવતી આનુંષાંગિક બાબતો અંગે તથા આંક નીચેના હુકમો બાબતે પક્ષકારો દ્વારા ના. ગુજરાત હાઇકોર્ટમાં વિવિધ રીટ પીટીશનો કરવામાં આવેલ હતી તથા બીજા પક્ષકાર નં. ૨, કામગાર પંચાયત દ્વારા મજૂર કમિશનરશ્રીની કચેરીમાં નવી ઔદ્યોગિક તકરાર ઉપસ્થિત કરતાં તે પૈકી થયેલ નિર્ણય અંગે પણ પક્ષકારો દ્વારા નામ. ગુજરાત હાઇકોર્ટમાં વિવિધ રીટ પીટીશન કરવામાં આવેલ હતી, જે નીચે મુજબ છે.

(૧) મીસેલીનસ સી. એ. નં. ૫૩૧/૯૯ ઇન સ્પે.સી.એ. નં. ૮૭૫૮/૯૭ કે જેમાં નામ. ગુજરાત હાઇકોર્ટ દ્વારા તા. ૨૪-૩-૧૯૯૯ ના રોજ હુકમ કરવામાં આવેલ છે.

(૨) સ્પે.સી.એ. નં. ૮૭૫૮/૯૭, કે જેમાં નામ. ગુજરાત હાઇકોર્ટ દ્વારા તા. ૨૨-૪-૧૯૯૯ ના રોજ હુકમ કરવામાં આવેલ છે.

(૩) સ્પે.સી.એ. નં. ૯૯૦૩/૯૯, કે જેમાં નામ. ગુજરાત હાઇકોર્ટ દ્વારા તા. ૭-૨-૨૦૦૦ ના રોજ હુકમ કરવામાં આવેલ છે.

(૪) સ્પે.સી.એ. નં. ૯૭૬૯/૦૧, કે જેમાં નામ. ગુજરાત હાઇકોર્ટ દ્વારા તા. ૫-૧૧-૨૦૦૧ના રોજ હુકમ કરવામાં આવેલ છે.

(૫) સ્પે.સી.એ. નં. ૧૦૪૨૦/૦૪, કે જેમાં નામ. ગુજરાત હાઇકોર્ટ દ્વારા તા. ૬-૧૦-૨૦૦૫ના રોજ હુકમ કરવામાં આવેલ છે.

(૬) સ્પે.સી.એ. નં. ૧૯૩૦૨/૦૬, કે જેમાં નામ. ગુજરાત હાઇકોર્ટ દ્વારા તા. ૧૨-૨-૨૦૦૭ના રોજ હુકમ કરવામાં આવેલ છે.

INDEX

(૭) એલ.પી.એ. નં. ૧૦૮૨/૦૭, કે જેમાં નામ. ગુજરાત હાઇકોર્ટની ડીવીઝન બેન્ચ દ્વારા તા. ૪-૭-૨૦૦૭ ના રોજ હુકમ કરવામાં આવેલ છે.

(૮) સ્પે.સી.એ. નં. ૧૨૦૯૯/૦૮, કે જેમાં નામ. ગુજરાત હાઇકોર્ટ દ્વારા તા.. ૨૪-૭-૨૦૦૯ના રોજ હુકમ કરવામાં આવેલ છે.

(૯) એલ. પી. એ. નં. ૧૦૭૨/૧૦, કે જેમાં નામ. ગુજરાત હાઇકોર્ટની ડીવીઝન બેન્ચ દ્વારા છેલ્લે તા. ૨૮-૨-૨૦૧૧ ના રોજ હુકમ કરવામાં આવેલ હતો તથા હાલમાં નામ. હાઇકોર્ટ સમક્ષ ઉપરોક્ત વિવાદ પડતર છે તેમ પક્ષકારોની રજૂઆત છે.

આમ ઉપરોક્ત ઔદ્યોગિત તકરારના ન્યાન નિર્ણય બાબતે અને તેમાંથી ઉદ્‌ભવેલ આનુષાંગિક બાબતો અંગે પક્ષકારો દ્વારા વડી અદાલત સમક્ષ પણ દાવાદુવી કરેલ છે. જે રેકર્ડ જોતાં જણાઇ આવે છે અને તેને પણ ધ્યાન ઉપર લેતાં ઉપરોક્ત વિવાદનો ન્યાય નિર્ણય કરવાનો રહે છે.

૧૩. બીજા પક્ષકાર નં.૧ ગુજરાત મઝદુર પંચાયત તરફે તેઓના વિ. પ્રતિનિધિશ્રી ચીદમ્બરમની મુખ્યત્વે રજૂઆત છે કે, તા. ૪-૮-૧૯૯૭ ની નોટીસ જોતાં હાથ ઉપરના કેસની હકીકત તે ઔદ્યોગિક વિવાદ ધારો ૧૯૪૭ ની કલમ ૨૫-એફ-એફ નીચેનો કેસ નથી પરંતુ સંસ્થાએ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે કામદારોને નોકરીમાંથી છટણી કરેલ છે તથા હાથ ઉપરના કેસની હકીકત જોતાં સંસ્થાની માલીકી અને વહીવટ તબદીલ થયેલ નથી પરંતુ ફક્ત કહેવાતી શેર કેપીટલ તબદીલ થયેલ છે અને તે પણ પડેલા પૂરાવાને ધ્યાનમાં લેતાં કાયદેસર રીતે શેર કેપીટલ પણ ટ્રાન્સફર થયેલ નથી અને તેથી હાથ ઉપરના કિસ્સામાં કલમ-૨૫-એફ-એફ નીચેની જોગવાઇઓ લાગુ પડી શકે નહી. વધુમાં શ્રી ચીદમ્બરમની રજૂઆત છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થા નવનીત પ્રેસ લી. તથા નવનીત પબ્લીકેશન (ઇન્ડીયા) લી. તથા સંદીપ એજન્સી આ તમામ સંસ્થાઓના આર્થિક વહેવાર તથા માલીકી અંકુશ એકજ હતો અને ગાલા માલીકો દ્વારા તે કરવામાં આવતો હતો તથા કામદારોની બદલી એક યુનીટમાંથી બીજા યુનીટમાં થતી હતી તથા કાચો માલ અને તૈયાર માલ પણ એકબીજી કંપનીમાં જરૂરીયાત મુજબ તબદીલ કરવામાં આવતો હતો અને તેથી આ તમામ સંસ્થાઓ એકજ માલીકી અંકુશ હેઠળના વહીવટ હેઠળની છે તેમ છતાં પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા દ્વારા ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫-એફ-એફ ની જોગવાઇનો ગેરલાભ ઉઠાવી કહેવાતી માલીકી અને વહીવટી તબદીલીના નામે કામદારોને બેકાર બનાવેલ છે. વધુમાં શ્રી ચીદમ્બરમની રજૂઆત છે કે, સંસ્થાએ કામદારોને નોકરીમાંથી છુટા કરતા પહેલાં ઔદ્યોગિક વિવાદ ધારાના ચેપ્ટર V-B નીચે કલમ-૨૫-એનની જોગવાઇઓનું પાલન કરેલ નથી. તેટલું જ નહી પરંતુ સંસ્થા દ્વારા જુના કામદારોને નોકરીમાંથી તા. ૪-૮-૧૯૯૭ ના રોજ છટણી કરવામાં આવેલ છે અને છટણી કરતા પહેલાં સંસ્થા દ્વારા ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫-જી કે જેમાં "Last come first go" ના સિધ્ધાંતનું પાલન કરેલ નથી અને તા. ૪-૮-૧૯૯૭ ના રોજ કામદારોને નોકરીમાં છટણી કરવામાં આવ્યા તે વખતે આ કામદારોથી જુનીયર તેવા કામદારો આ જ માલીકીની અન્ય સંસ્થા નવનીત

INDEX

પબ્લીકેશન (ઇન્ડીયા) લી. અને સંદીપ એજન્સીમાં કામ ઉપર ચાલુ હતા અને આમ કરીં સંસ્થા દ્વારા કલમ-૨૫-જી ની જોગવાઇનો ભંગ કરવામાં આવેલ છે તથા નવા કામદારોને નોકરી ઉપર લેતાં છટણી કરેલા કામદારોને ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫-એચ મુજબ રીએમ્પ્લોયમેન્ટની તક આપવામાં આવેલ નથી. તેટલું જ નહી પરંતુ ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગના નામે કામદારોની નોકરીનો અંત લાવવામાં આવ્યો તે જ સમયે, તેજ દિવસે તેઓને છટણી વળતરની કોઇ પુરી રકમ ચૂકવી આપવામાં આવેલ નથી. વધુમાં પ્રથમ પક્ષકાર નં.૧ નવનીત પ્રેસ લી. કે તે સંસ્થાનું નામફેર થયા બાદ એવરેસ્ટ પ્રેસ લી. દ્વારા કોઇ યોગ્ય સાક્ષી પુરાવા રજૂ કરી સંસ્થાની માલીકી અને વહીવટ તે તબદીલ થયેલ છે તેમ પુરવાર કરેલ નથી તથા આ પ્રકારનું કોઇ ટ્રાન્જેકશન પૂરવાર થતું નથી. વધુમાં જે શેર મુડીની તબદીલી છે તે બોગસ, ઉપજાવી કાઢેલી તર્કટી, બનાવટી તથા કાગળ ઉપરની વ્યવસ્થાના ભાગરૂપે છે અને હકીકતે પણ આવું ટ્રાન્જેકશન તે પુરવાર થતું નથી. વધુમાં શ્રી ચીદમ્બરમની રજૂઆત છે કે, સંસ્થા તથા ગુજરાત મઝદુર પંચાયત વચ્ચે ઔદ્યોગિક વિવાદ ધારો ૧૯૪૭ ની જોગવાઇ નીચે કાયદેસરનું સમાધાન થયેલ હતું અને તે સમાધાન પક્ષકારોને બંધનકર્તા છે. તેમ છતાં પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા કામદારો તેઓની કાયદેસરની ટ્રેડ યુનીયન પ્રવૃત્તિ કરતા હોઇ, તેને દબાવી કાઢવાના આશયથી સંસ્થાએ કામદારોને માલીકી અને વહીવટની તબદીલીના નામે છૂટા કરેલ છે તથા સંસ્થા અને યુનીયન વચ્ચે તા. ૩૦-૧૧-૧૯૯૩ ના રોજ સમાધાન થયેલ હતું અને જે તા. ૩૧-૭-૧૯૯૭ ના રોજ પૂર્ણ થયા બાદ યુનીયન દ્વારા નવી માંગણી ઉપસ્થિત કરતાં કામદારોને બેકાર બનાવવાના એકમાત્ર આશયથી સંસ્થા દ્વારા આ પગલું ભરવામાં આવેલ છે. એટલું જ નહી, ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૧૯ ને ધ્યાન ઉપર લેતાં તેમાં પતાવટ અને ચુકાદાના અમલની મુદત દર્શાવવામાં આવેલ છે અને આ સમાધાનમાં સ્પષ્ટ જણાવવામાં આવેલ હતું કે, સંસ્થા તે કોઇ કામદારની નોકરીનો અંત લાવશે નહી. તેમ છતાં સંસ્થા દ્વારા સમાધાનની જોગવાઇઓનો ભંગ કરી કામદારોની નોકરીનો અંત લાવવામાં આવેલ છે, જે સંસ્થાનું કૃત્ય ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે. વધુમાં શ્રી ચીદમ્બરમની રજૂઆત છે કે, શ્રી એ. આર. ગાલા દ્વારા તા. ૪-૮-૧૯૯૭ ની નોટીસમાં સહી કરવામાં આવેલ છે અને શ્રી ગાલા તે ફેકટરી એક્ટ મુજબ "ઓક્યુપાયર" નથી કે, સ્ટેન્ડીંગ ઓર્ડર એક્ટની જોગવાઇ નીચે મેનેજર નથી અને આ પ્રકારની સહી કરવાની સત્તા તેઓને ન હોઇ, તા. ૪-૮-૧૯૯૭ ની નોટીસ શરૂઆતથી જ રદ થવાને પાત્ર છે તથા કામદારોને તેઓ પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં પુનઃ સ્થાપીત થવા હક્કદાર છે. વધુમાં શ્રી ચીદમ્બરમની રજૂઆત છે કે, જે કહેવાતું મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેડીંગ રજૂ કરવામાં આવેલ છે તે કોઇ કબુલાત કહી શકાય નહી અને જ્યાં સુધી કાયદા મુજબની કબુલાત ન હોય ત્યાં સુધી એમ.ઓ.યુ. ના નામે માલીકી અને વહીવટની તબદીલી થયેલ છે તેમ કહી શકાય નહીં. વધુમાં શ્રી ચીદમ્બરમની રજૂઆત છે સંસ્થા દ્વારા કંપની એકટની જોગવાઇઓનો ભંગ કરવામાં આવેલ છે, તેટલું જ નહીં પરંતુ ઇન્ડીયન રજીસ્ટ્રેશન એકટ તથા કોન્ટ્રાકટ એકટની જોગવાઇઓનો પણ ભંગ કરવામાં આવેલ છે અને કાયદાની જોગવાઇઓને ધ્યાન ઉપર લેતાં કહેવાતું મેમોરેન્ડમ ઓફ અન્ડર સ્ટેન્ડીંગ ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને શરૂઆતથી

INDEX

૨૬ થવાને પાત્ર છે. વધુમાં શ્રી ચીદમ્બરમની રજૂઆત છે કે ઉપરોક્ત તમામ સંસ્થા એકજ છે અને તે સંજોગોમાં નવનીત પ્રેસ લી.ના પત્રકના કામદારોને જ તબદીલ કરવાના બહાના નીચે બેકાર બનાવી શકાય નહીં અને તેથી સંસ્થાનું કૃત્ય ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે વધુમાં શ્રી ચીદમ્બરમની રજૂઆત છે કે ફક્ત શેરમુડીની ખરીદી કે વેચાણથી માલીકી અથવા વહીવટ તે તબદીલ થયેલ છે તેમ કહી શકાય નહી તથા ભારતીય સ્ટોક એક્ષ્ચેન્જમાં રોજબરોજ લાખો શરોની ફેરબદલી થાય છે, તો ફક્ત શેર બદલી થયેથી આખી કંપનીની માલીકી કે વહીવટ બદલાય છે તેમ કહી શકાય નહી. વધુમાં શ્રી ચીદમ્બરમની રજૂઆત છે કે હસ્તાંતર કરનાર વ્યક્તિએ શું વેચ્યુ કે જેને હસ્તાંતર કરવામાં આવેલ તે વ્યક્તિએ શું મેળવ્યું, તેવુ કેસની હકીકત જોતાં સ્પષ્ટ થતું નથી અને તે સંજોગોમાં સંસ્થાનું કૃત્ય ગેરકાયદેસર, ગેરવ્યાજબી, તર્કટી, બનાવટી હોઈ તા. ૪-૮-૧૯૯૭ ની નોટીસથી કામદારોની નોકરીનો અંત લાવવામાં આવેલ છે તે પ્રથમ પક્ષકાર સંસ્થાનું કૃત્ય ગેરકાયદેસર, ગેરવ્યાજબી જાહેર કરી પ્રથમ પક્ષકાર સંસ્થા નવનીત પ્રેસ લી. કે જેનું નામફેર થઈ એવરસ્ટ પ્રેસ લી. થયેલ છે તે તથા નવનીત પબ્લીકેશન (ઈન્ડીયા) લી. એકજ સંસ્થા હોઈ, તા. ૪-૮-૧૯૯૭ ના રોજ છૂટા કરાયેલ કામદારોને પડેલા દિવસોનો તમામ પગાર, આનુષાંગિક લાભો સહીત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા તથા નવનીત પબ્લીકેશન (ઈન્ડીયા) લી.માં આ કામદારો પુનઃસ્થાપિત થવા હક્કદાર છે તેવું પણ જાહેર કરવા રજૂઆત કરેલ છે તથા ઉપરોક્ત રેફરન્સના ખર્ચના ₹ ૫૦,૦૦૦/- પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકાર નં.૧ ગુજરાત મઝદુર પંચાયતને ચૂકવી આપવા જોઈએ તેવી રજૂઆત કરેલ છે.

૧૪. કેસનું રેકર્ડ જોતાં બીજા પક્ષકાર નં.૨ ગુજરાત કામગાર પંચાયત તરફે તેઓના વિ. પ્રતિનિધિ શ્રી કે. ટી. ત્રિવેદી દ્વારા ઉપરોક્ત કામમાં મુખ્યત્વે રજૂઆત કરામાં આવેલ છે કે ઔદ્યોગિક વિવાદ ધારો ૧૯૪૭ ની જોગવાઈને ધ્યાન ઉપર લેતાં સદરહુ કાયદો તે ઔદ્યોગિક તકરારોની તપાસ અને પતાવટ અને અન્ય અમુક હેતુઓ માટે તેની જોગવાઈ કરવામાં આવેલ છે તથા સદરહુ કાયદાના પ્રકરણ-૩ માં તકરારો તે બોર્ડ, કોર્ટ અથવા ટ્રીબ્યુનલને મોકલી આપવા બાબતે દર્શાવેલ છે અને જેમાં સમુચીત સરકારનો એવો અભિપ્રાય થાય કે ઔદ્યોગિક તકરાર ઉપસ્થિત થઇ છે અથવા થાય તેમ છે ત્યારે કોઈપણ સમયે લેખીત હુકમ કરી તે તકરાર ન્યાય નિર્ણય અર્થે મજૂર અદાલત અથવા ઔદ્યોગિક ન્યાયપંચને મોકલી શકે છે. એટલે સમુચીત સરકારને "એપ્રીહેન્ડેડ ડીસ્પ્યુટ" પણ ન્યાય નિર્ણય અર્થે મોકલવાની સત્તા અને હકુમત છે. વધુમાં શ્રી ત્રિવેદીની રજૂઆત છે કે ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈને ધ્યાને ઉપર લેતાં સમુચીત સરકારને તકરાર ન્યાય નિર્ણય અર્થે મોકલવાની જે સત્તા અને હકુમત આપવામાં આવેલ છે તેમાં ઔદ્યોગિક ન્યાયપંચને કલમ-૧૦ની પેટા કલમ-૪ ને ધ્યાન ઉપર લેવામાં આવે તો ઔદ્યોગિક તકરાર મોકલવાના હુકમમાં અથવા પછીના કોઇ હુકમમાં સમુચીત સરકારે ન્યાય નિર્ણય માટે તકરારના મુદા નિર્દિષ્ટ કરેલ હોય તે સમયે મજુર અદાલત કે ન્યાયપંચ તે મુદા અને તેને આનુષાંગિક બાબતોનો નિર્ણય કરી શકે છે. વધુમાં હાથ ઉપરના કેસની તકરાર તથા રેફરન્સ હુકમને જોતાં સમુચીત સરકારને જે સત્તા અને હકુમત મળેલ છે તે હેઠળ તેઓએ તકરાર ન્યાય નિર્ણય અર્થે મોકલાવેલ છે અને તે તકરારમાં

INDEX

સમુચીત સરકાર તે સુધારો-વધારો કરી શકે છે. વધુમાં શ્રી ત્રિવેદીની રજૂઆત છે કે તેઓના દ્વારા અન્ય ઔદ્યોગિક તકરાર ઉપસ્થિત કરવામાં આવેલ હતી અને જે રદ્દ થયેલ તથા કામદારો તેઓના યુનીયનમાં આવેલ હોઇ તેઓ દ્વારા ઉપરોક્ત તકરારમાં પક્ષકાર બનવામાં આવેલ છે. વધુમાં શ્રી ત્રિવેદીની રજૂઆત છે કે રેફરન્સ હુકમ તે કાયદેસરનો છે અને આ રેફરન્સ હુકમને ન્યાય નિર્ણય કરવાની ન્યાયપંચને સત્તા અને હકુમત છે તથા પ્રથમ પક્ષકાર સંસ્થાના વિ. વકીલશ્રી દ્વારા નામ. ગુજરાત હાઇકોર્ટમાં તેઓ તકરારની કાયદેસરતા બાબતનો મુદો લેશે નહી તેમ સ્પષ્ટ જણાવેલ છે અને તેથી પણ રેફરન્સ હુકમ ગેરકાયદેસરનો અને ગેરવ્યાજબી છે કે તેમાં સમુચીત સરકારને સુધારો કરવાની સત્તા નથી તેવી કોઇ રજૂઆત અસ્થાને છે. વધુમાં શ્રી ત્રિવેદીની રજૂઆત છે કે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫ એફ-એફ ને ધ્યાન ઉપર લેવામાં આવે તો તેમાં કબુલાતથી અથવા કાયદાના અમલથી કોઇ સંસ્થાની માલીકી અને વહીવટ તે તબદીલ થઇ શકે છે. જ્યારે હાથ ઉપરના કિસ્સામાં આવી કાયદેસરની કોઇ કબુલાત રેકર્ડ ઉપર રજૂ થયેલ નથી તથા ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગના કિસ્સામાં એક અન્ડરટેકીંગ તે બીજા અન્ડરટેકીંગ જોડે સમાવિષ્ટ થઇ જાય, ભળી જાય તેને કહી શકાય, જ્યારે હાથ ઉપરના કિસ્સામાં તે કોઇ માલીકી કે વહીવટ તબદીલ થયેલ નથી અને જે કહેવાની શેરમુડી ટ્રાન્સફર થયેલ છે તેમ પ્રથમ પક્ષકાર નં.૧ ની જે રજૂઆત છે, તે ગેરકાયદેસર, ગેરવ્યાજબી, છેતરામણી, કામદારોને હક્ક ડુબાડવાના આશયથી, ઉપજાવી કાઢેલી અને તર્કટી છે. વધુમાં શ્રી ત્રિવેદીની રજૂઆત છે કે નવનીત પ્રેસ લી.ની મુડી તબદીલ કરવા અંગે કોઇ ઠરાવ થયેલ નથી કે શેરમુડી ટ્રાન્સફર કરવા બાબતે કંપનીઝ એકટ નીચે કોઇ કાનુની જોગવાઇઓનું પાલન કરવામાં આવેલ નથી કે શેરમુડી રજીસ્ટર અત્રે રજુ થયેલ નથી કે આ પ્રકારે શેરમુડી તબદીલ કરવા અંગે કે વહીવટ તબદીલ કરવાં અંગે વેલ્યુએશનનો કોઇ રીપોર્ટ રજૂ થયેલ નથી કે શેરમુડી તબદીલીનો વહેવાર કાયદેસર અને વ્યાજબી છે તેવા કોઇ પૂરાવા અત્રે રજૂ થયેલ નથી. વધુમાં જે કહેવાતું મેમોરન્ડમ ઓફ અન્ડરસ્ટેંડીંગ રજૂ કરવામાં આવેલ છે તે પક્ષકારો વચ્ચે એક સમજુતીની સમજ કહી શકાય પરંતુ ત્યારબાદ કાયદાની જોગવાઇ નીચેની કોઇ કાર્યવાહી થયેલ નથી. વધુમાં શ્રી ત્રિવેદીની રજૂઆત છે કે પ્રથમ પક્ષકાર નં.૧ નવનીત પ્રેસ લી. ના સાક્ષી દ્વારા એમ.ઓ.યુ. પછી કોઇ કરાર થયેલ નથી તેમ જણાવેલ છે. વધુમાં શેર મુડીની ખરીદી કે વેચાણ થયું જ નથી તથા સંસ્થાએ કોઇ સક્ષમ સાક્ષી રજૂ કરી તેઓનો વહેવાર તે સંસ્થાની માલીકી અને વહીવટ તબદીલીનો છે તેમ પૂરવાર કરેલ નથી. વધુમાં શ્રી ત્રિવેદીની રજૂઆત છે કે પ્રથમ પક્ષકાર સંસ્થા નવનીત પ્રેસ લી. તથા નવનીત પબ્લીકેશન (ઇન્ડીયા) લી. તથા સંદીપ એજન્સી તથા નવનીત પ્રકાશન કેન્દ્ર તે તમામ સંસ્થાઓ ગાલા માલીકીની હતી અને તમામ સંસ્થાઓની ફંકશનલ ઇન્ટીગ્રાલીટી અને યુનીટી એક જ છે તથા તેઓના આર્થિક વહેવારો, ઉત્પાદનની પ્રક્રિયા એકબીજા સાથે સંકળાયેલ છે અને હતી અને તે સંજોગોમાં માલીક તે આવી રીતે નવનીત પ્રેસ લી. ની તબદીલી કરી શકે નહી તથા જે કામદારોની નોકરીનો અંત લાવવામાં આવેલ છે તે શરૂઆતથી નવનીત પ્રકાશન કેન્દ્ર અને તેની નીચેની ભાગીદારી સંસ્થાઓ અને કહેવાતા કોન્ટ્રાકટરોમાં કામ કરતા હતા અને આ તમામ સંસ્થાઓની ઉત્પાદનની પ્રક્રિયા એકબીજા સાથે સંકળાઇને આખરી

INDEX

ઉત્પાદીત માલનું ઉત્પાદન થતું હતું અને આમ આ તમામ સંસ્થા એકજ માલીકી અંકુશ નીચેની છે. વધુમાં શ્રી ત્રિવેદીની રજૂઆત છે કે કહેવાના એમ.ઓ.યુ.માં "નવનીત" નો લોગો વાપરવાનો નથી તેમ દર્શાવેલ છે, તો શા માટે કોઇ નવા માલીક તે આ વહેવાર કરે ? તે જ બતાવે છે કે સંસ્થાનું કૃત્ય ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે તથા સંસ્થાને ઔદ્યોગિક વિવાદ ધારાના પ્રકરણ V-B ની જોગવાઇ લાગુ પડે છે અને સંસ્થા ચેપ્ટર V-B ની જોગવાઇમાંથી બહાર નિકળવાના આશયથી અને ઉદ્દેશમાત્રથી એટલે કે કલમ-૨૫-એન મુજબ છટણીની કાર્યવાહી કરવી ન પડે તે ઉદ્દેશથી કે કલમ ૨૫ (O) મુજબ ક્લોઝરની પરવાનગી લેવી ન પડે તે ઉદ્દેશથી આ પ્રકારનું બોગસ કૃત્ય આચરેલ છે, જે શરૂઆતથી રદ થવાને પાત્ર છે. વધુમાં કેસમાં પડેલા પૂરાવાને ધ્યાન ઉપર લેતાં એવરેસ્ટ પ્રેસ લી.માં વીલ્સન કોર્પોરેશનમાંથી પૈસા તબદીલ થયેલ છે તે સ્પષ્ટ રીતે જણાઇ આવે છે અને આ પૈસા હવાલાથી ટ્રાન્સફર થયેલ છે અને હકીકતે કંઇ વેચાયું નથી કે કંઇ ખરીદાયું નથી. વધુમાં શ્રી ત્રિવેદીની રજૂઆત છે કે હાથ ઉપરનો કેસ તે સંસ્થાની માલીકી અથવા વહીવટ તબદીલીનો નથી પરંતુ શેરમુડી તબદીલીનો છે અને તેથી કલમ ૨૫ એફ-એફ ની જોગવાઇઓ હાથ ઉપરના કિસ્સામાં લાગુ પાડી શકાય નહી. વધુમાં શ્રી ત્રિવેદીની વૈકલ્પિક રજૂઆત છે કે દલીલ ખાતર માની લેવામાં આવે કે કલમ ૨૫ એફ-એફ ની જોગવાઇ લાગુ પડે છે તો પણ કેસની હકીકત જોતાં કાયદેસરની કોઇ કબુલાત થયેલ નથી કે શેર મુડી ટ્રાન્સફર થયેલ નથી તે રેકર્ડ જોતાં સ્પષ્ટ રીતે ફલીત થાય છે. વધુમાં જયારે માલીકી અને વહીવટ તબદીલીના કિસ્સામાં કોઇ માલાફાઇડ ઇન્ટેન્શનથી આ પ્રકારનું કૃત્ય કરવામાં આવેલ હોય તો ઔદ્યોગિક ન્યાય પંચ તે પડદો ચીરવાના સિધ્ધાંતને ધ્યાન ઉપર લઇ આ કૃત્યની કાયદેસરતા અને વાજબીપણું તે જોઇ શકે છે. વધુમાં શ્રી ત્રિવેદીની રજૂઆત છે કે નવનીત પ્રેસ લી.નો ઉદ્ભવ થયો તે અગાઉ પણ નવનીતના લોગોવાળા પુસ્તકોનું ઉત્પાદન અને વિતરણ થતું હતું અને આ કામદારો તે સંસ્થાએ જ રજૂ કરેલ દસ્તાવેજી પૂરાવા ધ્યાન ઉપર લેતાં નવનીત પ્રકાશન કેન્દ્ર નીચેની પેટા સંસ્થાઓમાં કામ કરતા હતા, તે રેકર્ડ જોતાં સ્પષ્ટ રીતે પૂરવાર થાય છે. વધુમાં શ્રી ત્રિવેદીની રજૂઆત છે કે રજૂ થયેલ દસ્તાવેજો જોતાં સંસ્થાનો નફો વધેલ છે અને શેર વેચવાની કોઇ જરૂરીયાત ન હોવા છતાં આ પ્રકારની બોગસ પેપર એરેન્જમેન્ટ બતાવવામાં આવેલ છે તથા રજૂ થયેલ ગુજરાત સ્ટેટ ફાઇનાન્સ કોર્પોરેશનના દસ્તાવેજોને ધ્યાન ઉપર લેતાં સંસ્થાના મશીન ઉપર ગુજરાત સ્ટેટ ફાઇનાન્સ કોર્પોરેશનની લોન હોવા છતાં તેની પરવાનગી લેવામાં આવેલ નથી કે તેમને જાણ કરવામાં આવેલ નથી તથા જે વહેવારો રજૂ કરવામાં આવેલ છે તે ફકત અને ફકત હવાલાઓ છે તથા બેલેન્સશીટમાં આ પ્રકાની રકમ ચૂકવ્યાનો ઉલ્લેખ નથી. વધુમાં કહેવાતી તબદીલી બાદ પણ સંસ્થાની ઉત્પાદન પ્રક્રિયા ચાલુ છે. તથા શેરમુડી એટલે કે પ્લાન્ટ, મશીનરી, જમીન, રો-મટીરીયલ, મકાન બધું જ ઉભું કરવા માટે શેરમુડીનું અસ્તિત્વ થાય છે તથા નવનીત પ્રેસ લી. ખરીદવા કોઇ શેર મુડી ઉભી કરી નથી તથા નવનીત પ્રેસ લી.ના સાક્ષીએ વર્કીંગ કેપીટલ ઉભી કરવા શેર મુડી ઉભી કરેલ છે તેમ જણાવેલ છે, તે પણ ધ્યાન ઉપર લેવું જરૂરી છે. વધુમાં આ કામદારો સને ૧૯૯૩ પહેલાં પણ કામ કરતા હતા, તે સંસ્થાએ જ રજૂ કરેલા પત્રકોમાંથી પૂરવાર થાય છે. વધુમાં શ્રી ત્રિવેદીની

INDEX

રજૂઆત છે કે, કંપનીઝ એકટની કલમ-૨૧ અને ૨૨ ને ધ્યાન ઉપર લેતાં સંસ્થાનું નામફેર થયેલ છે અને સંસ્થાની માલીકી અને વહીવટ તબદીલ થયેલ છે તેમ કહી શકાય નહી. વધુમાં ન્યાયપંચ તે ઓડીટ રીપોર્ટના વહેવારો જોઇ શકે છે તથા મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગને કોન્ટ્રાકટ એકટની જોગવાઇ મુજબ કોન્ટ્રાકટ એટલે એગ્રીમેન્ટ કહી શકાય નહી અને ભારતીય કરારના કાયદા મુજબ તે કોઇ કરાર નથી અને તેથી પણ કલમ ૨૫ એફ-એફ ની જોગવાઇઓ તે લાગુ પાડી શકાય નહી તથા એમ.ઓ.યુ. તે કાયદા મુજબનો કોઇ પૂરાવો નથી તથા શેર મુડી તે કોઇ સંસ્થાને વેચેલ નથી. વધુમાં શ્રી ત્રિવેદીની રજૂઆત છે કે સંસ્થાએ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫-એન અને ૨૫(૦) ની જોગવાઇઓનો ભંગ કરી કામદારોની ગેરકાયદેસર છટણી કરી સંસ્થા કલોઝ કરેલ છે તથા કહેવાતા નવા માલીકના હાથમાં ફકત ₹ ૧૦/- ના એક એવા સર્ટીફીકેટ જ આવ્યા હોય અને તેઓને સંસ્થાનો કોઇ લોગો મળેલ ન હોય તથા સંસ્થાની ગુજરાત સ્ટેટ ફાઇનાન્સ કોર્પોરેશનની જવાબદારી પણ તેઓએ ભરવાની રહેતી હોય તો તે ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગ કહેવાય નહી તથા હાથ ઉપરના કિસ્સામાં સંસ્થામાં ડાયરેકટરોનો ઉમેરો છે. વધુમાં શેર રજીસ્ટર કે બોર્ડ ઓફ ડીરેકટર્સના કોઇ ઠરાવો રજૂ થયેલ નથી કે એન્યુઅલ જનરલ મીટીંગમાં પણ આ પ્રકારનો કોઇ ઠરાવ થયાનું જણાઇ આવતું નથી. વધુમાં શ્રી ત્રિવેદીની રજૂઆત છે કે અમરીશ દવેને કોઇ શેર કેપીટલ વેચેલ નથી તથા રજૂ થયેલ દસ્તાવેજો જોતાં કહેવાતા શેર વેચાણ બાબતે ₹ ૪૭,૬૨,૬૦૦/- ના શેર વેચાયા નથી. સંસ્થાનું ઇન્ફાસ્ટ્રકચર તે નવનીત પ્રેસ લી. પહેલાનું છે તથા આ કામદારો તે પહેલાથી સંસ્થામાં કામ કરે છે અને કહેવાતી તબદીલી હેઠળ તેઓને નોકરીમાંથી છૂટા કરી શકાય નહી. વધુમાં ઔદ્યોગિક ન્યાયપંચને ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઇ નીચે વિશાળ સત્તા અને હકુમત મળેલ છે અને જ્યારે કહેવાતી તબદીલી તે કાયદા મુજબની તબદીલી ન હોય, કે મલીન ઇરાદાથી આવી તબદીલી કરવામાં આવી હોય કે તબદીલી થયાનું પડેલા પૂરાવાથી પૂરવાર થતું ન હોય, તેવી તબદીલી ગેરકાયદેસર, ગેરવ્યાજબી હોઇ શરૂઆતથી રદ થવાને પાત્ર છે. વધુમાં શ્રી ત્રિવેદીની રજૂઆત છે કે, ઉપરોક્ત કામમાં બીજા પક્ષકાર તરફે જે સાક્ષી પૂરાવા રજૂ કરવામાં આવેલ છે તે હાથ ઉપરના કિસ્સામાં ખુબ જ અગત્યના છે અને તેને પણ ધ્યાન ઉપર લેતાં સંસ્થાનું કૃત્ય ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોઈ રદ થવાને પાત્ર છે. વધુમાં શ્રી ત્રિવેદીની રજૂઆત છે કે, એવરેસ્ટ પ્રેસ લી., તરફે શ્રી ગાવડેની તેમના દ્વારા સરતપાસ લેવામાં આવેલ છે, તે કોઈ સાક્ષી તરીકે માહિતગાર સાક્ષી નથી. વધુમાં શ્રી ત્રિવેદીની રજૂઆત છે કે, જ્યારે ઔદ્યોગિક ન્યાય પંચ સમક્ષ કહેવાતી આ તબદીલી તે તબદીલી જ નથી કે, કેસની હકીકત તે માલીકી કે વહીવટ તબદીલીનો કોઈ કેસ બનતો ન હોય તેમ યુનીયનની રજૂઆત હોઈ તથા સમુચીત સરકારે આ પ્રકારની તકરાર ન્યાય નિર્ણય અર્થે મોકલેલ હોય તેવા સમયે પ્રથમ પક્ષકાર સંસ્થાની એ ફરજ થઈ પડે કે, તેઓના જે વહેવારો છે તે ચોખ્ખા અને કાયદેસરના છે તેમ પુરવાર કરવા જરૂરી છે અને જ્યારે તકરાર તે ન્યાય નિર્ણયના એરણ ઉપર આવી તેવા સમયે પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેમના વહેવારોની કાયદેસરતા પૂરવાર કરવી જોઈએ, જે કરવામાં પ્રથમ પક્ષકાર સંસ્થા તે નિષ્ફળ નિવડેલ છે. વધુમાં શ્રી ત્રિવેદીની રજૂઆત છે કે, ઔદ્યોગિક ન્યાય પંચ

INDEX

તે કોઈ ભાતીગળ અદાલત નથી તથા ઔદ્યોગિક ન્યાયપંચ સમક્ષ જે તકરાર ન્યાય નિર્ણય અર્થે આવેલ છે તે બાબતે ઔદ્યોગિક ન્યાયપંચે પક્ષકારોના રજૂ થયેલ પૂરાવાને ધ્યાન ઉપર લેવા જરૂરી છે અને તેની સાથોસાથ ન્યાયપંચ દ્વારા માલીકનું કૃત્ય તે શુદ્ધબુદ્ધિ પૂર્વકનું છે કે કેમ ? તે પણ જોવું જરૂરી છે અને જેનો ન્યાય નિર્ણય કરવાની ઔદ્યોગિક ન્યાય પંચને સત્તા અને હકુમત મળેલ છે. વધુમાં શ્રી ત્રિવેદીની રજુઆત છે કે, ઔદ્યોગિક ન્યાયપંચ તે માલીકની નોટીસ કે હુકમને આરપાર જોઈ શકે છે તથા માલીકના હુકમની પાછળ શું હોઈ શકે ? તેની કાયદેસરતા પણ જોઈ શકે છે તથા "Lifting the veil" ના સિદ્ધાંતને ધ્યાન ઉપર લઈ માલીકની નોટીસ કે હુકમનું ''સ્કેનીંગ'' કરી શકે છે તથા હાથ ઉપરના કિસ્સામાં આશરે ૪૦૦ થી વધુ કામદારોનો વિવાદ સંકળાયેલ છે અને એક તરફ માલીક દ્વારા કાયદાની જોગવાઈઓનો આધાર લઈ તર્કટી અને પેપર એરેન્જમેન્ટ ઉભી કરવામાં આવેલ છે અને બીજી તરફ અજ્ઞાન અને અશિક્ષિત તેવો કામદાર છે. અને તે બાબતને પણ ધ્યાન ઉપર લઈ ઔદ્યોગિક ન્યાયપંચે ન્યાય નિર્ણય કરવો જોઈએ તેમ રજૂઆત કરેલ છે. વધુમાં શ્રી ત્રિવેદીની રજૂઆત છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થા નવનીત પ્રેસ લી., નવનીત પબ્લીકેશન (ઈન્ડીયા) લી., નવનીત પ્રકાશન કેન્દ્ર તે ત્રણેય સંસ્થા એક જ છે તથા નવનીત પ્રેસ લી. નો ઉદ્‌ભવ થયો તે અગાઉ ગાલા માલીકો દ્વારા જુદી જુદી ભાગીદારી કંપનીઓ અને કહેવાતા કોન્ટ્રાકટરો દ્વારા આ પ્રકારનું કામ કરાવવામાં આવતું હતું અને જેમાં સુરેખ બાઈન્ડીંગ વર્કસ, રંગ મલ્ટી કલર ઓફસેટ, વિકાસ પ્રીન્ટરી, સંદીપ એજન્સી, ગાલા પબ્લીકેશન તથા કહેવાતા કોન્ટ્રાકટરો કુમુદ સાંકળચંદ, ચુનીલાલ મોતીલાલ, જીતેન્દ્ર ભાવસાર, કલ્યાણજી શાહ, હસમુખ શાહ, જીતેન્દ્ર દવે તથા કે. કે. પ્રોસેસર્સ આ તમામ ઉભી કરેલ સંસ્થાઓમાં ઉપરોક્ત ૪૦૦ જેટલા કામદારો કામ કરતા હતા અને જેનું વીલીનીકરણ નવનીત પ્રેસ લી.માં કરવામાં આવેલ છે તથા આ તમામ સંસ્થાઓ એકજ હોઈ આ કામદારો નવનીત પબ્લીકેશન (ઈન્ડીયા) લી. માં પણ પડેલા દિવસોના પૂરેપૂરા પગાર, આનુષાંગિક લાભો સહીત પુનઃસ્થાપિત થવા હક્કદાર છે તેમ રજૂઆત કરેલ છે. વધુમાં શ્રી ત્રિવેદીની રજૂઆત છે કે, ઉપરોક્ત કામમાં સાક્ષી સમન્સના સાક્ષી તરીકે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારી આવેલ છે તથા બેન્ક દ્વારા તેઓના દસ્તાવેજો રજૂ કરવામાં આવેલ છે તેને ધ્યાન ઉપર લેતાં પણ ઉપરોક્ત કહેવાતી તબદીલી તે ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોઈ કામદારોની માંગ્યા મુજબનું દાદ ગ્રાહ્ય રાખવી જોઈએ તેવી રજૂઆત કરેલ છે. વધુમાં શ્રી ત્રિવેદીની રજૂઆત છે કે, તેઓના દ્વારા આંક-૬૦૯થી પણ કેટલાક દસ્તાવેજો રજૂ કરવામાં આવેલ છે અને તેને પણ ધ્યાન ઉપર લેવા જરૂરી છે.

વધુમાં ઉપરોક્ત કામમાં બીજા પક્ષકાર નં. ૨ ગુજરાત કામદાર પંચાયત દ્વારા મારી સમક્ષ નીચે મુજબના ચુકાદાઓ રજૂ કરી તે કિસ્સામાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતોનો લાભ તેમને મળવાપાત્ર છે તેમ જણાવી રજૂઆત કરેલ છે અને જે રજૂ કરેલા ચુકાદા નીચે મુજબ છે.

(૧) જયપુર સ્પીનીંગ એન્ડ વીવીંગ મીલ્સ લી. અને સ્ટેટ ઓફ રાજસ્થાન ૧૯૬૧ એલએલજે-૧ પાન ૭૪૭

INDEX

(૨) મે. ગેબ્રીયલ ઈન્ડીયા લી. અને સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ અને બીજા ૧૯૯૫ એલએલજે-૨ પાન ૯૭૫

(૩) સેક્રેટરી, કે. જે. એચ. એસ. યુનીયન અને ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ ૧૯૯૮ એલએલજે-૧ પાન ૫૭૪.

(૪) ડાબર પ્રા.લી., દેવધર અને તેના કામદારો ૧૯૬૭ એલએલજે-૨ પાન ૮૬૩

(૫) અપાર ઈન્ડસ્ટ્રીઝ લી. અને નટવરસિંહ નરસિંહ સીધા અને બીજા ૨૦૦૪ એલએલજે-૨ પાન ૨૮૨

(૬) ગુજરાત મઝદુર યુનીયન અને સ્ટેટ ઓફ ગુજરાત તથા બીજા ૧૯૯૨ એલએલજે-૨ પાન ૪૯૬

(૭) સુબોન્ગ ટી. એસ્ટેટના કામદારો અને સુબોન્ગ ટી એસ્ટેટ અને બીજા ૧૯૬૪ એલએલજે-૧ પાન-૩૩૩

(૮) સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર અને કામાની ઈમ્પ્લોઈ યુનીયન અને બીજા ૧૯૭૫ એલએલજે-૧ પાન ૩૮૭

(૯) સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર અને અનંથા કૃષ્ણન (કે) અને બીજા ૧૯૬૧ એલએલજે-૨ પાન ૭૩૨

(૧૦) વેન્ચર ગ્લોબલ એન્જીનીયરીંગ અને સત્યમ કોમ્પ્યુટર્સ સર્વીસીસ લી. અને બીજા એઆઈઆર એસસીડબલ્યુ-૨ પાન ૫૦૨૭

(૧૧) એ.પી.એમ.સી. અને ભંડેરી ધીરૂભાઈ નરસીંહભાઈ ૨૦૦૮ એલએલજે-૨ પાન ૩૯૬

(૧૨) સુરેશરાવ ભાદુજી હતવાર અને પી.ઓ. ફર્સ્ટ લેબર કોર્ટ અને બીજા (ડબલ્યુ. પી. ૧૯૫૪/૧૯૮૬ જૂન ૨૫, ૧૯૯૦) પાન ૬૭૨

(૧૩) પી. બાલકોટિયાહ વિરૂદ્ધ યુનીયન ઓફ ઈન્ડીયા અને બીજા એઆઈઆર ૧૯૫૮ સુપ્રીમકોર્ટ પાન ૨૩૨

(૧૫) જ્યારે પ્રથમ પક્ષકાર નં.૧ નવનીત પ્રેસ લી. તરફે તેઓના વિ. વકીલશ્રી બી.બી. ઠેસીયા દ્વારા તેઓની લેખીત રજૂઆત ઉપરાંત રજૂ કરેલ ચૂકાદા ઉપરાંત તેઓએ લંબાણપૂર્વક મૌખિક રજૂઆત કરેલ છે અને તેઓની મૌખિક રજૂઆત ટૂંકમાં એવી છે કે, હાથ ઉપરના કિસ્સામાં અન્ડરટેકીંગના માલીકીની ફેરબદલી જે થયેલ છે અને સંસ્થાની માલીકી અને વહીવટ તબદીલ થયેલ છે તે વાજબી છે તથા આંક-૧નો વિવાદ તે મર્યાદીત બાબતનો વિવાદ છે અને વિવાદની અનુસૂચિ ધ્યાન ઉપર લેવામાં આવે તો યુનીયન દ્વારા સંસ્થાની માલીકીની તબદીલી થયેલ છે તે સ્પષ્ટ રીતે જણાવેલ છે. એટલે કે, યુનીયને માલીકીની તબદીલી

INDEX

સ્વીકારી લીધેલ છે અને તેથી હવે કોઈ દાદ મેળવવા તે હક્કદાર નથી. વધુમાં શ્રી ઠેસીયાની રજૂઆત છે કે, તેઓ ઉપરોક્ત વિવાદ તે ત્રણ પ્રકારના પ્રાથમિક મુદ્દાથી પડકારે છે અને શ્રી ઠેસીયાની રજુઆત છે કે, ઉપરોક્ત વિવાદ તે સમુચીત સરકાર દ્વારા તેઓને મળેલ કલમ-૧૦ની પેટા-કલમ-૧ની પેટા-કલમ-ઇ હેઠળની સત્તાનો ઉપયોગ કરી મોકલવામાં આવેલ છે તેમ મૂળ રેફરન્સમાં જણાવેલ છે, જ્યારે કાયદાની આ જોગવાઈને ધ્યાન ઉપર લેવામાં આવે તો તે જોગવાઈ નીચે કોઈ તકરાર ન્યાય નિર્ણય અર્થે મોકલવાની સત્તા અને હકુમત નથી અને તેથી આ જ કારણસર રેફરન્સ રદ થવાને પાત્ર છે. વધુમાં શ્રી ઠેસીયાની રજૂઆત છે કે, ઉપરોક્ત તકરાર મોકલ્યા બાદ સમુચીત સરકાર દ્વારા તેમાં તા. ૮-૧૦-૨૦૦૨ના રોજ સુધારો બહાર પાડવામાં આવેલ હતો અને તેમાં કલમ-૧૦ની પેટા-કલમ ૧૦ (ક) લખવામાં આવેલ છે ત્યાં કલમ-૧૦ ની પેટા-કલમ ૧ (ગ) વાંચવાનો સુધારો કરવામાં આવેલ છે. આ સુધારો પણ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે અને તેઓને સમુચીત સરકાર દ્વારા આવો સુધારો કરતાં પહેલાં કોઈ રજૂઆત કરવાની તક આપવામાં આવેલ નથી તથા આ સુધારા બાદ પણ સમુચીત સરકાર દ્વારા તા. ૧૮-૧૨-૨૦૦૨ના રોજ ફરી એકવાર સુધારો કરી કલમ-૧૦ની પેટા-કલમ-૧ (ક) લખેલ છે ત્યાં કલમ ૧૦ ની પેટા-કલમ-૧ (ઘ) વાંચવું તેમ જણાવેલ છે. એટલે કે સમુચીત સરકાર જ તકરાર ન્યાય નિર્ણય અર્થે મોકલતાં પહેલાં અસ્પષ્ટ છે. વધુમાં શ્રી ઠેસીયાની રજૂઆત છે કે, યુનીયન દ્વારા આ પ્રકારની કોઈ માંગણી ઉપસ્થિત કરવામાં આવેલ નથી કે, સંસ્થાને મોકલવામાં આવેલ નથી તથા સમુચીત સરકાર દ્વારા કન્સીલેશનની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી અને તેથી પણ રેફરન્સ ગેરકાયદેસર, ગેરવ્યાજબી હોઈ રદ થવાને પાત્ર છે. વધુમાં શ્રી ઠેસીયાની રજૂઆત છે કે, કલમ-૧૦ની પેટા-કલમ ૧ની કલમ-ઇ નીચે રેફરન્સ કરવાની સમુચીત સરકારને સત્તા અને હકુમત નથી તથા ઉપરોક્ત તકરાર તે વ્યક્તિગત કામદારની તકરાર નથી અને તે સંજોગોમાં આ વિવાદ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨ (કે) મુજબ ઔદ્યોગિક તકરાર બનતી નથી તથા ગુજરાત મઝદુર પંચાયત દ્વારા કોઈ માંગણી ઉભી કરેલ નથી અને તેવું કોઈ રેકર્ડ જોતાં પૂરવાર થતું નથી. વધુમાં ઔદ્યોગિક ન્યાયપંચ તે ઔદ્યોગિક વિવાદ ધારા નીચે મળેલ સત્તા અને હકુમતને ધ્યાન ઉપર લેતાં ટર્મ્સ ઓફ રેફરન્સની બહાર જઈ ન્યાય નિર્ણયની કાર્યવાહી કરી શકે નહી અને તેથી આ પ્રાથમિક મુદ્દા ઉપર જે રેફરન્સ તે રદ થવાને પાત્ર છે અને આ પ્રકારના ત્રણ જુદા જુદા રેફરન્સ હુકમ અને તેમાં સુધારો કરવાના હુકમ આવેલ હોય, ઔદ્યોગિક ન્યાયપંચને ઉપરોક્ત તકરાર ચલાવવાની સત્તા અને હકુમત નથી અને તેથી રેફરન્સ રદ કરવો જોઈએ તથા તકરાર મજૂર કમિશનર દ્વારા મોકલવામાં આવેલ છે અને જે મોકલવાની મજૂર કમિશનરને કોઈ સત્તા અને હકુમત ન હોઈ રેફરન્સ હુકમ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોઈ તકરાર રદ કરવી જોઈએ તેમ જણાવેલ છે. વધુમાં શ્રી ઠેસીયાની રજૂઆત છે કે, સમુચીત સરકાર તે પક્ષકારોને સાંભળ્યા વગર રેફરન્સમાં સુધારો કરી શકે નહી તથા જ્યારે કોઈ તકરાર ન્યાય નિર્ણય અર્થે મોકલવાની હોય તે

INDEX

સમયે યુનીયન દ્વારા માંગણી ઉપસ્થિત કરવી જોઈએ અને તે માંગણી અંગે સમાધાની કાર્યવાહી નિષ્ફળતામાં પરિણમે અને સમુચીત સરકારને એવો અભિપ્રાય થાય કે, માંગણી બાબતે ન્યાય નિર્ણય કરવો જરૂરી છે ત્યારે જ તે તકરાર રેફરન્સ કરી શકાય છે અને હાથ ઉપરના કિસ્સામાં તેવી કોઈ કાર્યવાહી થયેલ નથી. વધુમાં શ્રી ઠેસીયાની રજૂઆત છે કે, સુધારા રેફરન્સ તે ડીફેકટીવ રેફરન્સ છે અને તેથી તે રદ થવાને પાત્ર છે તથા યુનીયને વિવાદ ઉપસ્થિત કરવાની કોઈ માંગણીની નોટીસ આપેલ ન હોય રદ થવાને પાત્ર છે. વધુમાં આંક-૭નું માંગણાનું નિવેદન જોતાં પણ યુનીયને કોઈ માંગણીની નોટીસ આપ્યાનું પૂરવાર થતું નથી તથા ઔદ્યોગિક વિવાદ ધારો ૧૯૪૭ નીચે ગુજરાત સરકાર દ્વારા ધી ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ (ગુજરાત) રૂલ્સ બનાવેલ છે અને તેનો પણ ભંગ થતો હોઈ રેફરન્સ રદ થવાને પાત્ર છે તથા એપ્રીહેન્ડેડ ડીસ્પ્યુટ હોય તો પણ ડીમાન્ડ નોટીસ આપવી જરૂરી છે. વધુમાં શ્રી ઠેસીયાની રજુઆત છે કે, મજૂર કમિશનરની કચેરી દ્વારા પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા જોડે ફક્ત વિગતો માંગવામાં આવેલ છે. વધુમાં શ્રી ઠેસીયાની રજૂઆત છે કે, ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ એફ-એફને ધ્યાન ઉપર લેતાં માલીકે માલીકી કે વહીવટ તબદીલી બાબતે કોઈ કારણો આપવાની જરૂર નથી, તે કલમમાં સ્વયંસ્પષ્ટ છે તથા યુનીયને ઉપરોક્ત કેસમાં વિવિધ જગ્યાએ સંસ્થાની તબદીલી થઈ નવા માલીકો આવેલ છે તેમ કબુલ મંજુર રાખેલ છે તથા વહીવટ બદલાયો છે તેમ કબુલ મંજૂર રાખેલ છે અને આમ એક વખત માલીકી અને વહીવટ બદલાયો હોઈ તેમ યુનીયને કબુલ મંજુર રાખેલ હોઈ રેફરન્સ તે રદ થવાને પાત્ર છે. વધુમાં શ્રી ઠેસીયાની રજૂઆત છે કે, ઉપરોક્ત કામમાં બીજા પક્ષકાર યુનીયન દ્વારા વચગાળાની રાહત અરજી આપવામાં આવેલ હતી અને જેમાં ઔદ્યોગિક ન્યાય પંચ દ્વારા જે અવલોકન થયેલ છે તે અવલોકનને યુનીયને નામ. ગુજરાત હાઈકોર્ટમાં પડકારેલ નથી અને તે અવલોકન આજની તારીખે પણ રેકર્ડ ઉપર છે અને તે અવલોકનને ધ્યાન ઉપર લેતાં રેફરન્સ તે રદ થવાને પાત્ર છે. વધુમાં ઔદ્યોગિક ન્યાયપંચ તે મેનેજમેન્ટે જે નિર્ણય લીધેલ હોય તે નિર્ણયના કારણોની પાછળ જઈ તપાસ કરી શકે નહી તથા શેર ટ્રાન્સફર કરવાનો કે માલીકી અને વહીવટ તબદીલ કરવાનો નિર્ણય તે મેનેજરીયલ નિર્ણય છે અને આવા વહીવટી નિર્ણયોની સાતત્યતા પાછળ ઔદ્યોગિક ન્યાય પંચ જઈ શકે નહી તેમ શ્રી ઠેસીયાની રજૂઆત છે. વધુમાં શ્રી ઠેસીયાની રજૂઆત છે કે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫ એફ-એફને ધ્યાન ઉપર લેતાં કામદાર તે વળતર મેળવવા હક્કદાર છે તેમ દર્શાવેલ છે અને તેમાં વહીવટ અને માલીકીની તબદીલીના કિસ્સામાં કામદારની છટણી થઈ હોય તેમ ગણી કલમ-૨૫ એફ ની જોગવાઈ અનુસાર તે નોટીસ અને વળતર મેળવવા હક્કદાર થાય છે. એટલે તેઓની છટણી થયેલ છે તેમ ગણવાનું નથી અને કલમ ૨૫-એફની જોગવાઈનું પાલન કરવાનું નથી પરંતુ કલમ-૨૫ એફની જોગવાઈમાં દર્શાવેલ વળતર ચૂકવવાનું છે અને જે સંસ્થાએ વળતર ચૂકવી દીધેલ છે અને કામદાર તે છટણી વળતર મેળવવા હક્કદાર બને છે. પરંતુ સંસ્થાના તે કૃત્યને છટણી કહી

INDEX

શકાય નહી અને માલીકી અને વહીવટ નામફેરના કિસ્સામાં નોકરીનો અંત આવવાનું કૃત્ય તે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨ (૦) (૦) મુજબ છટણી નથી. વધુમાં શ્રી ઠેસીયાની રજૂઆત છે કે, યુનીયને અન્ડરટેકીંગની માલીકી ફેરબદલી સ્વીકારેલ છે તથા આંક-૨૫, ૩૩, ૪૦ તથા આંક-૫૦ના હુકમના પાના નં.૧૧ અને ૧૪ વગેરેને ધ્યાન ઉપર લેતાં ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગ સ્વીકારાયેલ છે અને આમ જ્યારે ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગ સ્વીકારાયેલ હોઈ બીજા પક્ષકાર દ્વારા જે દાદ માંગવામાં આવેલ છે તે ૨૬ થવાને પાત્ર છે. વધુમાં શ્રી ઠેસીયાની રજૂઆત છે કે યુનીયનની વિવિધ જગ્યાએ વિવિધ રજૂઆતો તે ભિન્ન-ભિન્ન છે. અને તે વર્તનને પણ ધ્યાન ઉપર લેવું જરૂરી છે. વધુમાં શ્રી ઠેસીયાની રજૂઆત છે કે જે મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ રજૂ થયેલ છે તે સંસ્થાનું સંચાલન કરનાર ડાયરેકટર કે મેનેજીંગ ડાયરેકટર દ્વારા કરવામાં આવેલ તો તેમાં કોઈ ગેરકાયદેસરનું કૃત્ય થઈ જતું નથી તથા કાયદામાં તેવી ક્યાંય જોગવાઈ નથી કે તેમાં તમામ શેર હોલ્ડરોએ સહી કરવી જોઈએ તથા બોર્ડ ઓફ ડીરેકટર્સને કંપની વતીથી નિર્ણય કરવાની સત્તા છે તથા આ એમ.ઓ.યુ. પાછળથી રજૂ થયેલ નથી પરંતુ પ્રથમથી જ સંસ્થાની આ બાબતની રજૂઆત છે. વધુમાં માલીકી ફેરના દાખલામાં માલીકી ફેર ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે તેવી જે પક્ષકારોની રજૂઆત હોય તે પક્ષકારે તે બાબતને મૌખિક અને દસ્તાવેજી પૂરાવાથી પૂરવાર કરવી જોઈએ, ફક્ત અનુમાનના આધારે આવી તબદીલી ગેરકાયદેસરની છે તેમ કહી શકાય નહી અને યુનીયનના માથે આ બાબતનો સાબીતીનો બોજો હોવા છતાં નામ. ન્યાયપંચ સમક્ષ તેઓનો કેસ પૂરવાર કરેલ નથી. વધુમાં શ્રી ઠેસીયાની રજૂઆત છે કે ઉપરોક્ત શેર મુડી ધારણ કરનાર વ્યક્તિ પૈકી અમુક એચ.યુ.એફ. શેર છે તથા ફેમીલી મેમ્બર્સ પણ છે, તેને પણ ધ્યાન ઉપર લેવું જરૂરી છે તથા આંક-૩૧૭, ૩૧૯, ૩૨૩, ૩૩૫, ૩૪૧, ૩૪૬, ૩૪૭, ૩૪૯, ૩૫૧, ૩૫૩, ૩૫૯, ૩૬૧, ૩૬૩, ૩૭૩, ૩૭૪, ૩૭૫, ૩૮૧ અને ૩૮૫ તે જોવા જરૂરી છે અને તે જોતાં તબદીલી વાજબી હોવાનું પૂરવાર થાય છે. વધુમાં આ વહેવાર તે બેનામી છે તેવું બીજા પક્ષકાર યુનીયનના માંગણાના નિવેદનમાં નથી કે તેઓના સાક્ષીએ પૂરવાર કરેલ નથી. વધુમાં શેર મુડીની તબદીલી થયેલ છે અને કલમ-૨૫ એફ-એફની જોગવાઈ મુજબ એક સંસ્થા તે અન્ય સંસ્થામાં ટ્રાન્સફર થવી જરૂરી નથી તથા એમ.ઓ.યુ.ની શરતોનું પૂરેપૂરૂ પાલન થયેલ છે અને તે બાબતે કોઈ પક્ષકારોને તકરાર નથી તથા ઈન્ડીયન કોન્ટ્રાકટ એકટ નીચે એમ.ઓ.યુ. તે કરાર છે તથા એમ.ઓ. યુ.ની કાયદેસરતા નક્કી કરવા બાબતે ઔદ્યોગિક ન્યાયપંચ તે કોઈ કાયદા અનુસારનું ફોરમ નથી તથા યુનીયન તે ત્રીજી વ્યક્તિ છે અને આવી ત્રીજી વ્યક્તિ તે એમ.ઓ.યુ.ના પક્ષકારો વચ્ચે જે કબુલાત થયેલ છે તેની કાયદેસરતા ઔદ્યોગિક ન્યાય પંચ સમક્ષ પડકારી શકે નહી. વધુમાં શ્રી ઠેસીયાની રજૂઆત છે કે નવનીત પ્રેસ લી. દ્વારા તેઓનો લોગો આપેલ નથી તથા નવા માલીકને તબદીલીથી શું મળ્યું તે બાબતની ચિંતા કરવાની યુનીયનને જરૂર નથી તથા શેર મુડીની તબદીલી કે વેચાણના કારણો તે યુનીયનને આપવા જરૂરી નથી તથા

INDEX

રજીસ્ટ્રાર ઓફ કંપનીઝમાં રાજીનામાના કારણો દર્શાવવા જરૂરી નથી અને રજીસ્ટ્રાર ઓફ કંપનીઝમાં કારણો બતાવેલ નથી તેટલા જ કારણે ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગ ખોટું છે તેમ કહી શકાય નહી. વધુમાં ઔદ્યોગિક ન્યાય પંચે કલમ-૨૫ એફ-એફની જોગવાઈનું પાલન થયેલ છે કે કેમ? તેટલું જ જોવું જરૂરી છે. વધુમાં શ્રી ઠેસીયાની રજૂઆત છે કે તેઓના દ્વારા ઉપરોક્ત કેસમાં કેટલાક ચૂકાદા પણ રજૂ કરવામાં આવેલ છે અને તેમાં પ્રસ્થાપીત થયેલ સિદ્ધાંતોને પણ ધ્યાન ઉપર લેવા જરૂરી છે. વધુમાં શ્રી ઠેસીયાની રજૂઆત છે કે; તેમના દ્વારા આંક-૬૦૫થી નવનીત પ્રેસ લી., ના વાર્ષિક હિસાબો બાબતે રજૂઆત કરવામાં આવેલ છે તથા તેઓની રજૂઆત છે કે રજૂ થયેલ દસ્તાવેજી પૂરાવાને ધ્યાન ઉપર લેતાં સંસ્થાની આર્થિક પરિસ્થિતિ તે સારી ન હતી તે રેકર્ડ જોતાં જણાઈ આવે છે. વધુમાં તેઓની રજુઆત છે કે તા. ૩૧-૩-૯૫ના રોજ પૂરા થતા વર્ષ માટે ₹ ૫,૪૭,૦૧૨/- તે મેન્યુફેકચરીંગ એક્ષ્પેન્સ હતો તથા તેની સરખામણીમાં તા. ૩૧-૩-૯૬ના રોજ ₹ ૩,૪૬,૮૧૧/- વધેલ હતો અને તા. ૩૧-૩-૯૭ના રોજ સને ૯૬ની સરખામણીમાં ₹ ૮,૯૬,૬૮૭/- ખર્ચ વધેલ છે. તેવી જ રીતે કામદારોની ચૂકવણી, વહીવટી અને વેચાણ ખર્ચ અને ફાઈનાન્શીયલ ચાર્જીસ તથા વ્યાજની રકમ તે સને ૯૫ કરતાં સને ૯૬ના વર્ષમાં અને સને ૯૬ની સરખામણીમાં સને ૯૭ના વર્ષમાં વધારો થયેલ છે તથા કેસનું રેકર્ડ જોતાં સને ૯૭ના વર્ષમાં ઘસારો બાદ કરતાં સંસ્થામાં ખોટ આવેલ છે અને તે જોતાં એમ.ઓ.યુ.ની અંદર સંસ્થાની આર્થિક પરિસ્થિતિ સંતોષકારક નથી તે જે લખાણ લખાયેલ છે તે સંસ્થાએ ૯૬ અને ૯૭ના વર્ષમાં ખોટ કરેલ હતી અને તેને ધ્યાન ઉપર લેવાયેલ છે તથા ગુજરાત કામગાર પંચાયત દ્વારા જે રજૂઆત કરેલ છે તે બેલેન્સશીટનું સંપૂર્ણ વિશ્લેષણ નથી. વધુમાં તેમના દ્વારા ધી પેમેન્ટ ઓફ બોનસ એકટની કલમ-૨૩ને ધ્યાન ઉપર લેવા રજૂઆત કરેલ છે. વધુમાં તેમના દ્વારા રજૂઆત છે કે ગુજરાત કામગાર પંચાયત દ્વારા આંક-૫૯૬ અને ૫૯૭ના વર્ષના હિસાબોમાં કંપનીના ડાયરેકટરોનો જે રીપોર્ટ ઉપર આધાર રાખેલ છે તે કુલ આવક દર્શાવેલી છે અને તે જોવી જરૂરી છે. વધુમાં તેઓની રજૂઆત છે કે કંપનીની આર્થિક પરિસ્થિતિ સારી ન હોઈ સંસ્થાએ આઈ.ડી.એક્ટની જોગવાઈ મુજબ ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગ કરેલ છે. વધુમાં તેમના દ્વારા શેર તથા તેના વેચાણની વિગતો દર્શાવતું સ્ટેટમેન્ટ આંક-૨૦૫ સાથે રજૂ કરેલ છે અને જેમાં તેઓની રજૂઆત છે કે રજૂ થયેલ દસ્તાવેજોને ધ્યાન ઉપર લેતાં નવનીત પ્રેસ લી. ના શેર હોલ્ડરોનું નામ, તેઓએ ધારણ કરેલા શેરોની સંખ્યા, શેરની મૂળ કિંમત, શેર વેચાણથી ઉપજેલ રકમ અને તે નામ. ન્યાય પંચ સમક્ષ જે આંકથી રજૂ કરેલ છે તે તમામ વિગતો તેઓએ રજૂ કરેલ છે અને તે જોતાં ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગ તે ફક્ત પેપર એરેન્જમેન્ટ છે, આભાસી અને મીથ્યા છે તેવી યુનીયનની દલીલ ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને ઔદ્યોગિક ન્યાયપંચને ગેરમાર્ગે દોરનારી છે અને તે સંજોગોમાં ન્યાયપંચે ઉપરોક્ત રેફરન્સ રદ કરવો જોઈએ તેમ જણાવેલ છે. વધુમાં શ્રી ઠેસીયા દ્વારા હાથ ઉપરના કિસ્સામાં તેઓએ વિવિધ અદાલતો દ્વારા જે ચૂકાદાઓ આપવામાં આવેલ છે તે ચૂકાદાઓ

INDEX

ઉપર આધાર રાખેલ છે અને જે ચૂકાદાઓ તેઓએ આંક-૬૦૬ના લીસ્ટથી રજૂ કરેલ છે, જે નીચે મુજબ છે.

(૧) સ્ટેટ ઓફ બીહાર અને ગાંગુલી (ડીએમ) અને બીજાઓ ૧૯૫૮ (૨) એલએલજે પાન ૮૩૪, નામ. સુપ્રીમ કોર્ટ

(૨) ગુજરાત કામગાર પંચાયત વિ. મેઈઝ પ્રોડકટસ અને બીજાઓ ૨૦૦૨ (૨) સી.એલ.આર. પાન ૫૫૦, નામ. ગુજરાત હાઈકોર્ટ

(૩) યુનીયન ઓફ ઈન્ડીયા અને બીજા વિ. દેવકીનંદન અગ્રવાલ એઆઈઆર ૧૯૯૨ પાન ૯૬, નામ. સુપ્રીમ કોર્ટ

(૪) સ્ટેટ ઓફ ગુજરાત વિ. રાજેશકુમાર ચીમનલાલ બારોટ એઆઈઆર ૧૯૯૬ પાન ૨૬૬૪, નામ. સુપ્રીમ કોર્ટ

(૫) ધી યુનાઈટેડ કોમર્શીયલ બેન્ક લી. વિ. તેના કામદારો એઆઈઆર ૧૯૫૧ પાન ૨૩૦, નામ. સુપ્રીમ કોર્ટ

(૬) કેસરસીંગ અને બીજા વિ. સાધુ ૧૯૯૬ (૨) પાન ૩૦૨, નામ. સુપ્રીમ કોર્ટ

(૭) સીંધુ રીસેટલમેન્ટ કોર્પો. લી. ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ, ગુજરાત અને બીજા લેબઆઈસી ૧૯૬૮ વોલ્યુમ ૨ પેજ ૯૯

(૮) વીલેજ પેપર્સ પ્રા. લી. અને સ્ટેટ ઓફ હીમાચલ પ્રદેશ અને બીજા ૧૯૯૩ (૧) એલએલજે પાન ૯૯, નામ. હિમાચલ પ્રદેશ હાઈકોર્ટ

(૯) પોટરી મઝદુર પંચાયત અને ધી પરફેકટ પોટરી કંપની લી. અને બીજા ૧૯૮૩ (૧) એલએલજે પાન ૨૩૨, નામ. સુપ્રીમ કોર્ટ

(૧૦) ઈન્ડીયન હયુમ પાઈપ કંપની લી. અને તેના કામદારો ૧૯૬૯ (૧) એલએલજે પાન ૨૪૨, નામ. સુપ્રીમ કોર્ટ

(૧૧) આંધ્રપ્રભા લીમીટેડ અને બીજા અને મદ્રાસ યુનીયન હોફ જર્નાલીસ્ટ અને બીજા ૧૯૬૮ (૧) એલએલજે પાન ૧૫, નામ. સુપ્રીમ કોર્ટ

(૧૨) બારસીલાઈટ રેલ્વે કંપની લી. અને બીજા અને જોગલેકર (કેએમ) અને બીજા ૧૯૫૭ (૧) એલએલજે પાન ૧૪, નામ. સુપ્રીમ કોર્ટ

(૧૩) અનકપલ્લા કો.ઓ. એગ્રીકલ્ચરલ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી અને તેના કામદારો ૧૯૬૨ (૨) એલએલજે પાન ૬૨૧, નામ. સુપ્રીમ કોર્ટ

INDEX

(૧૪) વર્કમેન ઓફ ડેકન સુગર વિ. નવભારત ફેરો એલોયઝ લી. અને બીજા ૧૯૯૩ (૨) સીએલઆર પાન ૩૧, નામ. મદ્રાસ હાઈકોર્ટ

(૧૫) એચપી મીનરલ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન એમ્પ્લોઈઝ યુનીયન અને સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ અને બીજા ૨૦૦૧ વોલ્યુમ ૩ એલએલજે પાન ૧૪૧૩, નામ. સુપ્રીમ કોર્ટ

(૧૬) મારૂતી ઉદ્યોગ લી. અને રામલાલ અને બીજા ૨૦૦૫ વોલ્યુમ-૧ એલએલજે પાન ૮૫૩, નામ. સુપ્રીમ કોર્ટ

(૧૭) વર્કમેન ઓફ કર્ણાટકા એગ્રો પ્રોટીન્સ લીમીટેડ અને બીજા વિ. કર્ણાટકા એગ્રો પ્રોટીન્સ લીમીટેડ અને બીજા ૧૯૯૨ (૧) એલએલજે પાન ૭૧૨, નામ. કર્ણાટક હાઈકોર્ટ

(૧૮) મેનેજમેન્ટ ઓફ વીલીયમ ગુડ કે એન્ડ સન્સ લી. એન્ડ નીલકંદન કે. અને બીજા ૧૯૯૮ (૧) એલએલજે પાન ૧૦૩૮, નામ. મદ્રાસ હાઈકોર્ટ

(૧૯) સૌરાષ્ટ્ર કેમીકલ્સ લી. પોરબંદર વિ. તેના કામદારો રેફરન્સ (આઈટી) નં. ૧૧૫/૨૦૦૬

વધુમાં શ્રી ઠેસીયા દ્વારા રજૂઆત છે કે કેસનું રેકર્ડ ધ્યાન લેતાં બીજા પક્ષકારનો વિવાદ ખર્ચ સાથે રદ કરવો જોઈએ તેમ જણાવેલ છે.

૧૬. જ્યારે પ્રથમ પક્ષકાર નં. ૨ સંસ્થા એવરેસ્ટ પ્રેસ લી., તરફે તેઓના વિ. વકીલશ્રી પી. એસ. ચારી દ્વારા ઉપરોક્ત કેસમાં તેઓની લેખિત રજૂઆત સાથે મૌખિક દલીલો કરેલ છે અને જેમાં તેમની મુખ્યત્વે રજૂઆત છે કે, ઔદ્યોગિક વિવાદ ધારો, ૧૯૪૭ની કલમ-૨૫ એફ-એફ ધ્યાન ઉપર લેવામાં આવે તો ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગની બાબત તે મેનેજમેન્ટના અધિકારોની બાબત છે અને જેમાં કલમ ૨૫ એફ-એફ માં કામદારોને વળતર આપીને ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગ કરી શકાય તે બાબત તથા કામદારોને વળતર ચૂકવ્યા સિવાય ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગ કરી શકાય તેમ બે પ્રકારના ભાગ આપવામાં આવેલ છે અને આમ સદરહુ કલમને ધ્યાન ઉપર લેવામાં આવે તો તેમાં કાયદાના ઘડવૈયાઓ દ્વારા માલિકે ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગ કેવી રીતે કરવું તે બીઝનેસ પોલીસી એટલે કે વ્યવસાયિક નિર્ણય હોય તેનું ''ઓપ્શન''/''ચોઈસ''/ફ્રીડમ'' એટલે કે ''વિકલ્પ''/''પસંદગી''/''સ્વતંત્રતા'' તે કાયદાના ઘડવૈયાઓએ અન્ડરટેકીંગના માલિકને આપેલ છે તેથી સદરહુ કલમને ધ્યાન ઉપર લેતાં સદરહુ કૃત્ય તે મેનેજરીયલ ફંક્શન છે અને જ્યારે કાયદાએ તેને મેનેજરીયલ ફંક્શન ગણેલ હોય ન્યાયપંચ તેની કાયદેસરતામાં જઈ શકે નહીં અને મેનેજરીયલ ફંક્શન બાબતને ઔદ્યોગિક તકરાર કહી શકાય નહીં અને ઔદ્યોગિક ધારાની કલમ-૨(કે) ને ધ્યાન ઉપર લેતાં આ તકરાર તે ઔદ્યોગિક તકરાર નથી અને તેથી રેફરન્સ રદ થવાને પાત્ર છે તેમ રજૂઆત કરેલ છે. વધુમાં શ્રી ચારીની રજૂઆત છે કે, હાથ ઉપરના કેસમાં ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ એફ-એફ નો પહેલો ભાગ લાગુ પાડવાનો મેનેજમેન્ટ બીઝનેસ નિર્ણય લીધેલ અને સદરહુ કલમને ધ્યાન ઉપર લેતાં કલમની અંદર માલિકે કબુલાતથી કે કાયદાના અમલથી

INDEX

સંસ્થાની માલિકી અને વહીવટની તબદીલી કરવી તેવા વિકલ્પ આપેલ છે. તદુપરાંત કલમ-૨૫ એફ-એફ ના પહેલાં ભાગ મુજબની કે બીજા ભાગ મુજબની તબદીલી કરવી તેવો પણ વિકલ્પ આપેલ છે અને હાથ ઉપરના કેસમાં સંસ્થાને કલમ-૨૫ એફ-એફ ના પહેલા ભાગનો ઉપયોગ કરેલ છે અને યુનિયને જે તકરાર ઉપસ્થિત કરી છે તે ''નોન-જસ્ટીસીએબલ'' બાબત છે, એટલે કે, અદાલત અથવા કાયદાથી તેનો અમલ કરાવી શકાય નહીં તેવી બાબત છે. કારણ કે, તે મેનેજરીયલ ફંક્શન છે. વધુમાં શ્રી ચારીની રજૂઆત છે કે, મેનેજમેન્ટને ''ટ્રાન્સફર ઓફ ઓનરશીપ ઓર મેનેજમેન્ટ''મા જે વિકલ્પ અથવા પસંદગી આપવામાં આવેલ છે તે કાયદાએ આપેલ છે અને જે મેનેજરીયલ ફંક્શન છે. એટલે કે, ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગ કેવી રીતે કરવું તે મેનેજમેન્ટનો અબાધિત અધિકાર છે અને મેનેજમેન્ટનો તે અબાધિત અધિકાર હોઈ તે બાબત ''નોન-જસ્ટીસીએબલ'' છે અને તેથી તે બાબતે ઔદ્યોગિક તકરાર ઉપસ્થિત કરી શકાય નહીં. વધુમાં ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગ તે ''એગ્રીમેન્ટ'' થી કરવું કે ''ઓપરેશન ઓફ લો'' થી કરવું તે પણ વિકલ્પ આપવામાં આવેલ છે અને તે સંજોગોમાં ''ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગ'' બાબતે કોઈ કારણો આપવાની જોગવાઈ નથી અને તેથી યુનિયનની રજૂઆત કે ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગના કારણો તે વાજબી નથી તે રજૂઆત અસ્થાને છે તથા ઔદ્યોગિક ન્યાયપંચ તેનું વ્યાજબીપણું ચકાસી શકે નહીં તથા યુનિયન કે કામદારો તે ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગ કરવા પાછળનું કારણ સંચાલકો પાસે માંગી શકે નહીં અને આવી તકરાર તે ઔદ્યોગિક તકરાર નથી અને તેથી રેફરન્સ મૂળથી જ રદ થવાને પાત્ર છે. વધુમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતોને ધ્યાન ઉપર લેતાં ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગની બાબતે યુનિયન કે કામદારોની સંમતિ લેવાની કલમ-૨૫ એફ-એફ માં કોઈ જોગવાઈ નથી અને તે ઉપરથી સ્પષ્ટ રીતે ફલિત થાય છે કે ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગનું કૃત્ય તે મેનેજરીયલ ફંક્શન છે. વધુમાં શ્રી ચારીની વિદ્વતાપૂર્ણ દલીલ કરતાં રજૂઆત છે કે, ઔદ્યોગિક વિવાદ ધારો, ૧૯૪૭ની કલમ-૯(એ) માં ફેરફારની નોટીસ આપવા અંગે દર્શાવેલ છે તથા શીડ્યુલ-૩ અને ૪ને વાંચવામાં આવે તો તેમાં શીડ્યુલ-૩માં ઔદ્યોગિક ન્યાયપંચની હકુમતની બાબતો દર્શાવેલ છે તથા શીડ્યુલ-૪માં જે બાબતે ફેરફાર કરવાનો હોય તે અંગે નાટીસ આપવી જરૂરી છે તેવી નોકરીની શરતો તે ચોથા શીડ્યુલમાં દર્શાવવામાં આવેલ છે અને તે બન્ને જોગવાઈમાં પણ ટ્રાન્સફર ઓફ ઓનરશીપ કે મેનેજમેન્ટ બાબતનો ઉલ્લેખ નથી અને તેથી સ્પષ્ટ રીતે કહી શકાય કે, આ બાબત તે મેનેજરીયલ ફંક્શન છે. વધુમાં યુનિયન તે ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગમાં માલિકના ઈરાદા અંગેનો વિવાદ તે ઉપસ્થિત કરી શકે નહીં. વધુમાં તેમના દ્વારા મારી સમક્ષ મેનેજમેન્ટ એટલે શું ? તે બાબતે નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા આર. દાલમીયાં વિરૂધ્ધ કમિશનર ઓફ ઈન્કમટેક્ષ કે, જે ચુકાદો એઆઈઆર, ૧૯૭૭, સુપ્રિમ કોર્ટ, પાન-૯૮૮ ઉપર પ્રસિધ્ધ થયેલ છે તે તરફ ધ્યાન દોરી રજૂઆત કરેલ છે કે મેનેજમેન્ટ એટલે વ્યવસ્થા, વહીવટ, સંચાલન અને નિયંત્રણ છે તથા ઔદ્યોગિક વિવાદ ધારામાં ઓનરશીપ કે મેનેજમેન્ટનો અર્થ આપવામાં આવેલ નથી તથા કંપની ધારો, ૧૯૫૬ની કલમ-૨ની પેટા કલમ-૨૪માં મેનેજર એટલે એવી વ્યક્તિ કે જે બોર્ડ ઓફ ડીરેક્ટર્સના દેખરેખ, અંકુશ અને આધિન રહીને કંપનીનો વહીવટ સંભાળે તેમ દર્શાવેલ છે અને તેથી ઔદ્યોગિક વિવાદ ધારાની

INDEX

કલમ-૨૫ એફ-એફ માં જે મેનેજમેન્ટ શબ્દનો ઉપયોગ કરવામાં આવેલ છે તે બીઝનેસના સંબંધમાં છે અને ટ્રાન્સફર કરવાનો અધિકાર તે બંધારણે પણ માન્ય રાખેલ છે અને તેથી તે મેનેજરીયલ ફંક્શન છે અને બંધારણીય હક્ક પણ છે. વધુમાં કામદાર કે યુનિયન તે મેનેજમેન્ટને એવા કોઈ પ્રશ્ન પૂછી શકે નહીં કે, સંસ્થાએ શા માટે ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગના બંધારણીય હક્કનો ઉપયોગ કર્યો અને આ બાબતે તકરાર ઉપસ્થિત કરી શકે નહીં અને આમ તે ઔદ્યોગિક તકરાર ન હોઈ તથા તે બાબત નોન-જસ્ટીસીએબલ હોઈ રેફરન્સ રદ થવાને પાત્ર છે. વધુમાં શ્રી ચારીની રજૂઆત છે કે, કેટલીક બાબતો કે, ધંધામાં વધારો કરવો કે ઘટાડો કરવો, કયા ધંધા બાબતે કરારો કરવા, કેવા પ્રકારના મશીનો ઈન્સ્ટોલ કરવા, કયા પ્રકારના ઓફીસરોને પ્રમોશન આપવું, સંસ્થામાં એમાલ્ગમેશન કરવું, મર્જર કરવું કે, ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગ કરવું કે, કેટલાં ધંધાની ટ્રેડ, કોમર્શીયલ કે બીઝનેસ નિર્ણયો લેવા તે મેનેજરીયલ ફંક્શન કહી શકાય અને તે બાબતે યુનિયન કે કામદારો સંસ્થાને એવું ના કહી શકે કે, તેઓએ કયા પ્રકારનો ધંધો કરવો કે, ધંધામાં કેટલો વધારો કે ઘટાડો કરવો અને જે બાબત તે મેનેજરીયલ ફંક્શન છે તે બાબત મેનેજમેન્ટ બીઝનેસ પોલીસીથી નક્કી કરે છે અને તે બાબત અંગે ઔદ્યોગિક તકરાર ઉપસ્થિત કરી શકાય નહીં તથા આ બાબતે નામ. બોમ્બે હાઈકોર્ટ દ્વારા ધી ટ્વેન્ટીએથ સેન્ચ્યુરી ફોક્ષ કોર્પોરેશન (ઈન્ડીયા) પ્રા. લી. તથા એફ.એચ. લાલ તથા અન્યના કિસ્સામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ છે અને જે ચુકાદો ૧૯૭૪(૨) એલએલજે, પાન-૧૫૬ ઉપર પ્રસિધ્ધ થયેલ છે અને આ નોન-જસ્ટીસીએબીલીટી બાબત અંગે કોર્ટ અભિપ્રાય આપી શકે નહીં કે, કોર્ટ આ નિર્ણયોની પુનઃવિચારણા કરી શકે નહીં. વધુમાં શ્રી ચારીની રજુઆત છે કે, આમ ઔદ્યોગિક તકરારની મોકલવામાં આવેલ અનુસૂચિને ધ્યાન ઉપર લેતાં તે બાબત ઔદ્યોગિક તકરાર બાબત ન હોઈ રેફરન્સ રદ થવાને પાત્ર છે. વધુમાં શ્રી ચારીની રજૂઆત છે કે, હાથ ઉપરના કિસ્સામાં ગુજરાત કામગાર પંચાયત દ્વારા ઔદ્યોગિક ન્યાયપંચ સમક્ષ તથા નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ બે સમાંતર કાર્યવાહી કરવામાં આવેલ છે અને તેને ધ્યાન ઉપર લેતાં હાથ ઉપરના કેસના વિવાદને પ્રિન્સીપલ ઓફ રેસજ્યુડીકેટાનો સિધ્ધાંત લાગુ પાડી શકાય છે. વધુમાં હાથ ઉપરના કિસ્સામાં યુનિયન તે નવનીત પ્રેસ લી., નવનીત પ્રકાશન કેન્દ્ર, સંદીપ એજન્સી, નવનીત પબ્લીકેશન (ઈન્ડીયા) લી. વગેરેની ફંક્શનલ ઈન્ટીગ્રાલીટી અને યુનિટી તે ઉપસ્થિત કરી શકે નહીં કારણ કે, ગુજરાત કામગાર પંચાયત દ્વારા જે નવી ઔદ્યોગિક તકરાર ઉપસ્થિત કરવામાં આવેલ તે બાબતે નામ. ગુજરાત હાઈકોર્ટમાં કાર્યવાહી ચાલી રહેલ છે. વધુમાં શ્રી ચારીની રજૂઆત છે કે, રેસજ્યુડીકેટાનો સિધ્ધાંત તે ઈન્ટસ્ટ્રીયલ એડજ્યુડીકેશનના કિસ્સામાં પણ લાગુ પડે છે તથા નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા પોંડીચેરી ખાદી એન્ડ વીલેજ ઈન્ડ. બોર્ડ વિરૂધ્ધ પી. કુલોથાનંગન તથા અન્યના કિસ્સામાં કે જે ચુકાદો ૨૦૦૪ સુપ્રિમ કોર્ટ કેસીસ (લેબર એન્ડ સર્વિસ) માં પ્રસિધ્ધ થયેલ છે તેમાં પ્રસ્થાપિત કરેલ છે. વધુમાં હાથ ઉપરના કિસ્સામાં એસ્ટોપલ, વેઈવર અને એક્વીયન્સનો સિધ્ધાંત પણ લાગુ પડે છે તથા ગુજરાત કામગાર પંચાયત દ્વારા ઘણી પતી ગયેલી બાબતો અંગે પણ આખરી દલીલમાં વિવાદ ઉપસ્થિત કરેલ છે અને તે બાબતના અપ્રસ્તુત દસ્તાવેજો પણ રજૂ કરેલ છે અને તેથી યુનિયનની રજૂઆતને એસ્ટોપલ તથા

INDEX

વેઈવરનો સિધ્ધાંત નડે છે. વધુમાં નામ. કલકત્તા હાઈકોર્ટ દ્વારા પણ તુષાર કાંતિ રોય, કલકત્તા અને એઈથ ઈન્ટસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ કે, જે ચુકાદો ૨૦૧૩ (૧૩૬) એફએલઆર, પાન-૩૭૦ ઉપર પ્રસિધ્ધ થયેલ છે તેને પણ ધ્યાન ઉપર લેતાં યુનિયન દ્વારા જે મુદ્દા ઉપસ્થિત કરવામાં આવેલ છે તે રદ થવાને પાત્ર છે. વધુમાં નવનીત પ્રેસ લી. જોડે અન્ય કોઈ સંસ્થાઓને ફંક્શન ઈન્ટીગ્રાલીટી કે પક્ષકાર તરીકે જોડવા બાબતનો પ્રશ્ન એકવાર ચર્ચાઈ ગયેલ છે અને તેથી આખરી દલીલમાં તે નિરર્થક બાબત છે. વધુમાં શ્રી ચારીની રજૂઆત છે કે, નવનીત પ્રેસ લી. દ્વારા ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ એફ-એફ ની જોગવાઈનું પાલન કરી કામદારોને તેમના હક્કો આપી દેવામાં આવેલ છે અને જે કામદારો દ્વારા કબૂલ મંજૂર રાખવામાં આવેલ છે અને તેથી ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગ કાયદેસર અને વાજબી છે. વધુમાં શ્રી ચારીની રજૂઆત છે કે, તારીખ ૪થી ઓગસ્ટ, ૧૯૯૭ની નોટીસ તે ઉપરોક્ત કામમાં રજૂ થયેલ છે અને આંક-૫૯૩ થી પણ તે રજૂ થયેલ છે અને સંસ્થાને કાયદાની જોગવાઈઓનું સંપૂર્ણ પાલન કરેલ છે. વધુમાં શ્રી ચારીની રજૂઆત છે કે, કલમ-૨૫ એફ-એફ બાબતે જે પણ ત્રણ મુખ્ય શરતો છે, એટલે કે ટ્રાન્સફર૨ અને ટ્રાન્સફરી વચ્ચે લેખિત કરાર હોવા જોઈએ, જે હાથ ઉપરના કામમાં આંક-૫૯૧ થી તારીખ ૧૭મી જુલાઈ, ૧૯૯૭નું મેમોરન્ડમ ઓફ અન્ડરટેકીંગ રજૂ થયેલ છે તથા આંક-૫૯૩ થી ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગ તારીખ ૪થી ઓગસ્ટ, ૧૯૯૭ની નોટીસ રજૂ થયેલ છે તથા આંક-૫૯૨ના પત્રકથી બધા જ કામદારોને વળતર અને બીજા હક્કો ટ્રાન્સફરરે ચૂકવી દીધેલ છે અને હાથ ઉપરના કિસ્સામાં યુનિયન કે સંબંધિત કામદારો પૈકી એવો કોઈ કેસ નથી કે, તેઓને વળતરની રકમ ચૂકવવામાં આવેલ નથી કે નિયમ મુજબની નથી. વધુમાં શ્રી ચારીની રજૂઆત છે કે, ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ એફ-એફમાં ટ્રાન્સફરરે તમામ કામદારોને વળતરની રકમ ચૂકવી દીધેલ છે અને તેમ કરી આ કલમનું પાલન કરેલ છે તથા વળતરની રકમ ચૂકવી આપવી તે કન્ડીશન પ્રીસીડન્ટ એટલે કે પૂર્ણ શરત ન હોવા છતાં જે ચૂકવી દેવામાં આવેલ છે અને જે કામદારોએ આંક-૬૨, ૭૭, ૮૧, ૯૪ અને ૯૭ થી કબૂલ મંજૂર રાખેલ છે અને વળતરની રકમ બાબતે કોઈ વાંધો વિરોધ ઉઠાવેલ નથી કે, મેમો ઓફ અન્ડરસ્ટેડીંગ બાબતે પણ કામદારોની જુબાનીમાં કોઈ રજૂઆત નથી અને તેથી રેફરન્સ રદ થવાને પાત્ર છે. વધુમાં ટ્રાન્સફરી માલિક હેઠળ જુના કામદારોને તક આપવામાં આવેલ છે અને તેઓએ પણ કોઈ તકનો લાભ લીધેલ નથી અને જે આંક-૪૦૯ થી સ્વયં-સ્પષ્ટ છે તથા ટ્રાન્સફરી તે પ્રિન્ટીંગના ધંધામાં અનુભવી હતા અને જે રજૂ થયેલ બાયોડેટા ઉપરથી સ્પષ્ટ થાય છે તથા ટ્રાન્ફરી તે બોનાફાઈડ પાર્ટી હતી અને પ્રિન્ટીંગ પ્રેસ લાઈનના અનુભવી હતા, તે પણ રેકર્ડ જોતાં સ્પષ્ટ થાય છે. વધુમાં શ્રી ચારીની રજૂઆત છે કે, ટ્રાન્સફર અંગેની કાર્યવાહી બાબતે જરૂરી દસ્તાવેજો કંપની એક્ટ હેઠળના ઉચિત અધિકારીને મોકલી આપવામાં ઓલ છે અને જે આંક-૪૨૩, ૪૨૪ અને ૪૨૫ થી રજૂ થયેલ છે. વધુમાં શ્રી ચારીની રજૂઆત છે કે, ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગ તે લીગલ અને જસ્ટીફાઈડ ઈન લો છે તથા નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા અન્નાકપલ કો. ઓ. એગ્રી. એન્ડ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી તથા તેમના કામદારો કે, જે ચુકાદો ૧૯૬૨(૨) એલએલજે, પાન-૬૨૧ ઉપર પ્રસિધ્ધ થયેલ છે તેમાં પ્રસ્થાપિત સિધ્ધાંતોનું પણ સંસ્થાએ

INDEX

પાલન કરેલ છે અને તેથી રેફરન્સ રદ થવાને પાત્ર છે. વધુમાં શ્રી ચારીની રજૂઆત છે કે, ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગના કિસ્સામાં કામદારો તે વળતર મેળવવા હક્કદાર છે અને તે વળતરની રકમ શું ? તે બાબતે કલમ-૨૫ એફ-એફમાં દર્શાવેલ રકમ તે વળતરની રકમ છે અને તે સંજોગોમાં કલમ-૨૫ એફ-એફની જે કન્ડીશન પ્રીસીડન્ટ છે તે કલમ-૨૫ એફ-એફ ના કિસ્સામાં લાગુ પાડી શકાય નહીં. વધુમાં શ્રી ચારીની રજૂઆત છે કે, કોન્ટ્રાક્ટર ઓફ અન્ડરટેકીંગથી છુટા થયેલ કામદારોની છટણી ગણી શકાય નહીં અને તેથી કલમ-૨૫-એન ની જોગવાઈ તે લાગુ પાડી શકે નહીં. વધુમાં શ્રી ચારીની રજૂઆત છે કે નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા પણ હરીપ્રસાદ વિરૂધ્ધ એ. ડી. દિવેલકર કે જે ચૂકાદો એઆઈઆર, ૧૯૫૭, સુપ્રિમ કોર્ટ, પાન-૧૨૧ ઉપર પ્રસિધ્ધ થયેલ છે તેમાં પ્રસ્થાપિત કરેલ છે કે, ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગમાં રીટ્રેંચમેન્ટનો સવાલ આવતો નથી. વધુમાં શ્રી ચારીએ નામ. મદ્રાસ હાઈકોર્ટ દ્વારા વર્કમેન ઓફ ડેક્કન સુગર વિરૂધ્ધ નવભારત ફેરો એલોઈઝ લી. અને બીજા કે જો ચૂકાદો ૧૯૯૩, એલએલઆર, પાન-૬૯૭ ઉપર પ્રસિધ્ધ થયેલ છે તેના ઉપર આધાર રાખી રજૂઆત કરેલ છે કે, કલમ-૨૫ એફ-એફ માં જે છટણીનો ઉલ્લેખ કરવામાં આવેલ છે તે મર્યાદિત હેતુ માટે કરવામાં આવેલ છે અને તે ચૂકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતોને ધ્યાન ઉપર લેતાં પણ રેફરન્સ રદ થવાને પાત્ર છે. વધુમાં શ્રી ચારીની રજૂઆત છે કે, ઔદ્યોગિક ન્યાયપંચ તે ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈ નીચે સમુચિત સરકાર દ્વારા તેઓને જે ઔદ્યોગિક તકરાર ન્યાય નિર્ણય અર્થે મોકલવામાં આવેલ છે તેની બહાર જઈ ન્યાય નિર્ણયની કાર્યવાહી કરી શકે નહીં અને તે સંજોગોમાં નવનીત પ્રેસ લી. અને અન્ય સંસ્થાઓ તે એક જ છે કે, નવનીત પબ્લીકેશન (ઈન્ડીયા) લી. કે સંદીપ એજન્સી તેઓની ફંક્શનલ ઈન્ટીગ્રાલીટી કે યુનિટી એક જ છે કે, હતી તેવી કોઈપણ બાબતની ટીપ્પણી કરી શકે નહીં કે, તે બાબતે પોતાનો અભિપ્રાય આપી શકે નહીં. વધુમાં શ્રી ચારીની રજૂઆત છે કે, નવનીત પ્રેસ લી.ની રચના તે તારીખ પમી મે, ૧૯૯૩ના રોજ થયેલ છે, તે બાબતે પક્ષકારોને કોઈ વિવાદ નથી. વધુમાં શ્રી ચારીની રજૂઆત છે કે, રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓને ધ્યાન ઉપર લેતાં રેફરન્સ તે રદ કરવો જોઈએ તથા ઉપરોક્ત વિવાદમાં કામદારો કે યુનિયન દ્વારા એક યા બીજી જગ્યાએ બીનજરૂરી દાવાદુવી કરી પ્રથમ પક્ષકાર સંસ્થાને જે હેરાનગતિ ઊભી કરેલ છે તે બાબતે યોગ્ય ખર્ચનો હુકમ પણ કરવો જોઈએ તેમ જણાવેલ છે. વધુમાં શ્રી ચારીની રજૂઆત છે કે, તમામ છટણી તે નોકરીમાંથી અંત લાવવાનું કૃત્ય છે પરંતુ તમામ નોકરીના અંત લાવવાના કૃત્યને છટણી કહી શકાય નહીં, તે સિધ્ધાંતને ધ્યાન ઉપર લેતાં પણ રેફરન્સ તે રદ કરવો જોઈએ. વધુમાં શ્રી ચારીની રજૂઆત છે કે, યુનિયન દ્વારા ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગનું ફેક્ટમ સ્વીકારેલ છે તથા યુનિયનની રજૂઆત તે વિવિધ જગ્યાએ વિરોધાભાસી છે તે પણ ધ્યાન ઉપર લેવું જરૂરી છે. વધુમાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ એફ-એફ મુજબ વળતર ઉપરાંત યોગ્ય કિસ્સામાં નોકરી આપવાનું પણ જણાવેલ છે અને તેથી સંસ્થાનું કૃત્ય તે મલિન છે તેમ કહી શકાય નહીં અને શંકા તે કેસનો પાયો બની શકે નહીં. વધુમાં શ્રી ચારીની રજૂઆત છે કે, બીજા પક્ષકાર યુનિયનની માંગણી તે કાયદાની સમજફેરથી ઉપસ્થિત થયેલ હોય તેમ જણાઈ આવે છે. વધુમાં શ્રી ચારીની

INDEX

રજૂઆત છે કે, ભારતીય પુરાવાના કાયદાની જોગવાઈઓ તે સ્પષ્ટ રીતે ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈઓ નીચે ચાલતા કેસમાં લાગુ પાડી શકાય નહીં પરંતુ તેમ છતાં એવીડન્સ એક્ટની જોગવાઈઓ ધ્યાન ઉપર લેવી જરૂરી છે અને તેમાં કલમ-૯૧માં સ્પષ્ટ જણાવેલ છે કે, જ્યારે લેખિત પુરાવો પડતર હોય ત્યારે મૌખિક પુરાવાની જરૂર કહેતી નથી. વધુમાં શ્રી ચારીની રજૂઆત છે કે, આંક-૨૪૦ થી શ્રી રાવલની મૌખિક જુબાની જોવામાં આવે તો તેઓ કામે જવા તૈયાર ન હતા તેમ જણાવેલ છે. વધુમાં શ્રી ચારીની રજૂઆત છે કે, યુનિયન અને કામદારો દ્વારા કાયદાની પ્રક્રિયાનો દુરૂપયોગ કરવામાં આવેલ છે તથા સમુચિત સરકાર દ્વારા જે રેફરન્સ કરવામાં આવેલ છે તે કરતાં પહેલાં તે બાબત દીર્ઘદ્રષ્ટિથી વિચારેલ નથી અને સમુચિત સરકારે ઔદ્યોગિક તકરાર ન્યાયપંચ સમક્ષ ન્યાય નિર્ણય અર્થે મોકલતા પહેલાં તેમણે તે બાબતે તેઓનો અભિપ્રાય આપવાનો હોય છે અને તે સકારણ હોવો જરૂરી છે. જ્યારે હાથ ઉપરના કેસના રેફરન્સ હુકમને ધ્યાન ઉપર લેતા તે અસ્પષ્ટ અને અસંદિગ્ધ છે અને તેથી વિવાદ રદ થવાને પાત્ર છે. વધુમાં શ્રી ચારીની રજૂઆત છે કે, ઉપરોક્ત કામમાં કોઈપણ પ્રકારની સમાધાનની કાર્યવાહી થયેલ નથી તથા યુનિયને સંસ્થા જો કોઈ માંગણી ઉપસ્થિત કરેલ નથી તેથી પણ વિવાદ તે રદ થવાને પાત્ર છે તથા ઔદ્યોગિક ન્યાયપંચને ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગના કિસ્સામાં કારણો તપાસવાની સત્તા અને હકુમત નથી અને ઔદ્યોગિક ન્યાય પંચે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ એફ-એફ ની જોગવાઈનું પાલન થયેલ છે કે કેમ ? તેટલું જ જોવાનું રહે છે અને જે જોગવાઈનું સંસ્થા દ્વારા પાલન કરવામાં આવેલ છે અને તેથી રેફરન્સ રદ થવાને પાત્ર છે તેમ જણાવેલ છે. વધુમાં શ્રી ચારી દ્વારા તેઓના કેસના સમર્થનમાં કેટલાક ચુકાદાઓ રજૂ કરવામાં આવેલ છે અને જે આંક-૬૦૭ના લીસ્ટથી રજૂ કરેલ છે, જે નીચે મુજબ છે.

(૧) અનાકપલ્લા કો. ઓ. એગ્રી. એન્ડ ઈન્સ્ટ્રીયલ સોસાયટી અને તેના કામદારો અને બીજા એલએલજે, ૧૯૬૨ (૨) પાન-૬૮૧.

(૨) હરીપ્રસાદ શીવશંકર શુક્લા અને બીજા વિરૂધ્ધ એ. ડી. દિવેલકર અને બીજા એઆઈઆર, ૧૯૫૭, સુપ્રિમ કોર્ટ, પાન-૧૨૧.

(૩) વર્કમેન ઓફ ડેક્કન સુગર્સ વિરૂધ્ધ નવભારત ફેરો એલોયઝ લી. અને બીજા ૧૯૯૩, એલએલઆર, પાન-૬૯૭.

(૪) પોન્ડીચેરી ખાદી એન્ડ વીલેજ ઈન્ડસ્ટ્રીઝ બોર્ડ વિરૂધ્ધ પી. કુલોથાનંગન અને બીજા, ૨૦૦૪, સુપ્રિમ કોર્ટ કેસીસ (એલ એન્ડ એસ), પાન-૩૨.

(૫) તુષાર કાંતિ રોય અને એઈથ ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ, કલકત્તા અને બીજા, ૨૦૧૩ (૧૩૬) એફએલઆર, પાન-૩૭૦.

(૬) ધી ટ્વેન્ટીએથ સેન્ચ્યુરી ફોક્ષ કોર્પો. (ઈન્ડીયા) પ્રા. લી. અને એફ. એચ. લાલા અને બીજા એલએલજે, ૧૯૭૪ (૨), પાન-૧૫૬.

INDEX

(૭) મે. પેરી કું. વિરૂધ્ધ ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ, કલકત્તા, એઆઈઆર, ૧૯૭૦, સુપ્રિમ કોર્ટ, પાન-૧૩૩૪.

(૮) બી.એલ. શ્રીધન અને બીજા વિરૂધ્ધ કે. એમ. મુનીરેડી અને બીજા, ૨૦૦૨, એઆઈઆર એસસીડબ્લ્યુ, પાન-૫૨૨૧.

(૯) કેરાલા સોલ્વન્ટ એક્ષ્ટ્રેક્શન્સ લી. વિરૂધ્ધ એ. ઉન્નીકૃષ્ણન (૨૦૦૮) ૨, સુપ્રિમ કોર્ટ કેસીસ (એલ એન્ડ એસ) પાન-૧૫૫.

(૧૦) મુંબઈ મઝદૂર સભા અને એએનઆર વિરૂધ્ધ એસ.એ. પાટીલ અને બીજા એલએલજે, ૧૯૯૪ (૨) પાન-૮૯૧.

આમ ઉપરોક્ત રજૂઆત કરી શ્રી ચારીની રજૂઆત છે કે, સદરહુ વિવાદ તે ખર્ચ સહિત રદ કરવો જોઈએ.

૧૭. બીજા પક્ષકારનું માંગણાનું નિવેદન, પ્રથમ પક્ષકારનો લેખિત જવાબ, બન્ને પક્ષકારો દ્વારા રજૂ કરવામાં આવેલ લેખિત અને મૌખિક પુરાવા, કેસમાં કાયદાકીય પરિસ્થિતિ તથા વિવિધ હાઈકોર્ટ તથા નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતોને ધ્યાન ઉપર લેતાં ઉપરોક્ત કામમાં નીચે મુજબના મુદ્દા ન્યાય નિર્ણય માટે ઉપસ્થિત થાય છે :

(૧) શું સમુચિત સરકાર દ્વારા ઉપરોક્ત ઔદ્યોગિક તકરાર ન્યાય નિર્ણય અર્થે ઔદ્યોગિક ન્યાયપંચને સુપ્રત કરવામાં આવેલ છે તે હુકમ સક્ષમ, કાયદેસર અને વ્યાજબી છે ?

જવાબ : હકારમાં.

(૨) શું ઔદ્યોગિક ન્યાયપંચને ઔદ્યોગિક વિવાદ ધારો અને તેની નીચે બનેલા નિયમોને ધ્યાનમાં લેતા ઉપરોક્ત રેફરન્સ હુકમના પરિશિષ્ટમાં દર્શાવેલ તકરારનો ન્યાય નિર્ણય કરવાની સત્તા અને હકુમત છે ?

જવાબ : હકારમાં.

(૩) શું નવનીત પ્રેસ લીમીટેડ દ્વારા તારીખ ૪થી ઓગસ્ટ, ૧૯૯૭ની નોટીસથી સંસ્થાના "ઈક્વીટી શેર"ની માલિકી તથા કંપનીનું મેનેજમેન્ટ તબદીલ થયેલ છે તેમ જણાવેલ છે, તે કૃત્ય ઔદ્યોગિક વિવાદ ધારો, ૧૯૪૭ની કલમ-૨૫ એફ-એફ ની જોગવાઈ મુજબ કાયદો તથા હકીકતની રીતે "ટ્રાન્સફર ઓફ ઓનરશીપ ઓર મેનેજમેન્ટ" બને છે ?

જવાબ : નકારમાં.

(૪) નવનીત પ્રેસ લીમીટેડ કે જેનો કંપની રજિસ્ટ્રેશન નં. ૧૯૩૯૭ (બદલાયેલ નામ એવરેસ્ટ પ્રેસ લીમીટેડ) છે તેની તારીખ ૪થી ઓગસ્ટ, ૧૯૯૭ની નોટીસથી આંક-૫૯૨ નાં પત્રકમાં દર્શાવેલ કામદારો શું દાદ મેળવવા હક્કદાર છે ?

INDEX

જવાબ : આખરી હુકમ મુજબ.

ઉપરોક્ત મુદ્દાઓના નિર્ણયના કારણો નીચે મુજબ છે.

૧૮. મુદ્દા નં. ૧ :

હાથ ઉપરના કિસ્સામાં ઉપરોક્ત મુદ્દાનો નિર્ણય કરતા પહેલાં ધી ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એક્ટ, ૧૯૪૭ની જોગવાઈને ધ્યાન ઉપર લેવામાં આવે તો સદરહુ કાયદો ઔદ્યોગિક તકરારની તપાસ અને પતાવટ માટે અને બીજા જણાવેલ હેતુની જોગવાઈ કરવાના ઉદ્દેશથી બનાવવામાં આવેલ છે અને જેના પ્રકરણ-૩માં તકરારો બોર્ડ, કોર્ટ અથવા ટ્રીબ્યુનલને મોકલી આપવા બાબતે જણાવવામાં આવેલ છે. વધુમાં સદરહુ જોગવાઈને ધ્યાન ઉપર લેવામાં આવે તો તેમાં કેટલાક સત્તામંડળોની જોગવાઈ આપવામાં આવેલ છે, તેની કાર્યરીતિ, સત્તા અને ફરજો બતાવવામાં આવેલ છે અને જેમાં કલમ-૧૨માં સમાધાન અધિકારીની ફરજો, કલમ-૧૩માં બોર્ડની ફરજો, કલમ-૧૪મા કોર્ટની ફરજો તથા કલમ-૧૫માં મજૂર કોર્ટ, ટ્રીબ્યુનલો અને રાષ્ટ્રીય ટ્રીબ્યુનલોની ફરજો દર્શાવવામાં આવેલ છે અને જેમાં ઔદ્યોગિક ન્યાયપંચનો સમાવેશ થાય છે અને સદરહુ કલમ નીચે ઔદ્યોગિક ન્યાયપંચે ઔદ્યોગિક તકરાર ન્યાય નિર્ણય માટે તેમને મોકલવામાં આવી હોય ત્યારે તેણે બનતી ત્વરાએ તેની કાર્યવાહી કરી તે તકરાર ઉલ્લેખના હુકમમાં દર્શાવેલ મુદત અથવા કલમ-૧૦ની પેટા કલમ-૨ના બીજા પરંતુક હેઠળ લંબાવાયેલ વધુ મુદતની અંદર તેઓનો ચુકાદો સમુચિત સરકારને રજૂ કરવો જોઈએ તેમ જણાવેલ છે. હવે અગાઉ જણાવી ગયા તે મુજબ પ્રકરણ-૩ની કલમ-૧૦માં તકરારો તે બોર્ડ, કોર્ટ અથવા ટ્રીબ્યુનલને મોકલવા બાબતે જણાવેલ છે અને તેથી ઔદ્યોગિક વિવાદ ધારો, ૧૯૪૭ની કલમ-૧૦ શું છે, તે જોવું જરૂરી છે અને જે નીચે મુજબ છે :

10. Reference of disputes to Boards, Courts or Tribunals -

(1) Where the appropriate Government is of opinion that any industrial dispute exists or is apprehended, it may at any time, by order in writing

(a) refer the dispute to a Board for promoting a settlement thereof; or

(b) refer any matter appearing to be connected with or relevant to the dispute to a court for inquiry; or

(c) refer the dispute or any matter appearing to be connected with, or relevant to, the dispute, if it relates to any matter specified in the Second Schedule, to a Labour court for adjudication; or

(d) refer the dispute or any matter appearing to be connected with, or relevant to, the dispute, whether it relates to

INDEX

any matter specified in the Second Schedule or the Third Schedule, to a Tribunal for adjudication :

Provided that where the dispute relates to any matter specified in the Third Schedule and is not likely to affect more

than one hundred workmen, the appropriate Government may, if it so thinks fit, make the reference to a Labour

Court under clause (c):

Provided further that where the dispute relates to a public utility service and a notice under section 22 has been given, the appropriate Government shall, unless it considers that the notice has been frivolously or vexatiously

given or that it would be inexpedient so to do, make a reference under this sub-section notwithstanding that any other proceedings under this Act in respect of the dispute may have commenced:

Provided also that where the dispute in the relation to which the Central Government is the appropriate

Government, it shall be competent for the Government to refer the dispute to a Labour Court or an Industrial

Tribunal, as the case may be, constituted by the State Government.

(1A) Where the Central Government is of opinion that any industrial dispute exists or is apprehended and the

dispute involves any question of national importance or is of such a nature that industrial establishments situated in

more than one State are likely to be interested in, or affected by, such dispute and that the dispute should be

adjudicated by a National Tribunal, then, the Central Government may, whether or not it is the appropriate

Government in relation to that dispute, at any time, by order in writing, refer the dispute or any matter appearing to

INDEX

be connected with, or relevant to, the dispute, whether it relates to any matter specified in the Second Schedule or

the Third Schedule, to a National Tribunal for adjudication.

(2) ....

(3) ....

(4) where in an order referring an industrial dispute to { Labour Court, Tribunal or National Tribunal } under this section or in a subsequent order, the appropriate Government has specified the points of dispute for adjudication. [the Labour Court or the Tribunal or National Tribunal, as the case may be,] shall confine its adjudication to those points and matters incidental thereto.]

(5) ....

આમ સદરહુ જોગવાઈને ધ્યાન ઉપર લેતા સમુચિત સરકારનો એવો અભિપ્રાય થાય છે કે, ઔદ્યોગિક તકરાર ઉપસ્થિત થઈ છે અથવા થાય તેમ છે ત્યારે તે કોઈપણ સમયે હુકમ કરી તે તકરાર પતાવટ માટે બોર્ડ, કોર્ટને મોકલી શકે છે તથા યથાયોગ્ય કિસ્સામાં મજુર અદાલત કે, ઔદ્યોગિક ન્યાયપંચને મોકલી શકે છે તેમ દર્શાવેલ છે.

હવે હાથ ઉપરના કિસ્સામાં સમુચીત સરકાર દ્વારા જે તકરાર ન્યાય નિર્ણય અર્થે ઔદ્યોગિક ન્યાયપંચને મોકલવામાં આવેલ છે તે રેફરન્સ હુકમની કાયદેસરતા પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ છે અને તે સંજોગોમાં કલમ-૧૦ની જોગવાઈને ધ્યાન ઉપર લેતાં આ બાબત જોવી જરૂરી થઈ પડે છે. હવે હાથ ઉપરના કિસ્સામાં અગાઉ જણાવી ગયા તે મુજબ સમુચીત સરકાર દ્વારા ઉપરોક્ત તકરાર તા. ૧૯-૮-૧૯૯૭ ના રોજ રેફરન્સ હુકમ કરવામાં આવેલ છે તથા ત્યારબાદ તા. ૮-૧૦-૨૦૦૨ના રોજ સુધારા હુકમ તથા તા. ૧૮-૧૦-૨૦૦૨ના રોજ સુધારા હુકમ કરવામાં આવેલ છે તથા હાજર થયેલ તમામ પક્ષકારોને આ પ્રકારના સુધારા હુકમ થયેલ છે તે બાબતે કોઈ તકરાર નથી પરંતુ પ્રથમ પક્ષકાર સંસ્થાની તકરાર છે કે આ પ્રકારનો સુધારેલો હુકમ બહાર પાડવાની સમુચીત સરકાર કે યોગ્ય સત્તાધિકારીને સત્તા અને હકુમત નથી તથા તેઓને સાંભળ્યા સિવાય આ પ્રકારનો હુકમ બહાર પાડેલ છે તેથી તે રદ થવાને પાત્ર છે. વધુમાં તેમની રજૂઆત છે કે તા. ૧૯-૮-૧૯૯૭ નો હુકમ કલમ-૧૦ ની પેટા-કલમ ૧ (૬) હેઠળ કરેલ છે અને તેવી કોઈ જોગવાઈ ઔદ્યોગિક વિવાદ ધારા નીચે ન હોઈ, રેફરન્સ રદ થવાને પાત્ર છે. વધુમાં પ્રથમ પક્ષકાર નં. ૧ નવનીત પ્રેસ લી., તરફે રજૂઆત છે કે ગુજરાત મઝદુર પંચાયત યુનીયન દ્વારા રેફરન્સના અનુસંધાને કોઈ માંગણી પ્રથમ પક્ષકાર સંસ્થા જોડે મૂકવામાં આવેલ નથી અને તેથી માંગણી સિવાય વિવાદ તે રદ થવાને પાત્ર છે. મારા દ્વારા આ બાબતે પક્ષકારો દ્વારા રજૂ કરવામાં આવેલ ચૂકાદાઓને ધ્યાન ઉપર લેવામાં આવેલ છે. તેટલું જ નહી પરંતુ, રેફરન્સ

INDEX

હુકમને ધ્યાન ઉપર લેવામાં આવે તો તા. ૧૯-૮-૧૯૯૭ ના મજૂર કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ દ્વારા સેક્રેટરી, ઔદ્યોગિક ન્યાયપંચને જે તકરાર મોકલવામાં આવેલ છે તેના વિષયમાં ઔદ્યોગિક વિવાદ ધારો ૧૯૪૭ ની કલમ ૧૦ તેમ દર્શાવેલ છે તથા સદરહુ પત્રનો ક્રમાંક ધ્યાન ઉપર લેવામાં આવે તો તેમાં નમક/૫.૫/આઈડીઆર/એપ્રીહેન્ડ/૫૨/૯૭ તેમ દર્શાવેલ છે. એટલે રેકર્ડ જોતાં એ બાબત સ્પષ્ટ રીતે ફલીત થાય છે કે મજૂર કમિશનરશ્રીની કચેરી દ્વારા ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈ નીચેની કલમ-૧૦ની પેટા-કલમ-૧માં દર્શાવ્યા મુજબ સમુચીત સરકારનો એવો અભિપ્રાય થાય કે ઔદ્યોગિક તકરાર ઉપસ્થિત થઈ છે અથવા થાય તેમ છે ત્યારે તે કોઈપણ સમયે હુકમ કરી યોગ્ય સત્તાધિકારીને તે તકરાર ન્યાય નિર્ણય અર્થે મોકલી શકે છે અને આમ ઔદ્યોગિક તકરાર ઉપસ્થિત થાય તેમ છે તેવો સુમચીત સરકારને અભિપ્રાય થાય તો સમુચીત સરકાર એપ્રીહેન્ડેડ ડીસ્પ્યુટ પણ ન્યાય પંચને કે મજૂર અદાલતને મોકલી શકે છે. તે કાયદાની જોગવાઈ જોતાં સ્પષ્ટ રીત જણાઈ આવે છે તથા મજૂર કમિશનરશ્રીના તા. ૧૯-૮-૧૯૯૭ના પત્રને ધ્યાન ઉપર લેતાં સદરહુ તકરાર એપ્રીહેન્ડેડ ડીસ્પ્યુટ તરીકે લીધેલ હોવાનું સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. વધુમાં પ્રથમ પક્ષકાર નં. ૧ નવનીત પ્રેસ લી., તરફે દલીલો કરતાં જણાવેલ છે કે નામ. સુપ્રીમ કોર્ટ દ્વારા સીધુ રીસેટલમેન્ટ કોર્પોરેશન લી., વિરૂધ્ધ ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ ઓફ ગુજરાત તથા અન્ય કે જે ચૂકાદો એઆઈઆર ૧૯૬૮ સુપ્રીમ કોર્ટ પાન ૫૨૯ ઉપર પ્રસિધ્ધ થયેલ છે તે રજૂ કરી રજૂઆત કરેલ છે કે યુનીયને માલીક સમક્ષ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨ (કે) મુજબ ઔદ્યોગિક તકરાર હોય તો તેઓએ માંગણી મૂકવી પડે તથા સિવાય રેફરન્સ તે ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે અને તે કિસ્સામાં પ્રસ્થાપીત થયેલ સિધ્ધાંતને ધ્યાન ઉપર લેતાં ઉપરોક્ત ઔદ્યોગિક તકરાર બાબતે યુનીયન દ્વારા સંસ્થા સમક્ષ કોઈ માંગણી મૂકવામાં આવેલ નથી અને તેથી રેફરન્સ રદ થવાને પાત્ર છે. મારા દ્વારા સદરહુ ચૂકાદો વંચાણે લેવામાં આવેલ છે અને તે કામમાં તે કેસના કામદારો સીંધુ રીસેટલમેન્ટ કોર્પોરેશન લી. માં કામ કરતા હતા અને ત્યારબાદ તેમની સંમતિથી અન્ય સબસીડીયરી કંપની સીંધુ હોટચીપ (ઈન્ડીયા) લી., માં મૂકવામાં આવેલ હતા તથા નવી સંસ્થામાં તેઓએ સાડા ચાર વર્ષ નોકરી કર્યા બાદ નવી સંસ્થા દ્વારા તેઓને છટણી વળતર ચૂકવી નોકરીમાંથી છૂટા કરવામાં આવેલ હતા અને તે સંજોગોમાં સબંધીત કામદારો અને યુનીયન દ્વારા છટણી વળતર બાબતની રજૂઆત કરવામાં આવેલ હતી તથા સુમચીત સરકાર દ્વારા ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૧૦ નીચે સદરહુ કામદારોને છુટા કરવાના કૃત્ય બાબતનો વિવાદ ઉપસ્થિત કરવામાં આવેલ હતો અને તે કિસ્સામાં સબંધીત કામદારો અને યુનીયન દ્વારા છટણી વળતરની માંગણી કરવામાં આવેલ હતી અને તે કેસની હકીકતને ધ્યાન ઉપર લેતાં નામ. સુપ્રીમ કોર્ટ દ્વારા રેફરન્સ તે ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે તેમ ઠરાવેલ હતું. જ્યારે હાથ ઉપરના કેસની હકીકત ધ્યાન ઉપર લેવામાં આવે તો કાયદા દ્વારા સમુચીત સરકારને જે અબાધિત સત્તા મળેલ છે તે સત્તાને ધ્યાન ઉપર લેતાં તેમના દ્વારા ઔદ્યોગિક તકરાર ઉપસ્થિત થઈ છે અને થાય તેમ છે તેવો અભિપ્રાય થતાં ઔદ્યોગિક તકરાર ન્યાય નિર્ણય અર્થે સુપ્રત કરવામાં આવેલ છે અને હાથ ઉપરના કિસ્સામાં રેફરન્સ હુકમજોતાં તેમાં સમુચીત સરકારના યોગ્ય સત્તાધિકારી તેવા મજૂર

INDEX

કમિશનરશ્રી દ્વારા તેઓના હુકમમાં સ્પષ્ટ જણાવેલ છે કે તેમનો એવો અભિપ્રાય થાય છે કે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબત સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર નવનીત પ્રેસ લી., અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે. એટલે સમુચીત સરકારને મળેલ સત્તાની રૂએ તેઓના દ્વારા ઉપરોક્ત રેફરન્સ કરવામાં આવેલ છે અને તેથી ઉપરોક્ત ચૂકાદામાં જે સિધ્ધાંત પ્રસ્થાપીત થયેલ છે તે સિધ્ધાંતને અમો માનભેર સ્વીકારીએ છીએ પરંતુ તે કેસની હકીકત તથા હાથ ઉપરના કેસની હકીકત ભિન્ન હોઈ તે ચૂકાદાનો લાભ પ્રથમ પક્ષકાર નં. ૧ નવનીત પ્રેસ લી., ને આપી શકાય તેમ નથી તેવું ઔદ્યોગિક ન્યાયપંચનું સ્પષ્ટ મંતવ્ય છે.

વધુમાં આ બાબતે પ્રસ્થાપીત થયેલ સિદ્ધાંતોને ધ્યાન ઉપર લેવામાં આવે તો સુલતાનસીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ હરીયાણા કે જે ચૂકાદો એઆઈઆર ૧૯૯૬ સુપ્રીમ કોર્ટ પાન ૧૦૦૭ તથા ૧૯૯૬ (૧) એલએલએમ પાન ૪૩૯ ઉપર પ્રસિધ્ધ થયેલ છે અને જેમાં પ્રસ્થાપીત કરેલ છે કે સમુચીત સરકારના રેફરન્સ કરવા બાબતનો નિર્ણય તે જો તેઓને વિષયવસ્તુઓ સંતોષ થાય તો તેઓ કરી શકે છે અને તે બાબતે માલીકને સુનાવણીની નોટીસ આપવાની જરૂર નથી. તેટલુંજ નહી પરંતુ નામ. કેરાલા હોઈકોર્ટ દ્વારા કે.જે.એસ.એચ.જબલ્યુ. યુનીયન વિરૂદ્ધ ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ કે જે ચૂકાદો ૧૯૯૭ (૩) એલએલએમ પાન ૬૨૦ ઉપર પ્રસિદ્ધ થયેલ છે અને તેમાં પ્રસ્થાપીત કરેલ છે કે એપ્રીહેન્ડેડ ડીસ્પ્યુટ ન્યાય નિર્ણય માટે સમુચીત સરકાર સમાધાનની કાર્યવાહી સિવાય પણ મોકલી શકે છે.

વધુમાં પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે તેવી પણ તકરાર લેવામાં આવેલ છે કે ઉપરોક્ત રેફરન્સ કલમ-૧૦ની પેટા-કલમ ૧(૬) હેઠળ કરવામાં આવેલ છે અને તેવી કોઈ જોગવાઈ નીચે સમુચીત સરકારની સત્તા નથી અને તેથી રેફરન્સ રદ થવાને પાત્ર છે. આ બાબતે બીજા પક્ષકાર નં. ૨ ગુજરાત કામદાર પંચ દ્વારા જે ચૂકાદા રજૂ કરવામાં આવેલ છે તેમાં મેસર્સ ગાબ્રેરીયલ ઈન્ડસ્ટ્રીઝ લી., વિરૂદ્ધ સ્ટેટ ઓફ હીમાચલ પ્રદેશ અને બીજાનો નામ. હિમાચલ પ્રદેશ હાઈકોર્ટની ડીવીઝન બેન્ચનો ચૂકાદો રજૂ કરેલ છે અને તે ચૂકાદાને ધ્યાન ઉપર લેતાં સદરહુ ચૂકાદો ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૧૦ (૧) અને કલમ ૧૨ (૫) નીચે કરવામાં આવેલ છે અને તે કિસ્સામાં રેફરન્સ હુકમમાં કલમ ૧૦ (૧) ની જગ્યાએ કલમ ૧૨ (૫) નો ઉલ્લેખ કરવામાં આવેલ હતો અને તેવા કિસ્સામાં નામ. હાઈકોર્ટ દ્વારા પ્રસ્થાપીત કરવામાં આવેલ છે કે કોઈ ચોક્કસ જોગવાઈનો ઉલ્લેખ કરવામાં આવેલ ન હોય પરંતુ કોઈ અન્ય જોગવાઈનો ઉલ્લેખ કરવામાં આવેલ હોય તો તેવા સંજોગોમાં રેફરન્સ હુકમ તે અયોગ્ય થતો નથી અને તે ચૂકાદામાં પ્રસ્થાપીત થયેલ સિધ્ધાંતોને ધ્યાન ઉપર લેતા પ્રથમ પક્ષકાર સંસ્થાની રજૂઆત કે રેફરન્સ હુકમમાં કલમ ૧૦ ની પેટા-કલમ ૧(૬) નો ઉલ્લેખ છે તેથી રેફરન્સ રદ થવાને પાત્ર છે તે દલીલ જોડે ઔદ્યોગિક ન્યાયપંચ સહમત થતું નથી. વધુમાં પ્રથમ પક્ષકાર સંસ્થા નં ૧ તરફે રજૂઆત છે કે ત્યારબાદ તા. ૮-૧૧-૨૦૦૨ના રોજ રેફરન્સ હુકમમાં સુધારો બહાર પાડવામાં આવેલ હતો અને તેમાં કલમ ૧૦ની પેટા-કલમ ૧(ક) લખેલ છે ત્યાં ઔદ્યોગિક વિવાદ ધારો ૧૯૪૭ ની કલમ ૧૦ ની પેટા-કલમ ૧(૩) વાંચવાનો

INDEX

સુધારો કરેલ છે અને કલમ ૧૦ની પેટા-કલમ ૧(ગ)માં આ પ્રકારની તકરારનો ન્યાય નિર્ણય કરવાની સત્તા તે ઔદ્યોગિક ન્યાયપંચને નથી પરંતુ મજૂર અદાલતને છે અને તેથી રેફરન્સ રદ થવાને પાત્ર છે. અત્રે એ બાબતની નોંધ લેવી ઘટે કે ત્યારબાદ સમુચીત સરકાર દ્વારા તા. ૧૮-૧૨-૨૦૦૨ના રોજ ફરીથી રેફરન્સ હુકમમાં સુધારો બહાર પાડવામાાં આવેલ છે અને તેમાં કલમ ૧૦ની પેટા-કલમ ૧ (ક) લખેલ છે ત્યાં કલમ ૧૦ની પેટા-કલમ ૧ (ઘ) વાંચવા સુધારા હુકમ બહાર પાડવામાં આવેલ છે અને ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૧૦ની પેટા-કલમ ૪ને ધ્યાન ઉપર લેવામાં આવે તો તેમાં ઔદ્યોગિક ન્યાયપંચને ઔદ્યોગિક તકરાર મોકલવાના હુકમમાં અથવા પછીના કોઈ હુકમમાં સમુચીત સરકારે ન્યાય નિર્ણય માટે તકરારી મુદ્દા નિર્દિષ્ટ કરેલ હોય ત્યારે ઔદ્યોગિક ન્યાયપંચ તે મુદ્દા અને તેને આનુષાંગિક બાબતોનો જ ન્યાય નિર્ણય કરવાનો રહે છે તેમ જણાવેલ છે. એટલે આ જોગવાઈને ધ્યાન ઉપર લેતાં ન્યાયપંચ તે તકરારી મુદ્દા અને તેને આનુષાંગિક બાબતનો નિર્ણય કરવા બાબતની જોગવાઈ છે પરંતુ આ જોગવાઈમાં રેફરન્સ હુકમમાં અથવા પછીના કોઈ હુકમમાં તે શબ્દનો જે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે જોતાં કાયદાના ઘડવૈયાઓ દ્વારા જે તે સમયે તે બાબતની નોંધ લેવામાં આવેલ છે કે યથાયોગ્ય કિસ્સામાં રેફરન્સ હુકમમાં જરૂર જણાયે અન્ય કોઈ હુકમ કરવાની પણ સમુચીત સરકારને સત્તા છે. વધુમાં હાથ ઉપરના કિસ્સામાં ગુજરાત કામગાર પંચાયત દ્વારા જયપુર સ્પીનીંગ એન્ડ વીવીંગ મીલ્સ લી., વિરૂદ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન તથા અન્ય બે નો ચૂકાદો રજૂ કરેલ અને જે ૧૯૬૧ (૧) એલએલજે પાન ૭૪૭ ઉપર પ્રસિદ્ધ થયેલ છે અને જેમાં નામ. રાજસ્થાન હાઈકોર્ટની ડીવીઝન બેન્ચ દ્વારા ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૧૦ ને ધ્યાન ઉપર લેતાં સમુચીત સરકારને રેફરન્સ હુકમમાં ઉમેરો કરવાનો અથવા તેમાં પૂરક વસ્તુ દાખલ કરવાનો અન્ય જાહેરનામાથી સત્તા અને હક્ક આપવામાં આવેલ છે અને તે ચૂકાદામાં પ્રસ્થાપીત થયેલ સિધ્ધાંતોને પણ ઔદ્યોગિક ન્યાયપંચ દ્વારા ધ્યાન ઉપર લેવામાં આવેલ છે. વધુમાં ગુજરાત કામગાર પંચાયત દ્વાર ડાબુર (ડૉ.એસ.કે. ગુરમાન) (પ્રાઈવેટ) લી. દેવગઢ અને તેના કામદારોનો ચૂકાદો કે જે નામ. સુપ્રીમ કોર્ટની ફુલ બેન્ચ દ્વારા આપવામાં આવેલ છે તે રજૂ કરી રજૂઆત કરેલ છે કે નામ. સુપ્રીમ કોર્ટ દ્વારા પણ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૧૦ની પેટા-કલમ-૧ ને ધ્યાન ઉપર લેતાં રેફરન્સ હુકમમાં સુધારો કરવાની સત્તા છે તેમ ઠરાવેલ છે. મારા દ્વારા સદરહુ ચૂકાદો વંચાણે લેતાં તેમાં તકરાર તે પટના લેબર કોર્ટમાં મોકલવામાં આવેલ હતી અને ત્યારબાદ સમુચીત સરકાર દ્વારા પૂરક જાહેરનામું બહાર પાડી પટનાની જગ્યાએ રાંચીનો ઉલ્લેખ કરેલ હતો અને તે કિસ્સામાં નામ. સુપ્રીમ કોર્ટ દ્વારા ઠરાવેલ છે કે કારકુની ભૂલ તે કાયમ સુધારી શકાય છે અને તે સુધારતાં એવું થતું નથી કે અગાઉનો રેફરન્સ હુકમ પાછો ખેંચવામાં આવેલ છે કે રદ કરવામાં આવેલ છે અને આમ તે ચૂકાદામાં પ્રસ્થાપીત થયેલ સિધ્ધાંતોને ધ્યાન ઉપર લેતાં પણ રેફરન્સ હુકમમાં કોઈ ક્લેરીકલ ભૂલ થયેલ હોય તો તે સમુચીત સરકાર સુધારી શકે છે. વધુમાં આ બાબતે ગુજરાત કામગાર પંચાયત દ્વારા સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરૂદ્ધ અનંથા કૃષ્ણન (કે) તથા અન્ય કે જે ચૂકાદો નામ. બોમ્બે હાઈકોર્ટની ડીવીઝન બેન્ચ દ્વારા આપવામાં આવેલ છે અને ૧૯૬૧ (૧) એલએલજી. વોલ્યુમ-૨ પાન ૭૩૨ ઉપર પ્રસિદ્ધ થયેલ છે અને તે

INDEX

ચૂકાદાને ધ્યાન ઉપર લેતાં તેમાં સમુચીત સરકારને રેફરન્સના હુકમમાં જે ભૂલ થયેલ હોય તે સુધારવાની સત્તા છે કે કેમ ? તેવો મુદ્દો ઉપસ્થિત થયેલ હતો અને તે કિસામાં નામ. હાઈકોર્ટ દ્વારા ઠરાવેલ હતું કે રેફરન્સમાં થયેલ ભૂલ સુધારવાથી મૂળ વિવાદ રદ થતો નથી તથા સુધારેલ અન્ય તકરાર તે મૂળ રેફરન્સમાં થયેલ ભૂલ સુધારવા બાબતની છે અને પ્રથમ હુકમમાં થયેલ ભૂલ સુધારવાની સરકારને સત્તા છે તેમ ઠરાવેલ છે અને તે ચૂકાદામાં પ્રસ્થાપીત થયેલ સિધ્ધાંતો પણ ઔદ્યોગિક ન્યાયપંચ દ્વારા ધ્યાન ઉપર લેવામાં આવેલ છે. વધુમાં આ બાબતે કાયદાકીય પરિસ્થિતિને ધ્યાન ઉપર લેવામાં આવે તો સ્કોટગ્લાસ ઈન્ડીયા પ્રા. લી. વિરૂદ્ધ આસીસ્ટન્ટ કમિશનર ઓફ લેબર કે જે ચૂકાદો ૨૦૦૦ (૨) એલએલજે પાન ૧૪૯૮ ઉપર પ્રસિદ્ધ થયેલ છે તે ચૂકાદામાં સમુચીત સરકાર કે યોગ્ય સત્તાધિકારીને ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૧૦ નીચે રેફરન્સમાં સુધારો કરવાની સત્તા છે તેમ ઠરાવેલ છે. વધુમા માંગેશ્વર કોટન મીલ્સ વિરૂદ્ધ એમ.સી. બેનરજી કે જે ચૂકાદો ૧૯૬૧ એફએલઆર પાન ૧૮૬ ઉપર પ્રસિદ્ધ થયેલ છે તથા નામ. કલકત્તા હાઈકોર્ટ દ્વારા સદરહુ ચૂકાદો આપવામાં આવેલ છે, જેમાં ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૧૦ તથા જનરલ ક્લોઝીઝ એકટ ૧૮૯૭ ની સેકશન-૨૧ને ધ્યાન ઉપર લેતાં સમુચીત સરકાર તે રેફરન્સના જાહેરનામામાં સુધારો કરી શકે છે. આમ વિવિધ અદાલતો દ્વારા જે સિધ્ધાંતો પ્રસ્થાપીત કરવામાં આવેલ છે તેને ઔદ્યોગિક ન્યાયપંચ દ્વારા ધ્યાન ઉપર લેવામાં આવેલ છે. વધુમાં આ બાબતે શ્રી ઠેસીયા દ્વારા મારી સમક્ષ નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા ગુજરાત કામગાર પંચાયત વિરૂધ્ધ મેઈઝ પ્રોડક્ટ અને અન્ય કે જે ચૂકાદો ૨૦૦૨(૨) સીએલઆર ૫૫૦ ઉપર પ્રસિદ્ધ થયેલ છે તે રજૂ કરી રેફરન્સ રદ થવાને પાત્ર છે તેમ જણાવેલ છે. મારા દ્વારા સદરહુ ચૂકાદો વંચાણે લેવામાં આવેલ છે અને તેને ધ્યાન ઉપર લેતાં સદરહુ ચૂકાદામાં મજૂર અદાલત કે ઔદ્યોગિક ન્યાયપંચ દ્વારા પ્રાથમિક મુદ્દો સાંભળવો જોઈએ કે કેમ ? તથા જ્યારે હકુમતનો મુદ્દો ઉપસ્થિત થયેલ હોય તેવા સંજોગોમાં પ્રાથમિક મુદ્દો સાંભળવો જોઈએ કે કેમ ? તે બાબતની હકીકતના અનુસંધાનમાં આપવામાં આવેલ ચૂકાદો છે. વધુમાં શ્રી ઠેસીયા દ્વારા મારી સમક્ષ યુનીયન ઓફ ઈન્ડીયા તથા દેવકીનંદન અગ્રવાલ કે જે ચૂકાદો એઆઈઆર ૧૯૯૨ સુપ્રીમ કોર્ટ પાન ૯૬ ઉપર પ્રસિદ્ધ થયેલ છે તે રજૂ કરેલ છે અને તેને ધ્યાન ઉપર લેતાં ઈન્ટરપ્રીટેશન ઓફ સ્ટેચ્યુ એટલે કે કાયદાના અર્થઘટનનો પ્રશ્ન હોય તેવા સમયે અદાલત તે કાયદામાં શબ્દ ઉમેરી શકતી નથી તેવી હકીકત બાબતનો ચૂકાદો છે અને તેથી તે ચૂકાદાનો લાભ પ્રથમ પક્ષકાર સંસ્થાને આપી શકાય તેમ નથી. વધુમાં શ્રી ઠેસીયા દ્વારા મારી સમક્ષ ધી યુનાઈટેડ કોમર્શીયલ બેન્ક લી. વિરૂદ્ધ તેના કામદારો કે જે ચૂકાદો એઆઈઆર ૧૯૫૧ સુપ્રીમ કોર્ટ પાન ૨૩૦ ઉપર પ્રસિદ્ધ થયેલ છે તે રજૂ કરેલ છે પરંતુ તે કિસ્સામાં પણ પક્ષકારોની સંમતિથી હકુમત ઉભી થતી નથી તે બાબતનો ચૂકાદો છે તથા તેઓના દ્વારા સ્ટેટ ઓફ બિહાર વિરૂદ્ધ ગાંગુલી (ડી.એન.)નો ચૂકાદો રજૂ કરેલ છે અને તે ચૂકાદો પણ અન્ય હકીકતના અનુસંધાનમાં આપવામાં આવેલ ચૂકાદો છે તથા તે ચૂકાદામાં સમુચીત સરકારને કલમ ૧૦ (૧) ના રેફરન્સમાં ઉમેરો કે સુધારો કરવાની સત્તા છે કે કેમ ? તે અનિર્ણીત રહેલ છે. વધુમાં શ્રી ઠેસીયા દ્વારા વીલાંગ પેપર પ્રા.લી. તથા સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશનો ચૂકાદો

INDEX

રજૂ કરી રજૂઆત કરેલ છે કે યુનીયન દ્વારા માંગણી કરવામાં આવેલ હોય અને માલીક દ્વારા તે નકારવામાં આવે તેવો સંજોગોમાં જ ઔદ્યોગિક તકરાર કલમ ૨(કે) મુજબની ગણાય. મારા દ્વારા સદરહુ ચૂકાદો પણ વંચાણે લેવામાં આવેલ છે અને જે કેસની હકીકત જોતાં તે જુદા પરિપ્રેક્ષ્યની હકીકતના અનુસંધાનમાં આપવામાં આવેલ ચૂકાદો છે અને પુનરાવર્તનના ભોગે એ વાતની નોંધ લેવી ઘટે કે હાથ ઉપરની તકરાર તે સમુચીત સરકારે એપ્રીહેન્ડેડ ડીસ્પ્યુટ તરીકે ન્યાય નિર્ણય અર્થે મોકલેલ છે અને જે કાયદેસર હોઈ શ્રી ઠેસીયા દ્વારા રજૂ કરેલા ચૂકાદાઓનો લાભ હાથ ઉપરના કેસની હકીકત જોતાં તેઓને આપી શકાય તેમ નથી વધુમાં શ્રી ઠેસીયા દ્વારા કેશરસીંહ તથા અન્ય વિરૂદ્ધ શ્રી સાધુનો જે ચૂકાદો રજૂ કરેલ છે તે હાથ ઉપરના કેસની હકીકતને લાગુ પડતો નથી તથા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂદ્ધ રાજેશકુમાર બારોટના ચૂકાદામાં પ્રસ્થાપીત કરેલ છે કે, કેસમાં નાની રકમ સમાયેલ હોવા છતાં હકુમત ન હોય તો તે ચલાવી શકાય નહીં. આ કેસમાં નાની રકમ સમાયેલ હોવા છતાં હકુમત ન હોય તો તે ચલાવી શકાય નહીં. આ કેસની હકીકત પણ ભિન્ન હોય તે ચૂકાદો હાથ ઉપરના કામમાં લાગુ પાડી શકાય નહીં. વધુમાં બજા પક્ષકાર નં. ૨ યુનીયન તરફે શ્રી ત્રિવેદી દ્વારા શેશરાવ બાધુજી હટવાર વિરૂદ્ધ પી.ઓ. ફર્સ્ટ લેબર કોર્ટ તથા અન્યના કામમાં રેફરન્સ હુકમના શબ્દો વ્યાજબી ન હોય તેવા સમયે ઔદ્યોગિક ટ્રીબ્યુનલે કેસની હકીકતની પાર્શ્વભૂમિકાને ધ્યાને લેતાં ખરી તકરાર શું છે તે જોઈ ન્યાય નિર્ણય કરવો જોઈએ તેમ ઠરાવેલ છે અને તે ચૂકાદામાં પ્રસ્થાપીત થયેલ સિધ્ધાંતને ધ્યાને લેતાં તેનો લાભ બીજા પક્ષકારને આપી શકાય તેમ છે. વધુમાં આ બાબતે નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા જનરલ મેનેજર ઓ.એન.જી.સી. સિલ્વર વિરૂદ્ધ ઓ.એન.જી.સી. કોન્ટ્રાક્ચ્યુઅલ વર્કસ યુનીયન કે જે ચુકાદો નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ છે તથા તે સને ૨૦૦૮ (૪) સુપ્રિમ પાના નં. ૪૦૧ ઉપર પ્રસિદ્ધ થયેલ છે અને તે કિસ્સામાં ટર્મ્સ ઓફ રેફરન્સ તે સ્પષ્ટ ન હોવાની રજુઆત થયેલ હતી અને તેમાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા દિલ્હી ક્લોથ એન્ડ જનરલ મીલ્સ કંપની લીમીટેડ વિરૂદ્ધ તેના કામદારો તથા અન્ય કે જે ચુકાદો એ.આઈ.આર. ૧૯૬૭ સુપ્રિમ કોર્ટ પાના નં. ૪૬૯ નો આધાર લઈ જણાવેલ છે કે ઔદ્યોગિક ન્યાયંપચ સમક્ષ જ્યારે તકરાર ન્યાય નિર્ણય અર્થે આવે ત્યારે પક્ષકારોને હકીકતે શું વિવાદ છે ? તેનાથી માહિતગાર હોય તો તેવા કિસ્સામાં તાંત્રિક કારણોસરની દલીલ ગ્રાહ્ય રાખી શકાય નહી તેમ જણાવેલ છે. વધુમાં સદરહુ ચુકાદાના પેરા-૧૬ અને ૧૭ તે જોવા જરૂરી છે અને જે નીચે મુજબ છે :-

16. It is true that the underline portion of the reference prima facie does give the impression that it presupposes that the workmen were contractual employees and the only dispute was with regard to the regularization of their services. It is equally true that the reference appears to have been rather loosely worded but as observed by the Industrial Tribunal and the Division Bench, both parties were aware of the real issues involved in the light of the protracted litigation and the efforts made during conciliation proceedings. The Division Bench has, thus, rightly observed that it was open to the Industrial Tribunal

INDEX

to have lifted the veil so as to determine the nature of the employment and the pleadings and evidence produced before it.

17. In Delhi Cloth & General Mills Co. Ltd. V/s. The Workmen & Others, 13 AIR 1967 SC 469, this is what the Court had to say : " In our opinion, the Tribunal must, in any event, look to the pleadings of the parties to find out the exact nature of he dispute, because in most cases the order of reference is so cryptic that it is impossible to call out there from the various points about which the parties were at variable leading to the trouble, In this case, the order of reference was based on the report of the conciliation Officer and it was certainly open to the Management to show that the dispute which had been referred was not and industrial dispute at all so as to attract jurisdiction under the Industrial disputes Act. But the parties cannot be allowed to a stage further and contend that the foundation of the dispute mentioned in the order of reference was nonexistent and that the true dispute was something else.'

વધુમાં આ બાબતે નામ. સુપ્રીમ કોર્ટ દ્વારા નેશનલ એન્જીનીયરીંગ ઈન્ડસ્ટ્રીઝ લી. વિરૂદ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન કે જે ચૂકાદો ૨૦૦૦ (૮૪) એફએલઆર પાન ૧૬૨ ઉપર પ્રસિદ્ધ થયેલ છે તથા નામ. સુપ્રીમ કોર્ટની ફુલ બેન્ચ દ્વારા સદરહુ ચૂકાદો આપવામાં આવેલ છે અને જેમાં પ્રસ્થાપીત કરેલ છે કે ઔદ્યોગિક ન્યાયપંચ કાયદાથી અસ્તિત્વમાં આવેલ હોય તે રેફરન્સની કાયદેસરતા જે તે હાઈકોર્ટ જોઈ શકે છે તેમ ઠરાવેલ છે તથા પ્રથમ પક્ષકાર સંસ્થાએ રેફરન્સ હુકમ નામ. ગુજરાત હાઈકોર્ટમાં પડકારેલ ન હોય તથા બીજા પક્ષકાર નં. ૨ ગુજરાત કામગાર પંચાયતની રીટ પીટીશન સ્પે.સી.એ. નં. ૧૦૪૨૦/૨૦૦૪ના હુકમમાં પેરા-૪માં સંસ્થાના વકીલશ્રી દ્વારા તેઓ ઔદ્યોગિક ન્યાયપંચ સમક્ષ રેફરન્સ (આઈ.ટી.) નં. ૨૨૮/૯૭ના કામમાં સરકાર દ્વારા ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૧૦ (૧) (એ)ની સત્તા બાબતની તકરાર કે રેફરન્સ ખામીયુક્ત છે તેવી લીધેલ તકરાર ચલાવવા આગ્રહ રાખશે નહી તેવું નિવેદન કરેલ હોય તે બાબતને પણ ધ્યાને લેતાં રેફરન્સ સક્ષમ છે અને આ સંજોગોમાં મુદ્દા નં. ૧ કે, શું ઉપરોક્ત રેફરન્સ હુકમ એ સક્ષમ, કાયદેસર અને વ્યાજબી છે, તેનો જવાબ "હકારમાં" આપવામાં આવે છે.

૧૯. મુદ્દા નં. ૨

ઉપરોક્ત કેસની હકીકત તથા પક્ષકારોની રજૂઆતને ધ્યાન ઉપર લેતાં સદરહુ મુદ્દા બાબતે ઔદ્યોગિક વિવાદ ધારો ૧૯૪૭ ની કલમ૨૫ એફ-એફ શું છે તે જોવી જરૂરી છે અને જે નીચે મુજબ છે.

[25-FF. Compensation to workmen in case of transfer of undertakings-

Where the ownership or management of an undertaking is transferred, whether by agreement or by operation of law, from the employer in relation to that

INDEX

undertaking to a new employer, every workman who has been in continuous service for not less than one year in that undertaking immediately before such transfer shall be entitled to notice and compensation in accordance with the provisions of Section 25 -F, as if the workman had been retrenched:

Provided that nothing in this section shall apply to a workman in any case where there has been a change of employers by reason of the transfer, if--

(a) the service of the workman has not been interrupted by such transfer;

(b) the terms and conditions of service applicable to the workman after such transfer are not in any way less favourable to the workman and those applicable to him immediately before the transfer; and

(c) the new employer is, under the terms of such transfer of otherwise, legally liable to pay to the workman, in the event of his retrenchment, compensation on the basis that his service has been continuous and has not been interrupted by the transfer.

આમ ઉપરોક્ત કલમને ધ્યાન ઉપર લેવામાં આવે તો અન્ડરટેકીંગના માલીકીફેરના દાખલામાં કામદારોને વળતર આપવાની બાબતની જોગવાઈ દર્શાવવામાં આવેલ છે અને જેમાં કબુલાતથી અથવા કાયદાના અમલથી કોઈ સંસ્થાને માલીકી અથવા વહીવટ તેના માલીક પાસેથી કોઈ નવા માલીકને નામફેર કરી આપવામાં આવે તેમ જણાવેલ છે. એટલે આવી માલીકી અથવા વહીવટની તબદીલી તે કબુલાતથી અથવા કાયદાના અમલથી થવી જરૂરી છે તથા સદરહુ જોગવાઈમાં કામદારોની નોકરીનો અંત આવે ત્યારે કામદારોને વળતર ચૂકવવાની જોગવાઈ કરી છે અને તેમાં કામદારે તે સંસ્થામાં ઓછામાં ઓછી એક વર્ષની સળંગ નોકરી કરી હોવી જોઈએ તેવી શરત છે. વધુમાં ઉપરોક્ત કલમમાં જે પરંતુક જણાવેલ છે તેમાં નામફેરથી કામદારની નોકરી ખંડીત ન થઈ હોય, લાગુ પડતી શરતો ઓછી લાભકારક ન હોય તથા કોઈ કામદારની છટણી થાય તે પ્રસંગે તેની નોકરી સળંગ છે અને નામફેરના કારણે તૂટ થઈ નથી તે ધોરણે તેને વળતર આપવા માટે અને નવો માલીક તે નામફેરની શરતો હેઠળ અથવા બીજી રીતે કાયદેસર જવાબદાર છે. વધુમાં ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈને ધ્યાન ઉપર લેતાં ઉપરોક્ત કલમ સને ૧૯૫૬ના ૪૧માં અધિનિયમથી દાખલ કરેલ છે અને ત્યારબાદ ૧૯૫૭ ના ૧૮માં અધિનિયમથી આ કલમ મૂકેલ છે. આ બાબતે બન્ને પક્ષકારો દ્વારા વિવિધ ચૂકાદાઓ રજૂ કરવામાં આવેલ છે તથા આ બાબતે નામ. વિવિધ રાજ્યોની વડી અદાલતો તથા નામ. સુપ્રીમ કોર્ટ દ્વારા પણ કેટલાક ચૂકાદાઓથી સિધ્ધાંતો નક્કી કરેલ છે અને હાથ ઉપરના કેસની વિવાદીત બાબતને નક્કી કરતાં પૂર્વે ઉપરોક્ત કામના પક્ષકારો દ્વારા જે ચૂકાદાઓ રજૂ કરવામાં આવેલ છે તે જોવા જરૂરી છે અને તે ચૂકાદામાં પ્રસ્થાપીત થયેલ સિદ્ધાંતોને પણ ધ્યાન ઉપર લેવા જરૂરી છે અને જે નીચે મુજબ છે.

INDEX

(એ) નામ. સુપ્રીમ કોર્ટ દ્વારા હરીપ્રસાદ શીવશંકર શુકલ તથા અન્ય વિરૂધ્ધ એ. ડી. દિવલકર કે જે ચૂકાદો એઆઈઆર ૧૯૫૭ સુપ્રીમ કોર્ટ પાન ૧૨૧ ઉપર પ્રસિદ્ધ થયેલ છે અને તે ચૂકાદામાં નામ. સુપ્રીમ કોર્ટની પાંચ ન્યાયમૂર્તિઓની બનેલ ખંડપીઠ દ્વારા ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગ તે રીટ્રેન્ચમેન્ટ એટલે કે છટણી નથી તેમ ઠરાવેલ છે. વધુમા સદરહુ ચૂકાદો ધ્યાન ઉપર લેવામાં આવે તો જે નામ. સુપ્રીમ કોર્ટ દ્વારા તા. ૨૭-૧૧-૧૯૫૬ના રોજ આપવામાં આવેલ છે અને ત્યારબાદ આશરે ત્રણ દિવસ બાદ એટલે કે તા. ૧-૧૨-૧૯૫૬ના રોજ સદરહુ જોગવાઈમાં ફેરફાર કરવામાં આવેલ છે.

(બી) હાથ ઉપરના કામમાં શ્રી ઠેસીયા તથા શ્રી ચારી દ્વારા મારી સમક્ષ નામ. સપ્રિમ કોર્ટ ધ્વારા અન્નાકપલ કો.ઓપ. એગ્રીકલ્ચરલ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી વિરૂધ્ધ તેના કામદારો કે જે ચૂકાદો ૧૯૬૨(૨) એલએલજે પાન-૬૮૧ ઉપર પ્રસિધ્ધ થયેલ છે તે રજૂ કરેલ છે અને તે ચૂકાદાની વિગત ધ્યાન ઉપર લેવામાં આવે તો, તેમાં ઔદ્યોગિક વિવાદ ધારો ૧૯૪૭ની કલમ-૨(ઓ)(ઓ), કલમ-૨૫ એફ-એફ અને કલમ ૨૫-એચ ની ચર્ચા કરતાં જણાવેલ છે કે, જ્યારે બીઝનેસ ટ્રાન્સફર થતાં નોકરીનો અંત લાવવામાં આવે ત્યારે વળતરની ગણતરી કેવી રીતે કરવી જોઈએ તથા સદરહુ ચૂકાદામા ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫-એચ લાગુ પાડી શકાય નહી તથા કર્મચારી તે નવા મેનેજમેન્ટ પાસે રીએમ્પ્લોયમેન્ટ માગી શકે નહીં તથા બોનાફાઈડ ટ્રાન્સફર ઓફ બીઝનેસના કેસમાં કર્મચારી ફકત કલમ-૨૫ એફ-એફ નીચે છટણી વળતર માંગી શકે છે. તે કેસમાં કંપની તે ખાંડનું ઉત્પાદન કરતી હતી, તે નુકશાન કરતી હતી. આથી, તેઓએ તેની મશીનરી અને બીઝનેસ કો. ઓપરેટીવ સોસાયટીને વેચી દીધા હતા તથા કરારમાં એવી શરત હતી કે કંપની તેના કર્મચારીઓને કાયદા મુજબનું વળતર ચૂકવી દેશે તથા સોસાયટીએ કંપનીની ગુડવીલ ખરીદી ન હતી તેમજ જવાબદારીઓ પણ સ્વીકારેલ ન હતી. આમ સોસાયટીએ એજ રીતે કોઈપણ એક ધંધો કોઈપણ જાતના બ્રેક વગર શરૂ કરેલ અને ઘણા કર્મચારીઓને કામે લીધા હતા અને જે કર્મચારીઓને કામે લેવામાં આવ્યા ન હતા, તેઓએ નોકરી માટે માંગણી કરી હતી અને ઔદ્યોગિક ન્યાયપંચે સોસાયટીને સક્સેસર ઈન ઈન્ટરેસ્ટ ગણી પુનઃસ્થાપિત કરવા માટે હુકમ ર્ક્યો હતો તથા કંપની ખરીદનાર સક્સેસર ઈન ઈન્ટરેસ્ટ ગણાય કે કેમ ? તે મુદ્દાની પણ ચર્ચા કરવામાં આવી હતી તથા જેમા નામ. સુપ્રિમ કોર્ટે કર્મચારી રીએમ્પ્લોયમેન્ટની માંગણી કરી શકતા નથી તથા ટ્રાન્સફર ઓફ ઓનરશીપ ઓર મેનેજમેન્ટ ઓફ અન્ડરટેકીંગના કિસ્સામાં નોકરીનો અંત આવે છે અને કર્મચારી ફકત નોટીસ પગાર તેમજ કલમ-૨૫-એફ મુજબ છટણી કરવામાં આવે તે મુજબનું વળતર મેળવવા હક્કદાર બને છે અને જેમાં તેને છટણી કહી શકાય નહીં, ફકત છટણી કરવામાં આવી છે તે મુજબ વળતરની ગણતરી કરવાની, તેમ જણાવેલ છે. વધુમાં તેવા કિસ્સામાં કર્મચારી વળતર મેળવવા માટે જ હક્કદાર બને છે, સિવાય કે, કરાર અનુસાર સળંગ નોકરી ગણીને લેવામાં આવેલ હોય. વધુમાં સદરહુ ચૂકાદામાં નવો માલીક જુના કામદારોને કામ આપે નહી કે તેનો સમાવેશ કરે નહી તો, જુના કામદારો આ બાબતે દાવો કરી શકે નહી. વધુમાં નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા ફેર પ્લે તથા જસ્ટીસ બંને તરફ હોય તેવો ઉલ્લેખ કરીને જે કામદારોને

INDEX

વળતર ઉપરાંત નવા માલીકને ત્યાં કામે રાખવાનો કામદારો હક્ક દાવો કરે તો, તે ડબલ લાભ મળ્યો કહેવાય તેમ જણાવેલ છે તથા આ પ્રકારનું કલમ ૨૫ એફ-એફ મુજબનું વળતર મેળવ્યા બાદ નવી કંપનીમાં સમાવવાની માંગણી નામ. સુપ્રીમકોર્ટ દ્વારા નકારી કાઢવામાં આવેલ છે.

(સી) વધુમાં આ બાબતે નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા મેનેજમેન્ટ ઓફ આર. એસ. માધોરામ એન્ડ સન્સ વિરૂધ્ધ તેના કામદારો કે, જે ચૂકાદો એઆઇઆર-૧૯૬૪, સુપ્રિમ કોર્ટ, પાન-૬૪૫ ઉપર પ્રસિધ્ધ થયેલ છે, જેમાં તે કેસની હકીકત એ પ્રકારની હતી કે, આર. એસ. માધોરામ એન્ડ સન્સ નામની ભાગીદારી પેઢી ૧૯૪૬ થી કેટલાક માલનું છૂટક અને જથ્થાબંધ વેચાણ કરતી હતી અને તેની મુખ્ય ઓફીસ દહેરાદુનમાં હતી તથા શાખા દિલ્હી, મસુરી, અમૃતસર વગેરે જગ્યાએ હતી તથા સને ૧૯૮૧ના અરસામાં આ પેઢીના ભાગીદારોએ આર. એસ. માધોરામ એન્ડ સન્સ એજન્સી પ્રા. લી. નામની કંપની સ્થાપી અને પેઢી અને કંપની વચ્ચે થયેલ કરાર મુજબ કંપનીએ પેઢી જે માલનું છૂટક વેચાણ કરતી હતી તે કામકાજ સંભાળેલ હતું અને કંપની અસ્તિત્વમાં આવી ત્યારથી સદરહુ કંપની તે માલનું છૂટક વેચાણ કરવા માટે હક્કદાર બનેલ હતું, જ્યારે પેઢી તે માલનું જથ્થાબંધ વેચાણ કરવા માટે હક્કદાર બનેલ હતી અને આ પ્રમાણેનો બન્ને વચ્ચે કરાર થયેલ હોવાથી પેઢીમાં કામ કરતા ૫૭ કર્મચારીઓને કંપનીમાં કામ કરવા માટે જણાવવામાં આવેલ હતું અને આ ૫૭ કામદારો અંગે ઔદ્યોગિક વિવાદ ઉત્પન્ન થયેલ હતો તથા તેઓની રજૂઆત એવી હતી કે તેઓ પેઢીના કર્મચારીઓ તરીકે ચાલુ જ છે તથા પેઢી તરફથી એવી રજૂઆત કરવામાં આવેલ હતી કે તેમના છૂટક વેચાણનો જે વેપાર હતો તે તબદીલ કરવામાં આવેલ છે એટલે ૧૯૪૭ના અધિનિયમની કલમ-૨૫ એફ-એફ મુજબ આ કર્મચારીઓ હવે કંપનીના કર્મચારીઓ બને છે, જેમાં સુપ્રિમ કોર્ટે લીધેલ નિર્ણય મુજબ જો કોઇ વેપારની તબદીલી કરવાની હોય તો તે વેપાર સમગ્રપણે તબદીલ કરવાનો હોય, જ્યારે અદાલત સમક્ષના કિસ્સામાં જે માલનો વેપાર હતો તે માલનો પૂરેપૂરો ધંધો તબદીલ કરવામાં આવેલ ન હતો પરંતુ છૂટક જ ધંધો તબદીલ કરવામાં આવેલ હતો અને તે કિસ્સામાં ધંધો તબદીલ થયેલ છે તેમ કહી શકાય નહી તેવું પ્રસ્થાપિત થયેલ છે. વધુમાં તબદીલીના કિસ્સા બાબતે કોઇ ચોક્કસ ફોર્મ્યુલા હોઇ શકે નહી તેમ પણ પ્રસ્થાપિત થયેલ છે.

(ડી) વધુમાં શ્રી ત્રિવેદી દ્વારા મારી સમક્ષ વર્કમેન ઓફ સુબોન્ગ ટી એસ્ટેટ (ઇન્ડીયન ટી એમ્પ્લોઇઝ યુનીયન) વિરૂધ્ધ સુબોન્ગ ટી એસ્ટેટ તથા અન્યનો ચૂકાદો રજૂ કરેલ છે અને જે ચૂકાદો ૧૯૬૪(૧) એલએલજે પાન-૩૩૩ ઉપર પ્રસિધ્ધ થયેલ છે અને તે કિસ્સામાં વેચાણખતનું અમલીકરણ પડતર હતું, તે દરમ્યાન વેન્ડર કંપની દ્વારા ટી ગાર્ડનનો વહીવટ, અંકુશ તથા કબજો લેવામાં આવેલ હતો અને ત્યારબાદ અમુલ કર્મચારીઓને છૂટા કરવામાં આવેલ હતા અને તે કીસ્સામાં ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫ એફ-એફ લાગુ પડી શકાય નહી તેમ ઠરાવેલ છે. વધુમાં શુભ આશયથી ધંધો તબદીલ કરવાના કીસ્સામાં આ જોગવાઇ લાગુ પડે છે તેમ ઠરાવેલ છે તેમ ઠરાવેલ છે તથા છટણી વળતરની રકમ મેળવવાથી તેઓનું છટણીનું કૃત્ય ગેરકાયદેસર

INDEX

અને ગેરવ્યાજબી છે તેવું પડકારવાને બાધારૂપ નથી તેમ ઠરાવેલ છે તથા આ કિસ્સામાં ટ્રાન્સફર થયા પછી કર્મચારીઓને છુટા કરવામાં આવ્યા ત્યારથી કલમ ૨૫ એફ-એફ લાગુ પડે નહી તેવું ઠરાવેલ હતું.

(ઈ) વધુમાં આ બાબતે નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા આંધ્રપ્રભા લી. તથા અન્ય વિરૂધ્ધ યુનીયન ઓફ જર્નાલીસ્ટ કે જે ચૂકાદો ૧૯૬૮(૧) એલએલજે પાન-૧૫ ઉપર પ્રસિધ્ધ થયેલ છે અને જેમાં તે કેસની હકીકત એવી હતી કે, ઈન્ડીયન એક્ષ્પ્રેસ ન્યુઝપેપર પ્રા. લી. તે કંપની મદ્રાસ શહેરમાં ત્રણ જુદી જુદી ભાષાઓમાં પ્રકાશનો બહાર પાડતી હતી જેમાંથી અંગ્રેજી ઈન્ડીયન એક્ષ્પ્રેસ દૈનિક, સન્ડે સ્ટાન્ડર્ડ અઠવાડિક અને સ્ક્રીન અઠવાડિક બહાર પાડવામાં આવતા હતા તથા તેલુગુ ભાષામાં આંધ્રપ્રભા દૈનિક, આંધ્રપ્રભા ઈલેસ્ટ્રેટેડ વીકલી અઠવાડીક બહાર પાડવામાં આવતા હતા અને હિન્દીમાં દિનમની દૈનિક, દિનમની કાદીર અઠવાડીક બહાર પાડવામાં આવતા હતા. આ કંપનીએ આંધ્રપ્રભા દૈનિક અને આંધ્રપ્રભા ઈલસ્ટ્રેટેડ વીકલી જે અઠવાડીક બહાર પાડવામાં આવતું હતું તે આંધ્રપ્રભા પ્રા. લી., વિજયવાડા નામની સંસ્થાને વેચી દીધા તેની વિરૂધ્ધ આંધ્રપ્રભા દૈનિક અને આંધ્રપ્રભા ઈલેસ્ટ્રેટેડ વીકલીના કર્મચારીઓના પત્રકાર કર્મચારીઓએ હડતાલ પાડેલ જેના ઉપરથી તાળાબંધી ઉદભવેલ અને છેવટે તબદીલી વાજબી છે કે કેમ, તે બાબતે ન્યાય નિર્ણય કરવા માટે ન્યાયપંચને રેફરન્સ કરવામાં આવેલો અને તે કામે સર્વોચ્ચ અદાલતે એવું ઠરાવેલ છે કે કંપની આંધ્રપ્રભા અને આંધ્રપ્રભા ઈલસ્ટ્રેટેડ વીકલી કે જે જુદા એકમો હતા તેને એકલાને જ તકદીલ કરવા હક્કદાર છે.

(એફ) વધુમાં આ બાબતે શ્રી ઠેસીયા દ્વારા બારસીલાઈટ રેલ્વે કંપની લી. વિરૂધ્ધ જોગલેકર કે. એન. તથા બીજા કે જે ચૂકાદો ૧૯૫૭(૧) એલએલજે પાન ૨૪૩ ઉપર પ્રસિધ્ધ થયેલ છે તે રજૂ કરેલ છે તથા નામ. સુપ્રિમ કોર્ટની ફુલ બેન્ચ દ્વારા સદરહુ ચૂકાદો આપવામાં આવેલ છે અને તે ચૂકાદાની હકીકતને ધ્યાન ઉપર લેતાં તેમાં ઠરાવેલ છે કે જ્યારે કર્મચારીનો નોકરીનો અંત બોનાફાઈડ કલોઝર અથવા તો બીઝનેસ ટ્રાન્સફર થતાં લાવવામાં આવ્યો હોય તો તેને છટણી કહી શકાય નહી. વધુમાં નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા આઈ.ડી. એકટની કલમ ૨(૦)(૦) ની ચર્ચા કરતાં જણાવેલ છે કે કાયદામાં જણાવેલ જોગવાઈઓ મુજબ છુટા કરવાનું પગલું લેવામાં આવતું હોય ત્યારે છટણી કહેવાય તથા કાયદામાં જણાવેલ શબ્દોનું યોગ્ય અર્થઘટન કરવું જોઈએ તથા છટણીની વ્યાખ્યામાં છટણી એટલે કે શિસ્તના પગલા તરીકે કરેલી શિક્ષારૂપે હોય તે સિવાય બીજી રીતે ગમે તે કારણસર માલીકે કરેલી કોઈ કામદારની નોકરીની સમાપ્તિ, પરંતુ, આનો અર્થ દરેક પ્રકારના છુટા કરવાના પગલામાં સમાવેશ થતો નથી તેમ ઠરાવેલ છે. વધુમાં જ્યારે બોનાફાઈડ કલોઝર હોય અથવા ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગ થતું હોય તેનો સમાવેશ થતો નથી. આમ નામ. સુપ્રીમકોર્ટ દ્વારા બોનાફાઈડ કલોઝર કે બોનાફાઈડ ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગનો ઉલ્લેખ કરેલ છે.

(જી) વધુમાં આ બાબતે નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા એન.ટી.સી. (સાઉથ મહારાષ્ટ્ર લી.) તથા અન્ય વિરૂધ્ધ રાષ્ટ્રીય મઝદુર સંઘ તથા અન્ય કે જે ચૂકાદો નામ. સુપ્રિમ કોર્ટના ત્રણ ન્યાયમૂર્તિઓની

INDEX

ખંડપીઠ દ્વારા આપવામાં આવેલ છે તથા ૧૯૯૩(૧) સીએલઆર પાન-૬૦૨ ઉપર પ્રસિધ્ધ થયેલ છે, તે કેસની હકીકત ધ્યાન ઉપર લેવામાં આવે તો તેમાં ટેક્ષ્ટાઇલ અન્ડરટેકીંગ એકટ, ૧૯૮૩ની જોગવાઇ તેમજ કલમ ૨૫ એફ-એફ ની જોગવાઇની ચર્ચા કરવામાં આવેલ છે. વધુમાં નામ. સુપ્રીમ કોર્ટ દ્વારા ઠરાવેલ છે કે, કલમ ૨૫ એફ-એફની જોગવાઇઓથી કોન્ટ્રાકટ ઓફ એમ્પ્લોયમેન્ટનો અંત આવતો નથી, પરંતુ, તે કરાર અન્વયે વળતરની જોગવાઇઓ કરે છે તથા તે કિસ્સામાં કરાર વાંચતા નોકરીનો અંત આવેલ નથી તેમ સાબિત થાય છે અને તે ચૂકાદામાં પણ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ એફ-એફ ધ્યાન ઉપર લેતાં તે કામદારોની નોકરીનો અંત લાવવા માટેની જોગવાઇ નથી પરંતુ Genuine એટલે કે વ્યાજબી તથા બોનાફાઇડ ઉદ્દેશથી માલીકી અને વહીવટની તબદીલીના કિસ્સામાં વળતર આપવાની જોગવાઇ કરેલ છે.

(એચ) વધુમાં નામ. મદ્રાસ હાઇકોર્ટ દ્વારા વર્કમેન ઓફ ડેક્કન સુગર્સ વિરૂધ્ધ નવા ભારત ફેરો એલોય્ઝ લી. તથા અન્ય કે, જે ચૂકાદો ૧૯૯૩(૨) સીએલઆર પાન-૩૧ ઉપર પ્રસિધ્ધ થયેલ છે. તે કિસ્સામાં ઔદ્યોગિક વિવાદ ધારો, ૧૯૪૭ની કલમ ૨૫ એફ-એફ, ૨૫-એન તથા ૨૫(૦) ના કિસ્સામાં ઠરાવેલ છે કે કલમ-૨૫ એફ-એફ મુજબ ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગ હોય તેવા સંજોગોમાં કલમ-૨૫ એફ-એફની જોગવાઇ જ લાગુ પડે છે તથા માલીક તે કલમ-૨૫-એન તથા ૨૫(૦)ની જોગવાઇનું પાલન કરવા બંધાયેલ નથી.

(આઇ) વધુમાં એચ.પી. મીનરલ એન્ડ ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન એમ્પ્લોઇઝ યુનીયન વિરૂધ્ધ સ્ટેટ ઓફ હિમાચલપ્રદેશ કે, જે ચૂકાદો ૨૦૦૧ (૩) એલએલજે (સપ્લી.) પાન ૧૪૧૩ ઉપર પ્રસિધ્ધ થયેલ છે અને તે ચૂકાદામાં ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨(૦)(૦), કલમ ૨૫ એફ-એફ-એ તથા કલમ ૨૫ એફ-એફ-એફ તથા કલમ ૨૫-એન ના પરિપ્રેક્ષ્યમાં ધ્યાન ઉપર લેવામાં આવેલ છે અને તે કિસ્સામાં કલમ-૨૫-એફ-એફ તથા ૨૫ એફ-એફ-એફ ના કિસ્સામાં કલમ ૨૫-એન તે લાગુ પાડી શકાય નહી તેમ ઠરાવેલ છે.

(જે) વધુમાં મારૂતિ ઉદ્યોગ લી. વિરૂધ્ધ રામલાલ તથા અન્ય કે જે ચૂકાદો ૨૦૦૫(૧) એલએલજે પાન ૮૫૩ ઉપર પ્રસિધ્ધ થયેલ છે તથા નામ. સુપ્રિમ કોર્ટ ધ્વારા સદરહુ ચૂકાદો આપવામાં આવેલ છે, જેમાં ઔદ્યોગિક વિવાદ ધારો ૧૯૪૭ ની કલમ ૨૫-એફ, ૨૫-એફ-એફ, ૨૫-એફ-એફ-એફ, ૨૫-એચ તથા ૨૫-જે તેમજ મારૂતિ લી. (એક્વીઝીસન એન્ડ ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગ) એકટ, ૧૯૮૦ની કલમ-૧૩ના કિસ્સામાં સંસ્થા બંધ કરવા કે તબદીલ કરવાના કિસ્સામાં છટણી વળતરની જોગવાઇ બાબતે વ્યાપક ચર્ચા કરવામાં આવેલ છે અને તેમાં કલમ-૨૫ એફ-એફ તથા કલમ ૨૫ એફ-એફ-એફ ના કિસ્સામાં જેમ કે છટણી કરવામાં આવેલ હોય તેમ ગણી છટણી વળતરની ગણતરી બાબતે જોગવાઇ ધ્યાન ઉપર લેવા જણાવેલ છે. વધુમાં કલમ ૨૫ એફ-એફ તથા ૨૫ એફ-એફ-એફ ના કિસ્સામાં કલમ ૨૫-એફ લાગુ પડતી ન હોઇ, કલમ ૨૫-એચ મુજબની જોગવાઇ લાગુ પાડી શકાય નહી તેમ ઠરાવેલ છે.

INDEX

(કે) વધુમાં વર્કમેન ઓફ કર્ણાટકા એગ્રો પ્રોટીન્સ લી. વિરૂધ્ધ કર્ણાટકા એગ્રો પ્રોટીન્સ લી. તથા અન્ય કે, જે ચૂકાદો ૧૯૯૨(૧) એલએલજે પાન ૭૧૨ ઉપર પ્રસિધ્ધ થયેલ છે તેમાં ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫-એફ તથા ૨૫ એફ-એફ બાબતે ઠરાવેલ છે કે માલીકી તથા વહીવટ તબદીલીના કિસ્સામાં હસ્તાંતરકર્તા ધ્વારા વળતરની રકમ ચૂકવતા નોકરીનો અંત આવે છે અને તેવા કિસ્સામાં હસ્તાંતરગ્રહીતાની સામેનો કોઇ દાવો ચાલી શકે નહી.

(એલ) વધુમાં નામ. ગુજરાત હાઇકોર્ટ દ્વારા અપાર ઇન્ડસ્ટ્રીઝ લી. વિરૂધ્ધ નટવરસિંહ નાહરસિંહ સીંધા તથા અન્ય કે જે ચૂકાદો ૨૦૦૪(૨) એલએલજે પાન-૨૮૨ ઉપર પ્રસિધ્ધ થયેલ છે, તે કિસ્સામાં પક્ષકારો વચ્ચે કરાર કરવામાં આવેલ હતો અને ત્યારબાદ તે રદ થયેલ તેવા કિસ્સામાં નામ. હાઇકોર્ટ દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે માલીકી હક્ક હસ્તાંતરગ્રહીતાને તબદીલ થયેલ નથી તથા જે તબદીલી છે તે કબુલાતના તબક્કે હોય તે કિસ્સામાં મજૂર અદાલતનો હુકમ નામ. હાઇકોર્ટ દ્વારા કાયમ રાખવામાં આવેલ હતો તથા તે કિસ્સામાં સંસ્થા તરફે રજૂઆત હતી કે સંસ્થાની માલીકીની તબદીલી થઇ ગયેલ છે તે નામ. હાઇકોર્ટ દ્વારા નકારવામાં આવેલ હતી.

(એમ) વધુમાં આ બાબતે અન્ય ચૂકાદાને ધ્યાન ઉપર લેવામાં આવે તો જેમાં સુંદર રાજન વિરૂધ્ધ ચેલીઅપ્પન કે, જે ચૂકાદો ૧૯૬૬(૧) એલએલજે પાન ૫૬૪ ઉપર પ્રસિધ્ધ થયેલ છે, તે કિસ્સામાં ભાગીદારીનું વિસર્જન તે ધંધાની કે વહીવટની તબદીલી નથી અને કામદારો તે વળતર મેળવવા હક્કદાર નથી તેમ ઠરાવેલ છે.

(એન) વધુમાં આ બાબતે એસોસીએટેડ સીમેન્ટ કંપની લી., શાહબાદ વિરૂધ્ધ શીવમ્મ (શ્રીમતી) કે જે ચૂકાદો ૧૯૯૮(૧) સીએલઆર પાન-૨૯૧ ઉપર પ્રસિધ્ધ થયેલ છે અને નામ. કર્ણાટકા હાઇકોર્ટની ડીવીઝન બેન્ચ દ્વારા આપવામાં આવેલ છે તે કેસમાં તા. ૩૧-૧૨-૧૯૮૯ના રોજ હસ્તાંતરકર્તાએ હસ્તાંતરગ્રહીતાને આપેલ તથા તે તબદીલી કે કલમ ૨૫ એફ-એફના પરંતુકમાં પડતી નહતી તથા તે અગાઉ તા. ૩૦-૬-૧૯૮૯ના રોજ થોડાક કામદારોની છટણી કરવામાં આવેલ અને તે કિસ્સામાં છટણી ખોટી અને રદ થવાને પાત્ર છે તથા કામદારો તા. ૩૧-૧૨-૧૯૮૯ સુધીનો એટલે કે વેચાણ થયું ત્યાં સુધીનો પગાર મેળવવા હક્કદાર છે તથા કલમ એફ-એફ મુજબ વેચનાર જોડેથી વળતર મેળવવા હક્કદાર છે તેમજ રીએમ્પ્લોયમેન્ટ તે વેચનાર કે ખરીદનાર જોડેથી મેળવવા હક્કદાર નથી તેમ ઠરાવેલ છે.

(ઓ) વધુમાં આ બાબતે દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરીટી વિરૂધ્ધ બિહારીપ્રસાદ કે, જે ચૂકાદો ૧૯૯૮(૧) સીએલઆર પાન-૧૦૦૭ ઉપર પ્રસિધ્ધ થયેલ છે તથા નામ. દિલ્હી હાઇકોર્ટ ધ્વારા આપવામાં આવેલ છે, જેમાં દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરીટીના કર્મચારીને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં તબદીલ કરવાના કૃત્ય બાબતે પૂરાવા વગર કલમ ૨૫-એફ-એફ લાગુ પડે છે તેમ નક્કી ન થાય તથા એક વખત તે નક્કી થયા બાદ નક્કી થાય કે તે સીવીલ કોર્ટની સત્તા છે કે કેમ ? અને જે કાયદાની બાબતે છે. વધુમાં આ જ કિસ્સામાં તબદીલીનું કૃત્ય તે કેસની હકીકતને ધ્યાન ઉપર લેતાં હકીકત અને કાયદાનો પ્રશ્ન છે તેમ ઠરાવેલ છે.

INDEX

(પી) વધુમાં આ બાબતે મેનેજમેન્ટ ઓફ વીલીયમ ગુડ કે એન્ડ સન્સ વિરૂધ્ધ કે. નીલાકંદન કે જે ચૂકાદો ૧૯૯૮(૧) એલએલજે પાન ૧૦૩૮ ઉપર પ્રસિધ્ધ થયેલ છે અને નામ. મદ્રાસ હાઇકોર્ટ દ્વારા સદરહુ ચૂકાદો આપવામાં આવેલ છે, જેમાં ટ્રાન્સફર બોનાફાઇડ નક્કી થયેલ હોય તથા કલમ ૨૫ એફ-એફ ની જોગવાઇઓનું પાલન થયેલ હોય તેવા સંજોગોમાં કલમ ૨૫ એફ-એફ ના વળતરથી વધુ મેળવવા હક્કદાર નથી તેમ ઠરાવેલ છે. એટલે તે કિસ્સામાં પણ તબદીલી તે બોનાફાઇડ હોવી જરૂરી થઇ પડે છે.

(ક્યુ) વધુમાં આ બાબતે નામ. મદ્રાસ હાઇકોર્ટની ડીવીઝન બેન્ચ દ્વારા મેનેજમેન્ટ ઓફ બેસ્ટ એન્ડ ક્રોમ્પ્ટન એન્જીનીયરીંગ લી., અંબાતુર, મદ્રાસ વિરૂધ્ધ પ્રીસાઇડીંગ ઓફીસર, એડીશનલ લેબર કોર્ટ, મદ્રાસ તથા અન્ય કે જે ચૂકાદો ૨૦૦૩(૨) એલએલજે પાન ૫૦૨ ઉપર પ્રસિધ્ધ થયેલ છે તે કિસ્સામાં ઔદ્યોગિક વિવાદ ધારો ૧૯૪૭ની કલમ ૨૫ એફ-એફ ની જોગવાઇઓનો લાભ લેવા બાબતે સંસ્થાની તબદીલી તે પૂરાવાથી પૂરવાર થવી જરૂરી છે તેમ ઠરાવેલ છે અને આવા કોઇપણ જાતના પૂરાવાના અભાવે કલમ ૨૫ એફ-એફ ની જોગવાઇઓનો લાભ મળી શકે નહી તેમ ઠરાવેલ છે.

(આર) વધુમાં નામ. દિલ્હી હાઇકોર્ટ દ્વારા દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરીટી તથા રાજેન્દ્રપ્રસાદ કે, જે ચૂકાદો ૧૯૯૮(૧) એલએલજે પાન-૧૦૨ ઉપર પ્રસિધ્ધ થયેલ છે અને જેમાં કોઇ એક વિભાગની તબદીલી થયેલ છે તેવું કલમ ૨૫ એફ-એફ ની જોગવાઇને ધ્યાનમાં લેવાની હોય તેવા સંજોગોમાં ઘણા બધા પરિબળોનું નિરીક્ષણ અને પરિક્ષણ કરવાનું રહે છે અને જે પૂરાવા નોંધ્યા સિવાય થઇ શકે નહી તેમ ઠરાવેલ છે.

(એસ) વધુમાં નામ. ગુજરાત હાઇકોર્ટ દ્વારા આઇ.પી.સી.એલ. એમ્પ્લોઇઝ એસોસીયેશન વિરૂધ્ધ ઇન્ડીયન પેટ્રોકેમીકલ કોર્પોરેશન લીમીટેડ કંપની એપ્લીકેશન નં. ૧ ૨૬/૦૭ અને કંપની પીટીશન નં. ૯૩/૦૭ ના કામમાં ઓજે. અપીલ નં. ૨૪૦/૦૭ ના કેસમાં ના. ગુજરાત હાઇકોર્ટની ડીવીઝન બેન્ચ દ્વારા તા. ૧૮-૩-૨૦૦૮ના રોજ ચૂકાદો આપવામાં આવેલ છે અને તે કિસ્સામાં ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫ એફ-એફ ની જોગવાઇને ધ્યાન ઉપર લેતાં જો માંલીક દ્વારા કલમ ૨૫ એફ-એફના બીજા ભાગ એટલે કે, વળતરના અપવાદના કિસ્સાનો વિકલ્પ સ્વીકારે તો તેવા સંજોગોમાં પણ કામદારો તે કલમ ૨૫-એફ ની જોગવાઇ મુજબ છટણી વળતર મેળવવા હક્કદાર છે તેમ ઠરાવેલ છે.

(ટી) વધુમાં આ બાબતે નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા ગુરમેલસીંઘ તથા અન્ય વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ કે, જે ચૂકાદો નામ. સુપ્રિમ કોર્ટની ત્રણ ન્યાયમૂર્તિઓની બનેલ બેન્ચ દ્વારા આપવામાં આવેલ છે અને તે કિસ્સામાં ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫ એફ-એફ ના કિસ્સામાં નામ. સુપ્રીમકોર્ટ દ્વારા ઠરાવેલ છે કે, હસ્તાંતરકર્તા અને હસ્તાંતરગ્રહીતા તે બન્ને જ્યારે રાજ્ય સરકાર હોય કે રાજ્ય સરકાર અને તેનું સાહસ હોય તેવા કિસ્સામાં કામદારો રીએમ્પ્લોયમેન્ટ મેળવવા

INDEX

હક્કદાર થાય છે. વધુમાં નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા એકમની તબદીલીના કિસ્સામાં હસ્તાંતરગ્રહીતા એટલે કે, સક્સેસર ઈન ઈન્ટરેસ્ટ જોડે કામદાર નોકરીની સળંગતા મેળવવા હક્કદાર થાય છે તેમ ઠરાવેલ છે. વધુમાં નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા જ્યારે તબદીલી તે બેનામી અને આભાસી હોય તેવા સંજોગોમાં ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫ એફ-એફ તે ચિત્રમાં આકર્ષિત થતી નથી તેમ ઠરાવેલ છે. જે પેરા-૧૬ તથા ૨૧ નીચે મુજબ છે :

16. The Supreme Court was dealing with a case of genuine transfer between two parties - a predecessor and a successor - at arms' length where the principles of the law of contracts clearly held the field. The employees of the predecessor had no privity to contract of contract with the successor and could make no claims against him. The industrial law, however, safeguarded his interests by inserting S.25FF and giving him a right to compensation against his former employer on the basis on a notional retrenchment except in cases where the successor, under the contract of transfer itself, adequately safeguarded them by assuring them of continuity of service and of employment terms and conditions. In the result, he can get compensation or continuity but not both. The present case before us raises an allied, but sometimes more important issue, as to whether there cannot be situations in which the Court of industrial adjudicator, should, in the interest of justice, fairplay and industrial peace, hold the employee entitled to continuity with the successor without being compelled to be satisfied with compensation from the predecessor. The Supreme court itself has visualised such a case and made it clear that if a transfer is fictitious or benami, S.25FF has no application at all. of course, in such a case, "there has been no change of ownership or management and despite an apparent transfer, the transferor employer continues to be the real employer and there has to be continuity of service under the same terms and conditions of service as before and there can be no question of compensation." A second type of case which comes to mind is one in which there is in form, and perhaps also in law, a succession but the management continues to be in the hands of the same set of persons organised differently such as in Bombay Garage Ltd. v. Industrial Tribunal, (1953-1-LLJ-14) and Artisan Press v. L.A.T., (1954-1 LLJ-424). In such cases, the transferee and transferor are virtuallythe same and the over-riding principle should be that no one should be able to frustrate the intent and purpose of the law by drawing a corporate veil across the eyes of the court. (See.Palmer, Company Law, 23rd Edn, pages 200-201, paras 8 and 10 and the decision in Kapur v. Shields, 1976-1 W.L.R. 131, cited therein). These exceptions to the above rules, we think, would still be operative. But it is not necessary here to decide whether this principle will help us to identify

INDEX

the Corporation with the State government in the present case for the present purposes, particularly as there is a catena of cases which do not approve of such identification (See Accountant and Secretariat Services P.Ltd. v. Union 1988-4 S.C.C. 324 and the cases cited therein). Leaving this out of account then, we may turn to a third category of cases, which we think would also fall as on exception to the principle behind S.25FF. This is where, as here, the transferor and/or transferee is a State Instrumentality, which is required to act fairly and not arbotrarily (see the recent pronouncement in Mahabir Auto Stores v. Indian Oil Corporation, 1990-3 -S.C.C.752)-and the Court has a say as to whether the terms and conditions on which it proposes to hand over or take over an industrial 'undertaking embody the requisite of "fairness in action" and could be upheld. We think that, certainly, in such circumstances it will be open to this court to review the arrangement between the State Government and the Corporation and issue appropriate directions. Indeed, such directions could be issued even if the elements of the transfer in the present case fall short of a complete succession to the business or undertaking of State by the Corporation, as the principle sought to be applied is a constitutional principle flowing from the contours of Article 14 of the constitution which the State and Corporation are obliged to adhere to. We are making this observation because it was attempted to be argued on behalf of the State and Corporation that only certain assets of the State 'industry' viz. the tubewells, were taken over by the latter and nothing more. We do not quite agree with this contention but, in view of the approach we propose to adopt, this aspect is not very material and need not be further discussed.

21) To sum up, even before the insertion of S.25FF in the Act, the employees of predecessor had no right to claim re-employment by the successor in business save in exceptional circumstances. Even where available, that claim was not a matter of absolute right but one of discretion to be judicially exercised, having regard to all the circumstances. An industrial tribunal, while investigating such a claim, had to carefully consider all the aspects of the matter'. It had to examine whether the refusal to give re-employment was capricious and industrially unjustified on the part of successor in business or whether he could show cause for such refusal on reasonable and bona fide grounds such as want of work, inability of the applicant to carry out the available work efficiently, late receipt of the application for re-employment in view of prior commitments or any other cause which in the opinion of the tribunal made it unreasonable to force the successor - in-interest to give re-employment to all or any of the employees of the old concern. This discretion given to industrial courts is no longer generally available because of the insertion of

INDEX

Section 25. FF. But in a case where one or both of the parties is a State instrumentality, having obligations under the Constitution, the Court has a right of judicial review over all aspects of transfer of the undertaking. It is open to a Court, in such a situation, to give appropriate directions to ensure that no injustice results from the change-over. In the present case, the parties to the transfer are a State on the one hand and a fully owned State Corporation on the other. That is why we have examined the terms and conditions of the transfer and give appropriate directions to meet the needs of the situation. We, therefore, direct the State Government and the Corporation - which is but a wholly owned State instrumentality bound to act at the behest of the State - to carry out our directions above, the Corporation being at liberty to amend its rules and regulations, if necessary, to give effect to the same.

(યુ) વધુમાં તાજેતરમાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા ફીલીપ્સ ઇન્ડીયા લીમીટેડના કિસ્સામાં કે જે ચુકાદો નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા સીવીલ એપ્લીકેશન નં. ૯૯૨૧ થી ૯૯૨૨/૨૦૧૧ નાં કામમાં સ્પે. લીવ પીટીશન (સી) નં. ૧૧૧૧૫ થી ૧૧૧૧૬/૨૦૦૯ નાં સુનીલ કે આર. ઘોષ વિરૂધ્ધ રામચંદ્રનના કિસ્સામાં ઠરાવેલ છે કે, કામદારની સંમતી વગર તેઓને વહીવટકર્તાના હાથ નીચે કામ કરવા ફરજ પાડી શકાય નહી તથા તે કામદારો રીટાયરમેન્ટ કે રીટ્રેન્જમેન્ટ કોમ્પનસેશન મેળવવા હક્કદાર થાય છે.

(વી) વધુમાં અલ્હાબાદ હાઇકોર્ટ દ્વારા ઉમેશચંદ્ર પંડયા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ કે જે ચુકાદો ૧૯૯૧, એલ.આઇ.સી., પાનાં નં. ૧૪૪૯ ઉપર પ્રસિધ્ધ થયેલ છે અને તેમાં પ્રસ્થાપિત કરેલ છે કે, જ્યારે માલિકે તેનો ધંધો તબદીલ કરેલ ન હોય કે, તેઓએ તેમનો ધંધો બંધ કરેલ ન હોય, પરંતુ તેઓ એ ધંધો વધુ સારો કરી શકે તે ઉદ્દેશથી કે, ટેક્નિકલ મદદ મેળવવાના તથા તજજ્ઞોના તાંત્રિક લાભ લેવાના ઉદ્દેશથી કરાર કરેલ હોય અને તે સંયુક્ત સાહસ હોય તો તેવા સંજોગોમાં છટણી કે તબદીલીથી થયેલ તેવું કહી શકાય નહી અને જે ગેરકાયદેસર છે તેમ ઠરાવેલ છે તથા ફક્ત છટણી વળતર સ્વીકારવાથી તેટલા જ કારણસર પગલાંને પડકારવાના કારણસરના અધિકારને બાધ આવતો નથી.

ઉપરોક્ત વિવાદ હાઇકોર્ટ તથા નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતોને ધ્યાન ઉપર લેતા ઔદ્યોગિક ન્યાયપંચ દ્વારા તે માલિકી/વહીવટની તબદીલીનાં કિસ્સામાં નીચે મુજબના મુદ્દાઓ જોવા જરૂરી છે :-

(૧) માલિકી/વહીવટની તબદીલીના કિસ્સામાં ક્યો વિકલ્પ/પસંદગી કરવી એટલે કે કબુલાતથી માલિકી/વહીવટની તબદીલી કરીને કે કાયદાથી તે મેનેજરીયલ ફંકશન છે અને તે વિકલ્પની પસંદગી તે નોન જસ્ટીસીયેબલ બાબત છે, પરંતુ આ વિકલ્પ/પસંદગી તે બોનાફાઇડ છે કે કેમ ? તે ઔદ્યોગિક ન્યાયપંચ જોઇ શકે છે.

INDEX

(૨) માલિકી કે વહીવટકર્તાઓ દ્વારા જે વિકલ્પ/પસંદગી કરવામાં આવેલ છે તે બાબત ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ એફ-એફમાં પડે છે કે કેમ ? તે ઔદ્યોગિક ન્યાયપંચ જોઈ શકે છે.

(૩) હકીકતની રીતે માલિકી/વહીવટની તબદીલી થયેલ છે કે કેમ ? તે ઔદ્યોગિક ન્યાયપંચ જોઈ શકે છે.

(૪) માલિકી/વહીવટની તબદીલી કાયદાની જોગવાઈ અનુસાર છે કે કેમ ? એટલે કે જે કબુલાત/કરાર છે તે કાયદાની તમામ જોગવાઈ પૂર્ણ કરી શકેલ છે કે કેમ ? તે ઔદ્યોગિક ન્યાયપંચ જોઈ શકે છે તથા જો કાયદા દ્વારા માલિકી/વહીવટની તબદીલી કરવામાં આવેલ હોય તો તે કાયદામાં શું જોગવાઈ છે તે ઔદ્યોગિક ન્યાયપંચ જોઈ શકે છે.

(૫) વધુમાં માલિકી/વહીવટની તબદીલીના કિસ્સામાં આ તબદીલી આભાસી, મિથ્યા, તર્કટી, છેતરામણી, બનાવટી, પેપર એરેજમેન્ટવાળી, ફીકસીયસ, બેનામી છે કે કેમ ? તે ઔદ્યોગિક ન્યાયપંચ જોઈ શકે છે.

(૬) ઔદ્યોગિક ન્યાયપંચ તે માલિકી/વહીવટી તબદીલીનાં કિસ્સામાં આવી તબદીલી સમગ્ર વેપારની છે કે, એકમની છે તે ઉદ્યોગનાં અલગ પાડી શકાય તેવા એકમની છે કે કેમ ? તે પણ ઔદ્યોગિક ન્યાયપંચ જોઈ શકે છે.

વધુમાં ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ એફ-એફ મુજબ માલિકી/વહીવટી તબદીલી તે કાયદાનુસાર કે બોનાફાઈડ હોય તો તેવા કિસ્સામાં ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ જી, ૨૫ એચ કે ચેપ્ટર ૫-બીની કલમ-૨૫-એન તે લાગુ પાડી શકાય નહીં તથા જો બોનાફાઈડ માલિકી/વહીવટી તબદીલીના કિસ્સામાં કલમ-૨૫ એફની જોગવાઈ તે કન્ડીશન પ્રીસીડન્ટ બનતું નથી.

ઔદ્યોગિક ન્યાયપંચ આવી તબદીલી કાયદાનુસાર છે કે કેમ ? તે જોઈ શકે છે અને તે સંજોગોમાં આ પ્રકારની તકરાર તે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨ (કે) મુજબ ઔદ્યોગિક તકરાર બને છે.

આમ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ એફ-એફની જોગવાઈને ધ્યાનમાં લેતા માલિકી/વહીવટની તબદીલીના કિસ્સામાં ઔદ્યોગિક ન્યાયપંચે ઉપરોકત પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતોને ધ્યાન ઉપર લેવાના હોય છે.

૨૦. વધુમાં પ્રથમ પક્ષકાર નં. ૨ એવરેસ્ટ પ્રેસ લીમીટેડ તેઓના વિદ્વાન એડવોકેટશ્રી પી. એસ. ચારીની રજુઆત છે કે, ઈન્ડસ્ટ્રીઅલ એડજ્યુડીકેશનમાં રેસજ્યુડીકેટાનો સિદ્ધાંત, એસ્ટોપલનો સિદ્ધાંત,

INDEX

વેઈવરનો સિદ્ધાંત અને એકવીએશનનો સિદ્ધાંત લાગુ પડે છે અને તે સિદ્ધાંતને ધ્યાનમાં લેતા રેફરન્સ રદ થવાને પાત્ર છે તથા ઔદ્યોગિક ન્યાયપંચને આ પ્રકારની તકરારનો ન્યાય નિર્ણય કરવાની સત્તા અને હકુમત નથી. મારા દ્વારા, પક્ષકારો દ્વારા આ બાબતે રજુ કરવામાં આવેલા ચુકાદાઓ ધ્યાન ઉપર લેવામાં આવેલ છે તથા શ્રી ચારી દ્વારા પોંડીચેરી ખાદી અને વિલેજ ઈન્ડસ્ટ્રીઝ બોર્ડ તથા તુષાર કાંતિ રોય તથા એઈટ ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ, કલકત્તા તેમજ શ્રી બી. એલ. શ્રીધન તથા અન્યોનો જે ચુકાદો રજુ કરેલ છે તે વંચાણે લેવામાં આવેલ છે તથા પોંડીચેરી ખાદી એન્ડ વિલેજ ઈન્ડસ્ટ્રીઝ બોર્ડના ચુકાદામાં સિવિલ પ્રોસીજર કોડ તે ઈન્ડસ્ટ્રીયલ એડજ્યુડીકેશનમાં લાગુ પાડી શકાતો નથી. પરંતુ પ્રીન્સીપલ ઓફ રેસજયુડીકેટા લાગુ પડે છે તેમ દર્શાવેલ છે. આ બાબતે વિવિધ અદાલતો દ્વારા પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો ધ્યાન ઉપર લેવામાં આવે તો રેસજયુડીકેટા, એસ્ટોપલ, વેઈવર કે એકવીયન્સના સિધ્ધાંતો બાબતે કોઈ ચોક્કસ જેકેટ ફોર્મ્યુલા હોઈ શકે નહીં, પરંતુ કેસની હકીકતને ધ્યાન ઉપર લેતા આ સિધ્ધાંતો જે તે કિસ્સામાં લાગુ પાડી શકાય કે કેમ ? તે જોવાનું રહે છે. વધુમાં ઔદ્યોગિક ન્યાયપંચ સમક્ષ ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈ મુજબ જે વિવાદો ન્યાય નિર્ણય અર્થે આવે છે તે કોઈ સ્થિર બાબત અંગે નથી. એટલે કે ઔદ્યોગિક પરિસ્થિતિ તે બદલાતા જતા સંજોગોને આભારી છે અને તેથી જે તે કેસની હકીકતને ધ્યાન ઉપર લેતાં કેસની હકીકતના પરિપ્રેક્ષ્યમાં આ બાબત જોવી જોઈએ તેમ ન્યાયપંચનું નમ્ર મંતવ્ય છે. વધુમાં શ્રી ચારીની રજુઆત છે કે હાથ ઉપરનાં કામમાં ગુજરાત કામગાર પંચાયત દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં કાર્યવાહી કરેલ છે અને ઔદ્યોગિક ન્યાયપંચ સમક્ષ ઉપરોક્ત તકરાર પડતર છે અને તેથી બંને સમાંતર કાર્યવાહી હોઈ રેફરન્સ રદ થવાને પાત્ર છે. શ્રી ચારીની સદરહુ તકરાર જોડે ઔદ્યોગિક ન્યાયપંચ સહમત નથી, કારણકે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ગુજરાત કામગાર પંચાયત દ્વારા જે તકરાર ઉપસ્થિત કરવામાં આવેલ હતી કે એક અલગ ઔદ્યોગિક વિવાદ સમુચિત સરકાર જોડે ઉપસ્થિત કરેલ હતો અને તે તકરાર ન્યાય નિર્ણય અર્થે ન્યાયપંચને મોકલવી જોઈએ કે કેમ ? તે બાબતના નિર્ણય અંગે યુનીયન દ્વારા નામદાર વડી અદાલતમાં રીટ પીટીશન કરવામાં આવેલ હતી અને તેથી આ બંને વિવાદીત કેસમાં તે ભિન્ન હોઈ શ્રી ચારીની રજુઆત છે કે યુનીયન દ્વારા બંને સમાંતર કાર્યવાહી કરવામાં આવેલ હોઈ રેફરન્સ રદ થવાને પાત્ર છે તે રજુઆત સાથે ઔદ્યોગિક ન્યાયપંચ સહમત થતું નથી. વધુમાં અગાઉ જણાવી ગયા તે મુજબ રેસજયુડીકેટા, એસ્ટોપલ તથા વેઈવર તે તમામ સિદ્ધાંત જે તે કેસનાં અનુસંધાનમાં વંચાણે લેવાના હોય અને તેથી તે પ્રસ્થાપિત થયેલા સિદ્ધાંતો સાથે ઔદ્યોગિક ન્યાયપંચ સહમત છે, પરંતુ હાથ ઉપરનાં કેસની હકીકતને ધ્યાન ઉપર લેતાં કેસની હકીકત ભિન્ન હોઈ તે સિદ્ધાંતનો લાભ પ્રથમ પક્ષકાર સંસ્થાને આપી શકાય તેમ નથી.

વધુમાં શ્રી ચારી દ્વારા ઔદ્યોગિક ન્યાયપંચ સમક્ષ કેટલાક ચુકાદાઓ તથા નોંધ રજુ કરી ટ્રાન્સફર ઓફ અંડરટેકીંગની બાબત તે મેનેજમેન્ટનો અધિકાર છે અને તેમાં મેનેજમેન્ટે આ બાબતનો નિર્ણય લેવાનો છે અને જે મેનેજરીયલ ફંકશન હોઈ નોન જસ્ટીસીયેબલ છે અને તેથી

INDEX

રેફરન્સ રદ થવાને પાત્ર છે તેમ જણાવેલ છે. અગાઉ ચર્ચા કરી તે મુજબ કેટલીક બાબતો તે મેનેજરીયલ ફંકશન હોઈ શકે જેમ કે ધંધામાં વધારો કે ઘટાડો કરવો, ધંધા અંગેના કરારો કરવા વગેરે બાબત તે મેનેજરીયલ ફંકશન કહી શકાય, પરંતુ મેનેજરીયલ ફંકશન તે દુષપ્રેરીત કરવામાં આવેલ હોય કે શુભ આશયથી કરવામાં આવેલ ન હોય તો ઔદ્યોગિક ન્યાયપંચ તે Lifting the veil ના સિદ્ધાંતને ધ્યાન ઉપર લઈ તે બાબત ચકાસી જવી જોઈએ. અત્રે એ બાબતની પણ નોંધ લેવી ઘટે કે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ એફ-એફમાં અંડરટેકીંગના માલિકી ફેરના દાખલામાં કામદારોને વળતર આપવા બાબત દર્શાવેલ છે અને જેમાં કબુલાતથી કે કાયદાના અમલથી કોઈ સંસ્થાની માલિકી અને વહીવટ તેના માલિક પાસેથી કોઈ નવા માલિકને નામ ફેર કરી આપવામાં આવે તેમ દર્શાવેલ છે. એટલે કે આ કલમની નીચે કોઈ માલિક અને વહીવટની તબદીલી તે કબુલાતથી કરવી કે કાયદાથી કરવી તેવો જે નિર્ણય છે તેને મેનેજરીયલ ફંકશન કહી શકાય. તેવી જ રીતે તેવા કિસ્સામાં નામ ફેર તરત પહેલાં તે સંસ્થામાં ઓછામાં ઓછા એક વર્ષની અખંડ નોકરીમાં હોય તેવા કામદારોને કલમ-૨૫ એફની જોગવાઈ અનુસાર નોટીસ અને વળતર ચુકવવું કે સદરહું કલમ-૨૫ એફ-એફના પરંતુકમાં જે જોગવાઈ આપવામાં આવેલ છે તે મુજબની કાર્યવાહી કરવી તેવા નિર્ણયને પણ મેનેજરીયલ ફંકશન કહી શકાય, પરંતુ સંસ્થાનું માલિકી અને વહીવટ તબદીલ કરવાનું કૃત્ય કલમ-૨૫ એફ-એફમાં પડે છે કે કેમ ? તે જોવાની ઔદ્યોગિક ન્યાયપંચને સત્તા અને હકુમત છે તથા હકીકતે ફેર બદલી કે તબદીલી થયેલ છે કે કેમ ? તે આભાસી, મિથ્યા, તર્કટી છે કે કેમ ? કે તે શુભ આશયથી લેવામાં આવેલ છે કે કેમ ? તે બધી બાબત ઔદ્યોગિક ન્યાયપંચ ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈને ધ્યાન ઉપર લેતા ન્યાય નિર્ણય કરી શકે છે. વધુમાં ઔદ્યોગિક ન્યાયપંચ તે ભાતીગળ અદાલત નથી, પરંતુ તે એક ન્યાયપંચ છે અને તેથી પક્ષકારોની રજુઆત કાયદાકીય પરિસ્થિતિને ધ્યાન ઉપર લેતાં સીવીલ પ્રોસીજર કોડ કે એવીડન્સ એકટની તાંત્રિક બાબતમાં ન પડતાં તે વિવાદનો ન્યાય નિર્ણય કરવાનો હોય છે અને આમ પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા થયેલી રજુઆત કે ટ્રાન્સફર ઓફ અંડરટેકીંગ તે મેનેજરીયલ ફંકશન હોઈ ઔદ્યોગિક ન્યાયપંચ તેમાં દરમ્યાનગીરી કરી શકે નહીં કે તે બાબત તે નોન જસ્ટીસીયેબલ છે તેવી રજુઆત સાથે ઔદ્યોગિક ન્યાયપંચ સહમત થતું નથી. અત્રે પુનરાવર્તનનાં ભોગે એ બાબતની નોંધ લેવી ઘટે કે ટ્રાન્સફર ઓફ અંડરટેકીંગ કેવી રીતે કરવું તેના વિકલ્પ, પસંદગીની સ્વતંત્રતા તે મેનેજમેન્ટને છે અને તે બાબતે જ તે મેનેજરીયલ ફંકશન કહી શકાય પરંતુ તમામ મેનેજરીયલ ફંકશન તે નોન જસ્ટીસીયેબલ છે તેવી પ્રથમ પક્ષકારની રજુઆત જોડે ઔદ્યોગિક ન્યાયપંચ સહમત થતું નથી અને ફક્ત બીઝનેસ નિર્ણય બાબતે તે મેનેજરીયલ ફંકશન કહી શકાય, પરંતુ સંસ્થાનું કૃત્ય ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈ નીચે પડે છે કે કેમ ? તથા તે શુભ આશયથી લેવામાં આવેલ છે કે કેમ ? તે ઔદ્યોગિક ન્યાયપંચ જોઈ શકે છે અને તેથી મુદ્દા નં. ૨ નો જબાવ "હકારમાં" આપવામાં આવે છે.

INDEX

૨૧. મુદ્દા નં. ૩ :

મુદ્દા નં. ૩નો નિર્ણય કરતાં પહેલા હાથ ઉપરના કામમાં બંને પક્ષકારો તરફે જે દસ્તાવેજ અને મૌખિક પુરાવાઓ રજુ થયેલ છે તેને ધ્યાન ઉપર લેતા એક બાબત સ્પષ્ટ રીતે ફલીત થાય છે કે સને ૧૯૯૩ પહેલા આશરે ૧૭ જેટલી ભાગીદારી પેઢીઓ અને કોન્ટ્રાકટરના કામદારોને પ્રથમ પક્ષકાર નં. ૧ નવનીત પ્રેસ લીમીટેડમાં સમાવવામાં આવેલ હતા. આ બાબતે પડેલ પુરાવાઓને ધ્યાન ઉપર લેવામાં આવે તો બીજા પક્ષકાર નં. ૨ યુનીયન તરફે હાથ ઉપરના કામમાં આંક-૧૫૭ થી આંક-૨૦૨ સુધી વિવિધ લીસ્ટ રજુ કરેલ છે અને જે જુદા જુદા કામદારો બાબતે દસ્તાવેજો રજુ કરેલ છે અને આ દસ્તાવેજોને પાકો આંક પણ આપવામાં આવેલ છે અને જે દસ્તાવેજો પૈકી અમુક દસ્તાવેજો ધ્યાન ઉપર લેવામાં આવે તો આંક-૧૫૭ તે ગુલામ મહંમદ એચ. ખીમજીને લગતા દસ્તાવેજો છે અને જેમાં તેઓનું ઓળખકાર્ડ તા. ૧-૬-૧૯૯૭ તથા તા. ૧-૧-૧૯૮૬નું રજુ થયેલ છે. તેવી જ રીતે તેની માર્ચ-૧૯૭૯, ડીસેમ્બર-૧૯૮૫, ૮૬, જુન-૧૯૯૩, ડીસેમ્બર-૧૯૯૩ તેવા દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે અને જેમાં તેઓને ગાલા પબ્લીસર્સ લી. સંદિપ એજન્સી દ્વારા ઓળખકાર્ડ આપવામાં આવેલ છે તેમ જણાઈ આવે છે. વધુમાં ઉદાહરણ રૂપે આંક-૧૬૪નું લીસ્ટ ધ્યાન ઉપર લેવામાં આવે તો તે પ્રવિણસિંહ હિંમતસિંહ બાબતનું દસ્તાવેજ લીસ્ટ છે અને જેમાં પગારી રજાના પત્રકમાં કોન્ટ્રાકટર ડુંગરશીભાઈ રામજીભાઈનું નામ લખેલ છે. તેવી જ રીતે તેમની પગાર સ્લીપમાં પણ કોન્ટ્રાકટરનું નામ લખેલ છે. ત્યારબાદ રજુ કરવામાં આવેલ ઓળખપત્ર પણ નવનીત પ્રેસ લીમીટેડનું છે, જે દસ્તાવેજને પાકા આંક-૪૪૯ થી ૪૫૨ આપવામાં આવેલ છે. તેવી જ રીતે ભીમજી નાથુજીના દસ્તાવેજો આંક-૧૬૫ થી રજુ થયેલ છે અને તે પણ ડુંગરશીભાઈ રામજીભાઈ કોન્ટ્રાકટરમાં કામ કરતાં હતા તેમ દર્શાવેલ છે. ત્યારબાદ આંક-૧૬૬ થી દશરથ કોષ્ઠીના દસ્તાવેજો રજુ થયેલ છે અને જેમાં કોન્ટ્રાકટર ચુનીલાલ મોતીલાલ તથા સુરેખ બાઈન્ડીંગ વર્કસ દર્શાવેલ છે અને તે દસ્તાવેજોને પણ આંક-૪૫૬ થી ૪૫૮ પડેલા છે. વધુમાં ઉપરોકત કામમાં આંક-૧૯૩ થી બાબુભાઈ રાવલના દસ્તાવેજો રજુ થયેલ છે અને જેને પાકા આંક-૫૧૯ થી ૫૨૦ આપવામાં આવેલ છે અને આંક-૫૧૯ નાં દસ્તાવેજો ધ્યાન ઉપર લેતા તેઓનું નામ કોન્ટ્રાકટર જીતેન્દ્ર બી. ભાવસાર (સુરેખ બાઈન્ડીંગ વર્કસ) તેમ દર્શાવેલ છે. જેમાં ૧૯૯૨ની પગાર ચીઠ્ઠી છે તથા આંક-૫૨૦ તે નવનીત પ્રેસ લીમીટેડના ઓળખકાર્ડની ઝેરોક્ષ રજુ થયેલ છે. વધુમાં સદર વ્યક્તિને બીજા પક્ષકાર યુનીયન ગુજરાત કામગાર પંચાયત દ્વારા આંક-૨૪૦ થી તપાસવામાં આવેલ છે અને જેમાં શ્રી બાબુભાઈની રજુઆત છે કે તે નવનીત પ્રેસ લીમીટેડ પહેલા નવનીત પ્રકાશન કેન્દ્રમાં કામ કરતા હતા તેમ જણાવેલ છે. વધુમાં બીજા પક્ષકાર નં. ૧ તરફે ઉપરોકત કામમાં આંક-૬૨ થી આંક-૬૨ થી બાબુભાઈ કેશુભાઈને તપાસવામાં આવેલ છે અને જેમાં તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે તેઓ નવનીત પ્રકાશનમાં તેમનું નામ દાખલ કર્યા તે અગાઉ સંસ્થામાં ૧૫ વર્ષથી કામ કરતાં હતા અને તેઓનું નામ રંગ મલ્ટી કલર કંપનીમાં હતું. તેવી જ રીતે આંક-૭૭ થી લક્ષ્મણભાઈ ભેરાજીએ જણાવેલ છે કે તેઓ નવનીત પ્રકાશનમાં ૧૮ વર્ષથી કામ કરતાં હતા તથા તેઓનું નામ સુરેખ બાઈન્ડીંગ વર્કસના ચોપડામાં

INDEX

હતું. તેવી જ રીતે દલપતસિંહ ગોહિલ કે જેને આંક-૮૧ થી તપાસવામાં આવેલ છે તેઓ ૨૬ વર્ષથી નવનીત પ્રકાશનમાં નોકરી કરતા હતા અને તેઓનું નામ વિકાસ પ્રીન્ટીંગના ચોપડામાં બતાવવામાં આવતું હતું તેમ જણાવેલ છે. વધુમાં આંક-૯૪ થી કિશોર વામનરાવની સોગંદ ઉપર સરતપાસ અને ઉલટતપાસ થયેલ છે અને જેમાં પ્રથમ પક્ષકાર સંસ્થામાં તેઓ ૨૩ વર્ષથી કામ કરતા હતા અને તેઓનું નામ અને તેઓનું નામ મમતા ટાઈપ સેટીંગ વર્કસના ચોપડામાં હતું તેમ જણાવેલ છે. તેવી જ રીતે આંક-૯૭ થી તેજસિંગ રાજપૂત તે નવનીત પ્રકાશન કેન્દ્રમાં ૧૯૮૯ માં જોડાયેલ અને તે નવનીત પ્રકાશન કેન્દ્રમાં કામ કરતા હતા ત્યારે તેમનું નામ કે. કે. પ્રોસેસનાં ચોપડામાં બતાવવામાં આવતું હતું તેમ જણાવેલ છે. એટલે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને મૌખિક સરતપાસ અને ઉલટતપાસથી એક બાબત સ્પષ્ટ રીતે ફલીત થાય છે કે સને ૧૯૯૩ના અરસામાં નવનીત પ્રેસ લીમીટેડ અસ્તિત્વમાં આવી તે સમયે જુદી જુદી માલિકીની સંસ્થા ભાગીદારી સંસ્થા અને કોન્ટ્રાકટરના કામદારોની તબદીલી નવનીત પ્રેસ લીમીટેડમાં કરવામાં આવી હતી. વધુમાં આ બાબતે દસ્તાવેજી પુરાવાઓને ધ્યાન ઉપર લેવામાં આવે તો આંક-૩૯૮ના દસ્તાવેજો તે નવનીત પ્રેસ લીમીટેડ દ્વારા રજુ કરવામાં આવેલ છે અને જે દસ્તાવેજોને પાકા આંક-૪૨૩ થી ૪૨૫ આપવામાં આવેલ છે અને તે નોટરાઈઝડ ટુ કોપીના દસ્તાવેજો છે અને તેને ધ્યાન ઉપર લેતાં નવનીત પ્રેસ લીમીટેડ, સુરેખ બાઈન્ડીંગ વર્કસ અને ગુજરાત મજદુર પંચાયત વચ્ચે ત્રિપક્ષીય કરારની સર્ટીફાઈડ નકલ છે. તેવી જ રીતે આંક-૪૨૪ તે કોન્ટ્રાકટર ગીરીશભાઈ શાહ, તેવી જ રીતે આંક-૪૨૫ તે રંગ મલ્ટી કલરને લગતા ત્રિપક્ષીય કરારની નકલ છે અને તે દસ્તાવેજોને ધ્યાન ઉપર લેતાં આ જુદી જુદી સંસ્થાઓમાં કામદારોનો સમાવેશ નવનીત પ્રેસ લીમીટેડમાં કરવામાં આવેલ છે તે રેકર્ડ જોતાં સ્પષ્ટ રીતે ફલીત થાય છે. વધુમાં નવનીત પ્રેસ લીમીટેડ દ્વારા જે દસ્તાવેજો રજુ કરવામાં આવેલા છે તેમાં આંક-૨૮૦ થી કેટલાક દસ્તાવેજો રજુ થયેલા છે અને જેમાં આંક-૨૮૦/૪ તે નવનીત પ્રેસ લીમીટેડ દ્વારા તા. ૪-૮-૧૯૯૭ના રોજ આશરે ૩૩૧ જેટલા કામદારોને ચુકવેલ રકમનું પત્રક છે અને તેમાં કામદારની દાખલ તારીખ, નોકરીના વર્ષો, બેઝીક પગાર, ફીકસ ડી. એ. અને ડી. એ. તેમ દર્શાવેલ છે અને જેમાં ઉદાહરણ રૂપે ક્રમાંક-૧ નાં કર્મચારીનું નામ ધ્યાન ઉપર લેવામાં આવે તો ડુંગરશી ડેડીયા દર્શાવેલ છે અને જેની દાખલ તા. ૧-૪-૧૯૮૨ દર્શાવેલ છે. તેવી જ રીતે હસમુખભાઈ શાહની દાખલ તા. ૧-૨-૧૯૭૫, શ્રી ભાઈલાલભાઈ એમ. પટેલની દાખલ તા. ૧-૫-૧૯૮૩ તેમ તમામ ૩૩૧ કામદારોની દાખલ તારીખ દર્શાવવામાં આવેલ છે અને તેમાં મોટાભાગનાં તમામ કર્મચારીની દાખલ તા. ૫-૫-૧૯૯૩ પહેલાની દર્શાવવામાં આવેલ છે. વધુમાં આ બાબતે પ્રથમ પક્ષકાર સંસ્થા નવનીત પ્રેસ લીમીટેડના સાક્ષી નવીનભાઈ એન. શાહને આંક-૨૮૦ થી તપાસવામાં આવેલ છે અને જેઓ નવનીત પ્રેસ લીમીટેડમાં ડાયરેકટર તરીકે કામ કરતા હતા તેમ જણાવેલ છે અને જેમની ઉલટ તપાસ બીજા પક્ષકાર નં. ૧ તરફે શ્રી ચિદમ્બરમ દ્વારા કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે તેમની સંસ્થામાં ગુજરાત મઝદુર પંચાયત નામનું માન્યતા ધરાવતા યુનીયન હતું તથા તેની સાથે વાટાઘાટો તથા સમાધાન થતું હતું. વધુમાં સાક્ષીએ ઉલટ તપાસમાં જણાવેલ છે કે "એ વાત ખરી છે કે નવનીત પ્રેસ લીમીટેડમાં કામ કરતાં

INDEX

કામદારો અગાઉ અલગ અલગ સંસ્થામાં કામ કરતા હતા.'' આમ સંસ્થાના સાક્ષીની ઉલટ તપાસને ધ્યાન ઉપર લેતાં આ કામદારો ૧૯૯૩ પહેલાથી કામ કરતા હતા તથા નવનીત પ્રેસ લીમીટેડમાં તેઓની સળંગ નોકરી ગણી સમાવવામાં આવેલ છે તેવું પુરવાર થાય છે. વધુમાં સદરહુ સાક્ષીની ઉલટ તપાસ બીજા પક્ષકાર નં. ૨ ગુજરાત કામગાર પંચાયત તરફે કરવામાં આવેલ છે અને તેમાં પણ સાક્ષીએ જણાવેલ છે ''એ વાત ખરી છે કે નવનીત પ્રેસ લીમીટેડ તે સને ૧૯૯૩માં બનેલી. એ વાત ખરી છે કે સને ૧૯૯૩માં નવનીત પ્રેસ લીમીટેડ અસ્તિવમાં આવતાં ગુજરાત મઝદુર પંચાયત જોડે સમાધાન કરી કેટલાક કામદારોને નવનીત પ્રેસ લીમીટેડમાં સમાવવામાં આવેલ હતા'' આમ આ બાબત ધ્યાન ઉપર લેતાં પણ નવનીત પ્રેસ લીમીટેડ અસ્તિત્વમાં આવી ત્યારે અન્ય ભાગીદારી પેઢી અને કોંન્ટ્રાકટરના કામદારોને સળંગ નોકરીથી નવનીત પ્રેસ લીમીટેડમાં સમાવવામાં આવેલ. તે વાત સ્પષ્ટ રીતે પુરવાર થાય છે. વધુમાં હાથ ઉપરના કામમાં પડેલા પુરાવાઓને ધ્યાન ઉપર લેવામાં આવે તો આંક-૨૨૪ થી નવનીત પ્રેસ લીમીટેડ દ્વારા કેટલાક દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે અને જેમાં નવનીત પ્રેસ લીમીટેડનું મેમોરેન્ડમ ઓફ એસોસીયેશન, આર્ટીકલ ઓફ એસોસીયેશન, કંપની રજીસ્ટ્રાર તરફથી આપવામાં આવેલ પ્રમાણપત્ર રજુ થયેલ અને જેને પાકા આંક-૫૮૩ આપવામાં આવેલ છે અને તે દસ્તાવેજોને ધ્યાન ઉપર લેવામાં આવે તો કંપનીઝ એકટ ૧૯૫૬ની જોગવાઈ નીચે રજીસ્ટ્રાર ઓફ કંપનીઝ ગુજરાત, દાદરા એન્ડ નગર હવેલી દ્વારા સર્ટીફીકેટ ઓફ ઈનકોર્પોરેશન આપવામાં આવેલ છે અને જે રજીસ્ટ્રાર ઓફ કંપનીઝ તરફે શ્રી એસ. કે. રવી દ્વારા આપવામાં આવેલ છે અને જેમાં નવનીત પ્રેસ લીમીટેડ કંપની તરીકે તા. ૫-૫-૧૯૯૩ નાં રોજ નોંધાયેલ છે તેવું પ્રમાણપત્ર છે. તેવી જ રીતે શ્રી વાય. એમ. દેઓલીકર આસીસ્ટન્ટ રજીસ્ટ્રાર ઓફ કંપનીઝ દ્વારા કંપનીઝ એકટ ૧૯૫૬ની કલમ-૧૪૯(૩) મુજબ સર્ટીફીકેટ ફોર કોમેસમેન્ટ ઓફ બીઝનેસ તા. ૨-૭-૧૯૯૩નું આપવામાં આવેલું છે અને જેમાં સંસ્થાનો નં. ૧૯૩૯૭/૧૯૯૩-૯૪ દર્શાવવામાં આવેલ છે. એટલે પડેલા પુરાવાઓને ધ્યાન ઉપર લેતાં પ્રથમ પક્ષકાર નં. ૧ નવનીત પ્રેસ લીમીટેડની સ્થાપના ધી કંપનીઝ એકટ ૧૯૫૬ની જોગવાઈ હેઠળ તા. ૫-૫-૧૯૯૩ના રોજ થયેલ છે તે રેકર્ડ ઉપરથી સ્પષ્ટ રીતે ફલીત થાય છે. અત્રે એ બાબતની પણ નોંધ લેવી ઘટે કે નવનીત પ્રેસ લીમીટેડ તથા બીજા પક્ષાકાર નં. ૧ ગુજરાત મઝદુર પંચાયત દ્વારા ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈ નીચે કામદારોને પગાર વધારો અને નોકરીની શરતો બાબતે સમાધાન થયેલ હતું અને જે સમાધાન આંક-૪૨૬ થી રજુ થયેલ છે અને તા. ૩૦-૧૧-૧૯૯૩નું સમાધાન છે અને જે સમાધાન તા. ૩૦-૭-૧૯૯૭ સુધી અમલમાં હતું તેમ આંક-૪૨૫ નો દસ્તાવેજ જોતાં સ્પષ્ટ રીતે ફલીત થાય છે. હવે હાથ ઉપરના કામમાં પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થા દ્વારા તા. ૪-૮-૧૯૯૭નાં રોજની નોટીસ મુકવામાં આવેલ તે જોવી જરૂરી છે અને કેસનું રેકર્ડ જોતાં તે ઉપરોકત કામમાં વિવિધ જગ્યાએ જુદા જુદા લીસ્ટથી કે સોગંદનામાથી રજુ થયેલ છે તથા છેલ્લે નિશાની ૨૮૦ ના લીસ્ટથી રજુ થયેલ છે અને ૨૮૦/૫ કે જેને પાકા આંક-૫૯૩ આપવામાં આવેલ છે. તે નોટીસ હાથ ઉપરના કેસના ગુણદોષની ચર્ચા કરતાં ખુબ અગત્યની છે અને તેથી તે નોટીસ શું છે તે જોવું જરૂરી છે અને તે નીચે મુજબ છે.

INDEX

NAVNEET PRESS LIMITED

Near Ajod Dairy, Sukhramnagar, Gomtipur, Ahmedabad-380 021, Gujarat.

Date : 4-8-97.

NOTICE

By this notice, all the workmen and staff members of Navneet Press Ltd. Are hereby informed that, as a result of transfer of ownership of all the Equity shares in the company and also the management of the company, they have become eligible for payment of notice pay amount and compensation as specified in the Section 25 FF read with section 25 F of Industrial Dispute Act.

Orders intimating the aforesaid facts of transfer/Change of ownership of all the equity shares and the management of the company together with the details of legal dues to which the workmen and staff members are entitled as a result thereof, alongwith the cheque by way of payment, are being sent by registered A.D. Post to all the workmen and staff members individually at their residential addresses.

It is clarified that as a consequences of aforesaid change and transfer and in view of provisions contained in section 25 FF of Industrial Dispute Act, the services of all the workmen and staff members stand terminated. However the new owners of equity shares and the new management of company have intimated that they would be requiring some experienced and/or qualified persons for its business of printing and so any workman/staff member interested for being appointed with new owners/management may apply for the same by 20th August 1997 to "The Director, Navneet Press Limited, Nr. Ajod Dairy, Gomtipur, Ahmedabad-380 021.

The selection of persons and the service conditions for employment by the new owners and management will be at their absolute discretion and they will not be obliged to give employment merely for the reason that application for employment has been made.

- By the order of the Board of Directors

આમ સદરહુ નોટીસને ધ્યાન ઉપર લેતા તેમાં નવનીત પ્રેસ લીમીટેડ તરફે બોર્ડ ઓફ ડાયરેકટર્સના હુકમથી દર્શાવી જે નોટીસ મુકવામાં આવેલ છે તેમાં સંસ્થાના સર્વે કામદારો તથા સ્ટાફ મેમ્બરોને ઉદ્દેશીને મુકવામાં આવેલ નોટીસ છે અને જેમાં કંપનીનાં તમામ "ઈકવીટી શેર"

INDEX

ની માલિકી તથા કંપનીનું મેનેજમેન્ટ તબદીલ થયેલ છે અને તેથી સ્ટાફ/કામદાર સભ્યો ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ એફ-એફ તે કલમ-૨૫ એફ સાથે વાંચતા વળતર તેમજ નોટીસ પગારને પાત્ર થાય છે તેમ જણાવી કામદારોને ''ઈકવીટી શેર'' ની માલિકી તથા વહીવટની તબદીલી અને તેના પરિણામે કામદાર/સ્ટાફ સભ્યોની કાયદેસરની લેણી વિગતોની ગણતરી દરેક કામદારની વ્યક્તિગત રીતે રજીસ્ટર એ. ડી. થી તેમના રહેણાંકના સરનામે મોકલવામાં આવેલ છે તેમ જણાવેલ છે અને વધુમાં આ તબદીલીને કામે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ એફ-એફ મુજબ તમામ કામદાર/સ્ટાફના સભ્યોની નોકરીનો અંત આવે છે તેમ જણાવેલ છે. વધુમાં ''ઈકવીટી શેર''ના નવા માલિકો અને મેનેજમેન્ટના જણાવ્યા મુજબ તેમની અમુક સંખ્યામાં પ્રીન્ટીંગનાં ધંધા માટે અનુભવી અને લાયક માણસની જરૂર રહેવાની હોઈ નવી નિમણુંક માટે રસ ધરાવનારે તા. ૨૦-૮-૧૯૯૭ સુધીમાં ડાયરેકટર નવનીત પ્રેસ લીમીટેડને કરવી તેમ જણાવેલ છે. વધુમાં નવા માણસોની પસંદગી તથા નોકરીની શરતો નક્કી કરવાનું અબાધિત અધિકારી નવા માલિક અને મેનેજમેન્ટને રહેશે તેમ જણાવી ફક્ત અરજી કરવા માત્ર ભરતી કરવા નવું મેનેજમેન્ટ બંધાયેલ નથી તેમ જણાવેલ છે એ તે સજોગોમાં નવનીત પ્રેસ લીમીટેડ કંપનીનાં ''ઈકવીટી શેર''ની તબદીલીનું કૃત્ય તે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ એફ-એફની જોગવાઈઓને ધ્યાન ઉપર લેતાં ટ્રાન્સફર ઓફ ઓનરશીપ ઓર મેનેજમેન્ટ બને છે કે કેમ ? તે જોવું અગત્યનું થઈ પડે છે.

અત્રે એ બાબતની પણ નોંધ લેવી ઘટે કે અગાઉ જણાવી ગયા તે મુજબ કલમ-૨૫ એફ-એફની જોગવાઈઓ ધ્યાન ઉપર લેવામાં આવે તો તે જોગવાઈમાં કલમ-૨૫ એફ-એફને બે ભાગમાં વહેંચી શકાય અને જેમાં કામદારને વળતર આપીને ટ્રાન્સફર ઓફ અંડરટેકીંગ તે ટ્રાન્સફર ઓફ ઓનરશીપ ઓર મેનેજમેન્ટ તે રીતે કરી શકાય તથા કામદારોને વળતર ચુકવાયા સિવાય ટ્રાન્સફર ઓફ ઓનરશીપ એન્ડ મેનેજમેન્ટ તે થઈ શકે તેમજ કાયદાની જોગવાઈને ધ્યાન ઉપર લેતાં ફલીત થાય છે અને તા. ૪-૮-૧૯૯૭ની નોટીસને ધ્યાન ઉપર લેતાં પ્રથમ પક્ષકાર સંસ્થાની રજુઆત જોતાં તેઓએ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ એફ-એફ માં પ્રથમ ભાગ મુજબ નોટીસ મુકેલ છે એટલે કે તેઓએ સંસ્થાની માલિકી અને વહીવટ નામફેર કરતાં સંસ્થામાં નામ ફેરની તરત પહેલા તે સંસ્થામાં ઓછામાં ઓછા એક વર્ષની અખંડ નોકરીમાં હોય તેવા કામદારને વળતર અને નોટીસ માટેનો વિકલ્પ પસંદ કરેલ છે અને જે હાથ ઉપરના કિસ્સામાં આંક-૨૯૨ નુ નવનીત પ્રેસ લીમીટેડનું કામદારોને વળતર ચુકવાયાનું પત્રક જોતાં સ્પષ્ટ રીતે ફલીત થાય છે અને જેથી પ્રથમ પક્ષકાર સંસ્થાનું કલમ-૨૫ એફ-એફના પ્રથમ ભાગનું કૃત્ય તે કાયદેસર અને વ્યાજબી છે કે કેમ ? તે જોવાનું રહે છે. વધુમાં ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ એફ-એફને ધ્યાન ઉપર લેવામાં આવે તો તેમાં કબુલાતથી અથવા કાયદાના અમલથી કોઈ સંસ્થાની માલિકી અથવા વહીવટ તેના માલિક પાસેથી કોઈ નવા માલિકને નામફેર કરી આપવામાં આવે તેમ દર્શાવેલ છે તથા નામફેર તે કબુલાત અથવા કાયદાના અમલથી થઈ શકશે તેમ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ એફ-એફ માં દર્શાવેલ છે. હવે હાથ ઉપરના કિસ્સામાં પક્ષકારો દ્વારા કેસમાં વિવિધ

INDEX

ઠેકાણે મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડીંગ તે રજુ કરવામાં આવેલ છે અને જે નિશાની ૨૮૦/૩ થી રજુ થયેલ છે અને જેને પાકા આંક-૫૯૧ આપવામાં આવેલ છે. વધુમાં પ્રથમ પક્ષકાર દ્વારા આ તબદીલી તે આંક-૫૯૧ના મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડીંગથી થયેલ છે તેમ રજુઆત કરેલ છે અને તેથી આંક-૫૯૧ તે જોવું જરૂરી છે અને જે નીચે મુજબ છે. અત્રે એ બાબતની પણ નોંધ લેવી ઘટે કે સદરહુ દસ્તાવેજ તે લાંબો છે અને તેનો અત્રે ઉતારો કરવાથી ચુકાદો લાંબો થાય તેમ છે, પરંતુ હાથ ઉપર કેસની હકીકત ખુબ જ તાંત્રિક (ટેકનીકલ) હોઈ તથા ઉપરોકત વિવાદ સને ૧૯૯૭ થી ચાલતો હોઈ તેમજ પક્ષકારો દ્વારા નામદાર હાઈકોર્ટ સમક્ષ પણ આ જ બાબતે ૮ થી ૯ જેટલી રીટ પીટીશનો કરેલ હોઈ તથા તે પૈકી એકાદ કેસ ચાલુ હોઈ તથા આશરે ૩૩૧ જેટલા કામદારો ઉપરોકત કેસમાં સંકળાયેલ હોઈ ચુકાદાની પારદર્શકતા સારૂ આ મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડીંગ અત્રે રજુ કરવું જરૂરી છે વધુમાં સદરહુ મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડીંગ તે ₹ ૧૦૦/- નાં નોન--જ્યુડીશીયલ સ્ટેમ્પ ઉપર કરવામાં આવેલ છે જે નીચે મુજબ છે :

MEMORANDUM OF UNDERSTANDING

THIS Memorandum of Understanding arrived at on 17th July 1997 between the following:

1. Shri Amarchand R. Gala
2. Shri Dungarshi R. Gala
3. Shri Harakhchand R. Gala
4. Shri Shantilal R. Gala
5. Shri Navin N. Shah

6 . Shri Jitendra L. Gala AND 28 others

amongst them holding whole of the issued and paid up equity share capital i.e. all the 20 lacs equity shares of Rs. 10/- each amounting to Rs. 200 lacs as per the annexure-I attached, of Navneet Press Ltd. a Company registered under the Companies Act, 1956 at Ahmedabad and situated at Sarawasti Bhavan, Gomtipur, Ahmedabad, having a printing press and doing the printing work of the Educational books & other printing jobs on the job work basis (herein after referred to as the party of the First Part) AND

1. Shri Gunvantrai B. Dave
2. Shri Amrish G. Dave
3. Shri Bipin Tanna group represented by his two companies AND others as per the annexure-2 attached

INDEX

desiring to purchase the aforesaid 20 lacs equity shares of Rs. 10/- each of Navneet Press Ltd. (herein after referred to as the party of the Second Part).

AND WHEREAS the parties to the first part are shareholders of the Navneet Press Ltd. And are holding total 20 lacs equity shares of Rs. 10/- each amounting to Rs. 200 lacs amongst them and belonging mainly to the Six families Viz. (1) Shri A. R. Gala and their relatives (2) Shri D. R. Gala and their relatives (3) Shri H. R. Gala and their relatives (4) Shri S. R. Gala and their relatives (5) Shri J. L. Gala and their relatives and (6) Shri N. N. Shah and their relatives.

AND WHEREAS parties of the first part are represented by six Family members as per names written herein above in this agreement.

AND WHEREAS the parties of the second part are represented by three members as per names written herein above in this agreement.

AND WHEREAS the company was incorporated on 5th May, 1993.

AND WHEREAS after the incorporation the financial results of the company have not been satisfactory and future prospects being not bright AND WHEREAS the parties to the first part after deliberations, thought it prudent and advisable to dispose off ownership of all the equity shares held by them and to transfer the management of the business of the company.

AND WHEREAS the parties to the second part have shown desire to purchase all the equity shares in the company and to take over the ownership as well as management of the business as majority of them are already in the business of printing and are having printing presses AND WHEREAS after protected negotiations between the parties, the parties hereto have decided as under and agreed to act accordingly :

1. The parties of the Second Part have agreed to purchase 20,00,000 equity shares of Rs. 10/- each fully paid in Navneet Press Ltd. from the parties of the first part at a price of Rs. 10/- each and taken over the management of the company.

2. As the ownership and the management of Navneet Press Ltd. Is transferred from the parties of the first part to the parties to the second part, it will be the responsibility of the parties to the first part to pay off all the dues as per Section 25 FF of the Industrial Disputes Act including notice pay and all other compensation specified thereunder and all the workmen of Navneet Press Ltd. shall stand discharges from the employment and that the parties of the second part shall not be under any obligation to employ any of the workman so discharged. Further the party of the second part will not

INDEX

be responsible for any pending litigation of workmen or employees.

3. The Board of directors of Navneet Press Ltd. Shall pass a Resolution on 3rd August, 1997 stating that the ownership of the entire equity share capital and the management of Navneet Press Ltd. is transferred to the Parties of Second Part effective 3rd August 1997.

4. All the Directors of Navneet Press Ltd. Shall thereafter resign as Directors effective 3rd August, 1997 and shall intimate the Registrar of Companies accordingly.

5. Simultaneously on 3rd August, 1997, the new Directors from amongst the Parties of the Second Part shall be appointed who will take over the management of Navneet Press Ltd. Effective the same day.

6. That the machinaries, plant and equipments are installed at Saraswati Bhavan, Laxmi Building and Ankur Bhavan, Gomtipur from which the business of printing is run and said premises are on monthly rental basis from the parties specified herein below. Henceforth the liability to pay rent shall be of the parties of the second part.

Ankur Offset	Rs. 9,500/- per month
Navneet Prakashan	Rs. 31,500/- per month
Gala Publishers	Rs.18,000/- per month
Sandeep Agencies	Rs.18,500/- per month

The amount of monthly rent mentioned herein above shall be valid for period of twelve months and shall be revised as per mutual consent of parties mentioned herein above with parties of the second part.

That the parties of the second part further agree that the rental premises are for the usage of Navneet Press Ltd.'s activities only and these premises shall not be sublet to any other party without the consent of four owners of the premises.

7. That the parties of the second part shall pay Electricity bills for the period starting from 3rd August 1997.

8. That the Navneet Press Ltd. Had obtained a loan of Rs. 2,40,00,000 from GSFC out of which Rs. 42,35,000 has been repaid and outstanding of Rs. 1,97,64,640 still remain to be paid. It will be the responsibility of the party of second part to pay the aforesaid outstanding amount of the loan as on date and in case the parties of second part fail to discharge the said liability and in turn parties of first part are required, for any reason whatsoever, to

INDEX

(Shri Harakhchand R. Gala)
In presence of
Sd/-

(Shri Bipin M. Tanna)
In presence of
Sd/-

(Shantilal R. Gala)
In presence of
Sd/-

(Shri Navin N. Shah)
In presence of
Sd/-

(Shri Jitendra L. Gala)
In presence of
Sd/-

ANNEXURE - I

	Name	Number of Shares held
1.	Amarchand R. Gala	10
2.	Amarchand R. Gala HUF	1250
3.	Bipin A. Gala	2100
4.	Bipin A. Gala HUF	82675
5.	Devkaben A. Gala	301575
6.	Ranjanben B. Gala	3825
7.	Ketan B. Gala	28565
8.	Dungarshi R. Gala HUF	1250
9.	Kasturben D. Gala	152315
10.	Anil D. Gala	103825
11.	Anil D. Gala HUF	100000
12.	Bhairviben A. Gala	1300
13.	Gnanesh D. Gala	101310
14.	Gnanesh D. Gala HUF	100000
15.	Harakhchand R. Gala	276650
16.	Harakhchand R. Gala HUF	1250
17.	Madhuriben H. Gala	2100
18.	Raju H. Gala	1300

INDEX

discharge the said liability then the parties of the first part shall be entitled for the recovery of the said amount paid by the parties of the first part along with interest from the parties of the second part and thus the parties of the first part shall stand indemnified to that extent.

9. The parties of the first part agree to indemnify the parties of the second part for all unforeseen/undisclosed liabilities arising at future date relating to the period before 3rd August 1997 i.e. on the day of handing over the management and ownership.

10. The parties of the Second part agree to indemnify the parties of the first part to discharge all secured and unsecured liabilities standing in the name of company as on 2nd August 1997.

11. The party to second part may continue business in the name and style of "Navneet Press Ltd." for which the parties of the first part has no objection except usage of "NAVNEET" logo and shall not make any claim in respect their of.

12. That the parties of the first part agree to sign all necessary papers/documents required after 3rd August 1997 for further smooth running of business whenever required.

13. In the event of the parties of the first part failing to comply the terms of this agreement the parties of the second part shall have a right to get its terms executed by specific performance suit.

14. Only the Ahmedabad courts will have the jurisdiction for the purpose of enforcing the terms of this agreement.

Ahmedabad, 17th July, 1997.

Parties of the First part	Parties of the Second part
Sd/-	Sd/-
(Shri Amarchand R. Gala) In presence of	(Shri Gunvantrai B. Dave) In presence of
Sd/-	Sd/-
(Shri Dungarshi R. Gala) In presence of	(Shri Amrish G. Dave) In presence of
Sd/-	Sd/-

I–L–613

INDEX

Name		Number of Shares held
19.	Raju H. Gala HUF	138700
20.	Shantilal R. Gala	10
21.	Shantilal R. Gala HUF	160175
22.	Vimlaben S. Gala	103075
23.	Sandeep S. Gala	56740
24.	Jitendra L. Gala	1060
25.	Manjulaben J. Gala	10850
26.	Shailendra J. Gala	81575
27.	Sanjeev J. Gala	86515
28.	Navin N. Shah	10
29.	Amrutlal N. Shah	34500
30.	Karnika K. Lalan	9780
31.	Vimalaben Visanji	34500
32.	Lilavati A. Shah	34500
33.	Dungarshi R. Dudhia	10
34.	Nanbai Nanji Shah	16000
	Total	2000000

ANNEXURE - 2.

Name		Number of Shares to be held
1.	Gunvantrai B. Dave	200000
2.	Ansuyaben G. Dave	100000
3.	Amrish G. Dave	80000
4.	Pranav G. Dave	23990
5.	Raja Enterprise by Prop. Bipin Tanna HUF	373685
6.	Veekay Graphics by Prop. Adelphi Printers Pvt.Ltd.	332690
7.	Anil Laxmichand Shah	300000
8.	Bhanumatiben Mulchand Rambhia	250000
9.	Kamalshankar Bhogilal Mistri	89635
10.	Madhuben Premji Savala	250000
	Total	2000000

INDEX

હવે ઉપરોકત મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડીંગ તથા ઔદ્યોગિક ધારાની કલમ-૨૫ એફ-એફ ને ધ્યાન ઉપર લેતાં સદરહું મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડીંગ તે કાયદાની પરિભાષામાં કાયદેસરની કબુલાત કહી શકાય કે કેમ ? તે જોવુ જરૂરી છે. સામાન્ય અર્થ કાઢવા જઈએ તો મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડીંગ એટલે એક સમજણની નોંધ કે સમજણની યાદી તેવો તેનો અર્થ નીકળી શકે છે અને આવું મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડીંગ તે તેનાથી સંસ્થાની માલિકી તથા વહીવટની તબદીલી થઇ શકે કે કેમ ? તે જોવું જરૂરી છે. આ બાબતે ઔદ્યોગિક ન્યાયપંચ એ બાબતથી વાકેફ છે કે, આ પ્રકારનાં મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડીંગની કાયદેસરતા નકકી કરવાનું ઔદ્યોગિક ન્યાયપંચની સત્તા અને હકુમતમાં આવતું નથી કે, આ મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડીંગ તે પક્ષકારોને બંધનકર્તા છે કે કેમ ? તે બાબતનો નિર્ણય કરવાનું ફોરમ ઔદ્યોગિક ન્યાયપંચ નથી, પરંતુ પ્રથમ પક્ષકાર સંસ્થાએ આ મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડીંગથી સંસ્થાની માલિકી અને વહીવટ તબદીલ કર્યાનું જણાવેલ છે. તે સંજોગોમાં કલમ-૨૫ એફ-એફ ના પરિપેક્ષ્યમાં આ બાબત જોવી જરૂરી છે. આ બાબતે કોન્ટ્રાકટ એકટ ૧૯૭૨ની કલમ-૧૦ ને ધ્યાન ઉપર લેવામાં આવે તો તેમાં કાયદેસરની બંધનકર્તા કબુલાત બાબતે જણાવેલ છે. કોન્ટ્રાકટ એકટની કલમ-૧૧ મુજબ કરાર કરવા માટે પક્ષકારો સંમત હોય તથા કાયદેસરનું અવેજ આપવામાં આવેલ હોય અને કાયદેસરના ઉદ્દેશ માટે તથા કાયદેસરનાં સંબંધો ઉભા કરવાનો ઈરાદો હોય તેને કબુલાત કહેવામાં આવે છે. એટલે કે ઔદ્યોગિક ન્યાયપંચના મત મુજબ મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડીંગ તે "Letter of comfort" કહી શકાય. વધુમાં કોન્ટ્રાકટ એકટ ૧૯૭૨ની કલમ ૨ (એ)માં ઓફરની વ્યાખ્યા આપવામાં આવેલ છે. એટલે એક પક્ષકાર તેની ઈચ્છા પ્રર્દશિત કરે. કલમ-૨ (બી)માં એક્ષેપ્ટેશન કે જેને રજુઆત કરવામાં આવેલ છે તે સ્વીકૃતી આપે તથા કલમ-૨(ડી)માં કન્સીડરેશન બાબતે જણાવેલ છે. એટલે તે બાબતે અવેજ હોય તો કલમ-૨(ઈ) મુજબ તે એગ્રીમેન્ટ બને છે. એટલે કે Offer + Acceptence = agreement. વધુમાં કાયદાની કલમ-૨ (એચ)માં કોન્ટ્રાકટની વ્યાખ્યા આપવામાં આવેલ છે. એટલે કે કોન્ટ્રાકટ એકટ મુજબ કાયદા દ્વારા અમલ કરાવી શકાય તેને કોન્ટ્રાકટ કહેવામાં આવે છે. વધુમાં સામાન્ય સંજોગોમાં કોઇ રાજ્યોના વડા કે કંપનીઓ જુદા જુદા ક્ષેત્રો અંગે રાજ્યોના વડા કે સંસ્થાના વડા તે સૈધ્ધાંતિક રીતે એકબીજાને સહકાર આપવાની કબુલાત કરે અને સમજુતી ઉભી કરે અને જેને મેમોરેન્ડમ ઓફ અંડર સ્ટેન્ડીંગ ની રીતે નોંધે અને ત્યારબાદ જે તે વિભાગ તે બાબતે ચર્ચા વિચારણા કરે તેને મેમોરેન્ડમ ઓફ અંડર સ્ટેન્ડીંગ કહેવામાં આવે છે. જ્યારે પક્ષકારો ચર્ચા કરે અને કોઇ આઉટ લાઇન સૈધ્ધાંતિક રીતે નકકી કરે અને તેઓને એકબીજાને સહકાર આપી કરાર કરવા અંગે વધુ ચર્ચા કરે તેને મેમોરેન્ડમ ઓફ અંડર સ્ટેન્ડીંગ કહેવામાં આવે છે. એટલે કે મેમોરેન્ડમ ઓફ અંડર સ્ટેન્ડીંગથી કોઇપણ પક્ષકારોના કોઇપણ જાતના હકક અને અધિકાર ઉત્પન્ન થતા નથી, પરંતુ હક્ક અને અધિકાર ઉત્પન્ન કરવા માટે કરવામાં આવતા કરારની અગાઉ પક્ષકારની એક સમજુતી છે, કે જેને મેમોરેન્ડમ ઓફ અંડર સ્ટેન્ડીંગ કહેવામાં આવે છે. વધુમાં મેમોરેન્ડમ ઓફ અંડર સ્ટેન્ડીંગ તે અમલ ન કરાવી શકાય તેવી સરળ અને ચોખ્ખી સમજુતી છે અને જેન "gentleman's agreement" કહી શકાય તેમ ઔદ્યોગિક ન્યાયપંચનું

INDEX

નમ્ર મંતવ્ય છે તથા આ મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડીંગ તે કોન્ટ્રાકટ નથી. વધુમાં અંડરસ્ટેન્ડીંગ એટલ "Something guite different from a binding legal contract at utmost the word connotes a gentleman's agreement" તેમ તેનો અર્થ થઇ શકે છે. વધુમાં કાયદેસરનો કરાર તે જે તે કાયદામાં દર્શાવેલ જોગવાઇ મુજબનો હોવો જોઇએ તથા કાયદામાં દર્શાવ્યા મુજબ જો તે લેખિતમાં જરૂરી હોય તો તે લેખિતમાં તથા નોંધાયેલો હોવો જોઇએ અને કાયદાની જરૂરીયાત મુજબ તેનું એટેસ્ટેશન તથા રજીસ્ટ્રેસન થવું જોઇએ તેને કોન્ટ્રાકટ કહેવામાં આવે છે. ટુંકમાં offer + acceptance = promise + consideration = agreement + enforceability By Law = contract આમ કોંન્ટ્રાકટ એકટની જોગવાઇઓને ધ્યાન ઉપર લેતાં દરેક કરાર તે કબુલાત છે, પરંતુ તમામ કબુલાત તે કરાર નથી. વધુમાં અગાઉ જણાવી ગયા તે મુજબ કોન્ટ્રાકટની વ્યાખ્યા કલમ-૨ (એચ)માં તથા એગ્રીમેન્ટની વ્યાખ્યા કલમ-૨(ઇ)માં આપવામાં આવેલ છે અને જે બાબતે તેનો તફાવત જોવામાં આવે તો કોન્ટ્રાકટનો અમલ કાયદાથી કરાવાનું શક્ય છે જ્યારે તમામ એગ્રીમેન્ટનો અમલ કાયદાથી કરાવી શકાતો નથી. વધુમાં કોન્ટ્રાકટમાં કબુલાતનો સમાવેશ થાય છે જ્યારે કબુલાતમાં કરારનો સમાવેશ થતો નથી. તેવી જ રીતે કોન્ટ્રાકટ તે વાણિજ્ય અંગેની કબુલાત છે જ્યારે એગ્રીમેન્ટ જે સામાજિક અને વાણિજ્ય બાબતે કબુલાત છે. વધુમાં કોન્ટ્રાકટ તે કાયદેસરની કબુલાતને કહેવાય છે જ્યારે એગ્રીમેન્ટ તે કાયદેસર કે ગેરકાયદેસરની હોઇ શકે છે તેમજ તે કોન્ટ્રાકટને કાયદાની બાંહેધરી છે જ્યારે તમામ કબુલાતને કાયદાની બાંહેધરી નથી. આમ ઉપરોક્ત બાબતને ધ્યાન ઉપર લેતાં મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડીંગ તે કોન્ટ્રાકટ એકટ ૧૮૭૨ની જોગવાઇ અનુસાર કાયદેસરનો કરાર કરાર કહી શકાય નહી. વધુમાં કાયદાનુસારની કાયદેસરની તમામ પ્રક્રિયા પૂર્ણ કરેલ કબુલાતને "વેલીડ કોન્ટ્રાકટ" કહેવામાં આવે છે. વધુમાં જે કોન્ટ્રાકટમાં તાંત્રિક ભુલ હોય જેમ કે તેનું રજીસ્ટ્રેશન કરાવેલ ન હોય, એટેસ્ટેશન કરાવેલ ન હોય કે નિયત કરેલ ફી કે સ્ટેમ્પ લગાવવા પડતા હોય અને લગાવવામાં આવેલ ન હોય તો તેને "અનએન્ફોર્સેબલ કોન્ટ્રાકટ" કહેવામાં આવે છે. વધુમાં કોન્ટ્રાકટ એકટ ૧૮૭૨ ની કલમ-૨૦ માં વોઇડ એગ્રીમેન્ટ બાબતે દર્શાવવામાં આવેલ છે અને આમ ઉપરોક્ત જોગવાઇને ધ્યાન ઉપર લેતાં મેમોરેન્ડમ ઓફ અંડર સ્ટેન્ડીંગ તે કાયદા હેઠળનો કરાર નથી તેમ ઔદ્યોગિક ન્યાયપંચનું નમ્ર મંતવ્ય છે. વધુમાં હાથ ઉપરનાં કિસ્સામાં મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડીંગ રજુ કરવામાં આવેલ છે તેને ધ્યાન ઉપર લેતાં તેમાં એકતરફવાળા ૬ વ્યક્તિ દર્શાવેલ છે તથા બીજીતરફવાળા ૩ વ્યક્તિ દર્શાવેલ છે તેમજ તે મેમોરેન્ડમ ઓફ અંડર સ્ટેન્ડીંગનું લખાણ ધ્યાન ઉપર લેતાં તથા તેની સાથે બીડેલ એનેક્ષર-૧ અને ૨ ને ધ્યાન ઉપર લેતાં નવનીત પ્રેસ લીમીટેડના કુલ ૩૪ જેટલા શેરધારકો છે. તેમાં પરિશિષ્ટ-એ માં અમરચંદ આર. ગાલા સહિત અન્ય ૩૩ વ્યક્તિના નામની સામે તેના શેરની સંખ્યા દર્શાવેલ છે. એટલે કે નવનીત પ્રેસ લીમીટેડમાં કુલ ૩૪ શેરધારકો છે, જ્યારે મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડીંગની અંદર હસ્તાંતર કરતાં તરીકે ફક્ત ૬ જ વ્યક્તિના નામ દર્શાવવામાં આવેલ છે. તેવી જ રીતે હસ્તાંતર ગ્રહિતા તે પરિશિષ્ટ-૨માં ગુણવંતભાઇ દવે વત્તા ૯ એમ કુલ ૧૦ વ્યક્તિઓ દર્શાવેલ છે.જ્યારે

INDEX

મેમોરેન્ડમ ઓફ અંડર સ્ટેન્ડીંગની અંદર બીજી તરફવાળા તરીકે ફક્ત ૩ વ્યક્તિ દર્શાવેલ છે અને તેઓની સહી કરેલ છે અને આ સંજોગોમાં આ હસ્તાંતર, તબદીલી, સ્થળાંતર, બદલી, સ્વત્વાપર્ણ તે કાયદેસરનું છે કે કેમ ? તે જોવું જરૂરી છે અને તેથી આ બાબતે પ્રથમ પક્ષકાર સંસ્થા નં. ૧ ને કંપનીઝ એકટ નીચે રજીસ્ટર થયેલ હોઈ કંપનીઝ એકમાં તે બાબતે શું જોગવાઈ છે તે જોવું જરૂરી છે અને તે બાબતને જોવાથી જ પ્રથમ પક્ષકાર સંસ્થાનું ઈકવીટી શેર મુડી ટ્રાન્સફર કરવાનું કૃત્ય ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ એફ-એફ મુજબ માલિકી અથવા વહીવટની તબદીલી કહી શકાય કે કેમ ? તેનો નિર્ણય થાય તેમ છે અને તેથી ઔદ્યોગિક ન્યાયપંચે આ કાયદા નીચેની જોગવાઈ પણ જોવી જરૂરી જણાય છે.

૨૨. હવે હાથ ઉપરનાં કામમાં કંપનીઝ એકટની જોગવાઈઓ જોવી જરૂરી છે અને તે જોતાં પહેલા શેર કેપીટલ તથા શેર એટલે શું ? તે જોવામાં આવે તો શેર એટલે હિસ્સો, ભાગ કે કંપનીનો શેર તેવો તેનો અર્થ થાય છે તથા કંપની ધારો ૧૮૫૬ની કલમ-૨ (૪૬)ની વ્યાખ્યા મુજબ શેર એટલે કે કંપનીની મુડીમાં હિસ્સો તથા શેર અને સ્ટોક વચ્ચે સ્પષ્ટ કે ગર્ભિત તફાવત ન પાડવામાં આવ્યો હોય તો તેમાં સ્ટોકનો સમાવેશ થાય છે.વધુમાં શેર કેપીટલ એટલે કંપની પાસે જે રકમ એકઠી થાય તેને શેરકેપીટલ કહેવામાં આવે છે. આ બાબતે કંપની એકટની કલમ-૩ (૧)(iii)માં પ્રાઈવેટ કંપનીની વ્યાખ્યા આપવામાં આવેલ છે. વધુમાં કંપની એકટની જોગવાઈ મુજબ કંપની તે કાયદાથી ઉદ્‌ભવેલ ''લીગલ એન્ટીટી'' છે તથા તે એક કૃત્રિમ વ્યક્તિ છે. વધુમાં કંપની તે કાનુની વ્યક્તિત્વ ધરાવતું હોય તે દાવો કરી શકે છે અને તેના નામે દાવો થઈ શકે છે તથા કંપનીના વ્યક્તિગત સભ્યો મૃત્યુ સાથે કંપનીનો અંત આવતો નથી અને કંપની તે એક સાસ્વત અસ્તિત્વ ધરાવે છે અને તે કુદરતી વ્યક્તિઓની જેમ નહી પરંતુ કોર્પોરેશન તેના એજન્ટો મારફતે કામ કરે છે. વધુમાં કાયદો તે કોર્પોરેટ બોડીને સમેટી લેવાની પ્રક્રિયા પુરી પાડે છે. વધુમાં કોઈ એક ચોકકસ વ્યક્તિઓનો સમુહ તે તેના હેતુઓ માટે ભેગો થાય અને તેમાં લીમીટેડ કંપની તે એક શ્રેષ્ઠ ઉદાહરણ છે અને તેઓ તેમની મર્યાદિત જવાબદારી સાથે ભેગા થાય છે. વધુમાં કંપનીના શેરહોલ્ડરની જવાબદારી તેમના શેર હોલ્ડીંગ સુધી મર્યાદિત હોય છે તથા કંપનીની માલિકી તે શેર ધારકોની ન હોય, પરંતુ કંપનીની પોતાની માલિકી તેની અસ્કયામતો અને તેની જવાબદારી છે જે તેના સભ્યોથી અલગ હોય છે. વધુમાં શેર ધારકોને કંપનીના નફામાંથી ડીવીડન્ડ પ્રાપ્ત કરવાનો અધિકાર હોય છે, પરંતુ કંપની તે શેર ધારકોની મિલ્કત હોતી નથી. વધુમાં ઈન્કોર્પોરેશનના લાભો જોવામાં આવે તો તે એક સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે અને તે તેના સભ્યોથી અલગ કાનુની વ્યક્તિત્વ ધરાવે છે. વધુમાં કંપનીના કોર્પોરેટ વ્યક્તિત્વનાં સિધ્ધાંતોને સલોમન વિરૂધ્ધ સલોમનના કેસે માન્યતા આપેલ છે. વધુમાં આ બાબતે મેસર્સ ઈલેકટ્રોનીક કોર્પોરેશન લીમીટેડ વિરૂધ્ધ સેક્રેટરી રેવન્યુ ડિપાર્ટમેન્ટ, ગવર્નમેન્ટ ઓફ આંધ્રપ્રદેશ કે જે ચુકાદો એ.આઈ. આર. ૧૯૯૯ સુપ્રિમ કોર્ટ પાના નં. ૧૩૩૪ ઉપર પ્રસિધ્ધ થયેલ છે અને તેમાં ઠરાવેલ છે કે શેર હોલ્ડર તે એક જ હોઈ એટલે સેન્ટ્રલ ગવર્નમેન્ટ કે સ્ટેટ ગવર્નમેન્ટ એક માત્ર શેરહોલ્ડર હોવા છતાં કંપનીઝ એકટ હેઠળ

INDEX

નોંધાયેલી કંપની તે લીગલ એન્ટીટી છે. વધુમાં કંપનીનો મુખ્ય લાભ તે તેની મર્યાદિત જવાબદારી છે અને જે રોકાણકારો માટે એક ખાસ આર્કષણ પુરુ પાડે છે. વધુમાં તેના ફાયદામાં તેને સાસ્વત ઉત્તરાધિકાર મળે છે તથા વ્યક્તિગત સભ્યોના મૃત્યુ અથવા નાદારી તે કોઈપણ રીતે કોર્પોરેટ અસ્તિત્વને અસર કરતું નથી અને કંપનીનું અસ્તિત્વ ચાલુ રહે છે. વધુમાં કંપનીમાં સભ્યો આવે અને જઈ શકે છે, પરંતુ કંપની તે ચાલુ રહે છે. વધુમાં કંપનીઝ એકટ ૧૯૫૬ની કલમ-૮૨માં શેરની તબદીલી બાબતે જણાવેલ છે અને જેમાં શેરધારકો તેઓની મુડી તે ખુલ્લા બજારમાં વેચીને શેરનો નિકાલ કરીને તેઓએ રોકેલી રકમ પાછી મેળવી શકે છે અને જે એક જંગમ મિલ્કત છે અને આ ટ્રાન્સફરીબીલીટીના બે મુખ્ય લાભો એ છે કે, તે રોકાણકારો માટે તરલતા પુરી પાડે છે અને તે જ સમયે કંપનીની સ્થિરતાની ખાત્રી કરે છે. વધુમાં કંપનીના શેરની ટ્રાન્સફરી કોઈપણ રીતે તેના અસ્તિત્વ તથા સંસ્થાને અસર કરતું નથી અને વધુમાં કોર્પોરેટ કંપનીની પોતાની મિલ્કત છે અને જે તેના સભ્યોથી અલગ છે અને તે કંપનીમાં નિહિત થયેલ છે. વધુમાં શેર ધારકો તે કંપનીની મિલ્કતના સંયુક્ત માલિક નથી. વધુમાં આ બાબતે બાચા એફ. ગુઝધાર વિરૂધ્ધ સી.આઇ.ટી. બોમ્બે કે જે ચુકાદો ૧૯૫૫ ૧- એસ.સી.આર. પાના નં. ૮૭૬ ઉપર તથા ૧૯૫૫ એ.આઇ.આર. પાના નં. ૫૪૦ ઉપર પ્રસિધ્ધ થયેલ છે અને તેમાં કોર્પોરેશન તે એક પ્રત્યક્ષ વ્યક્તિ છે. તેના નામે તમામ મિલ્કત નિહિત થયેલ છે અને જેના દ્વારા તે આયોજન કરી શકે છે અને તે નિયંત્રિત વ્યવસ્થાપિત નિકાલ કરી શકે છે તેમ ઠરાવેલ છે. વધુમાં સદર ચુકાદામાં જણાવેલ છે કે,

It is true that the shareholders of the company have the, sole determining voice in administering the affairs of the company and are entitled, as provided by the Articles of Association to declare that dividends should be distributed out of the profits of the company to the shareholders but the interest of the shareholder either individually or collectively does not amount to more than a right to participate in the profits of the company. The company is a juristic person and is distinct from the shareholders. It is the company which owns the property and not the shareholders. The dividend is a share of the profits declared by the company as liable to be distributed among the shareholders. Reliance is placed on behalf of the appellant on a passage in Buckley's Companies Act, 12th Ed., page 894, where the etymological meaning of dividend is given as dividendum, the total divisible sum but in its ordinary sense it means the sum paid and received as the quotient forming the share of the divisible sum payable to the recipient. This statement does not justify the contention that shareholders are owners of a divisible sum or that they are owners of the property of the company. The proper approach to the solution of the question is to concentrate on the plain words of the definition of agricultural income which connects in no uncertain language revenue with the land from which it directly springs and a stray observation in a case which has no bearing upon the present question does not advance the solution of the question. There is nothing in the Indian law to warrant the assumption that a shareholder who

INDEX

buys shares buys any interest in the property of the company which is a juristic person entirely distinct from the shareholders. The true position of a shareholder is that on buying shares an investor becomes entitled to participate in the profits of the company in which he holds the shares if and when the company declares, subject to the Articles of Association, that the profits or any portion thereof should be distributed by way of dividends among the shareholders. He has undoubtedly a further right to participate in the assets of the company which would be left over after winding up, but not in the assets as a whole as Lord Anderson puts it. 883.

The High Court expressed the view that until a dividend is declared there is no - right in a shareholder to participate in the profits and according to them the declaration of dividend by the company is the effective source of the dividend which is subject to tax. This statement of the law we are unable to accept. Indeed the learned Attorney-General conceded that he was not prepared to subscribe to that proposition. The1 declaration of -dividend is certainly not the source of the profit. The right to participation in the profits exists independently of any declaration by the company with the only difference that the enjoyment of profits is postponed until dividends are declared.

It was argued that the position of shareholders in a company is analogous to that of partners inter se. -This analogy is wholly inaccurate. Partnership is -merely an association of persons for carrying on the business of partnership and in law the firm name is a compendious method of describing the partners. Such is, however, not the case of a company which stands as a separate juristic entity distinct from the shareholders. In Halsbury's Laws of England, Volume 6 (3rd Ed.), page 234, the law regarding the attributes of shares is thus stated :

"A share is a right to a specified amount of the share capital of a company carrying with it certain rights and liabilities while the company is a going concern and in its winding up. The shares or other interest of any member in a company are personal estate transferable in the manner provided by its articles, and are not of the, nature of real estate."

In Borland's Trustee v. Steel Brothers &,Co. Ltd.(1), Farwell J. held that "a share in a company cannot properly be likened to a sum of money settled upon and subject to executory limitations to arise in the future ; it is rather to be regarded as the interest of the shareholder in the company, measured, for the purposes of liability and dividend, by a sum of money.....It was suggested that the dividend arises out of the profits accruing from land and is impressed with the same character as the profit and that it does not change its character merely because of the incident that it reaches the hands of the shareholder.

INDEX

વધુમાં મેક્યુરા વિરૂધ્ધ નોર્ધન એસ્યોરન્સ કંપની લીમીટેડ કે જે ચુકાદો હાઉસ ઓફ લોર્ડ દ્વારા આપવામાં આવેલ છે તથા ૧૯૨૫ એ.સી.-૬૧૯ ઉપર પ્રસિધ્ધ થયેલ છે અને જેમાં કંપનીની મિલ્કત શેર ધારકોની મિલ્કત નથી તે કંપનીની મિલ્કત છે તેમ ઠરાવેલ છે. વધુમાં આર.ટી. પુરૂમલ વિરૂધ્ધ જહોન ડાઇવીન કે જે ચુકાદો એ.આઇ. આર. ૧૯૬૦ મદ્રાસ પાના નં. ૪૬ ઉપર પ્રસિધ્ધ થયેલ છે. જેમાં કંપની તે એક એવી વ્યવસ્થા છે કે જેના નામે મિલ્કત નિહિત થયેલ છે અને જેના નામે મિલ્કત નિયંત્રિત થઇ શકે છે, વ્યવસ્થાપિત થઇ શકે છે અને નિકાલ થઇ શકે છે તેમ ઠરાવેલ છે. વધુમાં સદરહુ ચુકાદામાં કોઇ સભ્ય તે કંપનીના અસ્તિત્વ દરમ્યાન કે તેને સમેટી લેવા દરમ્યાન પણ કંપનીની મિલ્કતનો માલિક હોય તેવો દાવો કરી શકતો નથી તેમ ઠરાવેલ છે. વધુમાં સદરહુ ચુકાદામાં જણાવેલ છે કે,

(11) What is the interest of a shareholder by virtue of his holding the shares in a company? Farwell J. in Borland's Turstee v. Steel Brothers and Co. Ltd., 1901-1 Ch 279, observed at page 288,

"A share is the interest of a shareholder in the company measured by a sum of money for the purpose of liability in the first place, and of interest in the second, but also consisting of a series of mutual covenants entered into by all the shareholders inter se in accordance with S. 16 of the Companies Act, 1862. The contract contained in the Articles of Association is one of the original incidents of the share. A share is not a sum of money settled in the way suggested, but is an interest measured by a sum of money and made up of various rights contained in the contract, including the right to a sum of money of a more or less amount."

The shareholders are not in the eye of the law part owners of the undertaking. The undertaking is something different from the totality of the shareholdings, vide Short v. Treasury Commissioners, 1948-1 K. B. 116 at p. 122. Reference was made by Mr. Gopalswami Aiyangar, learned counsel for the appellants to S. 211 of the Indian Companies Act, which runs thus:

"Subject to the provisions of this Act as to preferential payments, the property of a company shall, on its winding up, be applied in satisfaction of its liabilities, pari passu and subject to such application shall, unless the articles otherwise provide, be distributed among the members according to their rights and interests in the company."

He contended that this provision indicates the right of a shareholder to obtain a proportionate share of the net assets of the company because at the end of the winding up after all liabilities have been met and all preferential payments have been made the property of the company is distributed among the embers including the shareholders. In our opinion this section does not support the argument

INDEX

which is involved in the contention of the appellant's learned counsel that at any given point of time a shareholder is notionally entitled to an aliquot part of the net assets of the company.

It may be that the prospect of distribution such as is contemplated under S. 211 at the conclusion of a winding up, would be a material factor in assessing the value of the interest of a shareholder, in virtue of his holding shares in the company. Undoubtedly if the net assets which will be available for distribution are likely to be of considerable value then the value of the interest of the shareholder will also be enhanced. It is not tantamount to saying that the value of the interest is an arithmetical fraction of the estimated market-value of the net assets of the company on the date of the winding up or on the date when the resolution is passed for the transfer of the business of the company to another company.

વધુમાં કંપનીના સંચાલનમાં કંપનીના શેર હોલ્ડરોને કોઇ સીધુ જોડાણ હોતું નથી અને તેઓનું એક માત્ર વિધાયક નિયંત્રિત હોય છે અને એમાં કંપનીનું મેનેજમેન્ટ તેની માલિકીથી સંપૂર્ણપણે અલગ છે. વધુમાં આમ શેર ધારકો અને કંપનીનું સંચાલન તે કંપનીઝ એકટની જોગવાઈને ધ્યાન ઉપર લેતા તે બંને ભિન્ન બાબત છે. વધુમાં કંપની લો નીચે પબ્લીક લીમીટેડ કંપની અને પ્રાઇવેટ લીમીટેડ કંપની એમ બે ભાગ પાડવામાં આવેલ છે અને કાયદાની કલમ-૧૦૮માં શેર તબદીલ કરવા બાબતની જોગવાઇ આપવામાં આવેલ છે. વધુમાં પ્રાઇવેટ લીમીટેડ કંપનીમાં તેના આર્ટિકલ દ્વારા શેર ટ્રાન્સફરનાં હક્કોને મર્યાદિત કરે છે અને જે કલમ-૩૬માં દર્શાવેલ છે. વધુમાં સામાન્ય રીતે પ્રાઇવેટ લીમીટેડ કંપનીમાં શેર હોલ્ડરને શેર તબદીલ કરવા માટેની નોટીસ આપવી તે ફરજીયાત છે. વધુમાં તે કિસ્સામાં શેર તબદીલીની પરવાનગી બોર્ડ ઓફ ડાયરેકટર્સ આપે છે. વધુમાં આ બાબતે કેટલીક જોગવાઇઓને ધ્યાન ઉપર લેવામાં આવે તો સામાન્ય સંજોગોમાં હસ્તાંતરકર્તા દ્વારા શેર તબદીલી કરવાની નોટીસ કંપનીને લેખિતમાં આપવી જોઇએ. કંપનીને આ નોટીસ મળ્યે તે પરિપત્રથી અન્ય સભ્યોના શેરની ઉપલબ્ધી અને કિંમત બાબતે જાણ કરવી જોઇએ. સામાન્ય સંજોગોમાં શેરની કિંમત તે કંપનીના ડાયરેકટર કે ઓડિટર દ્વારા નક્કી કરવામાં આવે છે. વધુમાં જ્યારે શેર તબદીલ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાયત્યારે કંપની દ્વારા આ બાબતની સમય મર્યાદાની તથા તેની ખરીદી અંગેની જાણ અન્ય સભ્યોને કરવાની રહે છે અને જ્યારે અન્ય કોઇ શેર ધારકો તે આ શેર ખરીદવા આગળ ન આવે એટલે કે ઇચ્છા પ્રદર્શિત ન કરે તો તેવા સમયે બહારની વ્યકિતને શેર તબદીલ કરી શકાય છે. વધુમાં શેર ટ્રાન્સફર કરતાં કાયદામાં જે પ્રોસીજર બતાવેલ છે તે કરવી ફરજીયાત છે તથા તે બાબતે ટ્રાન્સફર ડીડ તે ચોક્કસ સમયમાં ભરવું જરૂરી છે તથા તેમાં હસ્તાંતરકર્તા અને ગ્રહિતાની સહી જરૂરી છે. એટલું જ નહી પરંતુ કાયદા દ્વારા જે સ્ટેમ્પ ડયુટી નકકી કરવામાં આવેલ છે તે લગાવવી પણ જરૂરી છે. ટુંકમાં આ પ્રકારના શેરની તબદીલી અંગે ફોર્મ-૭-બી મુજબ યોગ્ય સ્ટેમ્પ લગાવી એકઝયુકીટ કરી તેમાં હસ્તાંતરકર્તા અને ગ્રહિતાનું નામ, સરનામુ, વ્યવસાય દર્શાવવું જરૂરી છે તથા ત્યારબાદ હસ્તાંતર ગ્રહિતા દ્વારા શેર સર્ટીફીકેટ

INDEX

સહિત સંસ્થામાં મોકલવું જરૂરી છે. વધુમાં આ બાબતે કંપની એક્ટની કલમ-૩ (૧) (iii) (એ) ને ધ્યાન ઉપર લેતાં પ્રાઇવેટ લીમીટેડ કંપનીના કિસ્સામાં આર્ટિકલ્સ ઓફ એસોસીયેશનથી તેનું નિયંત્રણ થાય છે. આમ જ્યારે શેર કંપનીનાં શેરહોલ્ડર દ્વારા ટ્રાન્સફર કરવાના હોય ત્યારે કંપનીઝ એક્ટ ૧૯૫૬ની કાર્યવાહી અનુસરવી ફરજીયાત છે તેમ ઔદ્યોગિક ન્યાયપંચનું નમ્ર મંતવ્ય છે. વધુમાં આ બાબતે જહોન ટીન્શન એન્ડ કંપની પ્રા. લી. વિરૂધ્ધ મીસીસ સુરજીત મલ્હાન કે જે ચુકાદો ૧૯૯૭ એ. આઇ.આર.-એસ.સી.ડબલ્યુ. પાના નં. ૧૫૩૭ ઉપર પ્રસિધ્ધ થયેલ છે અને તે કિસ્સામાં પતિ-પત્ની બંને તે પ્રાઇવેટ લીમીટેડ કંપનીના પોતે પોતાના નામે શેર હોલ્ડર હતા તથા તે કિસ્સામાં પતિ દ્વારા ત્રાહિત વ્યક્તિ જોડે એક કોન્ટ્રાકટ કરવામાં આવેલ હતો અને જે તેની પત્નીની સહમતી વગર શેર તબદીલ કરવા સહમતી આપેલ હતી અને તે મુજબ તેમના દ્વારા શેર સર્ટીફીકેટ તથા બ્લેન્ક શેર ટ્રાન્સફર ફોર્મ ત્રાહિતને આપવામાં આવેલ હતું અને તે બાબતની પરવાનગી તે કંપનીઝ બોર્ડ જોડે લેવામાં આવેલ ન હતી કે કંપનીઝ શેર રજીસ્ટર બાબતે તેની નોંધ ન હતી અને શેર સર્ટીફીકેટ તેમજ ટ્રાન્સફર ફોર્મની કસ્ટડી તે ત્રાહિત વ્યક્તિ જોડે હતી અને આ બાબતની તબદીલીની જાણ જ્યારે પત્નીને થઇ ત્યારે તેના દ્વારા આ તબદીલી પડકારવામાં આવેલ હતી અને જે સહમતી વગર અને બોર્ડ ઓફ ડાયરેકટર્સની પરવાનગી વગર કે જેમાં આર્ટિકલ્સમાં તે મંજુરી જરૂરી હોઇ તે લેવામાં આવેલ ન હતી તેવા બે કારણોસર આ તબદીલી પડકારવામાં આવેલ હતી અને જેમાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રસ્થાપિત કરેલ છે કે પત્ની દ્વારા આ શેર તબદીલ કરવા અંગેનો કોઇ અધિકાર તેના પતિને આપવામાં આવેલ ન હતો કે પત્નીએ કોઇ સહમતી આપેલ ન હતી. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા " એકવીએશન" તે તેની સહમતી છે તેવું કહી શકાય નહી અને જ્યાં સુધી લેખિતમાં આ બાબતનો અધિકાર આપવામાં ન આવે ત્યાં સુધી હસ્તાંતર ગ્રહિતાની તરફેણમાં કોઇ હક્ક ઉપસ્થિત થતો નથી તેમ ઠરાવેલ છે. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટે જણાવેલ છે કે,

"There should be consensus ad idem for a concluded contract and S. 25(1) of the Contract Act contemplates that when a transfer is without consideration, it is a void contract. In the instant case, there was no concluded contract between shareholder and broker. The acquiescence of shareholder did not amount to consent since she had not expressly authorised her husband to transfer her shares. The transfer as contemplated in this case was only for a sum of Re. I/-. As a consequence, in the eye of law, there is no consideration and, therefore, the transfer agreement was void.

In the instant case the share-holder had not given authority by any letter in writing or otherwise, to her husband to transfer her shares in favour of broker. It could not be said that since the shares with blank transfer forms were entrusted by her, the contract was complete and, therefore, there was a concluded contract between broker and the transferees. In this case, there was no direct transaction

INDEX

between shareholder and broker. Even husband of shareholder has not been authorised by her to entrust those shares and blank transfer forms to broker. Under these circumstances, without any specific authority by the owner of the shares, i.e. in favour of third party, including her husband, he gets no right to transfer her shares; nor the broker gets any right and title in the shares held by her."

૨૩. હવે ઉપરોકત કાયદાકીય જોગવાઇઓ અને વિવિધ અદાલતોએ પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતોના પરિપ્રેક્ષ્યમાં હાથ ઉપરનાં કેસની હકીકત ધ્યાન ઉપર લેવામાં અવે તો પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થાના સાક્ષી શ્રી નવીનભાઇ એન. શાહની સોગંદ ઉપરની સરતપાસ અને ઉલટતપાસ આંક-૨૮૦ થી રજુ થયેલ છે અને તેઓ નવનીત પ્રેસ લીમીટેડમાં ડાયરેકટર હતા અને કેસની હકીકતથી માહિતગાર છે તેમ જણાવેલ છે. વધુમાં તેઓએ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં ટ્રીબ્યુનલ સમક્ષની કાર્યવાહીનું સ્પષ્ટીકરણ કરેલ છે તથા પક્ષકારો અંગેનું સ્પષ્ટીકરણ કરેલ છે અને તેઓની ઉલટતપાસ બીજા પક્ષકાર નં. ૧ અને ૨ દ્વારા કરવામાં આવેલ છે, જેમાં સદરહુ સાક્ષીએ અસ્પષ્ટ અને "મોભમ" જવાબ આપેલ છે. વધુમાં તેઓએ તેમની ઉલટતપાસમાં નવનીત પ્રેસ લીમીટેડ ૧૯૯૩માં બનાવવામાં આવેલ હતી તેમ જણાવેલ છે તથા નવનીત પ્રેસ લીમીટેડનાં તેમના કેટલા શેર હતા ? તે જોઇને જણાવી શકશે તેમ જણાવેલ છે. વધુનાં સોગંદનામાની જોડે જે પરિશિષ્ટ બિડેલ છે તેમાં ક્રમાંક ૧ થી ૩૪ દર્શાવેલ છે અને જેમાં તેમના નામ અને શેરની સંખ્યા દર્શાવેલ છે તેવું જણાવેલ છે અને તે જોતાં નવનીત પ્રેસ લીમીટેડમાં કુલ ૩૪ શેર હોલ્ડર હતા તથા શેરની સંખ્યા આશરે વીસ લાખ દર્શાવેલ છે. વધુમાં સાક્ષીએ તેઓની ઉલટતપાસમાં જણાવેલ છે કે, નવનીત પ્રેસ લીમીટેડમાં કંપની સેક્રેટરી તે શેર રજીસ્ટર રાખતા હતા અને તેમને સેક્રેટરીના નામની ખબર નથી. ત્યારબાદ તેઓની તરતની જ ઉલટતપાસમાં જણાવેલ છે કે તેઓની કંપનીની શેરમુડી જોતાં કંપની સેક્રેટરી રાખવાની કોઇ જોગવાઇ નથી તે બાબત તેમને ખ્યાલ નથી તેમ તેઓએ જણાવેલ છે. વધુમાં સાક્ષીએ એમ.ઓ.યુ. બાદ કોઇ કરાર કરેલ નથી તે વાત ખરી છે તેમ જણાવેલ છે. એટલે કે આ બાબતને ધ્યાન ઉપર લેવામાં આવે તો પ્રથમ પક્ષાકર નવનીત પ્રેસ લીમીટેડના ડાયરેકટર દ્વારા એમ.ઓ.યુ. બાદ અન્ય કોઇ કરાર થયેલ નથી તે બાબતને પુષ્ટિ આપેલ છે. વધુમાં તેઓએ આંક ૨૧૫/૧ જોઇ એવરેસ્ટ સંસ્થા દ્વારા ચેઇન્જ ઓફ નેઇમનો રજીસ્ટ્રાર ઓફ કંપનીઝ દ્વારા તા. ૨૯-૯-૯૭ના સર્ટીફીકેટ છે તે વાત ખરી છે તેમ જણાવેલ છે. અત્રે એ બાબતની નોંધ લેવી ઘટે કે આંક ૨૧૫/૧ જોવામાં આવે તો તે રજીસ્ટ્રાર ઓફ કંપનીઝ દ્વારા તા. ૨૯-૯-૯૭ના રોજ કંપની ધારાની કલમ-૨૩(૧) નીચે આપવામાં આવેલ પત્ર છે અને જેમાં નવનીત પ્રેસ લીમીટેડનું નામ બદલી એવરેસ્ટ પ્રેસ લીમીટેડ રાખવામાં આવેલ છે તેમ દર્શાવેલ છે. વધુમાં તેનો કંપની નં. ૦૪-૧૯૩૯૭ દર્શાવેલ છે. એટલે સદરહુ રેકર્ડ જોતાં સ્પષ્ટ રીતે ફલીત થાય છે કે, નવનીત પ્રેસ લીમીટેડનું કંપની એકટની કલમ-૨૩(૧) નીચે નામ બદલાયેલ છે. વધુમાં સદરહુ સાક્ષીની ઉલટતપાસને ધ્યાન ઉપર લેતાં તેઓએ જણાવેલ છે કે તા. ૨૮-૧૦-૯૫ના રોજ સંસ્થાએ બે કરોડ ચાલીસ લાખની લોન લીધેલ હતી જે પાંચ વર્ષ માટેની હતી અને તે નવી

INDEX

મશીનરી ખરીદવા લીધેલ હતી અને તેમાંથી 'કોલબસ' મશીન તથા પ્રીન્ટીંગ મશીન ખરીદેલ હતું. 'કોલબસ' મશીન તે ઓટોમેટીક બાઈન્ડીંગ મશીન હતું, વધુમાં આ મશીન એમ.ઓ.યુ મુજબ એવરેસ્ટ પ્રેસ લીમીટેડ ને આપેલ છે તથા આ મશીનો જી.એસ.એફ.સી. માં મોરગેજ હતા તેમ જણાવેલ છે. વધુમાં સાક્ષીએ આર્ટિકલ ઓફ એસોસીયેશન જોઇ જણાવેલ છે કે નવનીત પ્રેસ લીમીટેડના ઓથોરાઇઝ શેર કેપીટલ ૩૫ લાખ શેરની સંખ્યા હતી વધુમાં તેઓએ એમ.ઓ.યુ. જોઇ જણાવેલ કે તેમાં ૩ વ્યકિતના નામ છે, જ્યારે એમ.ઓ.યુ. ના પરિશિષ્ટ-૨ માં ૧૦ વ્યકિતના નામ છે તથા એમ.ઓ.યુ. માં બીજા પક્ષકારના ૩ વ્યકિતના નામ છે તેમ જણાવેલ છે. વધુમાં સાક્ષીએ તેઓની ઉલટતપાસમાં નવનીત પ્રેસ લીમીટેડની શેર મૂડી ટ્રાન્સફર કરી તે દિવસે એવરેસ્ટ પ્રેસ લીમીટેડ અસ્તિત્વમાં આવેલ હતું તેમ જણાવેલ અને ત્યારબાદ એવરેસ્ટ પ્રેસ લીમીટેડ કંપની લો નીચે અસ્તિત્વમાં આવેલ હતી તે વાત ખરી નથી તેમ જણાવેલ છે.વધુમાં નવનીત પ્રેસ લીમીટેડના શેર ટ્રાન્સફર કર્યા તેના તેમને તથા અન્ય શેર હોલ્ડરોને ચેકથી પૈસા મળેલ છે તેમ જણાવેલ છે. વધુમાં શ્રી ચિદમ્બરમ દ્વારા તેઓનીં ઉલટતપાસ કરતાં તેના જવાબમાં તેઓએ જણાવેલ છે કે, "અમે નવનીત પ્રેસ લીમીટડની શેરમૂડી તથા મેનેજમેન્ટની તબદીલી કરેલ છે તે વાત ખરી છે. આ તબદીલીને વેચાણ કહેવાય કે કેમ ?" તેવા અર્થની મને ખબર નથી. અમે શેર તબદીલી કરતા તેના પૈસા લીધા છે. અમે શેરની સાથે સાથે મશીનરી પણ તબદીલ કરેલ છે તેમ જણાવેલ છે. એટલે કે સંસ્થાના સાક્ષીએ એમ.ઓ.યુ. માં શેરની તથા મશીનરીને પણ તબદીલી કરેલ છે તેમ જણાવેલ છે અને તેથી શેર ધારકો દ્વારા શેરની તબદીલી કરતા કંપનીની મિલ્કતની તબદીલી થઇ શકે કે કેમ ? તે કાયદાનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે અને અગાઉ જણાવી ગયા તે મુજબ શેર ધારકો તે કંપનીના શેરની કિંમત જેટલા જંગમ મિલકતના સભ્યો છે અને તે કંપનીની કોઇ મિલ્કતના માલિક નથી અને તે સંજોગોમાં શેરની તબદીલીના સમયે સંસ્થાની મશીનરી તબદીલ કરવાનું કૃત્ય કાયદેસર અને વ્યાજબી જણાતું નથી તેમ ઔદ્યોગિક ન્યાયપંચનું નમ્ર મંતવ્ય છે. વધુમાં સદરહુ સાક્ષીએ તેઓની ઉલટતપાસમાં જણાવેલ છે કે, "હું નવનીત પ્રેસ લીમીટેડમાં ડાયરેકટર હતો. સંસ્થા ઉભી થઇ ત્યારથી હું ડાયરેકટર છું. સંસ્થા પ્રમોટ થઇ ત્યારે હું ન હતો. મેં નવનીત પ્રેસ લીમીટેડના ઉદેશ જોયેલ નથી, મને તે ખબર નથી, કોઇએ મને જણાવેલ નથી". આમ તેઓ સંસ્થામાં સંસ્થા શરૂ થઇ ત્યારથી ડાયરેકટર તેમ જણાવેલ છે. તેમજ સંસ્થા પ્રમોટ થઇ ત્યારે તેઓ ન હતા તેમ જણાવેલ છે. જ્યારે અત્રે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને ઉપર લેવામા આવે તો તેમાં આંક-૨૨૪થી નવનીત પ્રેસ લીમીટેડે કેટલાક દસ્તાવેજો રજુ કરેલ છે અને જેમાં કંપનીનું મેમોરેન્ડમ ઓફ એસોસીએશન તેમજ આર્ટિકલ ઓફ એસોસીયેસનની નોટરાઇઝ નકલ રજુ કરેલ છે અને જેમાં કંપની શરૂં થતા શ્રી નવીનભાઇ એન. શાહનું નામ દર્શાવેલ છે તથા આર્ટિકલ ઓફ એસોસીયેશનમાં ક્રમાંક ૧૦૨ માં ડાયરેકટરના નામમાં શ્રી નવીન એન. શાહનું નામ દર્શાવેલ છે અને જે સંજોગોમાં સદરહુ સાક્ષીની એવી રજુઆત તે સંસ્થા પ્રમોટ થઇ ત્યારે તેઓ ન હતા તે વ્યાજબી જણાતી નથી. અત્રે એ બાબતની પણ નોંધ લેવી ઘટે કે રજુ થયેલું એમ.ઓ.યુ. જોતાં તેમાં મશીનરીની પણ તબદીલી કરવામાં આવેલ છે અને પુનરાવર્તનનાં ભોગે તે બાબતની પણ

INDEX

નોંધ લેવી ઘટે પ્રથમ પક્ષકાર સંસ્થાનું સદરહુ કૃત્ય કાયદેસર અને વ્યાજબી જણાતું નથી. વધુમાં પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા જે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે તેમાં નવનીત પ્રેસ લીમીટેડનું મેમોરેન્ડમ ઓફ એસોસીયેશન તે આંક-૫૮૦ થી રજુ થયેલ છે જેમાં આર્ટિકલ ઓફ એસોસીયેશનમાં ક્રમાંક-૪૮ થી ૫૦ માં રજીસ્ટર ઓફ ટ્રાન્સફર બાબતે શેરની ટ્રાન્સફર અને ટ્રાન્સમીશન બાબતે જોગવાઇ કરેલ છે અને જેમાં કંપની તે રજીસ્ટર ઓફ ટ્રાન્સફર રાખશે અને જેમાં તમામ તબદીલીની નોંધ કરવામાં આવશે તેમ દર્શાવેલ છે. વધુમાં ક્રમાંક-૪૯ માં ફોર્મ્સ ઓફ ટ્રાન્સફર દર્શાવેલ છે અને તેમાં તબદીલી બાબતે કંપનીઝ એકટની કલમ-૧૦૮ અને તેની નીચેની જોગવાઇઓનું પાલન કરવા દર્શાવેલ છે અને જે ક્રમાંક ૪૮ થી ૫૦ તે નીચે મુજબ છે.

Register of Transfers	48. The Company shall keep a book to be called the "Register of Transfers", and therein shall be fairly and distinctly entered particulars of every transfer of transmission of every share.
Form of Transfer	49. The Instrument of transfer shall be in writing and all the provisions of Section 108 of the Companies Act and of any statutory modification thereof for the time being shall be duly complied with in respect of transfers of shares and registration thereof."
	respect of transfers of shares and registration thereof."
To be executed by the transferor and transferee	50. Every such instrument of transfer shall be executed both by the transferor and the transferee and attested, and the transferor shall be deemed to remain the holder of such share until the name of the transferee shall have been entered in the Register of Members in respect thereof. Every instrument of transfer shall be presented to the company duly stamped for registration accompanied by the certificate of the shares to be transferred and such evidence as the Board may require to prove the title of the transferor, his right to transfer the shares, and every registered instrument of shall remain in the custody of the Company until destroyed by the order of the Board.

આમ ઉપરોક્ત જોગવાઈઓને પણ ધ્યાન ઉપર લેવામાં આવે તો પ્રથમ પક્ષકાર નં. ૧

INDEX

નવનીત પ્રેસ લીમીટેડના શેર દ્વારા જે શેરની તબદીલી કરવામાં આવેલ છે તે કોન્ટ્રાકટ એક્ટ તથા કંપનીઝ એકટની જોગવાઈઓને પરીપૂર્ણ કરતી ન હોઈ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે તેમ ઔદ્યોગિક ન્યાયપંચનું નમ્ર મંતવ્ય છે. વધુમાં કેસનો રેકર્ડ તથા કંપનીઝ એકટની જોગવાઈ ધ્યાન ઉપર લેવામાં આવે તો હાથ ઉપરના કેસની હકીકત કંપની ધારા ૧૯૫૬ની કલમ-૩૯૪ થી ૩૯૬ (એ) માં બે કંપનીના જોડાણ સંબંધી જે જોગવાઈ કરવામાં આવેલ છે તેવું જોડાણ, એકીકરણ કે સંયોજન નથી તે રેકર્ડ જોતા સ્પષ્ટ રીતે ફલીત થાય છે. વધુમાં ઔદ્યોગિક વિવાદ ધારો ૧૯૪૭ની કલમ-૨૫ એફ-એફમાં કાયદાના અમલથી કોઈ સંસ્થાની માલિકી અને વહીવટ તબદીલ કરવાનું દર્શાવેલ છે. તેવા કોઈ વૈધાનિક કાયદાની જોગવાઈ મુજબનો હાથ ઉપરનો કેસ નથી. વધુમાં ટેક્ષટાઈલ અંડરટેકીંગ (ટેકીંગ ઓવર ઓફ મેનેજમેન્ટ) એક્ટ ૧૯૮૩ સીક ટેક્ષટાઈલ અંડરટેકીંગ (નેશનલાઈલેઝશન) એક્ટ ૧૯૭૪ કુકીંગ કોલ માઈન્સ (ઈમરજન્સી પ્રોવીઝન) એક્ટ ૧૯૭૧ તથા કુકીંગ કોલ માઈન્સ (નેશનલાઈઝેશન) એક્ટ ૧૯૭૨ તેવા વિવિધ કાયદાઓ દ્વારા યથાપ્રસંગ રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર દ્વારા આવા કાયદાના અમલથી સંસ્થાની તબદીલી કરવામાં આવે તો તેવા સંજોગોમાં તે કાયદાની અમલથી સંસ્થાની માલિકી અથવા વહીવટ તબદીલી ગણાય, જ્યારે હાથ ઉપરના કેસની તે પ્રકારની હકીકત નથી. વધુમાં કંપનીઝ એકટ ૧૯૫૬ની જોગવાઈ ધ્યાન ઉપર લેવામાં આવે તો તેમાં શેર ધારકો દ્વારા શેર ટ્રાન્સફર કરવાના કિસ્સામાં ટ્રાન્સફર શા માટે કરવામાં આવે છે તેવા કોઈ કારણો દર્શાવવાની જરૂર નથી. જ્યારે હાથ ઉપરના કિસ્સામાં એમ.ઓ.યુ. જોવામાં આવે તો એક તરફવાળા કંપનીનું કાર્ય સંતોષકારક ન હોઈ તથા તેનું ભવિષ્ય ઉજળુ ન જણાતા તેમના દ્વારા બીજી તરફવાળાને ઈકવીટી શેર ટ્રાન્સફર કરવાનું ઠરાવેલ છે તેમ દર્શાવેલ છે અને તે કૃત્ય પણ વ્યાજબી જણાતું નથી. વધુમાં કંપનીઝ એકટ ૧૯૫૬ની કલમ-૨૬૦ને ધ્યાન ઉપર લેવામાં આવે તો તેમાં એડીશનલ ડાયરેકટરે એ બાબતે જણાવેલ છે તથા કલમ-૨૬૨માં ડાયરેકટરોના કિસ્સામાં હંગામી ડાયરેકટરોની જોગવાઈ છે તથા કલમ-૨૬૩માં તે જનરલ બોડી મીટીંગમાં ડાયરેકટરની નિમણૂંક કરવા બાબતે દર્શાવેલ છે અને જે કંપની ધારા મુજબ આજ્ઞાત્મક છે અને તેથી પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે તેઓના વિદ્વાન એડવોકેટશ્રીની રજુઆત છે કે ડાયરેકટરોની ફેરબદલી થયેલ હોઈ સંસ્થાની માલિકી તબદીલ કહેવાય તે વ્યાજબી જણાતું નથી. અત્રે એ બાબતની નોંધ લેવી ઘટે કે પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે તેવી પણ રજુઆત કરવામાં આવેલ છે કે ઔદ્યોગિક ન્યાયપંચ દ્વારા વચગાળાની અરજીઓ બાબતે જે ચુકાદાઓ આપવામાં આવેલ હતી અને તેની રજુઆત યુનિયને પડકારેલ નથી અને તેથી વચગાળાની અરજી કે આંક નીચેના હુકમમાં ઔદ્યોગિક ન્યાયપંચે જે અવલોકન કરેલ છે તે બીજા પક્ષકારને બંધનકર્તા થાય છે. અત્રે એ બાબતની નોંધ લેવી ઘટે કે વચગાળાની રાહત અરજી બાબતે ન્યાયપંચ દ્વારા જ્યારે પણ કોઈ હુકમ કરવામાં આવેલ તો તે કેસના આખરી ગુણદોષને આધિન હોય છે તથા વચગાળાની રાહત અરજીઓમાં નિર્ણય બાબતે ઔદ્યોગિક ન્યાયપંચ દ્વારા જો કોઈ વિધાન કરવામાં આવેલ હોય તો તે પ્રાથમિક વિધાન કહી શકાય અને મૂળ કામ ગુણદોષ ઉપર નિર્ણય કરતાં ઔદ્યોગિક ન્યાયપંચે કેસમાં પડેલ દસ્તાવેજી અને મૌખિક પુરાવાઓ જ ધ્યાન ઉપર લેવાના હોય છે અને તેને ધ્યાન

INDEX

ઉપર લેતાં પક્ષકારોની રજુઆત કેટલે અંશે વ્યાજબી છે તેનો નિર્ણય કરવાનો હોય છે અને તેથી બીજા પક્ષકાર તરફે તે રજુઆત કે વચગાળાની રાહત અરજી તે આંક નીચેની અરજીના વિધાનને ધ્યાન ઉપર લેતાં રેફરન્સ રદ થવાને પાત્ર છે તેવી પ્રથમ પક્ષકાર સંસ્થાની રજુઆત ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. અત્રે એ બાબતની પણ નોંધ લેવી ઘટે કે પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા કેટલાક દસ્તાવેજો રજુ કરી શેર તબદીલી કરવા બાબતે શેરહોલ્ડરોને અવેજ મળી ગયેલ છે તેવી બેંકની સ્લીપ રજુ કરેલ છે અને તે સ્લીપની પક્ષકારોની તકરારને બાધ આવ્યા સિવાય આંકે પાડવામાં આવે, પરંતુ હાથ ઉપરના કિસ્સામાં પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે કંપનીઝ એક્ટ ૧૯૫૬ની કલમ-૧૦૮ કે આર્ટિકલ ઓફ એસોસીયેશન દર્શાવેલ બાબતોની જોગવાઈઓ પરિપૂર્ણ કરવામાં આવેલ છે કે કેમ ? તેવા કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી. અત્રે એ બાબતની પણ નોંધ લેવી ઘટે ઔદ્યોગિક ન્યાયપંચ તે બાબતથી વાકેફ છે કે જે પક્ષકારનું તેવુ કહેવું હોય કે અન્ય કોઈ પક્ષકારનું કૃત્ય ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે તો તેવા સંજોગોમાં અરજદારે તે પુરવાર કરવાનું હોય છે તે કાયદાનો સામાન્ય સિદ્ધાંત છે તથા હાથ ઉપરના કિસ્સામાં બીજા પક્ષકાર યુનિયન દ્વારા કેટલાક દસ્તાવેજો અને મૌખિક પુરાવાઓ પણ રજુ કરવામાં આવેલ છે. વધુમાં બીજા પક્ષકારની તે રજુઆત કે પ્રથમ પક્ષકાર સંસ્થાનું માલિકી તબદીલીનું કૃત્ય વ્યાજબી નથી તેમ જ્યારે રજુઆત હોય ત્યારે પ્રથમ પક્ષકાર સંસ્થાની તે ફરજ થઈ પડે છે કે તેઓએ કાયદા મુજબની તમામ પ્રક્રિયા પૂર્ણ કરેલ છે કે કેમ ? તે ન્યાયપંચ સમક્ષ રજુ કરવું જરૂરી છે. વધુમાં ઔદ્યોગિક ન્યાયપંચ તે દિવાની કે ફોજદારી અદાલતની જેમ ભાતીગળ અદાલત નથી અને તે એક ન્યાયપંચ છે અને જ્યારે ન્યાયપંચ સમક્ષ કોઈ બાબત લવાદ માટે કે નિર્ણય માટે કે અભિપ્રાય માટે સમુચિત સરકાર દ્વારા મોકલવામાં આવે અને તકરારી મુદ્દો ન્યાય નિર્ણયની એરણ ઉપર હોય ત્યારે પ્રથમ પક્ષકાર સંસ્થાની એ ફરજ થઈ પડે કે તેઓએ તેમનું કૃત્ય કાયદેસર અને બોનાફાઈડ છે. તેમ પુરવાર કરવું જરૂરી પડે છે. અત્રે દુઃખ સાથે એ બાબતની નોંધ લેવી ઘટે કે પ્રથમ પક્ષકાર સંસ્થા નં. ૨ એવરેસ્ટ પ્રેસ લીમીટેડ સાથે આંક-૪૦૯થી તેઓના જે સાક્ષીઓ રજુ કરેલ છે તે અધુરી, અસ્પષ્ટ માહિતી સાથે તેનું સોગંદનામુ રજુ કરેલ છે અને તેમના દ્વારા પણ તેમની ઉલટ તપાસમાં અસ્પષ્ટ જવાબો આપવામાં આવેલ છે, જે રેકર્ડ જોતા સ્પષ્ટ રીતે ફલીત થાય છે અને પ્રથમ પક્ષકાર સંસ્થાઓ દ્વારા અન્ય કોઈ જવાબદાર સાક્ષીને રજુ કરવામાં આવેલ નથી તે એક દુઃખદ બાબત છે. અત્રે એ બાબતની પણ નોંધ લેવી ઘટે કે બીજા પક્ષકાર નં. ૨ યુનિયન ગુજરાત કામદાર પંચાયત દ્વારા હાથ ઉપરના કિસ્સામાં આંક-૨૩૩થી રજીસ્ટર ઓફ કંપનીઝના માહિતગાર અધિકારીને જરૂરી દસ્તાવેજો લઈ સાક્ષી સમન્સની રૂઈએ હાજર રાખવા અરજી આપેલ હતી તથા ઔદ્યોગિક ન્યાયપંચ દ્વારા તે સમયે બીજા પક્ષકાર નં. ૨ યુનિયનનાં મૌખિક પુરાવા રજુ થયેલ નથી અને તેના મૌખિક પુરાવા પૂર્ણ થયે તેઓએ ત્રાહિત વ્યક્તિઓને સાક્ષી સમન્સ તરીકે બોલાવી શકે છે તેવા અવલોકન સાથે તે સમયે અરજી પ્રિમેચ્યોર હોઈ ગ્રાહ્ય રાખવામાં આવેલ ન હતી. વધુમાં જે તે સમયે અરજી થયેથી યોગ્ય હુકમ કરવામાં આવશે તેવું અવલોકન પણ કરવામાં આવેલ હતું, પરંતુ ત્યારબાદ દુઃખ સાથે એ બાબતની નોંધ લેવી ઘટે કે

INDEX

પક્ષકારો પૈકી રજીસ્ટર ઓફ કંપનીઝને તપાસવામાં આવેલ નથી તે એક દુઃખદ બાબત છે. વધુમાં એ બાબતની પણ નોંધ લેવી ઘટે કે અગાઉ જણાવી ગયાતે મુજબ કંપનીઝ એકટ મુજબ કંપનીનાં શેરની તબદીલી કે વેચાણ તેને ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ એફ-એફની સાથે વાંચવામાં આવેલ તો શેર ધારકો દ્વારા શેરની તબદીલી કરવાનું કૃત્ય તે સંસ્થાની માલિકી અને વહીવટ તબદીલ થયાનું ગણી શકાય નહી. તેથી હાથ ઉપરનાં કેસ કિસ્સામાં કેસની હકીકત અને કાયદાની જોગવાઈઓને ધ્યાન ઉપર લેતાં ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ એફ-એફને અસરકર્તા હાથ ઉપરના કેસની હકીકત ન હોઈ મુદ્દા નં. ૩ નો જવાબ "નકારમાં" છે.

(૨૪) અત્રે એ બાબતની પણ નોંધ લેવી ઘટે કે ઉપરોકત કામમાં બીજા પક્ષકાર યુનિયન તરફે નવનીત પબ્લીકેશન ઈન્ડીયા લીમીટેડ, સંદિપ એજન્સી, ગાલા પબ્લીસર્સ, નવનીત પ્રેસ, નવનીત પ્રકાશન કેન્દ્ર તથા તેની તમામ માલિકી, ભાગીદારી પેઢી અને કોન્ટ્રાકટરોના તમામ વહીવટકર્તાઓ, માલિક એક જ છે તેમજ સદર તમામ સંસ્થાઓનો ધંધો, વ્યવસાય, વ્યાપાર તેમજ તેમની ઉત્પાદન પ્રવૃતિઓ પણ એક જ પ્રકારની અને સરખી છે તથા તમામ સંસ્થાઓ નવનીત, ગાલાનાં ટ્રેડમાર્ક નીચે ધંધો અને વ્યવસાય ચલાવી રહેલ છે અને તમામ સંસ્થાઓને એક જ ગણવી જોઈએ અને તકરારનો ન્યાય નિર્ણય કરવો જોઈએ તેવી કેસના ચાલતા દરમ્યાન અને દલીલોના સમયે રજુઆત કરવામાં આવેલ છે. મારા દ્વારા ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૧૦ની પેટા કલમ-૪ ધ્યાન ઉપર લેવામાં આવેલ છે તથા સમુચિત સરકાર દ્વારા મોકલવામાં આવેલ તકરારોની અનુસૂચિને ધ્યાન ઉપર લેવામાં આવેલ છે અને આવી કોઈ સંસ્થાઓ તે વિવાદમાં પક્ષકાર નથી. વધુમાં ઔદ્યોગિક ન્યાયપંચ એ બાબતથી પણ વાકેફ છે કે ન્યાયપંચ તે તકરારોની અનુસૂચિની બહાર જઈ ન્યાય નિર્ણય કરવાની કાર્યવાહી કરી શકતી નથી અને તે તમામ સંજોગોમાં આ તમામ સંસ્થાઓ એક જ છે, એક જ માલિકીની છે. ઓવર ઓલ કન્ટ્રોલ, સુપરવીઝન, ફંકશનલ ઈન્ટીગ્રાલીટી અને યુનિટો એક જ છે તથા તમામ સંસ્થાની ઉત્પાદિત થતી અંતિમ વસ્તુઓ એક જ છે તે બાબત ઔદ્યોગિક તકરારની અનુસૂચિમાં આવતી ન હોઈ આ પ્રકારની સંસ્થા/યુનિટ/એકમ/ઉદ્યોગ તે વિવાદનાં પક્ષકારો ન હોઈ અને તેની કેસમાં રજુઆત ન હોઈ હાથ ઉપરનો ચુકાદો સંબંધિત કામદારોને ભવિષ્યમાં બાધારૂપ થશે નહી તથા આ બાબતે ઔદ્યોગિક ન્યાયપંચે કોઈ નિર્ણય લેવાનો રહેતો નથી તેની નોંધ લેવી ઘટે.

(૨૫) હવે મુદ્દા નં. ૪નો નિર્ણય કરતાં એ બાબત જોવી જરૂરી છે કે, ઉપરોક્ત કામમાં સમુચિત સરકાર દ્વારા તકરાર ન્યાય નિર્ણય અર્થે ઔદ્યોગિક ન્યાયપંચને સુપર કરવામાં આવેલ છે તે હુકમ સક્ષમ, કાયદેસર અને વ્યાજબી છે તથા ઔદ્યોગિક ન્યાયપંચને ઔદ્યોગિક વિવાદ ધારા અને તેની નીચે બનેલા નિયમોને ધ્યાન ઉપર લેતાં ઉપરોક્ત રેફરન્સ હુકમના પરિશિષ્ટમાં દર્શાવેલ તકરારો ન્યાય નિર્ણય કરવાની સત્તા અને હકુમત છે તથા પ્રથમ પક્ષકાર સંસ્થા નવનીત પ્રેસ લીમીટેડ કે જેનું સુધારી બદલાયેલ નામ એવરેસ્ટ પ્રેસ લીમીટેડ છે તેના દ્વારા તા. ૪-૮-૯૭ ની નોટીસથી સંસ્થાનાં ઈકવીટી શેરની માલિકી તથા કંપનીનું મેનેજમેન્ટ તબદીલ થયેલ છે તેમ જણાવી ઔદ્યોગિક

INDEX

વિવાદ ધારા ૧૯૪૭ની કલમ-૨૫ એફ-એફની જોગવાઈ મુજબ ટ્રાન્સફર ઓફ ઓનરશીપ ઓર મેનેજમેન્ટ બનતું નથી તેમ ઔદ્યોગિક ન્યાયપંચ દ્વારા ઠરાવેલ છે અને તે સંજોગોમાં ઔદ્યોગિક તકરાર સાથે સંકળાયેલ કામદાર શું દાદ મેળવવા હક્કદાર થાય છે ? તે જોવાનું રહે છે. ઔદ્યોગિક ન્યાયપંચ તે બાબતથી વાકેફ છે કે જ્યારે સંસ્થાનું કૃત્ય તે ગેરકાયદેસર અને ગેરવ્યાજબી જાહેર થાય તેવા સંજોગોમાં સંબંધીત કામદારો તે દાદ મેળવવા હકદાર થાય છે, પરંતુ હાથ ઉપરના કેસની હકીકતને ધ્યાન ઉપર લેતાં શું દાદ મેળવવા હક્કદાર થાય છે તે જોવું જરૂરી છે. અત્રે એ બાબતની પણ નોંધ લેવી ઘટે કે ઔદ્યોગિક વિવાદ ધારો તે માલિક અને કામદારના સંબંધનું નિયમન કરવા અંગેનો તથા ઔદ્યોગિક તકરારોને તપાસ અને પતાવટ બાબતનો કાયદો છે. વધુમાં ઔદ્યોગિક ન્યાયપંચ એ બાબતથી પણ વાકેફ છે તે ભાતીગળ અદાલત નથી તથા માલિક અને કામદાર વચ્ચે તંદુરસ્ત સંબંધો જળવાય રહે તે કાયદાનો મુખ્ય હેતુ અને ઉદેશ છે. વધુમાં ઔદ્યોગિક ન્યાયપંચે તેમની સમક્ષ આવેલા વિવાદનો એવી રીતે ન્યાય નિર્ણય કરી અંત લાવવાનો હોય છે કે જેથી માલિક અને કામદાર બંને પક્ષકારોનું પરસ્પર હિત સચવાય, ઔદ્યોગિક શાંતિ જળવાય તથા સંસ્થા ઉત્પાદિત કરતા માલની ઉત્પાદકતા વધે. વધુમાં ઔદ્યોગિક ન્યાયપંચે જ્યારે દાદ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે કેસની હકીકત અને કાયદાકીય પરિસ્થિતિને ધ્યાન ઉપર લઈ એ પ્રકારની દાદ આપવી જોઈએ કે જેનો પક્ષકારો દ્વારા અમલ શક્ય બને અને વધુ દાવાદુવીનો અવકાશ ન રહે તે પણ ઔદ્યોગિક ન્યાયપંચે જોવાનું હોય છે અને ઔદ્યોગિક ન્યાયપંચ દાદમાં થયેલ યોગ્ય ફેરફાર લાવી શકે છે. વધુમાં વિવિધ અદાલતોના મંતવ્યો, કાયદાનો ઉદેશ, કામદારની આર્થિક-સામાજિક પરિસ્થિતિ, ઔદ્યોગિક સંસ્થાની આર્થિક પરિસ્થિતિ તે વગેરે બાબતો જોવી જરૂરી છે અને તે ધ્યાન ઉપર લઈ યોગ્ય દાદ આપવામાં આવે તો તે હિતાવહ જણાય છે. વધુમાં આ બાબતે કેટલીક અદાલતોના પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતોને ધ્યાન ઉપર લેવામાં આવે તો નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા જી.બી. પંચ યુનિર્વસીટી ઓફ એગ્રીકલ્ચર એન્ડ ટેકનોલોજી, પંતનગર, નૈનીતાલ વિરૂદ્ધ સોસાયટી ઓફ ઉત્તર પ્રદેશ તથા અન્ય કે જે ચુકાદો એ.આઈ.આર.-૨૦૦૦ સુપ્રિમ કોર્ટ પાના નં. ૨૬૯૫ ઉપર પ્રસિદ્ધ થયેલ છે અને તે ચુકાદો યુનિર્વસીટીની કેન્ટીનમાં કામ કરતાં કામદારોને નિયમિત કરવા માટેનો ચુકાદો છે. એટલે કે હાથ ઉપરના કેસની હીકકતથી થોડીક ભિન્ન હકીકત બાબતનો ચુકાદો છે, પરંતુ સદરહુ ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા કોર્પોરેટ જ્યુડીશપ્યુડન્સ અને ઈન્ડસ્ટ્રીઝ જ્યુડીશપ્યુડન્સ વચ્ચેનાં સંબંધો નક્કી કરવા અંગે જણાવેલ છે. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા સંસ્થાની આર્થિક પરિસ્થિતિને જ ફક્ત ધ્યાન ઉપર ન લેતાં કાયદાના ઉદેશને પણ ધ્યાન ઉપર લેવો જોઈએ તેમ ઠરાવેલ છે. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા જ્યાં ઔદ્યોગિક વિવાદ ધારા નીચેનાં વિવાદોનો ન્યાય નિર્ણય કરવાનો પ્રશ્ન હોય તેવા સમયે કેટલીક ધ્યાનમાં રાખવી પડતી બાબતો તથા તે બાબતે બદલાતી જતી પરિસ્થિતિ અને જુના તથા નવા અભિગમમાં બંનેને ધ્યાનમાં રાખી દાદ આપી શકે છે. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા વર્કમેન ઓફ ભ્રુકુન્ડા ક્વોરી ઓફ સેન્ટ્રલ કોલ્ડ ફીલ્ડસ લીમીટેડ કે જે ચુકાદો ૨૦૦૬ સુપ્રિમ કોર્ટ કેસીસ (લેબર એન્ડ સર્વિસ) પાના નં. ૫૩૦ ઉપર પ્રસિદ્ધ થયેલ છે અને જેમાં ઔદ્યોગિક શાંતિ સંવાદિતતા

INDEX

કામદાર અને માલિક માટે જરૂરી છે અને જે સમાજનાં હિતને માટે પણ જરૂરી છે તથા માલિક અને કામદારને પોતાની તબક્કાવાર જવાબદારી છે અને બંનેએ એકબીજાની જવાબદારી, ફરજો સમજવી જોઈએ તેમ ઠરાવેલ છે. વધુમાં સુપ્રિમ કોર્ટ દ્વારા અલ્હાબાદ જલ સંસ્થાન વિરૂદ્ધ દયાશંકર રાય તથા અન્ય કે જે ચુકાદો ૨૦૦૫માં સુપ્રિમ કોર્ટ કેસીસ (લેબર એન્ડ સર્વિસ) પાના નં. ૬૩૧ ઉપર પ્રસિદ્ધ થયેલ છે અને જેમાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા કામદાર અને માલિક વચ્ચે સમતુલા જળવાય રહે તે બંનેના હિતની સાચવણી થાય તે ઉદ્દેશથી પ્રેગમેટીક એપ્રોચની જરૂરીયાત છે તેમ દર્શાવેલ છે. વધુમાં આ બાબતે નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા ઉત્તર પ્રદેશ સ્ટેટ બ્રાસવેલ કોર્પોરેશન લીમીટેડ તથા અને વિરૂદ્ધ ઉદય નારાયણ પાંડે કે જે ચુકાદો ૨૦૦૬માં સુપ્રિમ કોર્ટ કેસીસ (લેબર એન્ડ સર્વિસ) પાના નં. ૨૫૦ ઉપર પ્રસિદ્ધ થયેલ છે અને જેમાં પારા-૩૭, ૪૦ તથા ૪૧માં નીચે મુજબ જણાવેલ છે :-

It is one thing to say that the court interprets a provision of a statute and lays down a law, but it is another thing to say that the courts although exercise plenary jurisdiction will have to discretionary power at all in the matter of moulding the relief or otherwise give any such reliefs, as the parties may be found to be entitled to in equity and justice. If that be so, the court's function as court of justice would be totally impaired. Discretionary jurisdiction in a court need not always be conferred by a statute.

40. The Industrial Disputes Act was principally established for the purpose of pre-empting industrial tensions, providing the mechanics of dispute resolutions and setting up the necessary infrastructure so that the energies of partners in production may not be dissipated in counter-productive battles and assurance of industrial justice may create a climate of good will. (See LIC of India v. D.J. Bahadur) .

41. The Industrial Courts while adjudicating on disputes between the management and the workmen, therefore, must take such decisions which would be in consonance with the purpose the law seeks to achieve. When justice is the buzzword in the matter of adjudication under the Industrial Disputes Act, it would be wholly improper on the part of the superior courts to make them apply the cold letter of the statutes to act mechanically. Rendition of justice would bring within its purview giving a person what is due to him and not what can be given to him in law.

આમ સદરહુ ચુકાદાને ધ્યાન ઉપર લેતાં ન્યાયપંચ યથા પ્રસંગે કેસની વિશિષ્ટ પ્રકારની હકિકતોને ધ્યાન ઉપર લેતાં આપવામાં આવતી દાદમાં ન્યાયપંચ તે ફેરફાર કરી શકે છે. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા જનરલ મેનેજર હરિયાણા રોડવેઝ વિરૂદ્ધ રૂધાનસિંધ કે જે ચુકાદો ૨૦૦૫ સુપ્રિમ કોર્ટ કેસીસ (લેબર એન્ડ સર્વિસ) પાના નં. ૭૭૬ ઉપર પ્રસિદ્ધ થયેલ છે અને

INDEX

નામદાર સુપ્રિમ કોર્ટની ફુલ બેન્ચ દ્વારા સદરહુ ચુકાદો આપવામાં આવેલ છે અને તેમાં પડેલા દિવસોના પગારની ગણતરી કેવી રીતે કરવી અને તે અંગે કયા પાસાનો વિચાર કરવો તે દર્શાવેલ છે અને જેમાં પડેલા દિવસોનો પગાર "મીકેનીક મેનર"માં ન ચુકવાતા કામદારોના નિમણુંકનો પત્ર, લાયકાત, નોકરીનો સમય, તેઓએ આ સમયગાળા દરમ્યાન અન્ય જગ્યાએ વૈકલ્પિક કામ કરેલ છે કેમ ? તેવા વિવિધ પાસાઓનો અભ્યાસ કરવા જણાવેલ છે. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા સ્ટેટ ઓફ મધ્ય પ્રદેશ તથા અન્ય વિરૂદ્ધ અર્જુનલાલ રજક કે જે ચુકાદો ૨૦૦૬ સુપ્રિમ કોર્ટ કેસીસ (લેબર એન્ડ સર્વિસ) પાના નં. ૪૨૯ ઉપર પ્રસિદ્ધ થયેલ છે અને જેમાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા ઔદ્યોગિક અદાલતે તે જ્યારે સંસ્થા બંધ થયેલ હોઈ તેવા સમયે કેટલા પ્રમાણમાં પડેલા દિવસોનો પગાર ચુકવવો તે બાબતની ચર્ચા કરતાં જણાવેલ છે કે, પડેલા દિવસોનો પુરેપુરો પગાર તે આપોઆપ હુકમ ન કરતાં જ્યારે સંસ્થા બંધ હોય તે વખતે યોગ્ય મર્યાદામાં હુકમ કરવો જોઈએ તથા પડેલા સમયગાળા દરમ્યાન કામદારે અન્ય જગ્યાએ લાભકર્તા કામગીરી કરેલ છે કે કેમ ? તે પણ હોવું જરૂરી છે. આમ વિવિધ અદાલતો દ્વારા પ્રસ્થાપિત કરેલા સિદ્ધાંતોને ધ્યાન ઉપર લેતાં તથા હાથ ઉપરનાં કેસની હકીકતને ધ્યાન ઉપર લેવામાં આવે તો બીજા પક્ષકારના પ્રથમ સાક્ષી શ્રી બાબુજી દરબાર આંક-૬૨ની સરતપાસમાં સોગંદ લીધા બાદ તેઓ ધંધે બેકાર છે તેમ જણાવેલ છે, જ્યારે ઉલટતપાસમાં તેઓએ નોકરી માટે પ્રયત્ન કરેલ પરંતુ નોકરી મળેલ નથી તેમ જણાવેલ છે. જ્યારે પ્રથમ પક્ષકાર નં. ૨ એવરેસ્ટ પ્રેસ લીમીટેડ તરફે ઉલટ તપાસમાં જણાવેલ છે કે બીજા ૩૩૦ કામદારોએ બીજી નોકરી શોધવા પ્રયત્ન કરેલ કે કેમ ? તે તેઓ ન કહી શકે તેમ જણાવેલ છે. તેવી જ રીતે બજાપક્ષકારનાં અન્ય સાક્ષી શ્રી દલપતસિંહ દ્વારા આંક-૮૧થી તેઓએ ધંધે બેકાર છે તેમ જણાવેલ છે. જ્યારે તેનાથી વિપરીત કોઈ બાબત સંસ્થા કઢાવી શકેલ નથી. વધુમાં આંક-૭૭થી શ્રી લક્ષ્મણભાઈએ તેઓ બેકાર છે તેમ જણાવેલ છે. તેવી જ રીતે આંક-૯૪થી શ્રી કિશોરભાઈએ તેઓ બેકાર છે તેમ જણાવેલ છે. જ્યારે ઉલટતપાસમાં તેઓએ બીજી નોકરી મેળવવા અરજી કરેલ નથી તેમ જણાવેલ છે. તેવી જ રીતે આંક-૯૭થી તેજસિંઘે તેઓ બેકાર છે તેમ જણાવેલ છે. તેવી જ રીતે આંક-૯૭ થી તેજસિંઘે તેઓ બેકાર છે તેમ જણાવેલ છે. તેવી જ રીતે આંક-૨૪૦ થી શ્રી બાબુભાઈ રાવલે સોગંદ લીધા બાદ ધંધે બેકાર છે તેમ જણાવેલ છે. આમ બીજા પક્ષકાર તરફે જે સરતપાસ રજુ કરવામાં આવેલ છે. તેમાં તેટલા કામદારો બેકાર છે તેમ જણાવેલ છે. તેની વિરૂદ્ધમાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા. ૪-૮-૯૭નાં રોજ કામદારોની નોકરીનો અંત આવ્યા બાદ આ કામદારોએ અન્ય ઠેકાણે લાભકર્તા કામગીરી કરેલ છે તેવું પુરાવા રજુ કરી પુરવાર કરેલ નથી તે એક દુઃખદ બાબત છે. વધુમાં પ્રથમ પક્ષકાર નં.-૧ નવનીત પ્રેસ લીમીટેડ તરફે તેઓના સાક્ષી શ્રી નવીનભાઈ શાહની આંક-૨૮૦ની સરતપાસમાં પણ આ બાબતનો કોઈ ઉલ્લેખ નથી. જ્યારે બીજા પક્ષકાર નં. ૧ તરફે ઉલટતપાસ કરતાં સદરહુ સાક્ષીએ જણાવેલ છે કે, "નવનીત પ્રેસ લીમીટેડ તે સંસ્થા ઉભી થયા બાદ તે સંસ્થાએ મશીનરી ખરીદી હતી તે વાત ખરી છે, તે મશીનો ગોમતીપુર ખાતે ગોઠવાયેલ તે વાત ખરી છે. હાલમાં તે મશીન ક્યાં છે તેની મને ખબર નથી. નવનીત પ્રેસ લીમીટેડનાં શેર ટ્રાન્સફર કર્યા બાદ હાલમાં તેઓ શું કરે

INDEX

છે? તેની મને ખબર નથી. નવનીત પ્રેસ લીમીટેડ સંસ્થાના શેર ટ્રાન્સફર કર્યા બાદ તે લોકો હાલમાં શું કરે છે તે મને હાલમાં ખબર નથી. શેર ટ્રાન્સફર કર્યા બાદ તે લોકો સરસ્વતીભવન, ગોમતીપુર ખાતે કામ કરતા હતા તે વાત ખરી છે, શું કામ કરતા હતા તેની મને ખબર નથી''. આમ સદરહુ સાક્ષીએ શેર ટ્રાન્સફર કર્યા બાદ પ્રથમ પક્ષકાર સંસ્થાની શું પરિસ્થિતિ છે તે બાબતે તેમને જાણ નથી તેવું જણાવેલ છે. વધુમાં તેઓએ સોગંદનામાથી પણ સંસ્થાની શું પરિસ્થિતિ છે તે દર્શાવેલ નથી. તેવી જ રીતે સંસ્થાના પ્રથમ પક્ષકાર નં. ૨ એવરેસ્ટ પ્રેસ લીમીટેડનાં સાક્ષી શ્રી પંકજ ગાવડેને તપાસવામાં આવેલ છે અને જેમાં તેઓએ તેમની સરતપાસમાં તેઓ એવરેસ્ટ પ્રેસ લીમીટેડને લગતી માહિતીથી વાકેફ છે અને એવરેસ્ટ પ્રેસમાં એકઝયુકેટીવ તરીકે ફરજો બજાવતા હતા તેમ જણાવેલ છે. વધુમાં તેઓએ તેમના સોગંદનામામાં જણાવેલ છે કે, ''આમ ઉપરોક્ત તક આપવા છતાં એ તકનો લાભ કામદારોએ લીધેલ નહી. અમે તબદીલી થયા બાદ નવા કામદારોને રાખીને કંપની ચલાવેલ, પણ જુના કામદારોએ કંપની ચલાવવામાં અને ઉત્પાદન પ્રક્રિયામાં ઘણી જ ખલેલ પાડેલ છતાં કંપનીની ઉત્પાદન પ્રક્રિયા ચાલુ રાખેલ''. તેમ જણાવેલ છે. એટલે કે તા. ૪-૮-૯૭ બાદ કંપનીની પ્રક્રિયા ચાલુ હતી તે સ્પષ્ટ રીતે પુરવાર થાય છે. જ્યારે ઉલટ તપાસમાં સદરહું સાક્ષીએ જણાવેલ છે કે એવરેસ્ટ પ્રેસ લીમીટેડ હાલમાં કયાં ચાલે છે તે તેઓ ન કહી શકે અને તેમની જોબ ટ્રાન્સફર થયા બાદ એવરેસ્ટ પ્રેસ લીમીટેડ બાબતે તેમને ખબર નથી અનેસને ૨૦૦૧માં તેમની ટ્રાન્સફર વિલ્સન પ્રિન્ટ સીટી પ્રાઈવેટ લીમીટેડમાં થયેલ હતી તેમ જણાવેલ છે. વધુમાં તેઓ એવરેસ્ટ પ્રેસ લીમીટેડમાં સને ૧૯૯૯માં આવેલ હતા અને તે સમયે એવરેસ્ટ પ્રેસ લીમીટેડમાં ૧૦૦ ઉપર કામદારો કામ કરતા હતા અને આ તમામ નવા કામદારો હતા અને જુ નામાંથી કોઈને રાખેલ ન હતા તેમ જણાવેલ છે. વધુમાં એવરેસ્ટ પ્રેસ લીમીટેડ તે ગુજરાત પાઠય પુસ્તક મંડળનું તથા થોડાક અંશે ચૂંટણીનું કામ કરતી હતી તેમ જણાવેલ છે. બીજા પક્ષકાર નં.૧ શ્રી ચિદમ્બરમની ઉલટ તપાસમાં તેઓએ સપ્ટેમ્બર-૯૯માં એવરેસ્ટ પ્રેસ જોઈન્ટ કરેલ હતું અને તે પહેલા તેઓ એવરેસ્ટ પ્રેસમાં ન હોઈ તે બાબતની જેઓને જાત માહિતી નથી તેમ જણાવેલ છે તથા એવરેસ્ટ પ્રેસ લીમીટેડ અજોડ ડેરી પાસે ગોમતીપુર ખાતે ચાલતું હતું અને જે ભાડાની જગ્યાએ હતી તેમ જણાવેલ છે. વધુમાં એવરેસ્ટ પ્રેસ લીમીટેડ તે ચાલે છે કે નથી ચાલતું તેની તેમને ખબર નથી તેમ જણાવેલ છે. વધુમાં સને ૨૦૦૧માં તેઓ બદલી થઈ વિલ્સનમાં ટ્રાન્સફર થયેલ હતા તેમ જણાવે છે. એટલે કે સદરહુ સાક્ષીની ઉલટતપાસ જોતાં તા. ૪-૮-૯૭ બાદ સંસ્થાની ઉત્પાદન પ્રક્રિયા ચાલુ હતી તે સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. વધુમાં પ્રથમ પક્ષકાર નં.૨ એવરેસ્ટ પ્રેસ લીમીટેડ તરફે આંક-૨૨૩થી જે નોટરાઈઝ દસ્તાવેજો રજુ કરેલ છે તેમાં સને ૯૭-૯૮, ૯૮-૯૯, ૯૯-૨૦૦૦, ૨૦૦૦-૦૧ સુધીનાં બોર્ડ ઓફ ડાયરેકટર્સનાં નામો દર્શાવેલ છે તથા સને ૯૭-૯૮થી ૨૦૦૦-૦૧ સુધીનાં વાર્ષિક હિસાબો રજુ કરેલ છે. એટલે તા. ૩૧-૩-૦૧ સુધીના રજુ થયેલ વાર્ષિક હિસાબોને ધ્યાન ઉપર લેતાં તા. ૪-૮-૯૭ બાદ કંપનીની ઉત્પાદન પ્રક્રિયા ચાલુ હતી તે સ્પષ્ટ રીતે પુરવાર થાય છે. હવે હાથ ઉપરનાં કેસમાં વિશિષ્ટ પ્રકારની હકીકતને ધ્યાન ઉપર લેવામાં આવે તો સંસ્થાનું તા. ૪-૮-૯૭ના રોજ માલિકી અને વહીવટ તબદીલીનું પગલું

INDEX

કાયદેસર છે કે કેમ ? તે બીજા પક્ષકાર દ્વારા પડકારવામાં આવેલ છે અને હાલમાં સને ૨૦૧૩ને ધ્યાન ઉપર લેતાં ઉપરોક્ત વિવાદને આશરે ૧૬ વર્ષ જેટલો સમય વિતી ગયેલ છે. તેટલું જ નહી પરંતુ આ ૧૬ વર્ષોમાં સંસ્થાની આર્થિક પરિસ્થિતિ સને ૨૦૦૧ બાદ રેકર્ડ ઉપર આવેલ નથી તે એક દુઃખદ બાબત છે. વધુમાં તા. ૪-૮-૯૭નારોજ જે કામદારોની નોકરીનો અંત આવેલ છે તે બાબતની ૧૬ જેટલા વર્ષો થઈ ગયેલ હોઈ આ કામદારોની પણ શારિરીક પરિસ્થિતિને ધ્યાન ઉપર લેતાં હાથ ઉપરનાં કેસમાં કામદારોને પડેલ દિવસોના પગાર સાથે પુનઃસ્થાપિત કરવાનો હુકમ ન કરતાં સંસ્થાનું કૃત્ય ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોઈ સંબંધિત કામદારોને કોઈ વળતર ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે તે ઔદ્યોગિક ન્યાયપંચને વ્યાજબી જણાય છે. ઔદ્યોગિક ન્યાયપંચ એ બાબતથી પણ વાકેફ છે કે કામદારોને પડેલ દિવસોનો પગાર અને પુનઃસ્થાપિત કરવાની દાદના વિકલ્પ રૂપે જ્યારે વળતર ચુકવવાનો હુકમ કરવામાં આવે ત્યારે ઔદ્યોગિક ન્યાયપંચને વિવિધ પાસાઓનો અભ્યાસ કરવાનો હોય છે અને તેમાં ઔદ્યોગિક ન્યાયપંચને કોઈ આપખુદ સત્તા મળેલ નથી, પરંતુ કેસની હકીકત અને કાયદાકીય પરિસ્થિતિનો પણ વિચાર કરી તેઓને મળેલ અંતરગત સત્તાનો વિવેક બુદ્ધિપૂર્ણ ઉપયોગ કરવાનો હોય છે. વધુમાં વિવાદ સાથે સંકળાયેલા તમામ કામદારો તેઓ બેકાર રહેલ છે તેવું રેકર્ડ ઉપર આવેલ નથી તથા તા. ૪-૮-૯૭ બાદ આ કામદારોએ પ્રથમ પક્ષકાર સંસ્થાના લાભો અંગે કામ કરેલ નથી તેમજ નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા "નો વર્ક નો પે" ના સિધ્ધાંતને પણ ધ્યાન ઉપર લેતાં યોગ્ય વળતરનો હુકમ કરવામાં આવે તો તે વ્યાજબી જણાય છે તેમ ઔદ્યોગિક ન્યાયપંચનું નમ્ર મંતવ્ય છે.

વધુમાં પક્ષકારોને એ બાબતે વિવાદ નથી કે તા. ૪-૮-૯૭ની નોટીસથી જે ૩૩૧ કામદારોનો નોકરીનો અંત આવેલ હતો તે સમયે સંસ્થા દ્વારા તેઓને આંક-૫૯૨ના પત્રકમાં દર્શાવેલ રકમ ચુકવી આપવામાં આવેલ છે તથા સંસ્થાનું તા. ૪-૮-૯૭ની નોટીસથી સંસ્થાના શેર ધારકોને શેર મુડીની તબદીલી કરવાનું કૃત્ય તે ઔદ્યોગિક વિવાદ ધારા ૧૯૪૭ની કલમ-૨૫ એફ-એફ નીચે ટ્રાન્સફર ઓફ ઓનરશીપ ઓર મેનેજમેન્ટ બનતું નહી હોઈ તે જોગવાઈ નીચે સંસ્થાનું કામદારોની તા. ૪-૮-૯૭ના રોજથી તેમની નોકરીનો અંત લાવવાનું કૃત્ય તે ગેરકાયદેસર અને ગેરવ્યાજબી બને છે અને આ સંજોગોમાં કામદારોને શું દાદ આપવી તે જોવું જરૂરી થઈ પડે છે. અત્રે એ બાબતની નોંધ લેવી ઘટે કે તા. ૪-૮-૯૭ની આજ તારીખને ધ્યાન ઉપર લેવામાં આવે તો હાલમાં ૧૬ વર્ષ જેટલા વર્ષો પૂર્ણ થઈ ગયેલ છે અને તે સંજોગોમાં આંક-૫૯૨માં દર્શાવેલ ૩૩૧ જેટલા કામદારોને સંસ્થામાં પુનઃસ્થાપિત કરવાનું વ્યાજબી જણાતું નથી અને તે સંજોગોમાં આંક-૫૯૨માં દર્શાવેલ કામદારોને પડેલા દિવસનો પગાર અને પુનઃસ્થાપિતના વિકલ્પે તેઓએ પૂર્ણ કરેલ પુરા વર્ષ દીઠ તે વર્ષોની ગણતરી કરતાં તેઓએ છેલ્લે મેળવેલ વેતન/પગારને ધ્યાન ઉપર લેતાં એક વર્ષ દીઠ ત્રણ માસનો પગાર વળતર તરીકે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે તો તે યોગ્ય, કાયદેસર, વ્યાજબી, ઈષ્ટ તથા કેસની વિશિષ્ટ પ્રકારની હકીકતો જોતાં ન્યાયિક જણાય છે. અત્રે એ બાબતની પણ નોંધ લેવી ઘટે કે તા. ૪-૮-૯૭ બાદ ઉપરોક્ત ૩૩૧ કામદારો પૈકી સંસ્થાને લાગુ પડતા સ્થાયી હુકમોની જોગવાઈ મુજબ જે કોઈ કામદારે તેઓની નિવૃતિ વયમર્યાદા જે તે તારીખે

INDEX

પૂર્ણ કરેલ હોય એટલે કે તા. ૪-૮-૯૭ બાદ જે કોઈ કામદાર નિવૃત થયેલ હોય તો તે નિવૃત્તિની તારીખના આગલા વર્ષોને ગણતરીમાં લેતાં તે વર્ષો દીઠ ત્રણ માસનું વેતન/પગારની ગણતરી કરી ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે તો તે વ્યાજબી જણાય છે. તેવી જ રીતે આ ૧૬ વર્ષના ગાળામાં જો કોઈ કામદારનું મૃત્યુ થયેલ હો તો જે રીતે નિવૃત્ત કર્મચારીનાં કિસ્સામાં ગણતરી કરવાનું ઠરાવવામાં આવે છે તેવી જ રીતે કામદારનું મૃત્યુ તારીખ અગાઉ તેઓએ પુરા કરેલ વર્ષો દીઠ સમયને ધ્યાનમાં લેતાં વર્ષે ત્રણ માસનું વેતન/પગાર તેઓના કાયદેસરના વારસદારોને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે તો તે કાયદેસર અને વ્યાજબી જણાય છે અને તેથી આ મુજબની વળતરની રકમ પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકાર સંબંધીત કામદારને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે.

અત્રે એ બાબતની પણ નોંધ લેવી ઘટે કે ઉપરોક્ત વિવાદ તે ગુજરાત મઝદુર પંચાયત દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ છે તથા ઉપરોક્ત તકરારના ન્યાય નિર્ણય દરમ્યાન ગુજરાત કામદાર પંચાયત દ્વારા બીજા પક્ષકાર તરીકે દાખલ થઈ કેસની કાર્યવાહી ચલાવવામાં આવેલ છે. વધુમાં ઔદ્યોગિક ન્યાયપંચ તે યથા યોગ્ય કિસ્સામાં ખર્ચની રકમ ચુકવી આપવાનો હુકમ કરી શકે અને ઔદ્યોગિક ન્યાયપંચ તે તેમની સમક્ષની કાર્યવાહીની અને તેઓને આનુસાંગિક ખર્ચ બાબતે એવું ખર્ચ કોણે, કોને અને કેટલે અંશે ચુકવવું તે ઠરાવી શકે છે. વધુમાં ઉપરોક્ત વિવાદ સને ૧૯૯૭ની સાલનો છે તથા ઉપરોક્ત વિવાદ તે તકરારી વિવાદ તરીકે ન્યાયપંચ સમક્ષ ચાલે છે અને તે સંજોગોમાં પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા બીજા પક્ષકાર બંને યુનિયનોને ખર્ચની રકમ ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે તો કેસની વિશિષ્ટ પ્રકારની હકીકતને ધ્યાન ઉપર લેતાં વ્યાજબી અને ન્યાયિક જણાય છે અને તેથી પ્રથમ પક્ષકાર સંસ્થાએ ઉપરોક્ત વિવાદના ખર્ચની રકમ તરીકે સેક્રેટરી, ગુજરાત મઝદુર પંચાયત તથા સેક્રેટરી, ગુજરાત કામદાર પંચાયત પ્રત્યેકને ₹ ૧૧,૦૦૦/- (અંકે રૂપિયા અગીયાર હજાર) ખર્ચ તરીકે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં ઉપરોક્ત કેસના ચાલતા દરમ્યાન ઔદ્યોગિક ન્યાયપંચ દ્વારા હુકમ કરી રેફરન્સ (આઈ.ટી) નં. ૪૩૬/૯૦નું અસલ રેકર્ડ મંગાવવામાં આવેલ હતું અને જે અસલ રેકર્ડ રજીસ્ટ્રાર, ઔદ્યોગિક અદાલતને પરત મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

વધુમાં એ બાબતની નોંધ લેવી ઘટે કે ઉપરોક્ત ઔદ્યોગિક તકરાર ૧૯૯૭થી પડતર હોઈ અને જેમાં આશરે ૩૩૧ જેટલા કામદારો સંકળાયેલા હોઈ તથા પક્ષકારો દ્વારા કાયદા અને હકીકતની બાબતે ઘણી બધી તકરારો લીધેલ હોઈ તથા ઔદ્યોગિક ન્યાયપંચ સમક્ષ ન્યાય નિર્ણયની કાર્યવાહીમાં પણ બંને પક્ષકારોના પ્રતિનિધિઓ દ્વારા તેઓની ધારદાર અને ભારપૂર્વકની રજુઆત સમયે અજંપાભરી પરિસ્થિતિનું નિર્માણ થતું હોવા છતાં બંને પક્ષકારો દ્વારા સંયમ અને કુનેહથી એકબીજાને સહકાર આપી ઉપરોક્ત ઔદ્યોગિક તકરારના ન્યાય નિર્ણય બાબતે જે સહકાર આપવામાં આવેલ છે તે એક સારી અને અભિનંદનપાત્ર બાબત છે અને જેની ઔદ્યોગિક ન્યાયપંચ દ્વારા નોંધ લેવામાં આવે છે અને આમ કેસની હકીકત અને કાયદાકીય પરિસ્થિતિને ધ્યાન ઉપર

INDEX

લેતાં ઔદ્યોગિક ન્યાયપંચ દ્વારા ઉપરોક્ત ઔદ્યોગિક તકરાર બાબતે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

હુકમ

૧. બીજા પક્ષકાર યુનિયનનો સદર રેફરન્સ અંશતઃ મંજુર કરવામાં આવે છે તથા સમુચિત સરકાર દ્વારા ઉપરોક્ત ઔદ્યોગિક તકરાર ન્યાય નિર્ણય અર્થે ઔદ્યોગિક ન્યાયપંચને સુપ્રત કરવામાં આવેલ છે. તે હુકમ સક્ષમ, કાયદેસર અને વ્યાજબી છે તેમ ઠરાવવામાં આવે છે તથા ઔદ્યોગિક ન્યાયપંચને ઔદ્યોગિક વિવાદ ધારો અને તેની નીચે બનેલા નિયમોને ધ્યાન ઉપર લેતાં ઉપરોક્ત રેફરન્સ હુકમની પરિશિષ્ટમાં દર્શાવેલ તકરારનો ન્યાય નિર્ણય કરવાની સત્તા અને હકુમત છે તેમ ઠરાવવામાં આવે છે.

૨. પ્રથમ પક્ષકાર સંસ્થા નવનીત પ્રેસ લીમીટેડ કે જેનો કંપની રજીસ્ટ્રેશન નંબર ૧૯૩૯૭ છે, કે જેનું કંપનીઝ એકટ ૧૯૫૬ની જોગવાઈ મુજબ બદલાયેલ નામ એવરેસ્ટ પ્રેસ લીમીટેડ છે તે પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા તા. ૪-૮-૯૭ની નોટીસથી સંસ્થાના ઈકવીટી શેરહોલ્ડરોની ઈકવીટી શેર ટ્રાન્સફર કરવાનું કૃત્ય (તબદીલ કરવાનું કૃત્ય) ઔદ્યોગિક વિવાદ ધારા ૧૯૪૭ની કલમ-૨૫-એફ-એફની જોગવાઈ મુજબ કાયદા તથા હકીકતની રીતે માલિકી તથા વહીવટની તબદીલી બનતી નથી તથા હાથ ઉપરના કેસની હકીકતને ધ્યાન ઉપર લેતાં તથા કમલ-૨૫ એફ-એફની જોગવાઈને ધ્યાન ઉપર લેતાં ''ટ્રાન્સફર ઓફ ઓનરશીપ ઓર મેનેજમેન્ટ'' બનતી નથી તેમ ઠરાવવામાં આવે છે અને તેથી પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા તા. ૪-૮-૯૭ની નોટીસથી સંસ્થામાં કામ કરતાં કામદારોની નોકરીનો અંત લાવવાનું કૃત્ય ગેરકાયદેસર અને ગેરવ્યાજબી ઠરાવવામાં આવે છે.

૩. વધુમાં પ્રથમ પક્ષકાર સંસ્થાને હુકમ કરવામાં આવે છે કે, ઉપરોક્ત એવોર્ડમાં કરેલ અવલોકનને ધ્યાન ઉપર લેતાં સંસ્થાની તા. ૪-૮-૯૭ની નોટીસથી આંક-૫૯૨નાં પત્રકમાં દર્શાવેલ કામદારોની નોકરીનો અંત લાવવાનું કૃત્ય ગેરકાયદેસર અને ગેરવ્યાજબી જાહેર કરવામાં આવેલ હોય તથા આંક-૫૯૨માં દર્શાવેલ કામદારોને પડેલા દિવસોનો પગાર તથા પુનઃ સ્થાપિત કરવાની દાદના વિકલ્પે આથી પ્રથમ પક્ષકાર સંસ્થાને હુકમ કરવામાં આવે છે કે ઉપરોક્ત એવોર્ડ પ્રસિદ્ધ થયે દિન-૩૦માં તા. ૪-૮-૯૭ની નોટીસથી અંત લાવેલા કામદારોને તા. ૪-૮-૯૭ થી ઉપરોક્ત એવોર્ડની તારીખ સુધીના પુરા થતા વર્ષો એટલે કે ૧૬ વર્ષને ધ્યાન ઉપર લેતાં આ કામદારોએ છેલ્લે મેળવેલ માસિક વેતન/પગારને ધ્યાન ઉપર લેતાં વર્ષદીઠ ત્રણ માસનું વેતન/પગાર તે પડેલા દિવસોનો પગાર અને પુનઃ સ્થાપિત થવાના હુકમના વિકલ્પે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૪. વધુમાં ઉપરોક્ત વિવાદ ચાલતા દરમ્યાન જે કોઈ કામદાર કર્મચારી નિવૃત થયેલ હોય તો તેની નિવૃતિની તારીખોને ધ્યાન ઉપર લેતાં તા. ૪-૮-૯૭ પછીની નિવૃતિની તારીખને ધ્યાન ઉપર લેતાં પુરા વર્ષદીઠ ત્રણ માસનું વેતન/પગાર ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

INDEX

૫. તેવી જ રીતે તકરારના ચાલતા દરમ્યાન જો કોઈ કામદાર કર્મચારીનું મૃત્યુ થયેલ હોય તો તા. ૪-૮-૯૭ પછીની મૃત્યુ તારીખને ધ્યાન ઉપર લેતાં પુરા વર્ષદીઠ ત્રણ માસનું વેતન/પગાર તેઓના કાયદેસરનાં વારસદારોને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૬. વધુમાં પ્રથમ પક્ષકાર સંસ્થાને હુકમ કરવામાં આવે છે કે ઉપરોક્ત રેફરન્સના ખર્ચ પેટે બીજા પક્ષકાર ગુજરાત મઝદુર પંચાયત તથા ગુજરાત કામદાર પંચાયત પ્રત્યેકને ₹ ૧૧,૦૦૦/- (અંકે રૂપિયા અગીયાર હજાર પુરા) ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

એલ. બી. કટેરીયા,
સેક્રેટરી,
અમદાવાદ, તારીખ ૧૪મી ઓક્ટોબર, ૨૦૧૩.

ભાગ્યેશ વાસુદેવ ભટ્ટ,
GJ 00801
ઔદ્યોગિક ન્યાયપંચ, ગુજરાત,
અમદાવાદ.

અમદાવાદ, તારીખ ૩૦મી ઓક્ટોબર, ૨૦૧૩.

(સહી) અવાચ્ય,
નાયબ શ્રમ આયુક્ત,
અમદાવાદ વિભાગ,
અમદાવાદ.

શ્રમ અને રોજગાર વિભાગ

અધિસુચના

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૬મી નવેમ્બર, ૨૦૧૩.

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭

ક્રમાંક કેએચઆર/૨૦૧૩/૧૮૭/આઇડીએ/૧૦/૨૦૧૩/૭૧૧૨૮૮-મ(૨).—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય થાય છે કે નીચે અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક વિવાદ (૧) ઉત્તર ગુજરાત વીજ કંપની લીમી. વિસનગર રોડ, મહેસાણા (૨) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. વડોદરા અને તે હેઠળ કામે રાખેલા શ્રમયોગીઓ વચ્ચેની છે.

તેથી હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા કલમ-૧ના ખંડ (ઘ)થી મળેલ સત્તાની રૂએ આથી અમદાવાદ ખાતે ઔદ્યોગિક ન્યાય પંચને સદરહુ તકરાર ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલેલ છે.

અનુસૂચિ

ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરાના પરિપત્ર નં. GUVNL/HR (371)/1742 તા.૨૭-૦૭-માં ક્રમ એ થી ડીમાં દર્શાવેલ લાયકાતો (૧) ફુલટાઇમ MSW (૨) ફુલ ટાઇમ

INDEX

PGDPM, PGDIM, PGDHRM (૩) કુલ ટાઈમ PGDLL, L.W. તેમજ જીસ્ટન્સ બનીંગમાં પણ ઉપરોક્ત દર્શાવેલ લાયકાતો ખાતાકીય કર્મચારી ધરાવતો હોય અને કંપનીની નોકરીમાં ૩ વર્ષ પુરા કરેલ હોય તેમને તથા આવી ઉચ્ચતમ લાયકાત ધરાવતા કર્મચારીઓ ઉચ્છતમ (વહીવટ) Est Higher ની પરીક્ષા પાસ હોય તેમને એચ.આર. ડીપાર્ટમેન્ટમાં ડે. સુપ્રી-વહીવટથી આસી. સેક્રેટરીની બઢતીના આદેશો થવા તેમજ ઉપરોક્ત લાયકાત ધરાવતા ન હોય પણ Higher Est ની પરીક્ષા પાસ કર્મચારીઓને પણ ડે. સીપ્રી-વહીવટથી આસી, સેક્રેટરીની તાત્કાલિક બઢતીના આદેશો કરવા કે કેમ ?

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

રમણ મહેરીયા,
સંયુક્ત સચિવ.
શ્રમ અને રોજગાર વિભાગ.

શ્રમ અને રોજગાર વિભાગ

અધિસુચના

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૮મી નવેમ્બર, ૨૦૧૩.

ક્રમાંક : અર-૨૦૧૩-૧૮૯-એફડીઈ-૧૦૨૦૧૨-૨૫૩૮૬૫-મ.૧.–શ્રી જે. ડી. દેસાઈ, નાયબ નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, વર્ગ-૧ને આ વિભાગના તા. ૧૬-૧૧-૨૦૧૩ હુકમ ક્રમાંક : એફડીઈ-૧૦૨૦૧૨-૨૫૩૮૬૫-મ.૧ થી ફરજ મોકુફી પરથી પુનઃસ્થાપિત કરતા તેમને નાયબ નિયામક, (બાંધકામ), ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, અમદાવાદ ખાતે નિમણૂંક આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

રમણ મહેરીયા,
સંયુક્ત સચિવ.
શ્રમ અને રોજગાર વિભાગ.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

INDEX

©

सत्यमेव जयते

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3000/-

The Gujarat Government Gazette
PUBLISHED BY AUTHORITY

Vol. LIV] THURSDAY, DECEMBER 5, 2013 /AGRAHAYANA 14, 1935 [No. 49

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

સહાયક સંઘ નિબંધક દ્વારા

જાહેરનામું

ગુજરાત ઔદ્યોગિક સંબંધ અધિનિયમ, ૧૯૪૬.

ક્રમાંક ના.શ્રઆ/અવિ-ટે-૩/જી.આઈ.આર.એ./રેશમી કાપડ/માન્ય સંઘ/૧/૨૦૧૩.–મુંબઈ (હવે ગુજરાત) ઔદ્યોગિક સંબંધ અધિનિયમ, ૧૯૪૬ની કલમ-૧૨ થી મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેરના સ્થાનિક વિસ્તાર માટે રેશમ કાપડ ઉદ્યોગ માટે સહાયક સંઘ નિબંધક, અમદાવાદ વિભાગ, અમદાવાદનું તા. ૨૧મી ઓગસ્ટ, ૨૦૧૩નું જાહેરનામું જે ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટ (એક્સ્ટ્રા ઓર્ડીનરી) માં તા. ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ પ્રસિદ્ધ થયેલ છે. તે અન્વયે અમદાવાદ શહેરના રેશમી કાપડ ઉદ્યોગના પ્રતિનિધિત્વ ધરાવતા મંડળ મિલ-મઝદુર સભા, અમદાવાદની તા. ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૧૩ની નમૂના-એચની અમદાવાદ શહેરના સ્થાનિક વિસ્તારમાં રેશમી કાપડ ઉદ્યોગ માટે માન્ય યાદીમાં દાખલ કરવા સંબંધેની અરજી અનુસંધાને સદર કાયદાની કલમ-૨૩માં દર્શાવેલ શરતોનું પાલન કરવાની શરતે મિલ મઝદુર સભા, રાજપુર ટોલનાકા, અમદાવાદને ગુજરાત ઔદ્યોગિક

INDEX

સંબંધ અધિનિયમ, ૧૯૪૬ની કલમ-૧૨(બી) તથા નિયમ-૧૧ અન્વયે અમદાવાદ શહેરના સ્થાનિક વિસ્તારમાં રેશમી કાપડ ઉદ્યોગ માટે માન્ય યાદીમાં ક્રમાંક-૧/૧૩થી દાખલ કરવામાં આવે છે. જે આથી નિયમ-૨૬ હેઠળ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૧૯મી નવેમ્બર, ૨૦૧૩.

વી. કે. શાહ,
સહાયક સંઘ નિબંધક,
ગુજરાત ઔદ્યોગિક સંબંધ અધિનિયમ, ૧૯૪૬,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

શ્રમ અને રોજગાર વિભાગ

અધિસૂચના

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૧૩.

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/૨૦૧૩/૧૯૩/આઈડીએ/૧૦/૨૦૧૩/૫૩૮૨૫૮/મ(૨).–ગુજરાત સરકારનો એવો અભિપ્રાય થાય છે કે નીચે અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ કાર્યપાલક ઈજનેરશ્રી, આરોગ્ય બાંધકામ વિભાગ, પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ભરૂચ અને તે હેઠળ કામે રાખેલા શ્રમયોગીઓ વચ્ચેની છે.

તેથી, હવે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા કલમ-૧ના ખંડ (ઘ)થી મળેલી સત્તાને રૂએ ગુજરાત સરકાર આથી વડોદરા ખાતે ઔદ્યોગિક ન્યાયપંચને સદરહુ વિવાદ તેનો ન્યાય-નિર્ણય કરવા માટે લખી મોકલેલ છે.

અનુસૂચિ

માંગણી નં. ૩ આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ શ્રમયોગીઓને લઘુત્તમ વેતનનો પગાર તેમજ વખતો વખત વધારવામાં આવતું મોંઘવારી ભથ્થુ પગારના ધોરણે અને ચોથા વર્ગના કર્મચારીને મળવાપાત્ર મોંઘવારી ભથ્થુ ચુકવવું જોઈએ કે કેમ ?

માંગણી નં. ૪ આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ શ્રમયોગીઓને દર વર્ષે ૧૪ દિવસની પરચૂરણ રજા તેમજ દર ૧૬ દિવસે એક હક્ક રજા અને વર્ષમાં ૭ માંદગીની રજા તેમજ રાષ્ટ્રીય તહેવારોની રજા ચઢતા પગારે મળવી જોઈએ કે કેમ ?

INDEX

માંગણી નં. ૫ આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ શ્રમયોગીઓને નિયમ પ્રમાણે સામાન્ય ભવિષ્ય નિધિનો કપાતનો લાભ મળવાપાત્ર છે તેમજ તબીબી સવલત પણ મેળવવા હક્કદાર છે કે કેમ ?

માંગણી નં. ૬ આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ શ્રમયોગીઓને ઘરભાડા ભથ્થું, નિવૃત્તિ વેતન અને ગ્રેજ્યુઇટી ચોથા વર્ગના કર્મચારીઓને મળે છે તે મુજબ મેળવવા હક્કદાર છે કે કેમ ?

માંગણી નં. ૭ આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ શ્રમયોગીઓને કાયમી નોકરીનો સમયગાળો ધ્યાનમાં લઇ ચોથા વર્ગના કર્મચારીને મળવાપાત્ર પેન્શન મેળવવા પણ તેઓ હક્કદાર છે કે કેમ ?

માંગણી નં. ૮ ઉપર જણાવેલ માંગણીઓ ઉપરાંત દર વર્ષે ઇન્ક્રીમેન્ટ, સી.પી.એફ. અને જૂથ વીમાના લાભો પણ જે ચોથા વર્ગના કર્મચારીને મળે છે તે મુજબ આપવા કે કેમ ?

INDEX

શિડ્યુઅલ

રેગ્યુલર રોજમદારો તથા એન.એમ.આર. પર ફરજ બજાવતા રોજમદારોની જ્યેષ્ઠતાયાદી દર્શાવતું પત્રક

અ.નં. ૨	કર્મચારીનું નામ ૨	હોદ્દો ૩	જન્મ તારીખ ૪	નિમણુંકની તારીખ ૫	શૈક્ષણિક લાયકાત ૬	હાલનો ગ્રોસ પગાર ૭	પગાર ધોરણ ૮	વિશેષ નોંધ ૯
૧	શ્રી સમીર જગદીશભાઈ	રેગ્યુલર રોજમદાર	૧૨-૧૦-૧૯૭૦	૧-૧૨-૧૯૯૪	ધોરણ ૧૨ પાસ	૬૮૫૮.૦૦	પગાર ધોરણ ૨૫૫૦ થી ૩૨૦૦	
૨	શ્રી નરપત ઝવેરભાઈ	રેગ્યુલર રોજમદાર	૧-૬-૧૯૫૯	૧-૫-૧૯૯૫	ધોરણ ૧ પાસ	૬૮૫૮.૦૦	-,,-	
૩	શ્રી રમેશ બાધરભાઈ	રોજમદાર	૧-૬-૧૯૬૮	૧-૧૨-૧૯૯૫	ધોરણ ૧૦ પાસ	૫૪૦૯.૦૦	દૈનિક રોજ ₹ ૧૭૪.૫૦	
૪	શ્રી પ્રતાપ રયજીભાઈ	રેગ્યુલર રોજમદાર	૯-૧૧-૧૯૭૩	૧-૧-૧૯૯૮	ધોરણ ૧ પાસ	૬૮૫૮.૦૦	પગાર ધોરણ ૨૫૫૦ થી ૩૨૦૦	
૫	શ્રી જયંતિભાઈ શનાભાઈ	રોજમદાર	૧-૬-૧૯૬૦	૧-૪-૧૯૯૮	ધોરણ ૬	૫૪૦૯.૫૦	દૈનિક રોજ ₹ ૧૭૪.૫૦	
૬	શ્રી મહેન્દ્ર અંબાલાલ	રોજમદાર	૨૮-૯-૧૯૭૦	૧-૪-૧૯૯૮	ધોરણ ૨	૫૪૦૯.૫૦	-,,-	
૭	શ્રી ભાઈલાલ રઈજીભાઈ	રેગ્યુલર રોજમદાર	૧-૬-૧૯૬૧	૫-૪-૧૯૯૮	ધોરણ ૧૦ પાસ	૫૪૦૯.૫૦	-,,-	

INDEX

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૮	શ્રી ચેતનકુમાર મહેશભાઇ	રોજમદાર	૧૪-૭-૧૯૭૯	૧-૭-૧૯૯૮	ધોરણ ૧૨ પાસ	૫૪૦૯.૫૦	દૈનિક રોજ ₹ ૧૭૪.૫૦	
૯	શ્રી જગદીશસિંહ કેશરીસિંહ	રોજમદાર	૧૫-૬-૧૯૭૯	૧-૧૧-૧૯૯૮	ધોરણ ૯	૫૪૦૯.૫૦	-,,-	
૧૦	શ્રી ઇરફાન કાસમભાઇ	રોજમદાર	૮-૧૨-૧૯૭૮	૧૭-૧૨-૧૯૯૮	ધોરણ ૭	૫૪૦૯.૫૦	-,,-	
૧૧	શ્રી જયંતિભાઇ ડાહયાભાઇ	રોજમદાર	૨૦-૧-૧૯૭૬	૨૫-૧૨-૧૯૯૮	અભણ	૫૪૦૯.૫૦	-,,-	
૧૨	શ્રી પિનેશભાઇ રમણભાઇ	રોજમદાર	૮-૧૧-૧૯૭૭	૧-૧-૧૯૯૯	ન્યુ એસ. એસ. સી. પાસ	૫૪૦૯.૫૦	-,,-	
૧૩	શ્રી મહેશ્વરરાવ હેમંતરાવ	રોજમદાર	૧-૧-૧૯૭૮	૧-૪-૧૯૯૯	ધોરણ ૧૨ પાસ	૫૪૦૯.૫૦	-,,-	
૧૪	શ્રી દિપકકુમાર પાડુંરંગ	રોજમદાર	૨૭-૧૨-૧૯૭૯	૧-૨-૧૯૯૯	ધોરણ ૧૦ પાસ	૫૪૦૯.૫૦	-,,-	
૧૫	શ્રી પંકજકુમાર બાબુરાવ	રોજમદાર	૨૦-૬-૧૯૭૨	૧-૩-૧૯૯૯	ધોરણ ૧૦ પાસ	૫૪૦૯.૫૦	-,,-	
૧૬	શ્રી યજુવેન્દ્ર જશવંતસિંહ	રોજમદાર	૨૫-૬-૧૯૭૭	૩-૩-૧૯૯૯	ધોરણ ૧૨ પાસ	૫૪૦૯.૫૦	-,,-	

INDEX

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૧૭	શ્રી રફીક મહંમદભાઇ	રોજમદાર	૧૧-૧૦-૧૯૭૨	૧-૪-૧૯૯૯	અભણ	૫૪૦૯.૫૦	-„-	
૧૮	શ્રી વિક્રમ દલસુખભાઇ	રોજમદાર	૨૯-૬-૧૯૮૧	૨-૪-૧૯૯૯	ધોરણ ૧૦ પાસ	૫૪૦૯.૫૦	-„-	
૧૯	શ્રી સોમાભાઇ મંગળભાઇ	રોજમદાર	૧૫-૨-૧૯૬૬	૧-૫-૧૯૯૯	ધોરણ ૧ પાસ	૫૪૦૯.૫૦	-„-	

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

રમણ મહેરીયા,
સંયુક્ત સચિવ,
શ્રમ અને રોજગાર વિભાગ.

શ્રમ અને રોજગાર વિભાગ

અધિસૂચના

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૧૩.

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/૨૦૧૩/૧૯૪/આઈડીએ/૧૦૨૦૧૩/૭૩૬૪૪૪-મ(૨)(કન્સીલેશન કેસ નં. ૨૭/૨૦૧૨).—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સંસ્થા ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. કોસ વડોદરા તથા અન્ય (૪) ચાર સંસ્થાઓ (૧) મેને. ડીરેક્ટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કં.લી. સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોસ, વડોદરા, (૨) મેને. ડીરેક્ટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કં.લી. વિસનગર રોડ, મહેસાણા(૩) મેને. ડીરેક્ટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કં.લી. નાના માવા મેઈન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ અને (૪) મેને. ડીરેક્ટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કં.લી. કોર્પોરેશન ઓફીસ એન.વી.રોડ કાપોદરા, સુરત અને તે હેઠળ કામે રાખેલા શ્રમયોગીઓ વચ્ચેની છે.

તેથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના ખંડ (ઘ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, વડોદરા ખાતે ઔદ્યોગિક ન્યાય પંચને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલેલ છે.

અનુસૂચિ

માંગણી નં.૧ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લીમીટેડ તથા અન્ય ચાર કંપની (ગુજરાત વિદ્યુત બોર્ડ)ની કામગીરી માટે પંચાયતો દ્વારા નોકરીમાં રાખવામાં આવતા સમગ્ર ગુજરાતમાં તમામ વીજળીગરો કન્ઝ્યુમર્સ સર્વિસ એજન્ટને ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ તથા અન્ય ચાર કંપનીઓ (ગુજરાત વિદ્યુત બોર્ડ)ના કાયમી કર્મચારી ગણી આ તમામ વીજળીગરોને વર્ગ-૪ની કક્ષામાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લીમીટેડ તથા અન્ય ૪ કંપનીઓ (ગુજરાત વિદ્યુત બોર્ડ) સમાવી લે અને તે પ્રમાણે તમામને નોકરીમાં દાખલ તારીખથી કાયમી ગણી વર્ગ-૪ના કાયમી કર્મચારીને મળતા તમામ પગાર ધોરણ અને અન્ય લાભો અને એલાઉન્સ આપવા કે કેમ ?

માંગણી નં.૨ સદરહુ માંગણી નં. ૧નો અંતિમ નિકાલ ન આવે ત્યાં સુધી આ માંગણીમાં સંકળાયેલા સબંધિત એવા કોઇપણ વીજળીગરને નોકરીમાંથી સબંધિત પંચાયત તેમજ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લીમીટેડ તથા અન્ય ૪ કંપનીઓ (ગુજરાત વિદ્યુત બોર્ડ) કોઇપણ

INDEX

રીતે છુટા કરે કરાવે નહીં, તેમની કામગીરીમાં વીજળીગરની વિરૂધ્ધ અસર થાય તેવો કોઇ ફેરફાર ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લીમીટેડ તથા અન્ય ૪ કંપનીઓ (ગુજરાત વિદ્યુત બોર્ડ) કે પંચાયત કરે-કરાવે નહી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

રમણ મહેરિયા,
સંયુક્ત સચિવ,

શ્રમ અને રોજગાર વિભાગ

અધિસુચના

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૧૩.

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/૨૦૧૩/૧૯૨/આઇડીએ/૧૦૨૦૧૩/૭૩૬૪૪૧-મ(૨)(કન્સીલેશન કેસ નં. ૨૪/૨૦૧૨.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય થાય છે કે નીચે અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સંસ્થા ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. વડોદરા અને તે હેઠળ કામે રાખેલા શ્રમયોગીઓ વચ્ચેની છે.

તેથી હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા કલમ-૧ના ખંડ (ઘ)થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર આથી વડોદરા ખાતે ઔદ્યોગિક ન્યાય પંચને સદરહુ તકરાર તેનો ન્યાય-નિર્ણય કરવા માટે લખી મોકલેલ છે.

અનુસૂચિ

માંગણી નં. ૧ જી.એસ.ઓ.૧ માં મૂળ પગારને નવા સ્કેલમાં રૂપાંતર કરવા માટેનો ગુણાંક જે વર્ગીકૃત કક્ષા ૧૨ થી ૧૫ માટે ૨.૫ રાખેલ છે તે જ પ્રમાણે વર્ગીકૃત કક્ષા ૯ થી ૧૧ માટે સમાન રાખવો તથા લેન્થ ઓફ સર્વિસ પ્રમાણે સર્વિસ વેઇટેજ આપવું કે કેમ ?

માંગણી નં. ૨ પ્રમોશન તથા હાયર ગ્રેડ માટે જે તે કેડરના ગ્રેડ પે ના તફાવતની રકમને નવા સ્કેલમાં ઉમેરવી કે કેમ ?

INDEX

માંગણી નં. ૩ મૂળ પગારને નવા સ્કેલમાં રૂપાંતર કરવા માટે તા. ૩૧-૧૨-૨૦૦૫ ના મૂળ પગારનો આધાર લેવો તથા ઈન્ક્રીમેન્ટના મહિનામાં કોઇ જ ફેરફાર કરવો કે કેમ?

માંગણી નં. ૪ મોંઘવારી ભથ્થું ૫૦% થી વધી જાય ત્યારે તેને મૂળ પગારમાં ભેળવી આપવું કે કેમ ?

માંગણી નં. ૫ જુના પગાર ધોરણ (૧-૧-૨૦૦૬ પહેલાં) માં મળતાં ભથ્થાંની ટકાવારી જે નવા પગાર ધોરણ (૧-૧-૨૦૦૬ થી શરૂ થતાં) માં આવેલ છે તેને મૂળ સ્વરૂપે પ્રસ્થાપિત કરવા કે કેમલ ?

માંગણી નં. ૬ જુના પગાર ધોરણ (૧-૧-૨૦૦૬ પહેલાં) માં મળતાં ક્રિન્જબેનીફીટ ભથ્થાંની ટકાવારી ઘટાડી અને નવા પગાર ધોરણમાં જેને જનરલ ફેસીલીટી ભથ્થાંનું નામ આપી અને ઈન્સેન્ટીવ સ્કીમમાં ભેળવી દેવામાં આવેલ છે રદ કરી બેનફીટ ભથ્થાંની ટકાવારી મૂળ સ્વરૂપે પ્રસ્થાપિત કરી દર મહિનાંના પગારમાં ચુકવી આપવી કે કેમ?

ખરા અર્થમાં સારી કામગીરીના શિરપાવ માટે ઈન્સેન્ટીવ આપવું જ હોય તો તે કંપનીના ભંડોળમાંથી ચુકવવું કે કેમ ?

માંગણી નં. ૭ વર્ગ-૧નાં અધિકારીઓનો મૂળ પગાર વર્ગ-૨ નાં અધિકારીઓ/કર્મચારીઓ (દા.ત. ના ઈજનેર વર્ગ-૧ નો આસી. સેક્રેટરી વર્ગ-૨) નાં મૂળ પગાર કરતાં વધારે હોવો જોઈએ તે પ્રમાણે નવા પગાર ધોરણમાં મૂળ પગાર નક્કી કરવાં કે કેમ ?

માંગણી નં. ૮ નવા સ્કેમાં જુનિયર અને સીનીયર અધિકારીઓ/કર્મચારીઓનાં પગાર વિસંગતા અંગે બન્ચીંગનો લાભ આપવો કે કેમ ?

માંગણી નં. ૯ પગાર સુધારણાની સમય મર્યાદા ફક્ત પાંચ વર્ષ રાખવી કે કેમ ?

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

રમણ મહેરીયા,
સંયુક્ત સચિવ,
શ્રમ અને રોજગાર વિભાગ.

I–L– 618

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

INDEX

PART I—L

અંક - ૪૯

NOTE

The Notifications issued by Labour Commissioner, Deputy Labour Commissioner, Assistant Labour Commissioner and Sahayak Sangh Nibandhak, of *The Gujarat Government Gazette*, Part I—L should be *read* to have been published in Issue No. 49, *The Gujarat Government Gazette*, Part I–L, dated 5th December, 2013 and for Pages VAD–4171 to VAD–4249 (in 1 set) *read* Page Nos. 4548 to 4626.

વિજ્ઞપ્તિ

શ્રમ આયુક્ત, નાયબ શ્રમ આયુક્ત, મદદનીશ શ્રમ આયુક્ત, અને સહાયક સંઘ નિબંધક દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧—એલ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ પમી ડીસેમ્બર, ૨૦૧૩ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧—એલના અંક-૪૯માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૪૧૭૧ થી વીએડી-૪૨૪૯ (૧ સેટમાં) ને પાન નંબર ૪૫૪૮ થી ૪૬૨૬ વાંચવા.

Vadodara, 5th December, 2013.

P. B. KANWAR,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY,
VADODARA.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

સુધારો

વિષય : રેફરન્સ ઓર્ડરની અનુસૂચિમાં સુધારો કરવા બાબત.

ક્રમાંક નાશ્રઆ/રાજ/ઔ.વિ.રે/સુધારો/૧૪૬૬૭/૨૦૧૩.–ઉપરોક્ત વિષય પરત્વેના નાયબ શ્રમ આયુક્તના હુકમ નં. કેએચ/એસએચએમસી/૯૮૮૮/ઔ.વિ.રે/૩૮૮/૨૦૧૩, ઔદ્યોગિક ન્યાયપંચ, રાજકોટને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦(૧) અન્વયે ન્યાય નિર્ણય માટે સમાધાન અધિકારીશ્રી, રાજકોટનાં વિવાદ લગતાં કાગળોની ફાઈલ આ કચેરીના તા. ૨૦-૯-૨૦૧૩ના પત્ર ક્રમાંક નાશ્રઆ/રાજ/ઔ.વિ.રે/૧૨૩૧૭/૨૦૧૩ થી મોકલવામાં આવેલ છે. ગુજરાત વિદ્યુત કર્મચારી ઉત્કર્ષ મંડળ,ગોંડલના તા. ૨૫-૧૦-૨૦૧૩ના પત્રથી રેફરન્સમાં સુધારો કરી આપવા માટે પુરાવાઓની નકલો રજુ કરેલ છે. જે ધ્યાને લેતાં મુળ હુકમ અનુસૂચિ (માંગણી) માં નીચે મુજબ સુધારો વંચાણે લેવા વિનંતી છે.

મુળ અનુસૂચિ

અધિક્ષક ઈજનેરશ્રી, પી.જી.વી.સી.એલ. કચેરી, બેડીનાકા ખાતે લાઈનમેન તરીકે ફરજ બજાવતાં શ્રી પોપટભાઈ કાળુભાઈ રાઠોડના સને ૨૦૧૧-૧૨ ના વર્ષ માટે સર્વિસબુકમાં કરવામાં આવેલ વિરૂદ્ધનોંધ રદ કરવી કે કેમ ?

સુધારા અનુસૂચિ

અધિક્ષક ઈજનેરશ્રી, પી.જી.વી.સી.એલ. કચેરી, બેડીનાકા, ખાતે લાઈનમેન તરીકે ફરજ બજાવતાં શ્રી પોપટભાઈ સાદુરભાઈ રાઠોડના ૨૦૧૧-૧૨ ના વર્ષ માટે સર્વિસબુકમાં કરવામાં આવેલ વિરૂદ્ધનોંધ રદ કરવી કે કેમ ?

રાજકોટ, તારીખ ૧૩મી નવેમ્બર, ૨૦૧૩.

બી. એન વંજારીયા,
નાયબ શ્રમ આયુક્ત,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૯૮૬૭/ઔ.વિ.રે/૩૮૯/૨૦૧૩.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ માધાપર (જુનાવાસ) ગ્રામ પંચાયત, જુનાવાસ, મું. માધાપર, ભુજ અને તેના શ્રમયોગીઓ વચ્ચેનો છે.

આથી હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૧ /આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, જામનગરને સદરહું વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

માધાપર (જુનાવાસ) ગ્રામ પંચાયત કચેરી, જુનાવાસ, મું. માધાપરમાં કામ કરતાં કામદારો (૧) શ્રી મનોજ કાજજી વરૂ (૨) શ્રી જેન્તીલાલ કરસન પરમાર (૩) શ્રી અબ્દુલ મીઠુ સમા (૪) શ્રી હમીર દાઉદ સુમરાને (૧) તેની અનુક્રમે નોકરીમાં દાખલ તારીખ ૧૫-૧૨-૧૯૯૦, ૧૫-૩-૧૯૯૧, ૧૯-૧-૯૫ તથા ૧-૧-૨૦૧૦થી ૨૪૦ દિવસ પુરા થયેથી કાયમી કરી અને માનનીય દોલતભાઈ પરમારના તા. ૧૭-૧૦-૮૮ના ઠરાવના તથા તેમાં થયેલ નવા સુધારાના તમામ લાભો આપવા કે કેમ ? અને તફાવતની રકમ ૧૮% વ્યાજ સાથે ચુકવી આપવી કે કેમ ? (૨) પરમેનન્ટ એબ્સોપ્શર્ન ઈન સર્વીસ ઓર એ ફેર સ્કિમ ફોર રેગ્યુલાઈઝેશન ઓફ સર્વીસ, રેગ્યુલર પે-સ્કેલ, ઈન્ક્રીમેન્ટસ, વીકલી ઓફ, ગૃપ ઈન્સ્યોરન્સ, કેઝ્યુઅલ લીવ, મેડીકલ લીવ, પબ્લીક હોલી ડે આપવા કે કેમ ? તથા (૩) ડીમાન્ડ ખર્ચના ₹ ૧૦,૦૦૦/- યુનીયનને ચુકવી આપવા કે કેમ ?

રાજકોટ, તારીખ ૧૩મી નવેમ્બર, ૨૦૧૩.

બી. એન વંજારીયા,
નાયબ શ્રમ આયુક્ત,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

